Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

જીવતા તહેવારો

૬૩૧
૩૬

કાલેલકર

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

❀ ओ३म् ❀

पुस्तक-संख्या ७३.२/३८

पंजिका-संख्या १६.२०३

पुस्तक पर सर्व प्रकार की निशानियां लगाना वर्जित है। कोई महाशय १५ दिन से अधिक देर तक पुस्तक अपने पास नहीं रख सकते। अधिक देर तक रखने के लिये पुनः आज्ञा प्राप्त करनी चाहिये।

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

जीवन महेवारो

स्यक प्रमाणीकरण १९८४-१९८५

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

જીવતા તહેવારો

જીવતા તહેવારો

દત્તાત્રેય બાલકૃષ્ણ કાલેલકર

૧૬૫૦૩
23.6.73

उत्सवप्रियाः खलु मनुष्याः ।

CHECKED 1973
Initial

નવજીવન પ્રકાશન મંદિર
અમદાવાદ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

મુદ્રક અને પ્રકાશક
જીવણજી ડાહ્યાભાઈ દેસાઈ
નવજીવન મુદ્રણાલય, અમદાવાદ

પહેલી આવૃત્તિ, પ્રત ૨૦૦૦, સન ૧૯૩૪
બીજી આવૃત્તિ, પ્રત ૨૦૦૦, સન ૧૯૩૭

પ્રત ૨૦૦૦
બાર આના
ત્રીજી આવૃત્તિ : મે, ૧૯૩૯

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

નિવેદન

સત્યાગ્રહાશ્રમની શાળાનો એક એવો નિયમ હતો કે, ત્યાંનું વિદ્યાર્થીમંડળ કોઈ પણ ઉત્સવને માટે કાર્યક્રમ રચીને જો શિક્ષકો પાસે પહોંચે તો જ તે દિવસનો ઉત્સવ મનાવવા માટે રજા અપાય. કાર્યક્રમરહિત, આળસમાં કાઢવાનો નકામો દિવસ એટલે ઉત્સવ એવો અર્થ થાય એના કરતાં એ ઉત્સવ જ ન મનાય એ કેળવણીની દૃષ્ટિએ બહેતર છે એમ મનાતું ને ચાલતું.

ઉત્સવપ્રિય વિદ્યાર્થીઓ કાંઈકે ને કાંઈકે કાર્યક્રમ તો રચે જ. કાર્યક્રમ ઘડવાની જ આળસે જો ઉત્સવ ખોવાય તો તો એમની જુવાન શોધકબુદ્ધિને લાંછન જ ને! પણ મનમાન્યા ઉત્સવો જો ભોગવવા હોય તો કાર્યક્રમનું નાવીન્ય અને વૈવિધ્ય પણ સધાવું જોઈએ. એટલે એની પાછળ વિદ્યાર્થીઓ પોતાની બુદ્ધિ ખુટાડ્યા પછી પણ શિક્ષકોને સૂચનાઓ પૂછી પૂછીને હેરાન કરે. શિક્ષકો પણ ઉત્સવ દ્વારા પોતાની કેળવણી-કળા ખીલવવા આતુર હોય જ, અને ધાર્મિક તથા સામાજિક કેળવણી આપવાને માટે

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ઉત્સવ કરતાં વધારે સુલભ ને સરસ સાધન બીજું કયાંથી મળવાનું હતું ?

આ ઉભય પક્ષની ભૂખ જોઈ શિક્ષકમંડળે ઠરાવ કર્યો કે ઉત્સવની ઉજવણી, તેની કાર્યક્રમ-દિશા, તેને માટે ખરચવાનો સમય, તેનું સામાજિક તથા ધાર્મિક મહત્ત્વ વગેરે અનેકદિશ પ્રશ્નોનો વિચાર કરી એક ટૂંકું માર્ગદર્શક સૂચનાપત્ર તૈયાર કરી નાખવું. અને તેને સારુ શિક્ષકમંડળે એ કામ શ્રી. કાકાસાહેબને સોંપ્યું. તેને પરિણામે આ 'જીવતા તહેવારો'નું નિવેદન તૈયાર થયું.

આ ચોપડીની પહેલી બે આવૃત્તિને ધાર્યા કરતાંયે વધારે આવકાર મળ્યો એ બતાવે છે કે આપણા ધર્મજીવનનાં મૂળિયાં આપણે માનીએ છીએ તેના કરતાં વધારે ઊંડાં છે. અને જો આજની ચિકિત્સક દૃષ્ટિની સાથે જૂનું ધાર્મિક વાચન એક સામાજિક રિવાજ કે સંસ્થા તરીકે સમાજમાં રૂઢ હોત તો એમાંથી સમાજને કીમતી લોકકેળવણી મળી હોત. એ ખામીની પૂર્તિ જ્યાં સુધી બીજી રીતે થાય નહિ ત્યાં સુધી આ તહેવારો પરત્વે જુદે જુદે પ્રસંગે શ્રી. કાકાસાહેબે જે લેખો અથવા નોંધો લખ્યાં છે તેનો પણ સંગ્રહ કરવાથી સમાજને આપણું સામાજિક-ધાર્મિક જીવન ફરી સજીવન કરવાનું કંઈક દિશાદર્શન તો મળશે જ. એમ લાગવાથી એવા લેખોનો સંગ્રહ આ આવૃત્તિમાં બીજા વિભાગમાં કરેલો છે.

આજના જમાનામાં કેવળ શ્રદ્ધાથી કામ નહિ ચાલે અને કેવળ તાર્કિક અશ્રદ્ધાથી પણ સામાજિક આત્મા સંતુષ્ટ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ન થાય. બન્નેનો જ્યાં સમન્વય હોય એવાં લખાણો જ લોકહૃદયને પૌષ્ટિક ખોરાક પૂરો પાડી શકે.

અહીં એવી કલ્પના બિલકુલ કરેલી નથી કે છેલ્લાં સો અસો વર્ષમાં જે મુગ્ધ રીતે આપણું ધાર્મિક જીવન નભ્યું તે ઢબ જ હંમેશને માટે ચાલતી રહે. આપણો જમાનો આપણી વ્યાપક હાજતો પ્રમાણે નવસર્જનથી આપણે શણગારવો રહ્યો. એને માટેની દૃષ્ટિ કેળવવામાં આ લેખો મદદગાર થશે અને ધાર્મિકતાનું વાતાવરણ પેદા કરશે એવી આશા છે.

૧-૫-'૩૯

— પ્રકાશક

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

અનુક્રમણિકા

નિવેદન . . . ૨

વિભાગ ૧ લો

૧. જીવતા તહેવારો . . . ૩
૨. આવશ્યક વાચન . . . ૯
૩. ઉત્સવના ઉપવાસ . . . ૧૪
૪. તહેવારોની યાદી . . . ૧૭
૧. કાર્તિક માસ . . . ૨૦
૨. માગશર માસ . . . ૨૩
૩. પોષ માસ . . . ૨૫
૪. માહ માસ . . . ૨૬
૫. ફાગણ માસ . . . ૨૯
૬. ચૈત્ર માસ . . . ૩૨
૭. વૈશાખ માસ . . . ૩૭
૮. જેઠ માસ . . . ૪૦
૯. અષાડ માસ . . . ૪૧
૧૦. શ્રાવણ માસ . . . ૪૪
૧૧. ભાદ્રપદ માસ . . . ૪૯
૧૨. આસો માસ . . . ૫૩
અન્યધર્મી તહેવારો . . . ૬૦
રાષ્ટ્રીય તહેવારો . . . ૬૩
નાના તહેવારો. . . . ૬૬

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

વિભાગ ૨ જો

જીવન્ત ઇતિહાસ

૧. ક્યાં છે ભાઈબીજ ? . . . ૭૩
૨. યુદ્ધગીતાની જયંતી . . . ૭૮
૩. સંક્રાંતિ ૮૨
૪. વસંત ૮૭
૫. મંગલમૂર્તિ ભીષ્મ . . . ૯૦
૬. મહાશિવરાત્રિ . . . ૯૫
૭. ગુલામોનો તહેવાર ? . . . ૧૦૨
૮. ધર્મરક્ષક શિવાજી . . . ૧૦૭
૯. ગુડી પડવો ૧૧૩
૧૦. રામનવમી . . . ૧૧૮
૧૧. મહાવીરજયંતી . . . ૧૨૩
૧૨. લોકોનો હનુમાન . . . ૧૩૪
૧૩. પરશુરામ અને બુદ્ધ . . . ૧૩૯
૧૪. ધર્મમણિ શંકરાચાર્ય . . ૧૪૩
૧૫. બોધિ જયંતી . . . ૧૪૮
૧૬. મૃત્યુ સામે પ્રેમ . . . ૧૬૭
૧૭. આચાર્યદેવો ભવ . . . ૧૮૭
૧૮. નાગ પંચમી . . . ૧૮૯
૧૯–૧. જન્માષ્ટમીનો ઉત્સવ . . . ૧૯૨
૧૯–૨. જન્માષ્ટમી . . . ૨૦૨
૧૯–૩. લોકનાયક શ્રીકૃષ્ણ . . . ૨૦૮
૧૯–૪. દિવ્ય જન્મકર્મ . . . ૨૧૧
૧૯–૫. પ્રતીક્ષા ૨૧૯
૨૦. ગણપતિ–ઉપાસના . . . ૨૨૨
૨૧. રેંટિયાબારશ ૨૩૦

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

૨૨. નવરાત્રિ ૨૩૯
૨૩. શારદાનું ઉદ્બોધન . . . ૨૪૨
૨૪-૧. વિજયાદશમી . . . ૨૪૫
૨૪-૨. આ તે દશેરા ? . . . ૨૫૬
૨૫. સાર્વભૌમ ધર્મ . . . ૨૫૭
૨૬-૧. દિવાળી . . . ૨૫૮
૨૬-૨. દિવાળી ૨૬૨
૨૬-૩. મોતનો ઉત્સવ . . . ૨૬૬
૨૬-૪. નાના ભાઈ વગર દિવાળી . . ૨૬૮
૨૭. પ્રેમવીર બ્રહ્મચારી . . . ૨૭૦
૨૮. મહોરમ ૨૭૨
૨૯. સંપનો તહેવાર . . . ૨૭૩
૩૦. જયંતી ૨૭૮
૩૧. સ્વ. લોકમાન્ય તિલક . . ૨૮૧
૩૨. ત્યાગી દેશબંધુ . . . ૨૯૮
૩૩. સ્વરાજ્ય મહાવ્રત . . . ૩૦૦
૩૪. ગોખલેજીને શ્રદ્ધાંજલિ . . ૩૦૩
૩૫. જીવન્ત ઇતિહાસ . . . ૩૧૭

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

જીવતા તહેવારો

વિભાગ ૧ લો

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

૧

જીવતા તહેવારો

વરુની પેઠે ખાવું, બિલાડીની પેઠે બગાસાં ખાવાં, અને અજગરની પેઠે પડ્યા રહેવું એ તહેવારનું મુખ્ય લક્ષણ કોક કોક ઠેકાણે થઈ પડ્યું છે. એક તહેવાર એટલે ત્રણ દિવસનો બગાડ એટલું તો ખરું જ. આવી હાલતમાંથી તહેવારોને બચાવવા એ આપણું મુખ્ય કામ છે.

'તહેવારો કાઢી જ નાખીએ તો કેમ?' એ દૃષ્ટિનો પણ અમે વિચાર કર્યો. રોજની આવશ્યક અને સ્ફૂર્તિદાયક પ્રવૃત્તિ શિથિલ કરવી, પોતાની સ્થિતિને હમેશ ન પોસાય એવાં કપડાં પહેરવાં, જાતજાતનાં મિષ્ટાન્નો ઉડાવી ઇંદ્રિયોને લોલુપતાની લત લગાડવી, અને પાનાં, શેતરંજ, સોગઠાં વગેરે નિરર્થક બેહાડુ રમતોમાં વખત બગાડવામાં એકબીજાને ઉત્તેજન આપવું, એટલો જ જો તહેવારોનો અર્થ થતો હોય તો તહેવારો કાઢી નાખવા એ જ યોગ્ય છે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પણ અમારી કલ્પના પ્રમાણે તહેવારો અને ઉત્સવોને જીવનમાં વિશિષ્ટ અને મહત્ત્વનું સ્થાન છે. તહેવારો દ્વારા જ આપણે સંસ્કૃતિનાં કેટલાંક અંગો સારી રીતે જાળવી અને ખીલવી શકીએ છીએ; વિશિષ્ટ પ્રસંગો અને તેમનું મહત્ત્વ સ્મરણમાં રાખી શકીએ છીએ; ઋતુના ફેરફાર પ્રમાણે જીવનમાં અમુક ફેરફારો યથાકાળે સંકલ્પપૂર્વક શરૂ કરી શકીએ છીએ; અને સામાજિક જીવનમાં પરસ્પર સહકાર સાથે એકતા આણી શકીએ છીએ.

કેટલીક વૃત્તિઓ મનુષ્યહૃદયને એટલી સ્વાભાવિક છે કે, તેમનું નિયમન ન થાય તો તે અમર્યાદ વધી આખું જીવન બગાડી નાખે છે. તેમનો સીધો વિરોધ અથવા બાહ્ય નિરોધ શકય કે સલામત નથી હોતો. દબાણથી તે વિકૃત થાય છે અને છૂપી રીતે અથવા અસ્વાભાવિક રીતે પોતાની તૃપ્તિ શોધે છે. આમાંની કેટલીક વૃત્તિઓ મર્યાદિત સ્વરૂપમાં ક્ષમ્ય હોય છે એટલું જ નહિ, પણ હિતકર પણ હોય છે. એમનો નાશ કરવાને બદલે જો એમને વિશુદ્ધ બનાવી ઉન્નતિને રસ્તે વાળવામાં આવે, તો સંપૂર્ણ કેળવણીમાં તેમની મદદ ભારે થાય છે. આ કાર્ય કોક કોક વાર સામાજિક રીતે જ સરસ સધાય છે. તહેવારોની મદદ આમાં ઘણી થઈ શકે એમ છે.

તહેવાર પ્રત્યે અમે એ દૃષ્ટિબિન્દુ રાખ્યું છે કે, તહેવાર એ ગમે તેમ વખત વેડફી નાખવાનો કે આરામ લેવાનો રજાનો દિવસ નથી. તહેવાર અને ઉત્સવ એ કેળવણીનું એક નૈમિત્તિક અને કીમતી અંગ છે. અને આ જ કારણે, જૂની પ્રથાને બની શકે તેટલી ધ્યાનમાં રાખી તહેવારોના

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

કાર્યક્રમ એવા સૂચવ્યા છે કે, તે તે દિવસનું વૈશિષ્ટ્ય એમાંથી તરી આવે અને છતાં દરેક કાર્યક્રમ એટલો તો હળવો રહે કે તહેવારનો થાક ઉતારવા તહેવાર પછીનો દિવસ બગાડવો ન પડે; એક રાતનો ઉજાગરો અને બીજે દિવસે દિવાનિદ્રા એવી અનિષ્ટ સ્થિતિ ન આવે.

કેટલાક તહેવારો જ એવા છે કે જે મહત્ત્વના હોવા છતાં એમની પાછળ ઝાઝો કાર્યક્રમ ન હોઈ શકે. અમે એમને અર્ધા દિવસના તહેવારો ગણાવ્યા છે.

એથી આગળ જઈને અમે કેટલાક પ્રસંગો એવા કહ્યા છે કે, જે આજે ઉત્સવ કે તહેવારમાં ન ગણાય અને છતાં તેમનું મહત્ત્વ વિદ્યાર્થીઓની દૃષ્ટિ આગળ વરસોવરસ મૂકવું જ જોઈએ. એવા પ્રસંગોને માટે દિવસના કાર્યક્રમમાંથી એકાદ કલાક આપ્યો હોય તો બસ થાય એમ છે : ૪૦ મિનિટ, પોણો કલાક કે કલાક,—જેવો સમય-વિભાગ હોય તેવો એક વિભાગ—આવા પ્રસંગો માટે રાખવો જોઈએ, એવી અમારી ભલામણ છે.

ઉત્સાહી સંસ્થાઓ દર વરસે નવા નવા તહેવારો શોધી કાઢી શકે છે અને તહેવારોની મોટી સંખ્યામાં વધુ ઉમેરો કરી શકે છે. પણ એમાં યોગ્ય સંયમ ન હોય તો અલ્પજીવી ક્ષુલ્લક તહેવારો વધી જવાનો સંભવ ઘણો. કેટલાક તહેવારોએ જીવનધર્મને અનુસરીને વિસ્મૃતિના પેટમાં અલોપ થવું જોઈએ અને એમણે નવા તહેવારોને સ્થાન કરી આપવું જોઈએ. તહેવારો માનવજીવન માટે છે. માનવ-જીવન સાથે તેમનામાં પરિવર્તન થવું જ જોઈએ.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

કેટલાક તહેવારો મહાવૃક્ષની પેઠે સેંકડો કે હજારો વરસ જીવે છે. કેટલાક સામાન્ય ઔષધિની પેઠે થોડો વખત જીવી પોતાનું કાર્ય સમાપ્ત કરે છે. પુરાણપ્રિય સનાતન ધર્મમાં જે કેટલાક દીર્ઘજીવી તહેવારો છે, તેમની કદર અમારી યોજનામાં કરેલી દેખાશે. નવા કેટલાક તહેવારો એમાં ઉમેર્યા છે. તે પણ સંયમપૂર્વક જ ઉમેરેલા છે. આ નવા ઉમેરામાંથી એકેએક તહેવાર દીર્ઘજીવી થાય એવી અમારી અપેક્ષા નથી, ઇચ્છા પણ નથી. આજે એમનું મહત્ત્વ છે. એ મહત્ત્વ જ્યાં સુધી રહે ત્યાં સુધી એ તહેવારો ટકે તો બસ છે.

શ્રીવિષ્ણુની આજ્ઞાથી પ્રવર્તિત ઇતિહાસક્રમને લીધે હિંદુસ્તાનમાં દુનિયાના લગભગ બધા ધર્મો ભેગા થયા છે. હિંદમૈયાની અમીદૃષ્ટિને લીધે આ બધા ધર્મો એક કુટુંબના બાળકની જેમ અહીં રહેશે. એ કુટુંબધર્મ સ્વીકારીને દરેક ધર્મે બીજા ધર્મોના તહેવારોને પોતાની માન્યતા અનુસાર પોતાના જીવનમાં સ્થાન આપવું ઘટે છે. આ તત્ત્વ લક્ષમાં રાખી કેટલાક તહેવારો અમે અમારી યોજનામાં ઉમેર્યા છે. આ તત્ત્વનો સ્વીકાર કર્યા છતાં અમે એનો નિયમ બનાવ્યો નથી. આપણા જીવનમાં જે જે વસ્તુ સ્વાભાવિક રીતે દાખલ થાય તેનું વિચારપૂર્વક સ્વાગત કરવું એ જ યોગ્ય ક્રમ થશે. અમારી આ યોજનામાં પારસી તહેવારોને સ્થાન અપાયું નથી એનું કારણ એ ધર્મનું મહત્ત્વ અમે ઓછું સમજીએ છીએ એમ નથી; પણ આપણી સંસ્થામાં હજી એ સહકાર ખીલ્યો નથી એ જ એનું કારણ છે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

અમે દૃઢપણે માનીએ છીએ કે, હિંદુસ્તાનમાં વસેલા સર્વ ધર્મો પાછળ હિંદમૈયાનો એક સર્વસંગ્રાહક વિશ્વપ્રેમી પ્રેમધર્મ છે. એ ઉદાર અને સર્વસહિષ્ણુ ધર્મનો પ્રભાવ જેમ જેમ દરેક ધર્મ ઉપર પડશે તેમ તેમ સર્વ ધર્મોમાં કૌટુંબિક ભાવ વધતો જશે. અમારી યોજનામાં આ વસ્તુનો સ્વીકાર છે. છતાં કરાદાપૂર્વક ભવિષ્યના પ્રવાહને અમુક વહેણમાં જ દોરવાનો પ્રયત્ન અમે નથી કર્યો. જૂનામાંથી જે કાંઈ સાર્વભૌમ ધર્મતત્ત્વને વિરોધી અથવા દેશકાલને અનુચિત લાગ્યું તે છોડી દીધું છે. જે નિર્દોષ હોવા છતાં ક્ષીણસત્ત્વ અને કાલગ્રસ્ત થયું છે તેને કૃત્રિમ રીતે ટકાવવાનો પ્રયત્ન કર્યો નથી. અમારી યોજનામાં ભવિષ્યકાળ માટેની તૈયારીની દૃષ્ટિ છે. છતાં તે દૃષ્ટિની ઝાઝી અસર યોજના પર પડવા નથી દીધી, કેમ કે ભવિષ્ય-કાળની દિશાનું ચોક્કસ દર્શન થવાને હજી થોડી વાર છે. વર્તમાનકાળની આકાંક્ષાઓ અને ભૂતકાળ પાસેથી મળેલો નગદ વારસો એનો જ અમે વિશેષ વિચાર કર્યો છે.

નિરુત્સાહી નિર્જીવ કેળવણીખાતાની શિક્ષણપ્રથા સર્વત્ર ફેલાયેલી હોવાથી શાળા મારફતે તહેવારો ઊજવવાનું કામ અઘરું છે એમ જાણીને, અને નિરુદ્યમી સમાજના ઉદ્યમી થવાના પ્રયત્નમાં તહેવારો બાધારૂપ ન થઈ પડે એટલા માટે દરેક તહેવારનો કાર્યક્રમ બહુ જ હળવો રાખેલો છે. છતાં એમાં સર્જનાત્મક અથવા વિધાયક કેળવણીની ખિલવટનું બીજારોપણ સ્પષ્ટ છે. શાલીન જીવન જેમ જેમ સમૃદ્ધ થતું જશે તેમ તેમ આ બીજનો

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

કેટલાક તહેવારો મહાવૃક્ષની પેઠે સેંકડો કે હજારો વરસ જીવે છે. કેટલાક સામાન્ય ઔષધિની પેઠે થોડો વખત જીવી પોતાનું કાર્ય સમાપ્ત કરે છે. પુરાણપ્રિય સનાતન ધર્મમાં જે કેટલાક દીર્ઘજીવી તહેવારો છે, તેમની કદર અમારી યોજનામાં કરેલી દેખાશે. નવા કેટલાક તહેવારો એમાં ઉમેર્યા છે. તે પણ સંયમપૂર્વક જ ઉમેરેલા છે. આ નવા ઉમેરામાંથી એકેએક તહેવાર દીર્ઘજીવી થાય એવી અમારી અપેક્ષા નથી, ઇચ્છા પણ નથી. આજે એમનું મહત્ત્વ છે. એ મહત્ત્વ જ્યાં સુધી રહે ત્યાં સુધી એ તહેવારો ટકે તો બસ છે.

શ્રીવિષ્ણુની આજ્ઞાથી પ્રવર્તિત ઇતિહાસક્રમને લીધે હિંદુસ્તાનમાં દુનિયાના લગભગ બધા ધર્મો ભેગા થયા છે. હિંદમૈયાની અમીદૃષ્ટિને લીધે આ બધા ધર્મો એક કુટુંબના બાળકની જેમ અહીં રહેશે. એ કુટુંબધર્મ સ્વીકારીને દરેક ધર્મે બીજા ધર્મોના તહેવારોને પોતાની માન્યતા અનુસાર પોતાના જીવનમાં સ્થાન આપવું ઘટે છે. આ તત્ત્વ લક્ષમાં રાખી કેટલાક તહેવારો અમે અમારી યોજનામાં ઉમેર્યા છે. આ તત્ત્વનો સ્વીકાર કર્યા છતાં અમે એનો નિયમ બનાવ્યો નથી. આપણા જીવનમાં જે જે વસ્તુ સ્વાભાવિક રીતે દાખલ થાય તેનું વિચારપૂર્વક સ્વાગત કરવું એ જ યોગ્ય ક્રમ થશે. અમારી આ યોજનામાં પારસી તહેવારોને સ્થાન અપાયું નથી એનું કારણ એ ધર્મનું મહત્ત્વ અમે ઓછું સમજીએ છીએ એમ નથી; પણ આપણી સંસ્થામાં હજી એ સહકાર ખીલ્યો નથી એ જ એનું કારણ છે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

અમે દૃઢપણે માનીએ છીએ કે, હિંદુસ્તાનમાં વસેલા સર્વ ધર્મો પાછળ હિંદમૈયાનો એક સર્વસંગ્રાહક વિશ્વપ્રેમી પ્રેમધર્મ છે. એ ઉદાર અને સર્વસહિષ્ણુ ધર્મનો પ્રભાવ જેમ જેમ દરેક ધર્મ ઉપર પડશે તેમ તેમ સર્વ ધર્મોમાં કૌટુંબિક ભાવ વધતો જશે. અમારી યોજનામાં આ વસ્તુનો સ્વીકાર છે. છતાં ઇરાદાપૂર્વક ભવિષ્યના પ્રવાહને અમુક વહેણમાં જ દોરવાનો પ્રયત્ન અમે નથી કર્યો. જૂનામાંથી જે કાંઈ સાર્વભૌમ ધર્મતત્ત્વને વિરોધી અથવા દેશકાલને અનુચિત લાગ્યું તે છોડી દીધું છે. જે નિર્દોષ હોવા છતાં ક્ષીણસત્ત્વ અને કાલગ્રસ્ત થયું છે તેને કૃત્રિમ રીતે ટકાવવાનો પ્રયત્ન કર્યો નથી. અમારી યોજનામાં ભવિષ્યકાળ માટેની તૈયારીની દૃષ્ટિ છે. છતાં તે દૃષ્ટિની ઝાઝી અસર યોજના પર પડવા નથી દીધી, કેમ કે ભવિષ્ય-કાળની દિશાનું ચોક્કસ દર્શન થવાને હજી થોડી વાર છે. વર્તમાનકાળની આકાંક્ષાઓ અને ભૂતકાળ પાસેથી મળેલો નગદ વારસો એનો જ અમે વિશેષ વિચાર કર્યો છે.

નિરુત્સાહી નિર્જીવ કેળવણીખાતાની શિક્ષણપ્રથા સર્વત્ર ફેલાયેલી હોવાથી શાળા મારફતે તહેવારો ઊજવવાનું કામ અઘરું છે એમ જાણીને, અને નિરુદ્યમી સમાજના ઉદ્યમી થવાના પ્રયત્નમાં તહેવારો આધારરૂપ ન થઈ પડે એટલા માટે દરેક તહેવારનો કાર્યક્રમ બહુ જ હળવો રાખેલો છે. છતાં એમાં સર્જનાત્મક અથવા વિધાયક કેળવણીની ખિલવટનું બીજારોપણ સ્પષ્ટ છે. શાલીન જીવન જેમ જેમ સમૃદ્ધ થતું જશે તેમ તેમ આ બીજનો

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

વિકાસ એની મેળે થશે; જોકે એ બધું શિક્ષકોની પ્રતિભા અને વિદ્યાર્થીઓના ઉત્સાહ ઉપર જ આધાર રાખે છે.

કાંઈ નહિ તોયે શિક્ષકો, વિદ્યાર્થીઓ અને માબાપોને પ્રસન્ન પરિસ્થિતિમાં એકત્ર આણવાના પ્રસંગો તરીકે આ તહેવારો મહત્ત્વના છે જ. સમાજસુસ્થિતિનું ચિંતન કરનાર ચતુર શિક્ષકો આવા ઉત્સવોનો લાભ લઈ અનાયાસે સામાજિક પ્રશ્નો વિષે લોકમાનસને જાગૃત કરશે અને લોકશિક્ષણની નાનીશી શરૂઆત કરશે. બીજી રીતે વધતા જતા આપણા સામાજિક જીવનમાં એક જ દિશામાં, પણ ભિન્ન ભિન્ન માર્ગે જતી સંસ્થાઓનો પરસ્પર પરિચય વધારવામાં પણ આપણા ઉત્સવો મોટો ભાગ ભજવી શકે છે. સ્નેહસંમેલનો કરતાં સમાજમાન્ય ઉત્સવોના પ્રસંગો આવો પરિચય નમ્રતાના વાતાવરણમાં વધારે સ્વાભાવિક રીતે કરાવે છે. ટૂંકામાં વિદ્યાર્થીઓનો સર્વાંગીણ વિકાસ થાય, હૃદયની ઊંચી લાગણીઓ વિશિષ્ટ રીતે વિકસે અને તે દ્વારા મુખ્યતઃ ધાર્મિક અને સામાન્ય રીતે સામાજિક કેળવણીનું આહ્લાદદાયક સાધન મળે એ ઉદ્દેશથી આ તહેવારોની ટૂંકી નોંધ અમે તૈયાર કરી છે.

મુખ્ય ઉદ્દેશ તો આપણી શાળા અને આપણું આશ્રમજીવન એટલા પૂરતો જ છે. છતાં ગુજરાતની અનેક શાળાઓને પણ એમાંથી થોડુંઘણું સૂચન મળશે એવી આશા મનમાં નથી એમ નથી.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

૨

આવશ્યક વાચન

તહેવારોની જે ટૂંકી નોંધો આપી છે તે કાંઈ તહેવારોનું નિબંધન (code) તૈયાર કરવા માટે નથી, પણ તહેવારો પાછળ રહેલું પરંપરાગત રહસ્ય અને એમાં પૂરી શકાય એવાં નવાં તત્ત્વો તરફ ઊછરતી પેઢીનું ધ્યાન ખેંચવા માટે છે. આને અંગે વાંચવા લાયક સાહિત્ય ઘણું છે અને નથી. તહેવારોનું જ મહત્ત્વ સમજાવે એવી ચોપડીઓ ગુજરાતીમાં ભાગ્યે જ બે ચાર હશે. 'આર્યોના તહેવારોનો ઇતિહાસ' એ એક જ ચોપડી આ ક્ષેત્રને વ્યાપે છે. આના મૂળ લેખકે નવી માહિતી ઉમેરીને એની નવી આવૃત્તિ પણ કાઢી છે. આપણે ત્યાં અહીંના તહેવારોની સ્વતંત્ર શોધખોળ કરી, તેમ જ હિંદી ભાષામાં આ વિષય ઉપર જે બે ચોપડીઓ લખાઈ છે તેનો ઉપયોગ કરી, એની નવી આવૃત્તિ કરવાની આવશ્યકતા છે. 'Hindu Fasts and Feasts' જેવી ચોપડીઓ પણ કેટલીક નવી દૃષ્ટિ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

આપી શકે છે. પ્રજાજીવનના અને સમાજશાસ્ત્રના અભ્યાસી કેટલાક ગોરાઓ જુદા જુદા તહેવારો ઉપર કાંઈક સમભાવપૂર્વક અને કાંઈક રમૂજવૃત્તિથી લખે છે, એમાંથી પણ સરખામણી માટે કેટલાક અંશો મળી આવે છે. અંગાળી લેખકોએ પણ અંગ્રેજી તેમ જ અંગાળીમાં ઘણી માહિતી ભેગી કરી છે. જામનગરવાળા મણિશંકર શાસ્ત્રીની ચોપડી સાવ જૂની ઢબની છે, પણ એમાંથી શોધક કાંઈક તો મેળવી શકશે. એ જ ઢબની મરાઠી ચોપડી 'આર્યોત્સવપ્રકાશ' કરીને છે. લોકમાન્ય તિલકના 'ઓરાયન' (મૃગશીર્ષ) ઉપરથી સૂઝેલી હોળીના તહેવાર ઉપરની 'શિમગા' કરીને એક મરાઠી ચોપડી છે, તે શોધખોળની દૃષ્ટિએ કીમતી છે એમ કહેવાય છે. સુરતમાં ભાઈ કાળીએ તહેવારો ઉપર એક વ્યાખ્યાન આપ્યું હતું તે પણ જોઈ જવા જેવું છે. આપણા દેશની આબોહવાનું ઋતુચક્ર, વેપારી અને મુસાફરોની જરૂરિયાતો અને ખેડૂતોનું જીવન એ બધાનો આપણા તહેવારો સાથે સંબંધ છે. પરદેશીઓમાં હિંદુ જીવનનો ઊંડામાં ઊંડો અભ્યાસ ભગિની નિવેદિતાએ કર્યો છે. એનાં કેટલાંક લખાણો પણ કીમતી સૂચનાઓ આપશે.

આપણું પ્રાચીન રાષ્ટ્રીય જીવન મુખ્યત્વે રામાયણ, મહાભારત અને ભાગવતમાં પ્રતિબિંબિત થયેલું છે. દેવીઉપાસકોની ખાસિયત દેવીભાગવતમાંથી મળી આવે એમ છે. આ મહાગ્રંથોનો પરિચય બધાંને જ હોવો જોઈએ. કિશોરલાલભાઈની અવતારમાળાનાં 'રામ અને કૃષ્ણ,' 'બુદ્ધ અને મહાવીર,' અને 'સહજાનંદ' બાળકોને

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ઉપયોગી છે. 'સીતાહરણ' પણ બાળકોને ઉપયોગી છે. કૃષ્ણજીવન માટે ચિંતામણરાવ વૈદ્યનું 'કૃષ્ણચરિત્ર' અને અંકિમ બાબુનું 'કૃષ્ણચરિત્ર' એ બે વિશેષ ઉપયોગી છે.

આ જ વિષયમાં જૈન સાહિત્ય ખાસ તપાસવા જેવું છે. 'ત્રિષષ્ટિશલાકાપુરુષ' માં તીર્થંકરોની માહિતી તો મળશે જ. જેમ જેમ જૈન આગમોના સુલભ સારાનુવાદ ગુજરાતી વાચકવર્ગ આગળ રજૂ થશે તેમ તેમ જૈન જીવનપદ્ધતિ વધારે ને વધારે સમજાશે. જૈન એ કેવળ સંપ્રદાય નથી પણ વિશ્વવ્યાપી થઈ શકે એવી જીવનદૃષ્ટિ છે એમ સમજાશે; ત્યારે એની અસર બધા જ તહેવારો ઉપર ઓછીવત્તી પડશે.

આપણે ત્યાં બૌદ્ધ સાહિત્ય થોડું ઘણું તૈયાર થયું છે. 'બુદ્ધલીલા,' 'ધમ્મપદ,' 'સુત્તનિપાત,' 'બૌદ્ધ સંઘનો પરિચય,' 'સમાધિમાર્ગ,' 'બુદ્ધ, ધર્મ અને સંઘ,' 'બુદ્ધચરિત' — આટલી ચોપડીઓ દ્વારા એ ધર્મ અને એના 'અવેર' ના મહાન સંદેશાનું વાતાવરણ સહેજે ધ્યાનમાં આવશે. શાંતિદેવાચાર્યના 'બોધિચર્યાવતાર' માંથી ઉત્તમ શ્લોકો ધર્માનંદજીએ આપણને કાઢી આપ્યા છે તે પારાયણ લાયક છે. દુનિયાની સુશિક્ષિત પ્રજાને બૌદ્ધધર્મ અને બ્રાહ્મધર્મ વધારેમાં વધારે આકર્ષે છે, કેમ કે એમાં માન્યતાઓ અને વાદોનું સામ્રાજ્ય ઓછામાં ઓછું છે. સદાચારની સાધના એ જ એમાં મુખ્ય ભાગ ભજવે છે.

સદાચારની સાધના ઉપર ઉગ્રપણે ભાર મૂકનાર એક મોટો ધર્મ તે ઇસ્લામ છે. છતાં એમાં મનુષ્યસ્વભાવ ઉપર અતિ અંકુશ ન મુકાય એ દૃષ્ટિ ખાસ રાખી છે. ઇસ્લામમાં તહેવાર બહુ નથી. બે ઈદો તો ઇબ્રાહિમના

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ધર્મમાંથી લીધેલી છે. મહોરમ એ ઐતિહાસિક તહેવાર ગણાય. મહમદ પેગંબરના વફાતનો દિવસ કોક કોક ઠેકાણે ઊજવાય છે. ઇસ્લામી સંસ્કૃતિમાં વિલાસિતાને કેટલો અવકાશ છે એ સવાલ નોખો છે. ઇસ્લામીધર્મ તો સંયમધર્મી (puritan) જ છે. કુરાને શરીફ, મહમદ સાહેબનું જીવનચરિત્ર, અને હાદીસ એટલું વાંચીએ તો એ સંસ્કૃતિનો ખ્યાલ આવશે. અમીરઅલીનું 'Spirit of Islam' અને આર્નોલ્ડનું 'Preaching of Islam' આ બે ચોપડીઓ શિક્ષકોએ વાંચેલી હોવી જોઈએ. 'કસસ – અલ – અંબિયા' નું ગુજરાતી ભાષાંતર જો કોઈ કરી આપે તો મોટી સગવડ થાય. ઇસ્લામમાં પ્રતિષ્ઠા પામેલા પેગંબરોનાં જીવનચરિત્રો એમાં આપણને મળશે. 'મુસ્લિમ ઓલિયાઓ' તો ઘણાખરાએ વાંચ્યું હશે જ.

ખ્રિસ્તી ધર્મ માટે 'નવા કરાર' તેમ જ 'સંત જ્હોનનું ભાગવત' ડીન ફેરારનું 'ખ્રિસ્તનું ચરિત્ર,' કેમ્પીસનું 'ઇમિટેશન ઑફ ક્રાઇસ્ટ,' અને બનિયનનો 'પિલ્ગ્રિમ્સ પ્રોગ્રેસ,' એટલું તો વાંચેલું હોવું જોઈએ. વાલજીભાઈનું ઈશુચરિત પણ કાંઈક ઉપયોગી થઈ શકે. મણિલાલ પરીખે ખ્રિસ્તી ધર્મનો ઇતિહાસ લખેલો છે. Imitation of Christ નું ભાષાંતર જુનાગઢવાળા શ્રી. છગનલાલ હરિલાલ પંડ્યાએ 'ઈશુનું અનુકરણ' કરીને કર્યું છે. સ્વામી વિવેકાનંદે એ જ ચોપડીનું 'ઈશાનુસરણ' કરીને બંગાળી ભાષાંતર શરૂ કર્યું હતું. સંત ફ્રાન્સિસ વિષે થોડુંક તો મહાદેવભાઈની ફેરબમાળામાંથી મળશે. સેન્ટ પૉલ, ઇગ્નેશિયસ લૉયલા, માર્ટિન લ્યૂથર વિષે ગુજરાતીમાં લખવાની જરૂર છે. ટૉલ્સ્ટૉયે બાવન પરિચ્છેદોમાં

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

બાળકો માટે ઈશુનું જીવનચરિત્ર લખી આપ્યું છે એ પણ સરસ છે.

શિક્ષકોએ બ્રાહ્મસમાજ, આર્યસમાજ, પ્રાર્થનાસમાજ, રામકૃષ્ણ મિશન જેવા વ્યાપક અને આધુનિક ધર્મસંસ્કરણના પ્રયોગો વિષે ખૂબ જાણવું જોઈએ, કેમ કે ભવિષ્યની દિશા એમાંથી જ આપણને મળતી આવી છે. થિયૉસૉફીએ પણ અનેક ધર્મોના અભ્યાસ વિષેનું ઉપયોગી સાહિત્ય બહાર પાડ્યું છે. આચાર્યશ્રી આનંદશંકર ધ્રુવે તૈયાર કરી આપેલી ચોપડીઓ તો દરેક શિક્ષકે વાંચેલી હશે જ, ખાસ કરીને એમનું 'ધર્મશિક્ષણ', જેમાં બધા ધર્મો વિષે થોડી થોડી માહિતી છે.

શીખ ધર્મનો ફાળો કીમતી છે. એને વિષે આપણે વધારે જાણવું ઘટે છે. મગનભાઈની નવી ચોપડી 'સુખમની' આમાં ખૂબ મદદ કરશે. મહારાષ્ટ્રના સંતો જ્ઞાનદેવ, નામદેવ, એકનાથ, તુકારામ, રામદાસ વગેરે વિષે પણ સારી ચોપડીઓ ઘણી છે. તુળસીદાસ, સૂરદાસ તથા કબીર વિષે હિન્દીમાંથી મેળવવું.

ગુજરાતના સંત કવિઓનું અધ્યયન દરેક સંસ્થામાં હંમેશ ચાલવું જોઈએ.

તહેવારોની યોજના ઘડવી એ એક રીતે હિંદુસ્તાનની વિવિધરંગી સંપૂર્ણ સંસ્કૃતિનું પ્રતિબિંબ પાડવા સમાન છે, અને તે પણ સાહિત્ય મારફતે નહિ પણ જીવનના ઉત્સવ મારફતે. એ મોટું કામ પ્રસ્તુત કાર્યક્ષેત્રની બહાર છે અને એ કામ એકસામટું થાય એના કરતાં ધીમે ધીમે વધે એ જ સારું છે, એમ સમજી અહીં વિરમીએ છીએ.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

૩

ઉત્સવના ઉપવાસ

એક મિત્ર સવાલ કરે છે, 'જન્માષ્ટમી કે રામનવમી જેવા દિવસો ઉત્સવ અને આનંદના મનાય. તે દિવસે મિષ્ટાન્નભોજન કરવાને બદલે ઉપવાસ કરવાની પ્રથા કેમ પડી હશે?'

પ્રશ્ન પૂછનાર એમ માનતા લાગે છે કે ઉપવાસ તો દુઃખને, શોકને પ્રસંગે જ કરાય. એમ જ હોય તો ઋદ્ધિસ્તો મોટાં મોટાં જમણો શા સારુ કરતા હશે? ઉપવાસ એ દુઃખ કે સંકટની નિશાની છે એમ નથી. ચિત્તમાં ગ્લાનિ હોય, દુઃખથી દબાયા હોઈએ ત્યારે આરોગ્યના નિયમ પ્રમાણે ન ખાવું એ યોગ્ય છે. હૃદયની સ્વાભાવિક લાગણી પણ એ જ સૂચવે છે. આરોગ્યના નિયમની દૃષ્ટિએ જોતાં જ્યારે હૈયું હરખાય ત્યારે પણ આપણે કશું ખાવું ન જોઈએ; મિષ્ટાન્નભોજન કે અતિઆહાર તો ન જ કરવા જોઈએ. જેમ દુઃખમાં પાચનશક્તિ ક્ષીણ થયેલી હોય છે તેમ આનંદની

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ઉત્તેજનામાં અને ક્ષોભમાં પણ એ જ દશા હોય છે. એટલે કોઈ પણ કારણે ચિત્તનું સ્વાસ્થ્ય તૂટી ગયું હોય ત્યારે અનશન અથવા અલ્પાહાર જ વિહિત છે.

જન્માષ્ટમી જેવા ઉત્સવને પ્રસંગે આપણે જે ઉપવાસ કરીએ છીએ તેનો ઉદ્દેશ એથીયે વિશેષ છે. જન્માષ્ટમી એ કૃષ્ણજન્મની વધામણી નથી, પણ કૃષ્ણજન્મની સાધના છે. દ્વાપરયુગમાં કે ત્રેતાયુગમાં કૃષ્ણજન્મ થયો તેનું આપણને શું? જ્યારે આપણા હૃદયમાં કૃષ્ણજન્મ થશે ત્યારે જ આપણે ધન્ય થવાના. નાનપણમાં અમને આવા ઉપવાસ કરવાનો હક ન હતો; અપવાસ તો ઘરના પીઢ લોકો જ કરે. અમે તો બાળકો. અમારે એ ટંક ધરાઈને જમવું અને પૂજનમાં મદદ કરવી. એટલો જ અમારો ધર્મ. મોટેરાં બધાં ઉપવાસ કરે છે એ જોઈ અમારે પણ ઉપવાસ કરવો છે એવી હઠ લઈને બેસીએ, અને રડીરડીને, અને કવચિત્ માર ખાઈને ન ખાવાનો હક મેળવીએ, એ સ્થિતિ હતી. કેમ કે ઉપવાસ એ એક સાધના છે.

જેમ નાહ્યાથી પવિત્રતાનો અનુભવ થાય છે, મૌન ધારણ કરવાથી આધ્યાત્મિક વાતાવરણ મેળવાય છે, તેમ જ ઉપવાસથી અંતર્મુખ થવાય છે અને સાત્ત્વિક વૃત્તિ પણ ખીલવી શકાય છે. દરેક ભોજન સાથે શરીરમાં એક જાતની જડતા તો આવી જ જાય છે. તે ટાળીને શરીરનો બોજો હળવો કરવાથી ધ્યાન કે ઉપાસના માટે સ્થિતિ અનુકૂળ થાય છે. ઉપનયન, ઉપનિષદ, ઉપવાસ, અને ઉપાસના એ ચારે શબ્દ સરખા છે. ઉપવાસનો મૂળ અર્થ અનશન નથી, જેમ બ્રહ્મચર્યનો મૂળ અર્થ વીર્યરક્ષા નથી.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

બ્રહ્મચર્ય એટલે ઈશ્વરપ્રાપ્તિને અર્થે વેદશાસ્ત્રના અધ્યયનમાં મશગૂલ રહેવું તે. વીર્યરક્ષાથી જ એ શક્ય હોવાથી વીર્યરક્ષાને જ ખાસ કરીને બ્રહ્મચર્ય નામ અપાયું. ઉપવાસમાં પણ એવો જ ભાવ છે. ઉપ-વાસ એટલે પરમાત્માની નજીક રહેવું, એની સન્નિધિ અનુભવવી. જે ઇંદ્રિયોને તૃપ્ત કરવા એસે છે તે ઈશ્વરનું નામ લેતો છતો ઈશ્વરની સન્નિધિ અનુભવી ન શકે. આહારમાત્રનો ત્યાગ કરી અથવા શરીરપ્રકૃતિનું સામ્ય જાળવવા ખાતર અલ્પ માત્રામાં સાત્ત્વિક આહાર કરી પરમાત્માનું સ્મરણ કરવું, તેની ભક્તિ કરવી, તેનો નિકટવાસ અનુભવવો, એનું નામ તે ઉપવાસ; એ જ ઉપાસના. ઉપાસકે આહાર ઓછો કર્યો જ છૂટકો, એમ જોઈને ધાર્મિક સાધનાને અર્થે કરેલા અન્નત્યાગને જ ઉપવાસ કહેવા લાગ્યા. કૃષ્ણજન્મને દિવસે અથવા રામજન્મને દિવસે એ આધ્યાત્મિકતા, એ સાધકવૃત્તિ કેળવવા માટે ઉપવાસ રાખેલો છે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

૪

તહેવારોની યાદી

		દિવસ
કાર્તિક		
સુદ ૧	બેસતું વરસ	૧
સુદ ૨	ભાઈબીજ	૧
સુદ ૧૧	મહા એકાદશી	૦।।
માગશર		
સુદ ૧૧	ગીતાજયંતી	૦।।
સુદ ૧૫	દત્તજયંતી	૧
પોષ		
	મકરસંક્રાન્તિ	૧
માહ		
સુદ ૫	વસંતપંચમી	૧
સુદ ૮	ભીષ્માષ્ટમી	એક સમય-વિભાગ
વદ ૧૪	મહાશિવરાત્રી	૦।।
ફાગણ		
સુદ ૧૫	હોળી	૧
વદ ૩	શિવાજીજયંતી	૧

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ચૈત્ર		
સુદ ૧	ધ્વજારોપણ	એક સમય
સુદ ૯	રામનવમી	૧
સુદ ૧૩	મહાવીરજયંતી	૧
સુદ ૧૫	હનુમાનજયંતી	૧
વૈશાખ		
સુદ ૩	અખાત્રીજ	૦।।
સુદ ૧૦	શંકરજયંતી	૦।।
સુદ ૧૫	બોધિજયંતી	૦।।
જેઠ		
સુદ ૧૫	વટસાવિત્રી	૧
અષાડ		
સુદ ૧૧	મહા એકાદશી	૦।।
સુદ ૧૫	ગુરુપૂર્ણિમા	એક સમય
વદ ૩૦	દિવાસો	૦।।
શ્રાવણ		
સુદ ૫	નાગપંચમી	૧
સોમવારો	શ્રાવણી સોમવાર	૦।।
સુદ ૧૫	શ્રાવણપૂર્ણિમા	૧
વદ ૮	જન્માષ્ટમી	૧
ભાદરવો		
સુદ ૪	ગણેશચતુર્થી	૧
સુદ ૫	ઋષિપંચમી	૧
	અને પજુસણ	૧
વદ ૧૨	રેંટિયાબારશ	૧

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

આસો

સુદ ૮–૯	સરસ્વતીપૂજન	૨
સુદ ૧૦	દશેરા	૧
સુદ ૧૫	શરત્પૂર્ણિમા	૧
વદ ૧૩	ધનતેરસ	૧
વદ ૧૪	કાળીચૌદશ	૧
વદ ૩૦	દિવાળી	૧

અન્યધર્મી તહેવારો

ડિસે. ૨૫	નાતાલ	૧
	મોહરમ	૧
	બકરી ઈદ	૧

રાષ્ટ્રીય તહેવારો

ઑગસ્ટ ૧	તિલક પુણ્યતિથિ	૧
જૂન ૬	દેશબંધુ પુણ્યતિથિ	એક સમય

નાના તહેવારો

એપ્રિલ ૬–૧૩	રાષ્ટ્રીય સપ્તાહ	૮
જૂન ૩૦	દાદાભાઈ નવરોજી	એક સમય
ફેબ્રુઆરી ૧૯	ગોખલે	એક સમય
	નરસિંહ મહેતો	એક સમય
	મીરાં	એક સમય
	અખો	એક સમય

આખા તહેવારો ૩૭; અડધા તહેવારો ૯; એક સમયના ૯.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

૧. કાર્તિક માસ

બેસતું વરસ

સુદ ૧ ૧ દિવસ

આ દિવસ મુખ્યત્વે મિત્રોને મળવાનો તેમ જ ગુરુજનોને મળી તેમનો આશીર્વાદ લેવાનો દિવસ છે. નવા વરસનો નવો સંકલ્પ અને આખા વરસની કંઈક નિશ્ચિત યોજના પણ આ દિવસે કરાય. જે વિચાર કરી શકે છે તે એકએ કલાક શાંતિથી એકાંતમાં બેસી પ્રાર્થનાપૂર્વક નવા વરસનો સંકલ્પ અને એ પાર પાડવાની વિગતો મનમાં ગોઠવે અને જેની આગળ આવો સંકલ્પ જાહેર કરવો ઘટે તેને તે જણાવે અને પોતાની પાસે અવશ્ય લખી રાખે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ભાઈબીજ

સુદ ૨ ૧ દિવસ

બધા તહેવારોમાં આ તહેવારનું કાવ્ય અનેરું છે. જે નિશાળોમાં છોકરાઓ સાથે છોકરીઓને પણ સ્થાન છે, તેમાં તો આ દિવસ વિશેષ રીતે ઊજવી શકાય. તે દિવસનો નાસ્તો અથવા આખું ભોજન છોકરીઓ જ તૈયાર કરે અને તેઓ બધા છોકરાઓને જમાડે. છોકરાઓ પોતે તૈયાર કરેલી કોઈ પણ ઉપયોગી ચીજ બહેનોને આપે એ પણ રિવાજ સારો છે. પોતે કાંતેલા સૂતરની બાદીનો કકડો, એકાદ ચોપડી, બિડિયો અથવા એવી જ કંઈ બીજી વસ્તુ પણ અપાય.

ભાઈબીજને દિવસે દરેક વિદ્યાર્થી ઘેર પોતાની બહેનને કાગળ તો જરૂર લખે. આવા કાગળોની નકલો ભેગી કરી બાનગી રીતે વંચાય તો તેમાં વાંધો જેવું નથી. માત્ર આ કૃત્રિમ ન થવું જોઈએ. કૃષ્ણ દ્રૌપદીની વાત કોઈ લખી લાવે અથવા કવિતામાં ગોઠવે.

સંસ્થામાં બધા વિદ્યાર્થીઓ બધી જ વિદ્યાર્થિની-ઓના ભાઈ છે. એમાં અમુક જ બહેનને કે ભાઈને ખાસ પસંદ કરવાપણું ન હોવું જોઈએ.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

મહા એકાદશી

સુદ ૧૧ ૦।। દિવસ

આ દિવસે દેવશયન અને પ્રબોધનું રહસ્ય કોઈ શિક્ષક સંભળાવે. ચાતુર્માસ્યનું ઉદ્યાપન કરે. તુળસીની વાર્તા વિષે કંઈક વિવેચન થાય. મહા એકાદશીને દિવસે બધા ચાર વાગ્યે નાહી પ્રાર્થનામાં હાજર રહે. કાર્તિક સ્નાનનું માહાત્મ્ય વિશેષ ગણેલું છે. પ્રાર્થનામાં ગીતાનો પંદરમો અધ્યાય બોલાય. ઝાડોના કચારા સાફ કરી તેમને પાણી પાવા પાછળ આ દિવસે થોડોક વખત બધા ગાળે. એ આ દિવસનો મહાયજ્ઞ. મહા એકાદશીનો ફળાહાર તો છે જ. બની શકે તો દશમની સાંજે આવું નહિ. મહા એકાદશીને દિવસે સંગીતયુક્ત ભજનને વધારે વખત આપવો જોઈએ.

• એકાદશીઓ બે આવતી હોય તો સંસ્થામાં બીજી પસંદ કરવી. વૈષ્ણવ ધર્મમાં ભક્તિ, ચારિત્ર્યની શુદ્ધિ અને માણસ માણસ વચ્ચેની સમાનતા આ ત્રણ ઉપર વધારે ભાર મુકાયો છે તે સમજાવવું.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

૨. માગશર માસ

ગીતાજયંતી

સુદ ૧૧ ૦।। દિવસ

આ નવો ઉપજાવી કાઢેલો તહેવાર છે. માસાનાં માર્ગશીર્ષોઽહમ્ એ વચન ઉપરથી આ દિવસ નક્કી કરવામાં આવ્યો છે. અત્યંત પ્રાચીન કાળમાં માગશર મહિને વર્ષારંભ થતો. આ દિવસે આખો ગીતાપાઠ થવો જોઈએ. લો૦ તિલકની અગ્રહાયણ વિષેની કલ્પના, અને જ્યોતિષનું અયનચલન આ દિવસે સમજાવી શકાય. ગીતાના સંદેશનું વિવેચન અને શ્રીકૃષ્ણની વિભૂતિ વિષે પણ ચર્ચા થાય.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

દત્તજયંતી

સુદ ૧૫ ૧ દિવસ

અવધૂતની ઉપાસના ગુજરાતમાં ઝાઝી પ્રચલિત નથી, છતાં આ દિવસ ને કંઈક પગે મુસાફરી કરવામાં ગાળવામાં આવે તો તે ઇષ્ટ છે. માગશર મહિનામાં ઘણા તહેવાર નથી. પૂર્ણિમાને દિવસે સવારે એક ગામમાં નાહવું, બીજા ગામમાં જઈને જમવું, અને ત્રીજા ગામમાં રાતવાસો કરવો, એવો કાર્યક્રમ અવધૂતની પેઠે રાખી શકાય.

વિશ્વાસી (ખ્રિસ્તી) ધર્મ એ એક જાતની ગુરુપૂજા છે. માટે આજે 'Imitation of Christ' (ઈશુનું અનુસરણ) પણ વંચાય.

શીખ લોકો એક રીતે ગુરુઉપાસક કહેવાય. એમણે શુદ્ધ ભક્તિ અને સદાચારનું મોટું ધાર્મિક સાહિત્ય આપણને આપ્યું છે. એમાંથી પણ આજે પારાયણ થાય. દાખલા તરીકે, જપજી, સુખમની. એ ઉપરાંત શીખ ગુરુઓએ જે સાત્ત્વિક બલિદાનનો લોકોત્તર આદર્શ સાધ્ય કરી બતાવ્યો તેની પણ વાતો વિદ્યાર્થીઓને કહી શકાય. ગુરુપૂર્ણિમા અને દત્તજયંતી એ તહેવારોમાં શીખસંપ્રદાય અને ગુરુભક્તિ વિષે ઘણું આપી શકાય.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

૩. પોષ માસ

મકરસંક્રાન્તિ

૧ દિવસ

મકરસંક્રમણનો દિવસ કયો એ ઝઘડો હવે પછી જામવાનો છે. હરિહરભાઈ અને સાયન પંચાંગવાળા તો ડિસેંબરની ૨૩મીને જ વળગી રહેશે. અને સામાન્ય પંચાંગો તો જાનેવારીની ૧૩–૧૪ મી સુધી રાહ જોશે.

મકરસંક્રાન્તિનો દિવસ આપણી પંચાંગની પદ્ધતિ સમજવા સમજાવવા માટે અનુકૂળ છે. મહારાષ્ટ્રનો રિવાજ સ્વાદિષ્ટ લાગતો હોય તો આ દિવસે તલગોળનો પ્રચાર કરવા જેવો છે. આખો પોષ મહિનો તલ ખાઈએ તોયે ઠીક જ છે. ઊતરતા શિયાળામાં સ્નિગ્ધ અન્ન પૌષ્ટિક હોય છે. પણ મુખ્ય પ્રવૃત્તિ તો પતંગ ઉડાડવાની હોય; માત્ર એની દોરી સ્વદેશી હોવી જોઈએ. છોકરાઓ જો બજારમાંથી તૈયાર પતંગો લાવે તો આ તહેવાર રાખવામાં માલ નથી. પતંગો ઘેર જ તૈયાર થાય, અને સાથે મળીને ઉડાડાય. પતંગ બનાવવાનું ખાસ શાસ્ત્ર છે.

ઇતિહાસ અને સમાજશાસ્ત્રના રસિયા અધ્યાપક આ દિવસે જીવનસંક્રમણ કે રાષ્ટ્રીયસંક્રમણ ઉપર વ્યાખ્યાન આપે તો તે સાંભળવા તૈયાર રહેવું જોઈએ.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

૪. માહ માસ

વસંતપંચમી

સુદ ૫ ૧ દિવસ

આ કુદરતનો તહેવાર છે. શાસ્ત્રોમાં એને સ્થાન નથી. સાચું જોતાં આપણે આપણી મેળે વસંતોત્સવનો દિવસ નક્કી કરી શકીએ. આ દિવસે સવારનો વખત સુંદર સફાઈ કરી પછી દિવસમાં સંગીતના બે જલસા રાખવા એ જ ઉચિત લાગે છે. સફાઈમાં કપડાં ધોવાં, પથારીઓ રાચરચીલું વગેરે તડકામાં મૂકવું, ઘર અંદરબહાર સાફ કરવું, અને આસપાસ બધે સ્વચ્છ વ્યવસ્થા કરવી એનો સમાવેશ થાય છે. જલસો એક સવારે નવદસ વાગ્યે અથવા બપોરે બે વાગ્યે, અને બીજે સાંજે પ્રાર્થના પછી. એમ રાખીએ તો ભિન્ન ભિન્ન સમયના રાગો સારી રીતે ગવાશે અને એકસામટી તાણ નહિ પડે. અને પૂરતો ઉત્સાહ હોય તો એક જલસો અને એક નાટક એમ પણ રખાય. આપણા ઉત્સવોને લીધે દિવસના મુખ્ય કાર્યક્રમમાં બનતા સુધી ફેર ન પડવો જોઈએ.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ભીષ્માષ્ટમી

સુદ ૮ ૧ સમય

આ જૂનો તહેવાર લગભગ ભુલાઈ ગયો હતો. કોઈ કોઈ ઠેકાણે એનું પુનરુજ્જીવન થવા લાગ્યું છે. આપણે ત્યાં પણ પ્રયત્ન થવો જોઈએ. ભીષ્મ બ્રહ્મચારી, દૃઢવ્રત, ભગવદ્‌ભક્ત અને નીતિજ્ઞ હતા. મહાભારતમાંથી ભીષ્મનું જીવન તારવી કાઢી એ ગંગાપ્રસાદ વિદ્યાર્થીઓને આપવો જોઈએ. ખાસ કરીને કર્ણ અને ભીષ્મનો છેલ્લો સંવાદ. આ દિવસ શુદ્ધ સાત્ત્વિક આહાર લઈ પ્રાર્થનાપૂર્વક બ્રહ્મચર્યનું વ્રત લેવાનો છે. આ તહેવાર સમાજમાં જડ ઘાલે તો એમાં ખૂબ ઉમેરવા જેવું છે. આદર્શ બ્રહ્મચારીઓની નામાવલિ ગોઠવી તેમનાં જીવનચરિત્ર આ દિવસે કહેવાં જોઈએ. દાખલા તરીકે, રામકૃષ્ણ પરમહંસ અને શારદાદેવી; ઈશુ, શુકદેવ, યોગવાસિષ્ઠમાંની ચુડાલા, હનુમાન, વનવાસી લક્ષ્મણ, રામદાસ.

આ દિવસે લાઠીની કવાયત અને સંઘવ્યાયામ રાખી શકાય.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

મહાશિવરાત્રી

વદ ૧૪ ૦।। દિવસ

આ તહેવાર અપરિગ્રહનો અને ભૂતદયાનો છે. મહા-શિવરાત્રીને દિવસે એકલા શિવઉપાસક જ નહિ પણ બધા જ જો ઉપવાસ કરે, અને પોતાની જિંદગીમાંથી અનાવશ્યક વસ્તુઓનો કેટલો ત્યાગ થઈ શકે એનો વિચાર કરે તો બહુ સારું. આપણો મોટામાં મોટો પરિગ્રહ લોભ અને આળસ છે. એ ઘટે એવો ઇલાજ શોધી કાઢવા પાછળ આજે કેટલોક વખત ખરચીએ તો ઇષ્ટ છે. અપરિગ્રહી મહાદેવનાં દર્શને જવાનો રિવાજ ચાલુ રાખવા જેવો તો છે જ. મહાદેવને ત્યાં હંમેશાં મુક્ત દ્વાર હોય છે. શિક્ષકો આ દિવસે મહાદેવની કોઈ સારી ધર્મબોધક વાર્તા છોકરાઓને કહે. મહાદેવને આંબામોર ચડાવે છે તે બોરું છે એમ સકારણ સમજાવવું જોઈએ.

'હરણાના સ્મરણા' એ મારો લેખ શિવરાત્રીનું માહાત્મ્ય બતાવે છે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

૫. ફાગણ માસ

હોળી

પૌર્ણિમા ૧ દિવસ.

હોળીનો તહેવાર તો કાઢી નાખવા જેવો ગણાય. તે દિવસના જૂના કાર્યક્રમમાં ઉન્નતિનો એકે અંશ નથી. છતાં એ તહેવાર આખા દેશમાં એટલો તો રૂઢ અને લોકપ્રિય છે કે, એનો જો આપણે ઉપયોગ ન કરી શકીએ તો એ આપણો જ દોષ ગણાય. અત્યાર સુધી હોળીને દિવસે સંસ્કારી લોકો પણ અસંસ્કારી બન્યા છે. હવે પછી જો સંસ્કારી ગણાતા લોકો અસંસ્કારી લોકોની સેવા કરવામાં એ દિવસ ગાળે તો એ તહેવારનું સાર્થક થશે. હોળીને દિવસે ખાસ કરીને આપણે અંત્યજોને (હરિજનોને) બોલાવીએ, સમાન ભાવે તેમનું સ્વાગત કરીએ, તેમનાં સુખદુઃખ સમજી લઈએ; અથવા હરિજન લત્તાઓમાં જઈ લૂખો ઉપદેશ ન કરતાં પ્રત્યક્ષ સહાનુભૂતિ બતાવીએ. તેમના છોકરાઓને આપણે ત્યાં રમવા બોલાવીએ. હુતુતુતુ, અગરપાટા વગેરે રમતો એમની સાથે રમીએ.

હોળીનો તહેવાર મેદાની અને મર્દાની રમતોને માટે વિશેષ અનુકૂળ છે. દહાડે જાતજાતની કસરતોની હરીફાઈ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

થાય. ત્યાર પછી બધા સાથે જમે. રાત્રે ચાંદરણામાં અગરપાટા રમાય.

હોળી સળગાવવાની પ્રથા કાઢી નાખીએ તો ઠીક. જરૂરી વસ્તુઓ મોજમાં આવીને બાળી નાખવી આપણા સમાજને પોસાય નહિ. ઘાસ છાણાં વગેરે ખેતીને ઉપયોગી વસ્તુઓ બાળવામાં ખેતી પ્રત્યે બેદરકારી છે. છતાં ગોશાળામાં ધુમાડો કરી જનવરોનું મચ્છરોથી રક્ષણ કરાય એમ સમજાવવું.

હોળીને દિવસે કાચી કેરીની જાત જાતની વસ્તુઓ બનાવીને ખાવામાં ઔચિત્ય છે.

તે દિવસે આપણા સંબંધમાં આવનાર મજૂરો, નોકરો તથા બીજા ગરીબ લોકોને સાથે લઈને ખાવાની પ્રથા બહુ જ સારી છે. સૌને પહોંચે એવી જાતની વસ્તુઓ ખાવામાં રાખવી જોઈએ.

હોળીને દિવસે મદ્યપાનનિષેધનું કામ થઈ શકે તો તે સૌથી સરસ. હરિજનોમાં થયેલા અનેક સાધુઓનાં ચરિત્રોનું કીર્તન આ દિવસે વિશેષ કરીને થાય. દા. ત., ગુહક, નંદનાર, ચોખામેળા, બળ.

હરિજનસેવક એકનાથ મહારાજ વિષે પણ અવશ્ય કહેવું જોઈએ.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

શિવાજીજયંતિ

વદ ૩ ૧ દિવસ

ગુજરાત અને મહારાષ્ટ્રનો સંબંધ તૂટે એમ નથી. જેમ મહારાષ્ટ્રમાં ગુજરાતીઓ વસેલા છે તેમ ગુજરાતમાં મહારાષ્ટ્રીઓ કાયમના છે જ. મહારાષ્ટ્ર ઉત્સવપ્રિય છે. એણે ગણેશચતુર્થી જેવા કેટલાક તહેવારોને મોટું સામાજિક અને રાષ્ટ્રીય સ્વરૂપ આપ્યું છે. એ બધા તહેવારો ગુજરાતમાં ન ચાલી શકે. પણ મહારાષ્ટ્રીઓ માટે એક તહેવાર રાખી તે ગુજરાતીઓ તથા મહારાષ્ટ્રીઓ મળીને ઊજવે એ ઇચ્છવા જેવું છે.

શિવાજીજયંતિ ઊજવવામાં વિશેષ અર્થ રહેલો છે. અંગ્રેજ ઇતિહાસકારોએ શિવાજીને ગુજરાતનો દુશ્મન ચીતર્યો છે એ અસર ધોઈ કાઢવા અને મહારાષ્ટ્રના રામદાસ જેવા સાધુસંતોનું સ્મરણ કરવા ફાગણ વદ ૩ મુકરર કરીએ. જ્ઞાનેશ્વર, એકનાથ, તુકારામ, નામદેવ, જનાબાઈ, મુક્તાબાઈ વગેરે મહારાષ્ટ્રનાં સંતોનું તર્પણ આ જ દિવસે કરી શકાય. આ તહેવાર ઊજવવામાં મહારાષ્ટ્રીઓની સલાહ અને મદદ ભલે લેવાય. પણ એની પહેલ તો ગુજરાતીઓ જ કરે એ સરસ છે. રામદાસ અને જ્ઞાનેશ્વરનો પરિચય ગુજરાતીમાં થઈ શકે છે. બીજા સાધુસંતો વિષે આ તહેવારને અંગે થોડું ઘણું જાણવાનું મળે, એમની કવિતાઓનો ગુજરાતીમાં અનુવાદ થાય, તો સાહિત્યમાં એટલો ઉમેરો થશે. આ દિવસે બધી જાતની મરદાની રમતો રાખવી જોઈએ. એમાં ભાલો તો ખરો જ.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

૬. ચૈત્ર માસ

ધ્વજારોપણ

શુદ ૧ ૧ સમય

જ્યોતિષનું વર્ષ ચૈત્રથી શરૂ થાય છે. શાલિવાહન શક પણ ચૈત્રી પડવાથી શરૂ થાય છે. આ જ દિવસે શ્રીરામચંદ્રે વાલીના જુલમમાંથી દક્ષિણની ભૂમિને છોડાવી હતી એવી માન્યતા હોવાથી, એ દિવસે ધ્વજ ચડાવવામાં આવે છે, કેમ કે એ સ્વતંત્રતાનો દિવસ છે. આ તહેવાર સાથેની પૌરાણિક કથાઓ વિદ્યાર્થીઓને સમજાવવા ઉપરાંત, અને મહારાષ્ટ્રીઓને બારણે ધ્વજ શા માટે હોય છે એ સમજાવવા ઉપરાંત, આ દિવસે ઝાઝું કરવા જેવું નથી.

આ ઋતુમાં લીમડો ખાવાની પ્રથા વૈદકની દૃષ્ટિએ સારી છે. લીમડાની કૂંપળો, મરી, હીંગ, મીઠું, ગોળ અને અજમા સાથે સવારે ઊઠીને ખાવી એ ચૈત્રી પડવાનો ખાસ વિધિ છે. આપણે ફક્ત કૂંપળો અને મીઠું ખાઈએ.

આ દિવસે જો આપણે પુષ્પરચના કરી શકીએ તો એ વસંતનો સાચો ઉત્સવ થશે. અને તેમ થાય તો એ અર્ધા દિવસનો ઉત્સવ મનાય.

ત્રિરંગી રાષ્ટ્રીય ધ્વજનું અભિવાદન આ દિવસે તો રાખવું જ જોઈએ. એની સાથે ઝંડાગીત અને રાષ્ટ્રગીત પણ ગવાય.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

રામનવમી

સુદ ૯ ૧ દિવસ

રામનવમી અને જન્માષ્ટમી એ બન્ને તહેવારો ભક્તિના ખાસ તહેવારો છે. રામકૃષ્ણની ઉપાસનાથી હિંદુધર્મ જેટલો રંગાયો છે તેટલો બીજા કશાથી રંગાયો નથી. તેથી રામનવમીનો આપણને વધારેમાં વધારે ઉપયોગ કરતાં આવડવો જોઈએ. રામનવમીને દિવસે ઉપવાસ કરવાની પ્રથા સુંદર છે. નાનાં છોકરાંઓ પણ અની શકે તો બાર વાગ્યા સુધી કશું ખાય નહિ.

હૃદયમાં અને સમાજમાં કેવા કેવા રાક્ષસો ભાતેલા છે તે તપાસવામાં સવારનો વખત ગાળી શકાય તો સારું. દસ વાગ્યે મુક્તિકોપનિષદમાંથી સારા સારા ફકરાઓ વિદ્યાર્થીઓને વાંચી સંભળાવવા. બધા લોકો ભેગા થઈ રામજન્મની વાર્તા બરાબર બાર વાગ્યે પૂરી થાય એવી રીતે સાંભળે. ત્યાર પછી ભજનકીર્તન. બપોરે સંગીતનો જલસો રાખી ત્યાર બાદ રામચરિત્રના જુદા જુદા પ્રસંગોનું વિવેચન કરવું. રામરાજ્યની આપણી કલ્પના અનેક રીતે વિસ્તારીને એની ચર્ચા કરવી. મનુષ્યજાતિ માટે આદર્શ રાજા કેવો હોય એનો જે દાખલો શ્રીરામચંદ્રે બેસાડ્યો તેનું રહસ્ય સમજાવવું. રામનવમીના તહેવાર સાથે આપણા રાષ્ટ્રીય ગ્રંથ રામાયણનું અધ્યયન નવી નવી

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

રીતે થાય એવું કરવું જોઈએ. પ્રજાતંત્રની કલ્પના આ દિવસે ગામડે ગામડે સ્પષ્ટ કરવી જોઈએ.

રામનવમીને દિવસે બધા મળીને સવારે એકઠા નાહવા જાય, જાતજાતનાં ફૂલો ભેગાં કરે, રામચંદ્રની પૂજા કરે, પૂજાના ઓરડામાં સાથિયા પૂરે, અગરબત્તી, ધૂપ ચંદન વગેરેની સુગંધીથી પૂજાનો ઓરડો પવિત્ર કરે, અને નાનાં મોટાં બધાંને રાજી રાખી એ દિવસ પ્રસન્નતામાં ગાળે. આ દિવસે સીતા સતીના ચરિત્ર ઉપર કાવ્યો રચાય અને સ્વરાજ્યપ્રાપ્તિને અર્થે જીવન અર્પણ કર્યાની પ્રતિજ્ઞા લેવાય.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

મહાવીરજયંતી

સુદ ૧૩ ૧ દિવસ

આ દિવસે ઋષભદેવ, પાર્શ્વનાથ, મહાવીર, નેમીનાથ, વગેરે તીર્થંકરોની માહિતી આપવી, અને મનુષ્યેતર પ્રાણીઓ પણ માણસજાતનાં નાનાં ભાંડુઓ જ છે, તેમને દુઃખ ન દેવાય, તેમનું પણ ભલું જ ઇચ્છવું અને કરવું, કેમ કે આપણે તેમના એલી છીએ ઇત્યાદિ વિદ્યાર્થીઓને સમજાવવું. બીજાને ઓછામાં ઓછી પીડા કરીને જે જીવન નિર્વાય તે જ ઉત્તમ છે, એ વસ્તુ એમના મન પર ઠસાવવી. અહિંસા એ જ અમૃત છે, અપરિગ્રહ એ જ અમીરી છે. એ આ દિવસનો ખાસ બોધ છે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

હનુમાનજયંતી

પૌર્ણિમા ૧ દિવસ.

છોકરાઓ અને યુવકો આ તહેવારને પોતાનો જ ગણે છે. રામભક્ત, રામસેવક, બાળબ્રહ્મચારી, 'બુદ્ધિમતાંવરિષ્ઠ' હનુમાન એ જ વિદ્યાર્થીઓનો આદર્શ થઈ શકે છે. શ્રીરામચંદ્ર અવતારકાર્ય પૂરું કરી નિજધામ ગયા; પણ હનુમાન નિરપેક્ષ નિરલસપણે રામકાર્ય ચલાવવા ચિરંજીવ થઈ પાછળ જ રહ્યા છે. પોતાને જોઈતી બધી પ્રેરણા વિદ્યાર્થીઓ આર્ય હનુમાનના આદર્શમાંથી લઈ શકે છે. આ દિવસે શાળાના કાર્યક્રમમાં રમત, કસરત, અને ખાસ કરીને મલખમ તથા કુસ્તી રાખવી જોઈએ. સમાજમાં જઈ કામ કરવાની તક હોય તો આ દિવસે કંઈક સેવાનું ક્ષેત્ર ખોળવું જોઈએ. અખાડાઓ ન હોય ત્યાં અખાડાઓ સ્થાપવા. ગરીબ વિદ્યાર્થીઓને ગાયનું દૂધ મળે એટલા માટે ફંડ કાઢવું, વગેરે કેટલુંયે કરવા જેવું છે.

હનુમાનજયંતીને દિવસે ખોરાકમાં રાંધેલું કશું ન લેવું એવો કાર્યક્રમ, જે તબિયતને અનુકૂળ હોય તો, રાખવા જેવો છે. ભીષ્માષ્ટમીની પેઠે આ દિવસે પણ બ્રહ્મચર્યની મહત્તા વિદ્યાર્થીઓના મન પર ઠસાવવી જોઈએ. કાર્તિકસ્વામી અને હનુમાન એ વજ્રકાય સેનાપતિઓ થયા એનું કારણ એમનું કાયાવાચામનસા બ્રહ્મચર્ય જ છે, એ વાત વિદ્યાર્થીઓ સમજે તો આ તહેવાર સાર્થક થયો ગણાય. કહેવાય છે કે, હનુમાનને આકડાના ફૂલની માળા ગમે છે. બ્રહ્મચારીને તો આવાં જ ફૂલો ગમે ને?

આ દિવસે વાનરસેના પોતાનું સંમેલન રાખી છે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

૭. વૈશાખ માસ

અખાત્રીજ

સુદ ૩ ૦।। દિવસ

અખાત્રીજ એ કૃતયુગના આરંભનો દિવસ છે. આ દિવસે સત્ય અને અહિંસાની મીમાંસા કરાય. ખેડૂતોનું વર્ષ આ દિવસથી શરૂ થાય છે. માટે શ્રમજીવનના મહત્ત્વનું આજે નિરૂપણ કરવું જોઈએ. અખાત્રીજથી ઝાડોને નિયમિત પાણી પાવા તરફ વધારે ધ્યાન આપવું જોઈએ. ખેતીને અંગે આ દિવસનો કંઈ કાર્યક્રમ રાખી શકાય તો રાખવા જેવો છે.

શ્રમજીવી, બુદ્ધિજીવી, મૂડીજીવી તથા ભિક્ષાજીવી લોકોના જીવનનું તારતમ્ય આ દિવસે ખૂબ ચર્ચવું જોઈએ.

કહેવાય છે કે દર અમાસે સમુદ્રને ભરતી આવે છે ખરી પણ ચૈત્રી અમાસ પછી આવતી અખાત્રીજની ભરતી બીજી બધી ભરતીઓને ટપી જાય છે.

આ જ દિવસ પરશુરામજયંતીનો પણ છે, પરશુરામનું જીવન જાણ્યા પછી જ શ્રીરામચંદ્રજીના અવતારનું રહસ્ય ધ્યાનમાં આવી શકે છે. બ્રાહ્મણ અને ક્ષત્રિય વચ્ચેનો ઝઘડો મટાડી બન્નેને વિશ્વકલ્યાણ તરફ વાળવા એ કામ શ્રીરામચંદ્રે કર્યું; પણ એ ઝઘડા કેવા હતા, કેટલા ચાલ્યા એ બધું તો આપણને પરશુરામના જીવનમાંથી જ મળી શકે છે. ક્ષત્રિયલોહીથી કૂંડાં ભરી કાઢનાર પરશુરામ બ્રાહ્મણ ધર્મનો અધઃપાત સૂચવે છે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

શંકરજયંતી

સુદ ૧૦ ૧લા દિવસ

અદ્વૈત સિદ્ધાંતની દાર્શનિક દૃષ્ટિએ આ તહેવાર ઊજવવાનો નથી. આમાં બધા મતના લોકો ભાગ લઈ શકે એવી રીતે એ ઊજવવો જોઈએ. શ્રીશંકરાચાર્યની ધર્મનિષ્ઠા, ઈશ્વરપરાયણતા, શાસ્ત્રાધ્યયન, અને હિન્દુધર્મમાં નવી વ્યવસ્થા આણવાની શક્તિ, હેતુઓને લીધે એમનું કામ તમામ જનતા માટે બોધપ્રદ થયું છે. આ દિવસે શંકરાચાર્યનાં અને બીજાનાં સરસ સ્તોત્રો ગાવાનો અને તેના પર વિવેચન કરવાનો કાર્યક્રમ રાખવો જોઈએ. સામાજિક અને રાષ્ટ્રીય અદ્વૈતની દૃષ્ટિએ બ્રાહ્મણથી અંત્યજ સુધીના સૌનો આત્મા સરખો જ છે એ વિષે વિવેચન એ આજનો મુખ્ય કાર્યક્રમ હોવો જોઈએ. ઈશ્વરની ઉપાસના એ જ સત્ય છે, જ્યારે દુનિયાની ઉપાસના એ માયા મોહ છે એ વિષે મતભેદ ના જ હોઈ શકે.

આ દિવસે મોહમુદ્ગર સ્તોત્ર ગવાય અને એનો પ્રસંગ વર્ણવાય.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

બોધિજયંતી

પૌર્ણિમા ૦।। દિવસ

ગૌતમ બુદ્ધને આ જ દિવસે જ્ઞાન થયેલું. દુનિયાનાં તમામ દુઃખોનું ઓસડ દ્રવ્યમાં નથી, રાજસત્તામાં નથી, જબરદસ્તીમાં નથી, પણ જ્ઞાનમાં, કેળવણીમાં અને શુદ્ધ જીવનમાં જ છે, એ રહસ્ય મન પર ઠસાવવાનો આ દિવસ છે.

ઘણું કરીને આ તહેવાર ઉનાળાની રજમાં અલોપ થાય છે. માટે એ સમાજમાં સર્વત્ર ઊજવાય એવી ગોઠવણ થવી જોઈએ.

બુદ્ધનાં ગૃહત્યાગ અને જ્ઞાનની શોધ વિષે આ દિવસે વિવેચન થાય. એકાદ નાટક તે દિવસને શોભે એવું ભજવાય.

જાતિભેદ અને ખાસ કરીને એમાં આવતું ઉચ્ચનીચપણું એ હિંદુધર્મનું ખરું લક્ષણ નથી એ પણ આજે સમજાવવું જોઈએ. અંતે બુદ્ધ ભગવાનના ઉપદેશમાંનો ઉત્તમ ભાગ હિંદુધર્મે પોતાનો કરવાનો પ્રયત્ન કર્યો છે એ સમજાવવું.

ધમ્મપદમાંથી સારાં વચનો વિદ્યાર્થીઓને મોઢે કરવા આપવાં.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

૮. જેઠ માસ

વટસાવિત્રી

પૌર્ણિમા ૧ દિવસ

આ તહેવાર ઉનાળાની રજામાં જ ઘણુંખરું જવાનો. 'સતીના સત આગળ મોત પણ હારી જાય છે' એ બોધ-વાળી આ વાર્તામાં અસાધારણ કાવ્ય રહેલું છે. 'વટવૃક્ષની પૂજા કરવા કરતાં તે દિવસે સાવિત્રીની જ પૂજા કરવી એ વધારે યોગ્ય છે. સાવિત્રીની કથામાં સ્ત્રીઓનું સ્વાતંત્ર્ય અને સ્ત્રીધર્મનો સર્વોચ્ચ આદર્શ જોવા મળે છે. આ દિવસે સાવિત્રીનું ચરિત્ર અનેક રીતે ગાવું જોઈએ. છોકરીઓ આ તહેવારને વિશેષે કરીને ઊજવે.

સાવિત્રીની કથા મહાભારતમાં છે તે મેં ગુજરાતીમાં ટૂંકાવી છે તે વાંચવી.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

૯. અષાડ માસ

મહા એકાદશી

સુદ ૧૧ ૦।। દિવસ

આ દિવસથી ચાતુર્માસનો આરંભ થાય છે. ચાતુર્માસને અંગે કેટલાંક વ્રતો લેવાનો આ દિવસ છે. ચોમાસામાં હવા સારી નથી રહેતી. અમુક જાતનો સંયમ સ્વીકાર્યો હોય તો જ ચોમાસું નિર્વિઘ્ન અને સુખેથી પસાર થાય. ચોમાસામાં મુસાફરી અઘરી હોવાથી એક જ ઠેકાણે બેસી અધ્યયન કરવાનો જૂનો રિવાજ હતો. આ દિવસનો કાર્યક્રમ કાર્તિકી એકાદશી જેવો જ રાખવો જોઈએ. માત્ર એમાં ઝાડોને પાણી પાવાનું ન હોય. આ દિવસે અથવા દિવાસાને દિવસે, જે દિવસે વધારે સગવડ પડે તે દિવસે, કાંતવાની હરીફાઈ ગોઠવવી, અને તેમ થાય તો તે દિવસ આખી રાતનો ગણવો. હવામાં ભેજ હોય છે ત્યારે વધારે સારી રીતે કંતાય છે.

ચોમાસામાં ગોશાળામાં મચ્છરનો ઉપદ્રવ ખૂબ હોય છે. માટે રાત્રે ધુમાડો કરી જાનવરોનું રક્ષણ કરવું ઘટે છે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ગુરુપૂર્ણિમા

૧ સમય

ગુરુપૂર્ણિમાનો તહેવાર જરૂર ઊજવવા જેવો છે. પણ ગમે તે માણસને ઈશ્વર સમજી આંધળી પૂજા કરવાથી ગુરુ કે શિષ્ય કોઈની ઉન્નતિ નથી. હિંદુધર્મમાં શ્રી. વેદવ્યાસનું સ્થાન અસાધારણ છે. ગુરુપૂર્ણિમાને દિવસે વેદવ્યાસનું સ્મરણ કરી એનું કાર્ય સમજવા જેવું છે.

ઈશુખ્રિસ્તના જીવન, કથન તથા મરણ વિષે પણ કહેવાય.

શીખધર્મમાં બતાવેલું ગુરુનું રહસ્ય, તેના ગુરુઓનું તેજસ્વી જીવન વગેરે દત્તજયંતીના દિવસની જેમ આજે પણ કહી શકાય. આ વિષે દત્તજયંતીમાં (પા. ૨૪) ઉલ્લેખ કરેલો છે તે જુઓ.

આ દિવસે વિદ્યાર્થીઓ સંસ્થાને માટે વિશેષ કામ કરે, સેવા આપે. પોતાની સંસ્થા માટે ફંડ ભેગું કરી શકાતું હોય તો તેમ કરે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

દિવાસો

અમાવાસ્યા ૦।। દિવસ

આ દિવસનું માહાત્મ્ય આપણે જાણતા નથી. આશ્રમમાં અત્યાર સુધી આપણે એને ઊજવી પણ શકયા નથી. છતાં આપણે જાણીએ છીએ કે, આમવર્ગમાં આ ઉત્સવ લોકપ્રિય છે. એ દિવસે ઘણા લોકો ભેગા થાય છે. ચકડોળે રમે છે. બર ચોમાસામાં ગામડાંના લોકો આ તહેવાર માટે જ શહેરમાં આવે છે. ગામડાંના લોકોનો ઉત્સવ જોવા જવાથી ઘણું જાણવાનું તો મળે જ છે. એ લોકો વચ્ચે કાંઈ કામ કરવું હોય તો આ દિવસનો ઉપયોગ થઈ શકે એમ છે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

૧૦. શ્રાવણ માસ

નાગપંચમી

શુદ ૫ ૧ દિવસ

મનુષ્યેતર સૃષ્ટિ સાથેનો સમભાવ, હિંસ્ર પ્રાણીઓ પ્રત્યે પણ દયાભાવ, અને અહિંસાનું અભયદાન એ ત્રણ વસ્તુઓ આ તહેવારમાંથી ઉપજાવી કાઢી શકાય. નાગપંચમીને દિવસે હીંચકે રમવાની પ્રથા સાર્વત્રિક છે. વેર ગયા પછી કરવામાં આવતા આનંદનું એ પ્રતીક છે. એ પ્રથા રાખવા જેવી છે. નાગપંચમીને દિવસે જાતજાતની મર્દાની રમતો રમવાનો કાર્યક્રમ પણ રાખીએ.

બધા જ સરપો ઝેરી નથી હોતા. ઘણા સરપો ખેતરોમાં રહી ખેતીને નુકસાન પહોંચાડનાર ઉંદરને ખાઈ જાય છે. એટલા માટે તેમને ક્ષેત્રપાળ કહેવામાં આવે છે. તેમને મારવામાં તો ખેતીનું નુકસાન જ થાય છે. એ વાત પણ સમજાવવી.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

શ્રાવણી સોમવારો

બપોરની અડધી રજા

ઘણા લોકો શ્રાવણી સોમવારનું એકટાણું રાખે છે. એટલા માટે આ રજા રાખવાની જરૂર પડે છે. આ દિવસે મહિમ્ન આદિ અનેક સ્તોત્રો મોઢે કરવાનો કાર્યક્રમ રાખી શકાય. દરેક સોમવારની નોખી નોખી કથાઓ છે એનો સંગ્રહ કર્યો હોય તો સારું.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

શ્રાવણપૂર્ણિમા

૧ દિવસ

આ દિવસ રક્ષાબંધનનો છે. ભાઈબીજ જેમ શુદ્ધ નિષ્કામ પ્રેમનો દિવસ છે, તેવો આ દિવસ નથી. આ તો નિષ્કામ રીતે રક્ષ્યરક્ષક સંબંધ બાંધવાનો દિવસ છે. જેઓ જાતે પોતાનું રક્ષણ કરી શકતા નથી (અથવા કરવા ચાહતા નથી) એવા લોકો, તેમનો જેના પર પૂરેપૂરો વિશ્વાસ હોય એવા માણસ પાસેથી, રક્ષાની અપેક્ષા રાખે છે અને તેનું જ દ્યોતક તે રાખડી છે. બહેનો, બ્રાહ્મણો (!), ગાયો એ ત્રણે વર્ગ રક્ષાના અધિકારી ગણાયા છે.

રાખડીને દિવસે આપણા હાથમાં કોઈ રાખડી બાંધે કે ન બાંધે, પણ રક્ષ્ય વર્ગના હિતનું ચિંતન આ દિવસે કરવું જ જોઈએ. વિદ્યાર્થીઓ મજામાં આવીને પશુ પંખીઓને અને પોતાના કરતાં નાનાંઓને ઘણી વાર કનડે છે. રાખડીને દિવસે એ સ્થિતિ સુધારવાનો તેઓ વિચાર કરે તો સારું. માત્ર એ વિચાર તે દિવસ પૂરતો જ ન હોવો જોઈએ. સમાજની ખોટી માન્યતાને લીધે, જડતાને લીધે અથવા તિરસ્કારને કારણે હરિજન વર્ગની કનડગત ઓછી નથી થતી. રાખડીને દિવસે હરિજનો ઉજળિયાત કોમના હાથને રાખડી બાંધતા થાય તો સહૃદય બહેનો પર એની ભારે અસર થશે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

સમાજમાં આ રિવાજ દાખલ કરવામાં શાળાઓ મદદ કરી શકે.

અને આ પ્રેમતંતુ તો હાથે કાંતેલા સૂતરનો જ હોઈ શકે છે. બજારુ સૂતર પ્રેમનું વહન શી રીતે કરી શકે?

શ્રાવણી પૂર્ણિમા દ્વિજ લોકોનો ઉત્સર્જન અને ઉપાકર્મનો દિવસ થઈ પડ્યો છે. કુંડળ ગયાં ને કાણાં રહ્યાં એના જેવી આ સ્થિતિ છે. વિદ્યાધ્યયનની દીક્ષાનો આ દિવસ. પણ આજે તો ફક્ત જનોઈ બદલવામાં અને સાથવો અને પંચગવ્ય ભક્ષણ કરવામાં એની પરિસમાપ્તિ થાય છે. જનોઈ પહેરનાર વેદનું અધ્યયન કરતા નથી, અને જનોઈ પહેરવાનો નવો રિવાજ દાખલ કરનાર પણ અધ્યયન વિષે આસ્થા રાખતા નથી. જનોઈને કારણે અથવા ગરીબોની રક્ષાને કારણે આ દિવસે ખૂબ સૂતર કંતાય તો શ્રાવણી પૂર્ણિમામાં કંઈ જીવ આવે. શ્રાવણી પૂર્ણિમાનો આખો દિવસ સૂતર કાંતી તે જે ગૌરક્ષા માટે અર્પણ કરવામાં આવે તો યજ્ઞોપવીત અને રક્ષાબંધન બંને કૃતાર્થ થશે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

જન્માષ્ટમી

વદ ૮ ૧ દિવસ

જન્માષ્ટમી એટલે ગીતાગાયક, ગોપાલ, કૃષ્ણની જયંતી. આ દિવસે ગોસેવાનો વિચાર પ્રથમ થવો જોઈએ. ગૌશાળાને અંગે કંઈક સેવા આ દિવસે શોધી કાઢવી જોઈએ. બાળાઓ તો ગાયની પૂજા કરશે જ. આપણે ત્યાં હંમેશાં ચાલતું આવ્યું છે તેમ, બધા સાથે બેસી, વારાફરતી એક એક અધ્યાય બોલી, અઢારે અધ્યાયનો પાઠ આજે કરે. ગીતાશાસ્ત્રનું થોડું વિવેચન થાય. શ્રીકૃષ્ણે કંસ, જરાસંધ, શિશુપાળ, નરકાસુર તથા દુર્યોધન આ પાંચ સમ્રાટોનાં સમ્રાજ્યો તોડ્યાં તેનો ઇતિહાસ આજે રજૂ થાય. એમાંથી જ નાટ્યભાગ પણ મળે. જેમાંથી એકાદ નાટ્યપ્રયોગ રાખી શકાય. બપોરે વિદ્યાર્થીઓ અને શિક્ષકો ફરવા જાય અને વન્ય ભોજન કરે. રાત્રે ભાગવતમાંથી એકાદ કથા ચાલે. આ તહેવારનું વિવેચન ઘણી વાર થયું છે એટલે અહીં વિસ્તાર નથી કર્યો.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

૧૧. ભાદ્રપદ માસ

ગણેશચતુર્થી

સુદ ૪ ૧ દિવસ

જ્ઞાનસાધનનો દિવસ. આ દિવસે કોઈ પણ નવા શાસ્ત્રનો અભ્યાસ શરૂ કરાય. જુદાં જુદાં શાસ્ત્રોની રૂપરેખા આપનાર વ્યાખ્યાનો આ દિવસે ગોઠવવાં જોઈએ. મોદકનું ભોજન આ દિવસ માટે રૂઢિ પ્રમાણે છે જ. રામનવમી, જન્માષ્ટમી અને ગણેશચતુર્થી એ ત્રણ દિવસે મૂર્તિપૂજાના સામાજિક ઉત્સવ ઘણે ઠેકાણે રૂઢ છે. એને અંગે સમાજ ભેગો થાય છે. એનો લાભ લઈ ધર્મસંસ્કરણના અનેક પ્રશ્નો ચર્ચાય તો સારું. આ કામ સારુ ગણેશચતુર્થી વિશેષ અનુકૂળ દિવસ છે. વિદ્યાર્થીઓ ચીકણી માટીના ગણપતિઓ બનાવે, બીજી પણ જાતજાતની મૂર્તિઓ બનાવે, અને તે બધી મોટા ઓરડામાં ગોઠવે. જાતજાતનાં પાંદડાં ભેગાં કરી એની રચનાની શોભા આણે.

પર્યુષણ વિષે પણ વિવેચન થવું જોઈએ.

માનસશાસ્ત્ર ઉપર વિદ્યાર્થીઓ સમજી શકે એવા નિબંધો આજે વંચાય.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ઋષિપંચમી

સુદ ૫ ૧ દિવસ

ચાલતી પ્રથા પ્રમાણે આ સ્ત્રીઓનો તહેવાર થઈ પડ્યો છે, અને તે પણ આધેડ વયની સ્ત્રીઓનો. સાચું જોતાં ઋષિઓનું પૂજન દરેકે કરવા જેવું છે. ઋષિઓમાં સ્ત્રીઓ પણ છે અને પુરુષો પણ છે. તેમનાં જીવનચરિત્રો પુરાણ–ઇતિહાસમાંથી શોધી કાઢી ચર્ચવામાં આવે તો ધર્મજાગૃતિ થાય.

જાનવરો પાસેથી આપણે સ્વાર્થને લીધે મહેનત લઈએ છીએ. પણ એ લેવાનો આપણને હક નથી. જેટલે દરજ્જે ઢોર પાસેથી સેવા કઢાવીએ છીએ તેટલે દરજ્જે આપણે દોષિત છીએ. એ ધ્યાનમાં રહે એટલા માટે, ઋષિ-પંચમીને દિવસે, ઢોરોની મહેનત વગર જે ખાદ્ય પદાર્થો તૈયાર થઈ શકે છે અને મેળવી શકાય છે તેટલાથી જ આ દિવસે નભાવવું જોઈએ. પ્રૌઢ વિદ્યાર્થીઓ આ દિવસે જુદા જુદા ઋષિઓના ભિન્ન ભિન્ન ધર્મસિદ્ધાંતો પ્રાચીન ગ્રંથોમાંથી તારવી કાઢી સમજી લે. આજ સુધી આ કામ કોઈએ કર્યું નથી તેથી આ કેટલું મોટું છે અને મહત્ત્વનું છે તે ધ્યાનમાં ન પણ આવે. કરવાથી ખબર પડશે.

અન્યધર્મી સંતો અને ઋષિઓનાં જીવનચરિત્રોનો અભ્યાસ પણ આજથી આસ્થાપૂર્વક થાય.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પજ્જુસણ

પજ્જુસણની સમાપ્તિ પણ આ જ દિવસે થાય છે. તેથી કલ્પસૂત્રોમાંથી અમુક ભાગ પસંદ કરી વિદ્યાર્થીઓને સમજાવવામાં આવે. પશુ, પક્ષી, કીટ, પતંગ વનસ્પતિ બધાંમાં સરખો જ જીવ છે, બધાં પ્રત્યેનો આપણો વ્યવહાર વિચારપૂર્વક હોય, એ સિદ્ધાંત આજે વિશેષ રૂપે સમજાવી શકાય. સ્વપરભાવ દૂર કરવો એમાં જ ધર્મરહસ્ય રહેલું છે એ પણ સમજાવવું.

ગરીબ વિદ્યાર્થીઓને ચોપડીઓ પૂરી પાડવા માટે આજે ફંડ ભેગું કરાય.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

રેંટિયાબારસ

વદ ૧૨ ૧ દિવસ

આ તહેવારનું નામ મોહનદ્વાદશી પાડયું હતું. પણ ગાંધીજીએ ભલામણ કરી છે કે, એ રેંટિયાબારસ તરીકે ઓળખાય.

આ દિવસે 'હિંદ સ્વરાજ'નું એક પારાયણ કરી, રેંટિયા વિષેના ગાંધીજીના કેટલાક લેખો વાંચી, આખો દિવસ કાંતવા પીંજવામાં ગાળવો જોઈએ. જેનાથી બની શકે તે ફળાહાર ઉપર રહે. આ દિવસના ઉત્સવમાં હરિજનોને ખાસ ભેળવવા જોઈએ. આ તહેવારનું પણ અહીં વિશેષ વિવેચન કરવાની જરૂર નથી. અન્યત્ર કરેલું છે જ.

[ગાંધીજીના ધર્મવિચારો સમજવા માટે "મંગલ-પ્રભાત"નું અધ્યયન વિવેચન આજે ખાસ થાય. એમનું ધર્મવિષયક લખાણ એ ભાગમાં પ્રસિદ્ધ થયું છે તે જરૂર આજે શિક્ષકો અને પ્રૌઢ વિદ્યાર્થીઓ વાંચે.]

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

૧૨. આસો માસ

સરસ્વતીપૂજન

સુદ ૮, ૯ ૨ દિવસ

આઠમ અને નોમ એ દિવસ આ ઉત્સવ ચાલે. એક દિવસ પુસ્તકાલયની ચોપડીઓ સાફસૂફ કરીને ગોઠવવી, સંસ્થાની તેમ જ પોતાની અંગત ચોપડીઓ ઢીલી થઈ હોય તો ઠીક કરવી, એવાં એવાં કામોમાં ગાળવો. શારદા મંદિર (પુસ્તકાલય) ઠીક ગોઠવ્યા પછી એને શણગારવું, અને ત્યાં શારદામાતાની પૂજા તરીકે સંગીતનો એક જલસો રાખવો.

બીજો દિવસ ખાસ ચિત્રકળા માટે રાખેલો હોય. આ દિવસે કાગળની કે બીજા પદાર્થોની જાતજાતની વસ્તુઓ તૈયાર કરવામાં આવે, પાટલા પર સાથિયા પૂરવામાં આવે. બની શકે તો ધાર્મિક અથવા બીજી ઉપયોગી ચોપડીઓનું દાન કરવામાં આવે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

દશેરા

સુદ ૧૦ ૧ દિવસ

વીરત્વનો આ તહેવાર છે. કુસ્તી, ગજગ્રાહ, લકડીપટા વગેરે મર્દાની રમતો રમવાનો રિવાજ ચાલુ રાખવા જેવો છે. દશેરાને દિવસે શહેર બહાર જઈ ત્યાં સામાજિક ઉત્સવ કરવો જોઈએ. માણસ પોતાની કમાણીમાંથી બચાવી શકે તેટલા પૈસા દશેરાને પ્રસંગે સારા કામને માટે દાન કરે.

વરસ દરમિયાન કોઈ મહત્કૃત્ય કરવાનો સંકલ્પ દશેરાને દિવસે કરવો. આ સીમોલ્લંઘનનો દિવસ છે. તે દિવસે એકાદ ડગલું આગળ વધવું જોઈએ.

દશેરાને દિવસે એકલાં વાદ્યોનો જલસો રખાય. વિદ્યાર્થીઓ કવાયત શીખ્યા હોય તો તેનું પણ પ્રદર્શન આ દિવસે કરવા જેવું છે. ગરબા ગાવાની પ્રથા તો છે જ.

દશેરાની શરૂઆત માતૃપૂજામાંથી થઈ છે એ ભૂલી ન જવાય. દેવીપૂજનનું રહસ્ય આ દિવસે સમજવવું જોઈએ.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

શરદપૂર્ણિમા અથવા માણેકઠારી

૧ દિવસ

બ્રહ્માંડ પુરાણમાં કહ્યું છે કે, શરદપૂર્ણિમાને દિવસે શહેરના રસ્તાઓ સાફ કરી સુગંધી જલથી સંમાર્જિત કરવા, કેકેકાણે પુષ્પો પાથરવાં, અને ચંદરવા તાણવા. શરદપૂનમ એ કુદરતનું કાવ્ય અનુભવવાનો દિવસ છે. આ દિવસે લક્ષ્મી ઓધે ફરે છે. લક્ષ્મી એટલે ધનદોલત નહિ, પણ નિસર્ગની શોભા, તારાઓ વચ્ચે વિરાજતા ચંદ્રની શોભા, અને એના ચાંદરણાની હૃદય પર થતી જાદુઈ અસર. માણેકઠારી પૂનમ કળાનો દિવસ છે. આ દિવસે સુંદર પ્રદર્શનો ગોઠવવાં, જાતજાતનાં કાવ્યો રચવાં.

નવું અનાજ પાક્યું હોય તેના પૌંઆ તૈયાર કરી નાળિયેર સાથે ખાવા. નાળિયેર એટલે કે કુદરતનું દૂધ ન મળે તો ગાય માતાનું દૂધ છે જ.

સમાજસેવકોએ નળરાજા તેમ જ યુધિષ્ઠિરની વાતોઓ લોકોને સંભળાવી દ્યૂતક્રીડાનો આ દિવસે નિષેધ કરવો.

નાના મોટા બધા મળી ચાંદરણામાં અગરપાટા રમે. સ્ત્રીઓ અને છોકરીઓ ગરબે રમે. વૃદ્ધ પુરુષો પોતાના જીવનના બોધરસિક પ્રસંગો વર્ણવે.

બની શકે તો રાત્રે બે વાગ્યે ઊઠી મધ્ય રાત્રિની નીરવ શાંતિમાં તારાઓનું દિવ્ય સંગીત સાંભળવું. ચોમાસાના

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

વાદળઘેર્યા આકાશ પછી આ પહેલવહેલી નિરભ્ર, નિર્મળ પૂનમ છે. અને જ્યોતિષીઓના કહેવા પ્રમાણે, આ દિવસે ચંદ્ર પૃથ્વીની વધારેમાં વધારે પાસે આવે છે.

વૈદિક કર્મકાંડ ઉપરનો જેમનો વિશ્વાસ ઊડી ગયો છે, તેમણે પણ વૈદિક બ્રાહ્મણોને બોલાવી તેમની પાસેથી મંત્રજાગર (પારાયણ) કરાવવા. વેદમંત્રોનું શુદ્ધ, સસ્વર ઉચ્ચારણ આજકાલ સાંભળવા પણ મળતું નથી. જૂની સંસ્કૃતિનો એ અવશેષ ખાસ ટકાવવા લાયક છે. આ પૂનમે ગાયનનો જલસો તો થવાનો જ.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ધનતેરશ અથવા ધણતેરશ

વદ ૧૩ ૧ દિવસ

આ તહેવાર દિવાળીની તૈયારીનો છે. લોકવાર્તા પ્રમાણે, યુવાનોના અપમૃત્યુથી છૂટેલી દયાનો આ તહેવાર છે. આ દિવસે રાત્રે કાગળની અથવા પાંદડાંની નાની મોટી હોડીઓ બનાવી, એમાં એક એક દીવો સળગાવી, નદીમાં એ દીવા તરતા મૂકવા એ મુખ્ય આનંદ છે. જ્યાં નદી ન હોય ત્યાં તળાવમાં પણ દીપ છોડી શકાય. માત્ર શાંત પાણીને જરા હલાવવું પડે. જુવાનોના અકાળ મૃત્યુની સંખ્યા સમાજમાં વધતી જાય છે. એનાં કારણો તપાસી તે દૂર કરવાની યોજના સમાજના આગેવાનો આ દિવસે વિશેષે કરીને ચર્ચે, અને યુવાનોને જે બોધ આપવા જેવો હોય એ આપે.

ગાયોના ધણની પૂજા પણ આ દિવસને માટે કહેલી છે. તે વિષે જે કરી શકાય તે કરીએ.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

કાળીચૌદશ

નરક ચતુર્દશી ૧ દિવસ

આ દિવસે ઉકરડા કાઢીને તેનું ખાતર ખેતરમાં નાખવું, અથવા ખાડામાં દાટી દેવું. ત્યાર પછી તેલથી માલિશ કરી ગરમ પાણીએ નાહવું. પહેલેથી તૈયાર કરાવી ધોળાયેલાં મકાન પર ચૂના હળદર કે બીજા રંગની આછી લીટીઓ દોરવી. દીવાલો ચિતરામણથી શણગારવી.

નરકાસુરની વાર્તા વંચાય.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

દિવાળી

અમાવાસ્યા ૧ દિવસ

આ તહેવાર એટલો બધો જાગતો છે કે તેને વિષે ખાસ નવી સૂચનાઓ કરવાની જરૂર નથી. છોકરાઓ ઘેર જઈ માબાપને મળે. ઇષ્ટમિત્રો એકબીજાને મળી દિલ-સફાઈ કરે. પ્રિય વસ્તુ એકબીજાને ભેટ મોકલે.

દરેક જણ રાત્રે સૂતા પહેલાં આખા વર્ષના સંકલ્પો-માંથી કેટલું પાર પડાયું એ તપાસે. નવા વર્ષે જીવનમાં શું નવું દાખલ કરવા જેવું છે, જૂનામાંથી શું છોડી દેવા જેવું છે ઇત્યાદિ બધું વિચારીને સૂએ.

દિવાળી એટલે દીપાવલી, દીપોત્સવી. આ દિવસો દીવાઓનો ઉત્સવ કરવો જ જોઈએ.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

અન્યધર્મી તહેવારો

નાતાલ

ડિસેમ્બર ૨૫ ૧ દિવસ

હિંદ દેવીના દરબારમાં દરેક ધર્મ, પંથ અને મતને સ્થાન છે. હિંદુધર્મને કોઈ ધર્મનો વિરોધ નથી. યસ્માન્નોદ્વિજતે લોકો લોકાન્નોદ્વિજતે ચ યઃ એ વૃત્તિ હિંદુધર્મના હાડમાં છે.

ત્યાગી, બ્રહ્મચારી, ભગવદ્‌ભક્ત નિષ્ઠાવીર ઈશુ ખ્રિસ્તની જયંતી પણ જરૂર ઊજવીએ. આપણી રીતે ઊજવીએ. હિંદુધર્મમાં સદ્‌ગુરુની ઉપાસનાનો જે માર્ગ છે, યસ્યદેવે પરાભક્તિઃ યથા દેવે તથા ગુરૌ ની વૃત્તિ છે, તેનું જ એક સ્વરૂપ ખ્રિસ્તી ધર્મ છે. આ દિવસે ઈશુનું ગિરિપ્રવચન વંચાય. આપણા પડોશમાં કોઈ દીન દુઃખિયાં કે માંદાં હોય તો તેમની સેવા કરીએ. જેની પાસે ઓછું હોય એને કંઈક આપીએ. ઈશુના બલિદાનની વાર્તા વિદ્યાર્થીઓને વાંચી સંભળાવાય. ખ્રિસ્તી મિત્રોને મળવા બોલાવીએ. એમને ત્યાં જઈએ.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

મોહરમ

૧ દિવસ.

ધર્મવીરોનો આ તહેવાર છે. તાજિયામાં આપણે ભલે ભાગ ન લઈ શકીએ; પણ ધર્મને નામે જે કોઈ પ્રાણાર્પણ કરવા તૈયાર થઈ જાય તેના જીવન અને મરણમાંથી આપણને જરૂર પ્રેરણા મળે એમ છે. ઇમામ-હુસેનની કથા, ખિલાફતનો પ્રાચીન ઇતિહાસ અને કરબલાનો ભીષણ પ્રસંગ છોકરાઓને આપણે સમજાવીએ. શિયા અને સુન્નીનો ભેદ પણ છોકરાઓ જાણે.

આ દિવસે મુસલમાન મિત્રોને ખાસ મળવા બોલાવીએ. એમને ત્યાં તે દિવસે પશુવધ ન થયો હોય તો ખાસ મળવા જઈએ.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

બકરી ઈદ

૧ દિવસ

અબ્રાહામના પ્રાચીન ધર્મનો આ તહેવાર છે. બલિદાનનો મહિમા સમજાવવા મુસલમાનોના નબી સાહેબે એનું મહત્ત્વ વધારી દીધું. પશુઓને મારવાના શોખથી આ તહેવાર નથી ગોઠવાયો; પણ પોતાને અત્યંત પ્રિય હોય તે વસ્તુ ઈશ્વરને અર્પણ કરવાની તૈયારી કેળવવા માટે આ તહેવારનું પ્રયોજન છે. એ દિવસની વાર્તા છોકરાઓને કહેવામાં આવે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

રાષ્ટ્રીય તહેવારો

તિલક પુણ્યતિથિ

ઑગસ્ટ ૧લી ૧ દિવસ

આ દિવસે લોકમાન્યની જીવનકથા છોકરાઓને કહેવી. નોકરશાહીનું સ્વરૂપ જનતાને સમજાવવા પાછળ એમણે આખો જન્મારો ગાળી રાષ્ટ્રીય આચાર્યનું સ્થાન મેળવ્યું એ સમજાવવું. સ્વરાજ એ પ્રજાનો જન્મસિદ્ધ હક છે અને તે મેળવવા માટે દરેક જણે ઈશ્વરનિષ્ઠાપૂર્વક નિષ્કામ કર્મ કરવું જોઈએ, એ તિલકગીતારહસ્ય ઉપર ખાસ ભાર મૂકવો. 'ગીતારહસ્ય' માંથી ઉત્કૃષ્ટ ફકરાઓનું વાચન કરવું.

સ્વરાજ્ય ન મળે ત્યાં સુધી સરકારી નોકરી ન કરવાની પ્રતિજ્ઞા લોકમાન્યના સ્મરણ સાથે કેટલાક વિદ્યાર્થીઓ આજે લઈ શકે છે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

દેશબંધુ પુણ્યતિથિ

જૂન ૧૬ ૧ સમય

દેશબંધુ એટલે બંગાળની ખાનદાની અને બંગાળનું હૃદય. એમણે જાણે વિશ્વજિત યજ્ઞ જ કર્યો હોય એવું એમનું જીવન હતું. દેશભક્તોની સેવા અને ભક્તિ કરવી એ એમના જીવનનો સૂર હતો. આટલો બોધ દેશબંધુના જીવનમાંથી વિદ્યાર્થીઓને કાઢી આપવો. ગ્રામસંગઠન અને સ્ત્રીઓનો ઉદ્ધાર એ વિષે આ દિવસે વિવેચન કરવું. એમનાં રચેલાં કેટલાંક ભજનો પણ આ દિવસે ગવાય. સાગર સંગીત એ એમનું કાવ્ય વંચાય.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

રાષ્ટ્રીય સપ્તાહ

એપ્રિલ ૬ થી ૧૩ ૮ દિવસ

આ રાષ્ટ્રીય ઐકયના પર્વને પ્રસંગે સૂતરને તાંતણે બધાં હૃદયો એકત્ર બાંધવાં, એ જ એકમાત્ર કાર્યક્રમ હોઈ શકે. હિંદુસ્તાનવાસી દરેકને માથે સમાન સંકટ ઝઝૂમે છે, એ વાત વિદ્યાર્થીઓના મન પર ઠસાવવી. અને આખું સપ્તાહ બની શકે તેટલું કાંતવામાં ગાળવું.

અમૃતસરથી માંડીને આજ સુધીનો મહાસભાનો ઇતિહાસ આજે વાંચી જવો અથવા એ વિષે વિવેચન કરવું.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

નાના તહેવારો

[વર્ગમાં એક એક કલાક એમને અપાય.]

દાદાભાઈ નવરોજી

જૂન ૩૦

મહાસભાના ઇતિહાસમાં દાદાભાઈનું નામ હિંદના દાદા તરીકે અમર થયું છે. હિંદુસ્તાનનો મુખ્ય રોગ એનું વધતું જતું દારિદ્ર્ય છે, એનું કારણ અંગ્રેજોનું રાજ્ય છે અને એનો ઉપાય સ્વરાજ્ય છે, એટલું સપ્રમાણ સિદ્ધ કરી દાદાભાઈ એ દેશને જાગ્રત કર્યો. 'ઘણી વાર બળવા કરવાનું મન થાય છે' એમ પ્રમુખસ્થાનેથી કહી દેશની દુર્દશા દૂર કરવાનો ઉપાય કેટલો તાકીદનો છે એ એમણે બતાવ્યું. આ રીતે સ્વદેશી અને અસહકારનો જાણે એમણે પાયો જ નાખ્યો. એ માટે દાદાજયંતી ઊજવવી જોઈએ. દાદાભાઈનું આખું જીવન સાદું, નિર્મળ અને અસાધારણ ઉદ્યમી હતું, એ વિષે પણ ખૂબ કહી શકાય.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ગોપાળ કૃષ્ણ ગોખલે

ફેબ્રુઆરી ૧૯

દેશસેવક, અધ્યાપક, અર્થશાસ્ત્રી, અને પ્રજાના રાજદ્વારી પ્રતિનિધિ તરીકેની ગોખલેની સેવા ભુલાય એવી નથી. હિંદુસ્તાનની આર્થિક સ્થિતિ વિષેની એમની મીમાંસા હજીયે તાજી છે. ફરજિયાત અને મફત પ્રાથમિક કેળવણી દેશમાં દાખલ કરવાના અને મીઠાવેરો કમી કરાવવાના એમના પ્રયત્નથી ગરીબો સાથેનું એમનું અનુસંધાન સ્પષ્ટ થાય છે. હિંદસેવક સમાજ સ્થાપન કરી રાજદ્વારી હિલચાલને એમણે દીક્ષાનું રૂપ આપ્યું. ગરીબાઈમાં ઊછરેલા છતાં તેઓ દેશને કાજે પ્રસન્નતાથી ગરીબાઈને જ વળગી રહ્યા. આ બધી વસ્તુઓ આજે પણ વિદ્યાર્થીવર્ગના મન પર ઠસાવવા જેવી છે. ગાંધીજીનો એમની સાથેનો સંબંધ પણ વિદ્યાર્થીઓ જાણે એ જરૂરનું છે. ન્યાયમૂર્તિ રાનડેની ગોખલે પર છાપ ખૂબ હતી. એટલે એમનું (રાનડેનું) જીવન-ચરિત્ર પણ આ દિવસે કહેવું.

દાંડીકૂચને લીધે મીઠા વેરા પર થયેલા પરિણામ વિષે પણ કહી શકાય.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

નરસિંહ મહેતો

ગુજરાતના આ આદિકવિની જયંતી ઉત્કટ ભક્તો તરીકે ઊજવવી જોઈએ. રાસદર્શન, મામેરું, હૂંડી, હારમાળા વગેરે ચમત્કારોમાંથી આધ્યાત્મિક બોધ કોઈ કાઢવા બેસે તો તે અશક્ય નથી. લોકહૃદયને એ વાર્તાઓ છે એવી જ, દેખીતા અર્થમાં રોચક થઈ પડી છે. પણ આપણે મહેતાજીની જયંતી ઊજવતી વખતે આ પંચાતમાં ન પડીએ તો સારું. એમની અદ્ભુત ભક્તિ, સાદું જીવન, હરિજનપ્રેમ અને ગરીબાઈમાં સંતોષ એ જ મુખ્ય વસ્તુઓ વિદ્યાર્થીઓના મન પર ઠસાવીએ. આ દિવસે નરસિંહ મહેતાનાં ઉત્તમ ઉત્તમ પ્રભાતિયાં ગાવાનો રિવાજ રાખવો જોઈએ. બીજું પણ એકાદ આખ્યાન વિવેચન સાથે ગવાય. આ દિવસે ઉજળિયાત કોમના લોકોએ હરિજન-વાસમાં જઈને ભજનમંડળી રાખવી જોઈએ.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

મીરાં

હિંદુસ્તાનના સંત કવિઓમાં અધ્યાત્મસ્વાતંત્ર્યવાદી મીરાંનું સ્થાન અનેરું છે. સામાન્ય વિવાહસંબંધ, ધર્મ અર્થ અને કામ પૂરતો જ છે, સાચો વિવાહ તો અંતરાત્મા સાથે જ થઈ શકે છે એ વસ્તુ મીરાંએ હિંદુસ્તાનને અર્પી છે. બુદ્ધનો રાજ્યત્યાગ જો કીર્તન કરવા લાયક હોય, તો મીરાંનો પણ અમીરીનો ત્યાગ તેટલો જ કીર્ત્ય છે. મીરાંની ભક્તિ, નિર્ભયતા અને સંસારવિમુખતા વિદ્યાર્થીઓના મન પર ઠસાવવા માટે એનાં એ જાતનાં પદોની પસંદગી કરી તે આ દિવસે ગાવાં જોઈએ. વિપદો નૈવ વિપદઃ એ શ્લોકમાં મીરાંની મનોવૃત્તિ આવી જાય છે.

અમર શહીદોમાં પણ મીરાંનું નામ અમર છે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

સૂચના

આવી જ રીતે બીજા સંત કવિઓ, સેવાવીરો અને રાષ્ટ્રપુરુષોની જયંતીઓ ઊજવાય, પણ એટલું ધ્યાનમાં રાખવું જોઈએ કે આખું વર્ષ તહેવારમય ન થઈ જાય. અમે કુલ સમયનો વિચાર કરી ૪૫ કરતાં વધારે દિવસ તહેવાર પાછળ ન જાય એવું ધોરણ રાખ્યું છે. નવા તહેવારો વધે તો જૂના ઓછા થવા જોઈએ. પણ ઘણાખરા તહેવારો સ્થાયી હોવા જોઈએ. નહિ તો પરંપરા જેવી વસ્તુ જ ન બંધાય અને સંસ્કૃતિ ક્ષીણ થઈ જાય.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

જીવતા તહેવારો

વિભાગ ૨ જો

જીવન્ત ઇતિહાસ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

૧

ક્યાં છે ભાઈબીજ ?

[કારતક સુદ ૨]

હિંદુ સમાજમાં સ્ત્રીઓની સ્થિતિ જેવી હોવી જોઈએ તેવી નથી. આટઆટલાં વર્ષો ચર્ચા ચાલી છે, ઘણાં કુટુંબોમાં ફેરફાર થયો છે, લોકમતમાં પણ ઘણો ફેર પડ્યો છે; છતાં સ્ત્રીઓની સ્થિતિ આજે સંતોષકારક છે એમ ન કહી શકાય. પરિસ્થિતિના દબાણથી લાચાર થયા વગર જીવનમાં કશો ફેરફાર કરવો નહિ એ જાતની મુમૂર્ષુ જડતા સમાજ છોડે નહિ ત્યાં સુધી આવી જ સ્થિતિ રહેવાની.

આ સ્થિતિ એટલે શું ? આ સ્થિતિ એટલે સ્વભાવનું પારતંત્ર્ય, હૃદયની દુર્બળતા, અને સામાજિક ઉન્નતિનાં શ્રેષ્ઠ તત્ત્વો વિષેની નાસ્તિકતા. ચાલતી પરિસ્થિતિથી અકળાયેલું મન પ્રસન્નતા મેળવવા હિંદુ આદર્શના વૈભવકાળનાં ચિત્રો દૃષ્ટિ સન્મુખ ઊભાં કરવાને મથે છે, અને એ વ્યાપારમાં

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

આપણને અત્યાર સુધી નિરાશ થવું પડયું નથી. મદાલસા, મેનાવતી, સુમિત્રા, વિદુલા કે જીજાબાઈ જેવી આદર્શ માતાઓ આપણે ત્યાં છે. આદર્શ પત્નીની બાબતમાં તો હિંદુસ્તાન દુનિયાના તમામ દેશને મોખરે હમેશાં રહેવાનું. સીતા, સાવિત્રીથી એમની નામાવલિ શરૂ કરવી પડેલી છે, પણ એ નામાવલિનો અંત કયાં ?

આદર્શ માતા અને આદર્શ પત્નીના દાખલાઓ આપણી પાસે ઢગલાબંધ છે, પણ આદર્શ બ્રહ્મચારિણીઓ વિષે તેમ ન કહી શકાય. પ્રાચીન કલ્પમાં નારીને ઉપવીત અપાતું એવાં થોડાંક વચનો અને સુલભા, ગાર્ગી, શબરી અને મૈત્રેયી એટલા જ લોકવિશ્રુત દાખલાઓ છે. વેદવતી, ધૃતવ્રતા, વડવા, શુતાવતી વગેરે નામો તો નામો જ રહ્યાં છે. મોક્ષ એ જ પરમ પુરુષાર્થ માનનાર બ્રહ્મચારિણી સ્ત્રીઓના આટલા ઓછા દાખલા હોય એ સ્થિતિ શોભાસ્પદ નથી.

સ્ત્રીઓનું સામાજિક સ્વાતંત્ર્ય પણ જ્યાં કબૂલેલું નથી ત્યાં પારલૌકિક સ્વાતંત્ર્ય એટલે કે મોક્ષ વિષે ઉત્સાહ કોણ ધરાવે ? હિંદુ, ખ્રિસ્તી, બૌદ્ધ અને મુસલમાની ધર્મમાં પરમલોકપ્રાપ્તિની બાબતમાં સ્ત્રીઓની શક્તિ વિષે ઓછીવત્તી શંકા જ બતાવેલી છે. આર્ય આનંદે બુદ્ધ ભગવાનને સીધેસીધા પ્રશ્નો જ્યારે પૂછ્યા ત્યારે બુદ્ધ ભગવાને આખરે કબૂલ કર્યું : 'નિર્વાણ મેળવવું એ સ્ત્રીઓને માટે અશકય નથી.' આ પ્રસંગ વિષે કુમારસ્વામી જેવા આધુનિક સંસ્કારી પુરુષ પણ આપણને પૂછે છે કે શું એ વાત સાચી નથી કે દુનિયાદારીની વૃત્તિ પુરુષો કરતાં સ્ત્રીઓમાં વધારે

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

છે ? બંકિમચંદ્ર પણ 'આનંદમઠ'માં અસ્પષ્ટ રીતે સૂચવે છે કે મોક્ષધર્મ સાથે સ્ત્રીઓને હાડવેર છે.

આવી જ્યાં માન્યતા હોય ત્યાં આદર્શ બ્રહ્મચારિણીઓનો કાલ ઓછો જ રહેવાનો ને ! અને મોક્ષપ્રાપ્તિની ઇચ્છા જ જ્યાં મોળી હોય ત્યાં બ્રહ્મચર્ય જેવી કઠિન દીક્ષા લેવાનું કોને સૂઝે ? (यदिच्छंतो ब्रह्मचर्यं चरन्ति.)

तेऽपि यान्ति परां गतिम् એમ કહી ગોપીજનવલ્લભ શ્રીકૃષ્ણે શૂદ્રો સાથે સ્ત્રીઓને પણ આશ્વાસન આપ્યું. પણ ભગવાને કોઈ આદર્શ બ્રહ્મચારિણી કેળવી હોય તો પુરાણકારોએ એની નોંધ લીધી નથી.

વીરમાતા, વીરાંગના, વીરકન્યા એવા બહાદુરીના આદર્શો આપણે ત્યાં પૂરતા નથી, તોયે ઘણા છે. તેજસ્વિતામાં એકલી દ્રૌપદી અને ઝાંસીની લક્ષ્મીબાઈ આપણી આગળ હોય તોયે આપણા સમાજનું મુખ ઉજ્જવળ કરવા માટે બસ છે.

આદર્શોના પ્રકારમાં એક ઊણપ માત્ર આપણને અતિશય સાલ્યા વિના ન રહે એવી છે. ગૃહસ્થાશ્રમ અને સંન્યાસ, મોટા મોટા સંઘો અને અવિભક્ત કુટુંબો, ગમે તેનું વર્ણન વાંચો અને આદર્શો તપાસો. આપણે ત્યાં આદર્શ ભાઈબહેનનાં ચિત્રો નથી જ એમ કહીએ તો ચાલે. શ્રી ભગવાને સુભદ્રા કરતાં પણ દ્રૌપદીનું વીરાપણું વધારે કર્યું એ એક ઉજ્જવળ દૃષ્ટાંત છોડી દઈએ તો બાકી શું રહ્યું ? મહેન્દ્ર અને સંઘમિત્રા એમને આદર્શ મિશનરી કહી શકીએ. પણ એમણે કંઈ આદર્શ બંધુભગિનીનો દાખલો બેસાડ્યો છે એમ ન કહી શકાય. આદર્શ બંધુભગિનીનો

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

વિચાર કરતાં ઉભળકા સાથે એમનું સ્મરણ નથી થતું. આદ્ય અને આર્ષ કવિ વાલ્મીકિને પણ માનવી જીવનના બધા સંબંધો સૂઝ્યા, પણ એક ભાઈબહેનનો આદર્શ ચીતરવાનું સૂઝ્યું નહિ. અરે, પેલી બિચારી શાન્તાનો પણ ઉપયોગ કરતાં ન આવડ્યો. પૌરાણિક અને ઐતિહાસિક સાહિત્યમાં બંધુભગિનીનો આદર્શ ૬૬ થયેલો કયાંયે જોવામાં નથી આવ્યો, એટલું જ નહિ પણ કલ્પિત સાહિત્યમાં પણ આપણા કવિઓએ ભાઈબહેનનો ઉજ્જ્વળ આદર્શ ચીતરવામાં પોતાની પ્રતિભાનો ઉત્કર્ષ કયાંયે બતાવ્યો નથી. સમ્રાટ શ્રીહર્ષ એની બહેન રાજ્યશ્રીને છોડાવવા જંગલમાં દોડ્યો છે એ પ્રેમળ પ્રસંગ અન્ય દેશના કવિઓના હાથમાં આવત તો કોણ જાણે એને લઈને એમણે કેટલાંય અમર કાવ્ય લખ્યાં હોત!

આપણા કવિઓએ આ અક્ષમ્ય પ્રમાદ શા કારણે કર્યો હશે? જેને ભાઈ નથી એવી કન્યા જોડે પરણવું પણ ન જોઈએ, એટલે સુધી કહેનાર આપણા શાસ્ત્રકારોએ પણ ભાઈબહેનના સંબંધ પાછળ પોતાની ધર્મબુદ્ધિ ઢાલવી નથી. આનું કારણ શું હશે? બાલવિવાહ? છોકરી આઠદશ વરસની થાય તે પહેલાં જ પરણીને સાસરે જાય, પછી ભાઈબહેનના સંબંધના વિકાસને અવકાશ કયાંથી રહે? પણ આપણે ત્યાં પહેલેથી કાંઈ બાલવિવાહ થતો નહોતો. વેદમાં યમયમી એ પ્રખ્યાત યમલનો કાવ્યમય ઉલ્લેખ છે. યમ મરી ગયો અને યમીનાં આંસુ કેમે ખૂટે નાહ. બધા દેવોએ યમીને શાંત પાડવાનો પ્રયત્ન કર્યો, પણ એનું સાંત્વન થાય નહિ. અંતે દેવોએ રાત્રિ નર્માણ કરી. રાત્રિ વીતી

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

અને ભાઈના મરણનું દુઃખ યમી કાંઈક વીસરી. એ રાત્રિ પછી જ આજ અને કાલ એવો ભેદ શરૂ થયો. તે પહેલાં હમેશાં આજ જ રહેતી !

વેદોએ યમયમીનો બંધુભગિનીનો પ્રેમ તો સરસ વર્ણવ્યો, પણ તેમણે એ રૂપક સાવ ચૂંથી નાખ્યું છે. સંભવ છે કે એ કારણે આપણા કવિઓ જે એકવાર વિરસ થયા તે પછી એમને ભાઈબહેનનો કાવ્યમય અને આધ્યાત્મિક સંબંધ ચીતરવાનો ઉત્સાહ જ ન રહ્યો. કચ અને દેવયાનીના સંબંધમાં પણ મામલો એમ જ વણસી ગયો. અને કવિઓ ભાઈબહેનના પવિત્ર સંબંધ વિષે નાસ્તિક થયા હશે. યુગો થયાં ભારતવાસીઓ દરવર્ષે ભાઈબીજનો તહેવાર ઊજવતા આવ્યા છે, છતાં એકે કવિને ભાઈબહેનના સંબંધને પ્રાધાન્ય આપી મહાકાવ્ય લખવાનું સૂઝયું નથી.

નિરાશ થયેલું મન જ્યારે હતાશ દૃષ્ટિ લોકસાહિત્ય તરફ ફેંકે છે ત્યારે તે આનંદાશ્ચર્યથી ભીની થાય છે. ભાઈબહેનનો સંબંધ અનાદિ છે, હૃદયસહજ છે, સાર્વભૌમ છે. લોકહૃદય એને કેમ ભૂલે ? લોકગીતોમાં અને લોકવાર્તાઓમાં જ્યાં જુઓ ત્યાં ભાઈબહેનના મીઠા સંબંધનાં સંભારણાં વેરાયેલાં છે. ભવિષ્યનો સામાજિક આદર્શ ઘડનારા આજના કવિઓ ! આ અણખેડેલા ક્ષેત્ર તરફ દૃષ્ટિ નાખો, અને સ્ત્રીપુરુષ વચ્ચેના આ એકમાત્ર નિર્વિકારી, નિષ્કામ અને સમાન સંબંધને ચીતરવામાં તમારું શક્તિસર્વસ્વ ખરચો.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

૨

યુદ્ધગીતાની જયંતી

[માગશર સુદ ૧૧]

ધર્મયુદ્ધની અખંડ પ્રેરણા દેનાર ભગવદ્‌ગીતાની જયંતી આજે છે. ગીતા ગ્રંથ નથી પણ રાષ્ટ્રમાતા છે. એનો સંદેશો ભારત મારફતે આખી દુનિયા માટે છે. ગીતા જ્યારે પ્રથમ ગવાઈ ત્યારે વર્ષની શરૂઆત માર્ગશીર્ષ મહિનાથી થતી. માર્ગશીર્ષને વૈદિક લોકો અગ્રહાયણ કહેતા; આજે પણ ગામડાંના લોકો એને અગહણ કહે છે. ગીતામાં ભગવાન કહે છે, મહિનાઓમાં હું શ્રેષ્ઠ મહિનો માગશીર્ષ છું. અને એ મહિનામાં પણ મોક્ષદા એકાદશીને દિવસે ગીતા માતાનું સ્મરણ થવું સ્વાભાવિક છે. ગીતાનું સ્મરણ થયું કે ગીતાએ હૃદયમાં જન્મ લીધો. ત્યાં જ એનું મંદિર બાંધવા માટે આપણે ગીતા જયંતી ઊજવીએ. ગીતામાતા માટે ઈંટચૂનાનું મંદિર બાંધવાપણું ન હોય. ગીતાની સ્થાપના હૃદયમંદિરમાં જ કરી શકાય. ગીતાની પૂજા ચોખા, પાંદડાં કે ફૂલથી ન થાય. ગીતાને તો આખું જીવન અર્પણ કરીએ તો જ એ સંતોષાય.

ગીતા કહે છે, સુખદુઃખથી સહેજે દબાઈ જનો એવા પોચા ન બનો જયપરાજયની પણ તમા તમને ન હોય. જેઓ ટેકીલા છે, આગ્રહી છે, હઠીલા છે તેઓ અંતે ધાર્યું મેળવે જ છે. માટે નિર્મળ બનો, વીર બનો; લાંબી યાત્રાએ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

નીકળેલા લોકોને રસ્તામાં ટાઢે સહન કરવી પડે અને તડકો પણ સહન કરવો પડે; રસ્તામાં દિવસે ઊંઘે અને રાતે પડે. યાત્રા તો ચલાવી જ જોઈએ. સમગ્ર જાતિની આવી જીવનયાત્રા વ્યક્તિગત સ્વાર્થ માટે ન હોય, ટૂંકા સ્વાર્થ માટે ન હોય. આ યાત્રાએ નીકળેલા લોકો सर्वभूतहितरताः હોવા જોઈએ. એમના મનમાં કોઈને વિષે દ્વેષભાવ તો હોય જ નહિ. ગીતાધર્મી લોકો કેવળ ઈશ્વરને જ ઓળખે છે, બધાં પ્રાણીઓ ઈશ્વરનાં જ બાળકો હોવાથી તેઓ કોઈનો દ્વેષ નથી કરતા. એમની ઝુંબેશ કેવળ પાપ, અનાચાર અને અત્યાચાર સામે અખંડ ચાલવાની. કામરૂપી, વાસનારૂપી, દુરાસદ એવા શત્રુને અસહકારના દૃઢ શસ્ત્રથી છેદીને તેઓ અવિચળ પદ મેળવવાના. આ યુદ્ધની દીક્ષા જેઓ લે છે તેમને માટે ગીતાજયંતી છે. ધર્મયુદ્ધનો ઇનકાર ન કરાય. ઇનકાર કરવાથી સ્વધર્મ અને કીર્તિ બન્નેનો નાશ થાય છે અને પલ્લામાં કેવળ પાપ અને કજોદી જ આવીને પડે છે. ધર્મયુદ્ધમાં ખોવાપણું તો કશું છે જ નહિ. જીત્યા તોય ધર્મનો વિજય છે. હણાયા તોય ધર્મનો જ વિજય છે.

ગીતા કહે છે, આપણે મૂડીભર છીએ એની ચિંતા કોઈ કાળે ન કરવી. આપણે આપણું હૃદય ઉન્નત કરીએ આપણે શ્રેષ્ઠ થઈ જઈએ. લોકો તો એની મેળે આપણી પાછળ આવે છે. શ્રેષ્ઠ માણસોએ જે પ્રયાણ કર્યું એની પાછળ લોકો આવવાના જ. આપણે આળસુ થયા, આપણે થોભ્યા તો પ્રજાનો નાશ કર્યાનું પાપ આપણે માથે છે.

ધર્મવીરની કેળવણી કેવી હોય એ પણ ગીતાએ આપણને કહ્યું છે. ધર્મવીર ઇંદ્રિયોની લાલચમાં ફસાય નહિ,

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

સુખદુઃખથી તણાય નહિ, લાભહાનિથી લલચાય કે દબાય નહિ. એ તો વીર. ક્ષુદ્ર કામોમાં એ પોતાનું જીવન વેડફી ન નાખે. એ ઈશ્વરનો સૈનિક છે, જ્યારે તે ધર્મની ગ્લાનિ જુએ, અધર્મનું અભ્યુત્થાન જુએ ત્યારે ભગવાન પોતે આવવાના છે એવો વિશ્વાસ રાખી ભગવાનનો ધર્મસંસ્થાપનાનો સંદેશો સાંભળવા એ તૈયાર રહે છે; જેમનાં કૃત્યો દુષ્ટ છે એમની પડખે એ ન રહે. સાધુઓના રક્ષણ માટે એ હંમેશાં કટિબદ્ધ રહે છે. કર્મ પાછળ કષ્ટ છે એ વિચારે કે બીકે એ કર્મ તજે નહિ. ટાઢતડકા ભૂલી જઈ, લાભહાનિનો કશો વિચાર રાખ્યા વગર મનમાં કોઈ પણ જાતનો મત્સર આવવા દીધા વિના, યદૃચ્છાએ જે મળે તેટલામાં સંતોષ માની એ લડતો જ રહેશે. મોટો યજ્ઞ આરંભ્યા પછી જે કાંઈ એ કરે તે યજ્ઞ માટે જ. યજ્ઞ કરતાં જે બચે તેટલું જ ખાવાનો પોતાને અધિકાર છે એમ જાણીને જ એ લેવાનો. મહાપ્રબળ શત્રુને છેદતા પહેલાં એ પોતાના હૃદયમાં રહેલી દુર્બળતા અને સંશયવૃત્તિને છેદે છે. સંશયવૃત્તિ ગઈ, અણવિશ્વાસ ગયો એટલે સહજ શ્રદ્ધાને લીધે એ વજ્રકાય થવાનો. ઈશ્વરનું કાર્ય કરવામાં સંશય શાનો? ચિંતા શાની? ધર્મવીર કહે છે, હું તો કશું કરતો જ નથી, એ જેમ પ્રેરે છે તેમ કરું છું. અને આમાં મરી ગયો તોયે શું? એક જન્મ પછી બીજો જન્મ આવવાનો જ. આ ભવે સારું કામ કર્યું હોય અને વીરનું મરણ મેળવ્યું હોય તો નવો જન્મ આજના કરતાં બરાબર તો નહિ જ મળે, કંઈક સારો હશે જ. ઈશ્વરનું સ્મરણ કાયમ રાખીને લડવાનું છે. ઈશ્વરનું ધ્યાન કાયમ હશે તો અંતે ઈશ્વર પાસે જ જવાશે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ગીતા કહે છે કે લોકોનું જીવનમરણ કલ્યાણઅકલ્યાણ કાળપુરુષ પરમાત્માના હાથમાં છે. એને જેમ કરવું હશે તેમ થશે. આપણે એના હાથમાં નિમિત્તમાત્ર રમકડાં છીએ. ભૂતમાત્રનું કલ્યાણ મનમાં રાખી કશો રાગદ્વેષ મનમાં રાખ્યા વગર આપણે પ્રભુનું વચન પાળીએ. નિર્વૈર રહ્યા તો જ પ્રભુ પાસે પહોંચવાના છીએ. આપણે એનું ધ્યાન ધરીએ. એ આપણો ઉદ્ધાર કરશે.

તમામ દુનિયાની સત્તા અને સગવડો પોતાને જ હસ્તક રહે એવા આગ્રહથી પ્રવૃત્તિ કરનારા રાક્ષસો કેટલાયે હોય છે. તેઓ મોજમજામાં જ માને છે. એને અર્થે અન્યાયનો કશો વિચાર કર્યા વગર દુનિયાનું ધન હસડી લાવે છે. તેઓ મનમાં મહેલ રચે છે કે "જુઓ આટલું આજે મળ્યું, આ મારો મનોરથ હમણાં તૃપ્ત થશે, આટલું ધન તો મારી પાસે છે જ, આટલું મળી રહેશે, આટલા શત્રુઓને મેં માર્યા, બીજાને પણ મારીશ. હું દુનિયાનો સ્વામી છું. ભોગ ભોગવતાં મને જ આવડે છે. સુખસામર્થ્ય મારાં જ છે. મારી જાતિ સૌથી શ્રેષ્ઠ. મારા જેવો કોઈ નથી. દુનિયાનું ભલું હું જ કરીશ. હું દુનિયાનો આગેવાન છું 'આવા આવા મનોરથો સેવનાર, દંભથી દુનિયાને છેતરનાર'" દીનોના દેહમાં વસતા ઈશ્વરનું અપમાન કરનાર કેટલાયે ફાટચા છે.

શેતાન આ દુનિયા પચાવી બેઠો છે. એને ઠેકાણે ઈશ્વરનું રાજ્ય સ્થાપન કરીએ એટલે આપણું કામ પૂરું. આ અનિત્ય અને દુઃખપૂર્ણ દુનિયામાં મહાલવા કોણ બેસે? ઈશ્વરની આ સેવા મળી છે એટલે જ જીવનમાં રસ રેડાયો છે.

તા. ૨૦–૧૨–'૩૧

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

૩

સંક્રાંતિ

[પોષ માસ]

પોષ માસમાં મહારાષ્ટ્રી મહારાષ્ટ્રીને મળે એટલે સંક્રાંતિના 'તિલગુળ' તો જરૂર આપે. સાયન પંચાંગ પ્રમાણે મકરસંક્રાંતિ — ઉતરાણ, બાવીસમી ડિસેંબરે થઈ, પણ આપણાં રૂઢ પંચાંગો પ્રમાણે તે ગયા રવિવારે ઊજવાઈ. એકબીજાને તલગોળ આપીને અમે બોલીએ છીએ: 'तिलगूळ घ्या आणि गोड बोला' કેમકે તલમાં સ્નેહ છે અને ગોળમાં મીઠાશ છે. બધા સાથે પ્રેમ અને મીઠાશ રહે એ સંકલ્પની એ નિશાની છે. વેદમાં એક મંત્ર છે:

मित्रस्य मा चक्षुषा सर्वाणि भूतानि समीक्षन्ताम् ।
मित्रस्याहं चक्षुषा सर्वाणि भूतानि समीक्षे ।
मित्रस्य चक्षुषा समीक्षामहे ।

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

[બધાં પ્રાણીઓ મારા તરફ અવેરથી — સ્નેહભાવથી જુએ, હું બધા તરફ સ્નેહની દૃષ્ટિથી જોઉં છું. આપણે બધા સ્નેહની દૃષ્ટિએ જોઈએ.]

આ વૈદિક મંત્રનું જ મહારાષ્ટ્રના ભાવિક લોકોએ આવું ભજનનું અને મિષ્ટ રૂપાંતર કર્યું છે.

* * *

જેમ માણસોની માણસો ઉપર છાપ છે તેમ કુદરતની પણ માણસો ઉપર છાપ પડે છે. એના શરીર ઉપર જ નહિ, પણ એના મન ઉપર, એની રહેણીકરણી ઉપર, એના આદર્શ ઉપર, એના સામાજિક જીવન ઉપર.

જેમ શ્રેષ્ઠ અથવા પૂજ્ય વિભૂતિની આપણા જીવન ઉપર અસર પડે છે તેમ કુદરતની ઘટનાની પણ પડે છે. કોઈ સગાંવહાલાંના મોતને લીધે જેમ આપણે હતોત્સાહ થઈએ તેમ સૂર્યનું ખગ્રાસ ગ્રહણ જોઈને પણ આપણે વિમનસ્ક થઈએ છીએ. મહાયુદ્ધ અને દુકાળ બંનેનાં આપણા ઉપર સરખાં જ પરિણામ થાય છે. પુત્રોત્સવ અને વસંતોત્સવ વચ્ચે સરખાપણું નથી એમ કોણ કહી શકે? શ્રીકૃષ્ણનો કંસ ઉપર, રામનો રાવણ ઉપર, બુદ્ધનો માર ઉપર વિજય થયે હજારો વર્ષ વીતી ગયાં છે, છતાં તે વિજયનો દિવસ જ્યારે ફરી ફરી આવે છે ત્યારે તે વિજયનો સંદેશો આપણને ફરી ફરી મળે છે. તડકાનો ટાઢ ઉપરનો વિજય કંઈ પ્રભાવમાં એથી ઊતરતો નથી. દરવર્ષની એ વાત છે એટલા માટે કંઈ તે ઓછી અસરકારક નથી. સૂર્યોદય રોજ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

થાય છે, છતાં સર્વ દેશમાં અને સર્વ ભાષાના કવિઓનો તથા રસિકોને સૂર્યોદયની શોભા તથા એની ઉપમા ઉત્સાહદાયક જ લાગે છે.

મકરસંક્રાંતિ એ દિવસનો રાત્રિ ઉપરનો વિજય, તડકાનો ટાઢ ઉપરનો વિજય, પ્રવૃત્તિનો નિદ્રા ઉપરનો વિજય સૂચવે છે. અષાઢ મહિનાથી દીર્ઘન્તમા રાત્રિનો વિજય થતો હતો, દહાડે દહાડે પ્રવૃત્તિ ઓછી થતી હતી, સર્વત્ર એક જાતની ગ્લાનિ છવાઈ હતી, સૂર્યનાં કિરણ ઓછાં થતાં હતાં. દીપોત્સવ કરીને આપણે માંડમાંડ નવા વરસનો ઉત્સવ ઊજવ્યો, પણ ટાઢની કઠોરતા તો વધતી જ ગઈ. મહાત્મા સવિતા જાણે દક્ષિણમાં અંદીવાસમાં જ પડી ગયા. એ ક્યારે છૂટશે ?

આપત્તિને પણ અન્ત હોય છે. સૂર્યનું દક્ષિણ તરફનું સંક્રમણ પૂરું થયું અને ઉત્તરાયણની શરૂઆત થઈ. સવિતાનાં કિરણો વધારે ને વધારે ફેલાવા લાગ્યાં, દિવસની પળો વધવા લાગી, રાત્રિની પળો ઓછી થવા લાગી, રાત્રિના સામ્રાજ્યનો ક્ષય શરૂ થયો, એવાં સ્પષ્ટ ચિહ્નો દેખાવા લાગ્યાં, અને મહાત્મા સવિતા દક્ષિણ દિશાના બંધનમાંથી હવે જરૂર મુક્ત થવાના એવી ખાતરી થવા લાગી. બસ, એ જ ભાવિ મુક્તિનો આનંદ તે મકરસંક્રમણ.

આ મકરસંક્રમણ આપણે કેવી રીતે ઊજવીએ ? ગંગા નદીને કિનારે જઈને જુઓ. ત્યાં અસંખ્ય ભાવિક લોકો ગંગાના પટમાં ઝૂંપડીઓ બાંધી કેટલાયે દિવસથી ત્યાં જ રહ્યા છે, ગંગા અને યમુનાનો હિન્દુ ધર્મની સરસ્વતી સાથે

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

જ્યાં સંગમ થાય છે ત્યાં હજારો લોકો પ્રયાગસ્નાનને માટે આવી રહેલા હું હમણાં જ જોઈ આવ્યો છું. સૂર્યોદય પહેલાં ઊઠીને નામસ્મરણ કરતા અને ભીષ્મમાતા ગંગાનો અથવા ધર્મભગિની યમુનાનો જયજયકાર પોકારતા તેઓ નાહવા જાય છે. યમુનામાં નહાય તે શું યમથી બીએ? ગંગામાં નહાય તેની દૃઢતા શું ભીષ્મ જેવી ન હોવી જોઈએ? પ્રયાગનું સ્નાન એ નિર્ભયતા અને દૃઢતાની દીક્ષા જ છે.

મકરસંક્રમણ એ જેટલો વિજયનો ઉત્સવ છે તેટલો જ સ્નેહ અને મીઠાશની વૃદ્ધિનો પણ ઉત્સવ છે. ભૂખ અને ટાઢથી ક્ષીણ થયેલા લોકો વરુની પેઠે એકબીજા સાથે લડે એમાં નવાઈ નથી; પણ પ્રકાશ અને સમૃદ્ધિમાં તે બધું ભૂલી જવું જોઈએ. માટે જ હિંદુસ્તાનના અનેક પ્રાંતોમાં ઉત્તરાયણની શરૂઆતમાં તલ અને ગોળ એકબીજાને આપવાનો રિવાજ છે. શિયાળામાં તે પૌષ્ટિક ખોરાક છે. એટલા જ માટે નહિ, પણ સ્નેહ મીઠાશની વૃદ્ધિ સૂચવવા માટે તલમાં સ્નેહ છે (સંસ્કૃતમાં સ્નેહ એટલે તેલ) અને ગોળમાં મીઠાશ છે. બધાં ધાન્યોમાં તલની ઊપજ સૌથી વધારે હોય માટે જ તેની — પ્રેમની આપલે કલ્યાણકારક ગણેલી છે.

મકરસંક્રાંતિને દિવસે એકબીજાને તલગોળ આપી એકબીજાના જૂના અપરાધોને માટે ક્ષમા માગવાની પ્રથા જો હૃદયથી સ્વીકારવામાં આવે તો જરૂર સમાજમાં ઐક્ય અને ઉત્સાહ વધે અને વધતા સૂર્યની પેઠે દેશનું સૌભાગ્ય વધે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ઉત્તરાયણનો આ સંદેશો ઉન્નતિકારક છે. સ્વરાજ્યના દિવસોમાં તે આપણે ભૂલી ન જવો જોઈએ.

ઉત્તરાયણ પછી વસન્તપંચમી, ત્યારબાદ રથસપ્તમી કરી આખરે ભોગવિલાસનો બાળી નાખી સંયમધર્મ સ્વીકારવા હોલિકોત્સવ કરવાનો હોય છે. ઋતુચક્રના પરિવર્તનમાં પણ ધર્મ રહેલો છે. કુદરત સાથે જેનો સહકાર તૂટ્યો નથી તે જ તે મેળવી શકે છે.

૧૮-૧-'૨૩

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

૪

વસંત

[માહ સુદ ૫]

વસંતપંચમી એટલે ઋતુરાજની પધરામણી.

માઘ શુકલ પંચમીને આપણે વસંતપંચમી કહીએ છીએ. પણ દરેક માણસને માટે તે જ દિવસે વસંતપંચમી નથી હોતી. ટાઢા હોહીવાળા માણસ માટે વસંતપંચમી એટલી વહેલી આવતી નથી.

વસંતપંચમી એ કુદરતનું યૌવન છે. જેની રહેણી કુદરતથી વિખૂટી થઈ નથી, કુદરતને રંગે જે રંગાય છે તે વસંતનું આગમન, વગર કહ્યે, અનુભવે છે. નદીના ક્ષીણ પ્રવાહમાં એકાએક ધોડાપૂર આવેલું જેમ આપણે જોઈએ છીએ તેમ આપણે વસંતને પણ આવતો અરાબર જોઈ શકીએ છીએ. માત્ર બધાંનાં હૃદયમાં એક જ વખતે તે પ્રવેશ કરતો નથી.

વસંત જ્યારે આવે છે ત્યારે યૌવનના ઉન્માદ સાથે આવે છે. યૌવનમાં સુંદરતા હોય છે, પણ હંમેશાં ક્ષેમ હોય છે જ એમ નથી. યૌવનમાં શારીરિક અને માનસિક

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

સ્વાસ્થ્ય જાળવવું બહુ જ અઘરું હોય છે, તેમ વસંતમાં પણ છે. તારુણ્યની પેઠે વસંત પણ લહેરી અને ચંચળ હોય છે. ઘડીમાં ટાઢ અને ઘડીમાં તાપ; ઘડીમાં કંટાળો ને ઘડીમાં ઉલ્લાસ. ગયેલી શક્તિ શિયાળામાં પાછી મેળવાય છે, પણ શિયાળામાં મેળવેલી શક્તિ વસંતમાં સાચવવી એ સહેલી વાત નથી. વસંતમાં સંયમ સચવાય તો આખું વર્ષ આરોગ્ય જળવાય. વસંતમાં પ્રાણીમાત્ર ઉપર આકર્ષક કાન્તિ ચડે છે, પણ તે તેટલી જ જોખમકારક હોય છે.

વસંતના ઉલ્લાસમાં સંયમની ભાષા શોભતી નથી, સહન થતી નથી, પણ તે જ વખતે તેની અત્યંત જરૂર હોય છે. ક્ષીણ થયેલો માણસ પથ્ય સાચવે એમાં શી નવાઈ? એમાં શો લાભ? માંડમાંડ જીવવું એમાં શું સ્વારસ્ય? જાળવેલો વસંત એ જ જીવનનો લહાવો છે.

વસંત ઉડાઉ હોય છે. આમાં પણ કુદરતનું તારુણ્ય જ પ્રગટ થાય છે. ફૂલો અને ફળો કેટલાંયે એસે છે અને કેટલાંયે કરમાઈ પણ જાય છે. જાણે કુદરત શિયાળાની કંજુસાઈનો બદલો જ વાળે છે. વસંતની સમૃદ્ધિ એ કંઈ શાશ્વત સમૃદ્ધિ નથી. દેખાય છે તેટલું ટકતું નથી.

રાષ્ટ્રનો વસંત પણ ઘણીવાર ઉડાઉ હોય છે. કેટલાંયે ફૂલ અને ફળ ભારે આશા બતાવે છે, પણ પરિપક્વ થતા પહેલાં જ કરમાઈને ખરી પડે છે. શરદઋતુ સુધી પહોંચે તે જ ખરાં. રાષ્ટ્રના વસન્તમાં સંયમની વાણી અપ્રિય હોય છે, પણ તે જ પથ્ય છે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ઉત્સવમાં વિનય, સમૃદ્ધિમાં સ્થૈર્ય, યૌવનમાં સંયમ એ જ સફળ જીવનનું રહસ્ય છે. ફૂલોનો દર્પ ફળોના રસમાં પરિણમે એમાં જ તેની સાર્થકતા છે.

વસંતપંચમીનો ઓચ્છવ શાસ્ત્રકારોએ સરજેલો નથી, ધર્માચાર્યોએ માન્ય રાખેલો નથી. કવિઓએ અને ગાયકોએ, તરુણોએ અને રસિકોએ તેને ગોહવ્યો છે, કોયલે તેને નોતર્યો છે અને ફૂલોએ તેને વધાવ્યો છે. વસંત એટલે પક્ષીઓનું ગાન, આમ્રમંજરીની સુગંધ, શુભ્ર અભ્રોની વિવિધતા અને પવનની ચંચલતા. પવન તો હમેશાં ચંચલ હોય, પણ વસંતમાં તે વિશેષ ભાવે ક્રીડે છે. જ્યાં જાય ત્યાં પૂરજોસમાં જાય, જ્યાં વાય ત્યાં પૂરજોસમાં વાય, જ્યારે ગાય ત્યારે પૂરજોસમાં ગાય, અને ઘડીમાં ફરી પણ જાય.

વસંતથી સંગીતનું નવું સત્ર શરૂ થાય છે. ગાયકો આઠે પહોર વસંતના આલાપ લઈ શકે છે. ન જુએ પૂર્વરાત્ર કે ન જુએ ઉત્તરરાત્ર.

સંયમ, ઔચિત્ય અને રસ એ ત્રણેનો સંયોગ થાય ત્યારે જ સંગીતનો પ્રવાહ ચાલે. જીવનમાં પણ એકલો સંયમ સ્મશાનવત્ થઈ જાય, એકલું ઔચિત્ય દંભરૂપ થઈ પડે અને એકલો રસ ક્ષણજીવી વિલાસિતામાં જ ખપી જાય. ત્રણેનો સંયોગ એ જ જીવન છે. વસંતમાં કુદરત આપણને રસની રેલ આપે છે. એવે સમયે સંયમ અને ઔચિત્ય એ આપણી મૂડી હોવી જોઈએ.

ફેબ્રુઆરી, ૧૯૨૩

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

૫

મંગલમૂર્તિ ભીષ્મ

[મહા સુદ ૮]

આજે ભીષ્માષ્ટમીનો પવિત્ર દિવસ છે. ભારતીય યુદ્ધ પછી બાણોની પથારી કરી ઉત્તરાયણની રાહ જોનાર અને દરમિયાન માનવજાતિને ધર્મની પ્રતિષ્ઠા જળવાય એવી રાજ્યનીતિનો ઉપદેશ કરનાર અખંડ બ્રહ્મચારી ભીષ્માચાર્યનો પુણ્ય દિવસ છે.

મહાભારતની મંગલમૂર્તિઓ ત્રણ: ભીષ્મ, કૃષ્ણ અને વ્યાસ. આ ત્રિમૂર્તિમાં પણ પ્રધાન સ્થાન ભીષ્મનું જ. કૃષ્ણની વિભૂતિ તો આખરે દિવ્ય હોઈ એને ભવ્ય નહિ કહી શકાય. વ્યાસ કોઈ વાનપ્રસ્થની જેમ દૂરના દૂર જ રહે છે. સમસ્ત મહાભારત પર પોતાની મંગળ છાયા પાથરનાર તો ધર્માત્મા ભીષ્મ જ છે. તે સાગર સમા ગંભીર, હિમાલય સમા ઉત્તુંગ–પ્રચંડ અને અનંત આકાશ જેટલા શાન્ત, નિર્મળ છે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ભીષ્મ કૃષ્ણના ઉત્તમ ભક્તો પૈકી એક છે.

પ્રહ્લાદ — નારદ — પરાશર — પુણ્ડરીક —
વ્યાસામ્બરીષ — શુક — શૌનક — ભીષ્મ — દાલ્ભ્યાન્ ।
રૂક્માંગદાર્જુન — વસિષ્ઠ — વિભીષણાદીન્,
પુણ્યાન્ ઇમાન્ પરમભાગવતાન્ સ્મરામિ ॥

આમ જે જે પરમ ભાગવતોનું રોજ સવારે ઊઠીને આપણે સ્મરણ કરીએ છીએ તેઓમાં પણ ભીષ્મનું સ્થાન ન્યારું છે. બીજા ભાગવતો ભગવાનને આધીન રહીને તેની પ્રેરણાને અનુરૂપ વર્તન રાખે છે. ભીષ્મને ભાગ્યે પોતાના પરમપ્રભુનો અખંડ વિરોધ કરવાનું જ આવ્યું. અને તેમ છતાં તેમની વિરોધભક્તિ નહોતી.

ભીષ્મ અને કૃષ્ણનો રાષ્ટ્રપુરુષ તરીકે વિચાર કરતાં પણ તેમનો આત્યંતિક સ્વભાવભેદ દેખાઈ આવે છે. બન્ને ધર્મનિષ્ઠ, ધર્મપરાયણ અને ધર્મકાર પરંતુ બંનેનું જીવનતત્ત્વજ્ઞાન તદ્દન ભિન્ન. ભીષ્મનું જીવનતત્ત્વ બહુ અંશે પ્રભુ રામચંદ્રના જીવનતત્ત્વ જેવું છે. બંને મર્યાદાપુરુષોત્તમ, પોતાને ધર્મપરતંત્ર સમજનારા અને ધર્મપાલન સારુ કોઈ પણ ત્યાગ શીતલવૃત્તિથી કરનારા. મનુષ્યજાતને દાખલો બેસાડનારા એ બે જ. બીજી બાજુ કૃષ્ણ, જેવા પ્રતિજ્ઞા-ભંજક તેવા જ મર્યાદાભંજક. ધર્મમાર્ગમાંના દરેક નિયમને અપવાદ કેમ હોઈ શકે, એ બતાવવાને જ જાણે તેમણે અવતાર ધારણ કર્યો હતો. બંકિમચંદ્રે કૃષ્ણનું એક જીવનચરિત્ર લખ્યું છે. ચરિત્ર નહિ, કૃષ્ણ પર મુકાતા આક્ષેપોનું એક મોટું ખંડન જ છે. ન્યાયનિપુણો પોતાનું

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

બુદ્ધિસર્વસ્વ વાપરી બચાવ ન કરે તો શ્રીકૃષ્ણના એક પણ કૃત્યની યોગ્યતા ધ્યાનમાં નહિ આવે. ગાંધીજીએ જેમ ગાયના રીબાતા વાછરડાને મરણ આપી અહિંસાધર્મનું પાલન કર્યું, તેવું જ કંઈક કરી દર વખતે શ્રીકૃષ્ણે ધર્મપાલન કર્યું હશે એવો ભાસ થાય છે. ધર્મના સિદ્ધાંતના મૂળ સુધી પહોંચી તેના તત્ત્વાર્થના પાલનને સારુ શબ્દાર્થનો વિરોધ કેમ કરવો એનો જ શ્રીકૃષ્ણે અભ્યાસ કર્યો હોવો જોઈએ.

દેવવ્રતે (ભીષ્માચાર્યે) ભર જુવાનીમાં એક ભીષ્મ પ્રતિજ્ઞા કરી રાજ્ય અને સ્ત્રીનો ત્યાગ કર્યો. એ એક પ્રતિજ્ઞાના પાલનને સારુ તેમણે ચારે બાજુથી હાનિ થવા દીધી. પ્રતિજ્ઞાના પાલનનું પ્રયોજન પૂરું થયા પછી પણ તેમણે તે પ્રતિજ્ઞા ન છોડી તે ન જ છોડી. અને તેમનું નસીબ પણ કેવું વિચિત્ર. તેમણે રાજ્યનો સ્વીકાર ન કર્યો છતાં તેનો બધો ભાર તેમને જ વહેવો પડ્યો. ભાઈભાંડુઓ વચ્ચેનો ટંટો ટાળવા તેમણે લગ્ન કરવાનું માંડી વાળ્યું પરંતુ તેમને કેટલાયે નિયોગો અને કેટલાંયે લગ્નો કરાવવાં પડ્યાં. વિશેષ શું કહેવું? સ્વયંવરોમાં ભાગ લઈ તે જુવાનજોધ છોકરીઓ પણ જીતી લાવ્યા! અને ભાઈભાઈનો જે ઝઘડો ટાળવાને માટે તેમણે અખંડ બ્રહ્મચર્ય સ્વીકાર્યું તે જ ઝઘડાને કારણે પોતાની ઇચ્છા વિરુદ્ધ અસત્પક્ષને માટે લડીને અને લાખો લોકોનો સંહાર કરીને તેમને પોતાનો પ્રાણ આપવો પડ્યો! ભીષ્મપ્રતિજ્ઞા એ જગતને માટે જેમ આદર્શભૂત છે તેમ તેનું બ્રહ્મચર્ય પણ તેવું જ અલૌકિક. એ બ્રહ્મચર્યના બળથી તે પરમજ્ઞાની પરમસમર્થ અને ધર્મજ્ઞ થયા એટલું જ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

નહિ પણ ઇચ્છામરણી પણ થયા. પરંતુ તેમની એ પ્રતિજ્ઞાથી કૌરવકુળને કે આર્યસંસ્કૃતિને કયો લાભ થયો ? કંઈ નહિ તો પોતે સત્યને ખાતર યુદ્ધ કરે છે એટલું સમાધાન તો તેમને મળવું જોઈતું હતું. રાજ્ય ઉપરનો હક છોડીને તે રાજાના સેવક થયા. પોતાની બધી વફાદારી તેમણે રાજ-ગાદીને આપી, જે લઉં છું તે આ ગાદીનું અન્ન છે, ગાદીની આજ્ઞા થાય તે શિરસાવંદ્ય ગણવી જોઈએ, એવી અધારણી વૃત્તિ તેમણે ધારણ કરી. ખરેખર ભીષ્મ જેવો ચુસ્ત તંત્રવાદી (constitutionalist) ભાગ્યે જ બીજો કોઈ થયો હશે. પરંતુ તંત્રને જ દેવ સમજીને વર્તવાથી તેમણે રાષ્ટ્રહિતનું માત્ર સત્યાનાશ વાળ્યું.

૨

મહાભારતના ધર્મધુરંધરો બે: શ્રીકૃષ્ણ અને ભીષ્મ. શ્રીકૃષ્ણનો ઉપદેશ ભગવદ્‌ગીતામાં સમાયેલો છે. ભીષ્મનો ઉપદેશ એકઠો કરેલો જડતો નથી. એનો પ્રસિદ્ધ રાજધર્મ શાંતિપર્વમાં છે. પણ ભીષ્મે પોતાની શિખામણનો નિચોડ દેહ છોડતી વખતે ત્રણ લીટીમાં જ આપ્યો છે. મહાભારતે ભીષ્માચાર્યને ઇચ્છામરણી વર્ણવ્યા છે. રાજા યુધિષ્ઠિરને જેટલું કહેવાનું હતું તે બધું ભીષ્મે કહી દીધું. ત્યાર પછી ભગવાન શ્રીકૃષ્ણ તરફ વળી દેહ છોડવા માટે ભગવાનની અનુજ્ઞા માગી. પિતૃભક્ત અને નિષ્પાપ ભીષ્મને શ્રીકૃષ્ણે અનુજ્ઞા આપી. બધા પાંડવો પિતામહની આસપાસ ટોળે વળ્યા. ત્યારે તેમને અને તેમની મારફતે સૌ ભારતવાસીઓને ભીષ્માચાર્યે નીચેનાં વચનો કહ્યાં:

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

प्राणानुत्स्रष्टुमिच्छामि तत्रानुज्ञातुमर्हथ ।
सत्येषु यतितव्यं वः सत्यं हि परमं बलम् ॥
आनृशंस्यपरैर्भाव्यं सदैव नियतात्मभिः ।
ब्रह्मण्यैर्धर्मशीलैश्च तपोनित्यैश्च भारताः ॥

"સત્યને માટે નિરંતર પ્રયત્ન કરજો. સત્ય એ જ સૌથી શ્રેષ્ઠ બળ છે. હમેશાં પોતાના મન પર, હૃદય પર કાબૂ રાખી દયાભાવ કેળવજો. દુષ્ટ વૃત્તિને વશ ન થજો. પ્રજાને કેળવનાર વર્ગને હમેશાં પોષતા રહેજો. ધર્મની પ્રેરણા પ્રમાણે ચાલજો. અને હમેશાં પોતાની બધી શક્તિ કેળવતા રહેજો."

આજે પણ ભારતવાસીઓને બીજો શો ઉપદેશ હોઈ શકે?

૧૯૩૧

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

૬

મહાશિવરાત્રિ

[મહા વદ ૧૪]

૧

(એક પત્ર)

. . . આજે તમે મહાશિવરાત્રિનો તહેવાર કઈ રીતે ગાળતા હશો એના જ વિચાર આવે છે. શિવરાત્રિનો તહેવાર ઉત્સવ નથી પણ વ્રત છે. શિવરાત્રિનો તહેવાર શૈવ સાંપ્રદાયો ગણાય છે તેથી વૈષ્ણવો એને વિષે ઉદાસીન હોય છે. આ શૈવવૈષ્ણવોનો ભેદ એક વખતે આપણા દેશમાં બહુ આકરો હતો. માણસમાં લડવાની વૃત્તિ જ્યાં સુધી છે ત્યાં સુધી ગમે તે ભેદને આગળ કરી તે લડવાનો. છેક દક્ષિણમાં શૈવવૈષ્ણવોએ જૂના કાળમાં એકબીજાનું લોહી ઓછું નથી વહેવડાવ્યું.

શિવરાત્રિનું માહાત્મ્ય તમે બધા જાણો જ છો. 'હરણાંનાં સ્મરણાં' વિષે તમે વાચ્યું સાંભળ્યું છે જ. વચન પાળવાની ટેક, માતૃવાત્સલ્ય અને પરાર્થે સ્વાત્માર્પણ એ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

બોધ તમે એ વાર્તામાંથી લીધો હશે જ. પણ આજે બીજી દૃષ્ટિએ શિવરાત્રિનું મહત્ત્વ મને સ્ફુરે છે.

આપણા ધર્મમાં જીવદયાનો બોધ સર્વોચ્ચ અને શુદ્ધ ભૂમિકા ઉપરથી કર્યો છે. તિર્યંચ એટલે કે મનુષ્યેતર પ્રાણીઓ એ પણ ઈશ્વરનાં જ બાળકો છે. ઈશ્વરના હૃદયમાં એમને વિષે પણ આપણા તરફ છે તેટલું જ વાત્સલ્ય વસે છે. મૂક પશુપક્ષીઓને પણ આપણા જેવી જ લાગણીઓ હોય છે. તેમને દુઃખી કરવાં એ અધમતા છે. પશુઓને પીડવાથી ઈશ્વર વિશેષે કરીને નારાજ થાય છે એ બોધ આપણા ધર્મમાં અનેક સુંદર અને અસરકારક રીતે અપાયો છે. પશુઓ દયાનાં પાત્ર નથી પણ આપણા પ્રેમનાં અધિકારી છે એ આપણો ધર્મસિદ્ધાંત છે. જીવદયા નહિ પણ જીવમાત્ર પ્રત્યે આત્મૌપમ્ય — પ્રેમ એ લાગણી આપણા ધર્મને પસંદ છે, અભીષ્ટ છે.

જીવપ્રેમનો પ્રથમ હિમાયતી તે આપણો વાલ્મીકિ. એણે રામાયણની વાર્તામાં દેવો, રાક્ષસો, મનુષ્યો સાથે પશુ-પક્ષીઓને પણ સરખું જ સ્થાન આપ્યું છે. તિર્યક યોનિમાં પણ વીરો, મુત્સદ્દીઓ, સાધુઓ અને પ્રેમસેવકો હોય છે એ વિષે — જાણે પોતે કાંઈ નવી વાત કહેતો જ નથી, સ્વાભાવિક વાતો જ લખે છે તેમ — વાલ્મીકિએ ગાયું છે. ભક્તશિરોમણિ હનુમાન, ઉગ્રશાસન સુગ્રીવ, આર્તત્રાણ જટાયુ અને સેતુપતિ જાંબુવાન એમને વિષે મનમાં દયાભાવ નથી ઊપજતો, પણ આદરભાવ જ ઉદ્ભવે છે. એ પશુપક્ષી છે એ વાત પણ આપણે ભૂલી જઈએ છીએ. એટલો સમભાવ એ જ જીવપ્રેમનો સાચો પાયો છે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

વસિષ્ઠ અને કામધેનુ, દિલીપ અને નંદિની, નોળિયો અને રાજસૂય યજ્ઞ, ગજગ્રાહ, વેદમાંની સરમા અને ચોર પણિઓ, ધર્મરાજનો શ્વાન, દમયંતીનો હંસ, નળ અને કર્કોટક, મનુ ભગવાનને બચાવનાર મત્સ્ય, રામને મદદ કરનાર ખિસકોલી — એવા એક કે બે નહિ પણ અસંખ્ય પ્રસંગો આપણા ધર્મગ્રંથોમાં વર્ણવ્યા છે, તેથી પ્રાણીઓ પ્રત્યે સમભાવ દૃઢ થાય છે. આપણા કેટલાક અવતારો પણ મનુષ્યેતર છે. જાતકકથાઓ, પંચતંત્ર, હિતોપદેશની વાર્તાઓ એ બધી એ જ દિશાએ કામ કરે છે. 'હરણાંનાં સ્મરણાં' પણ આપણામાં મનુષ્યેતરો પ્રત્યે પ્રેમ અને લાગણી પેદા કરે છે.

ત્યારે શિવરાત્રિને દિવસે આપણે શું કરીશું? સિદ્ધૈયા કહેશે, ગોરક્ષા માટે ૨૦૦૦ વાર કાંતીશું. કિશોરલાલભાઈ કહેશે, આપણા આશ્રમમાં નધણિયા કૂતરાઓ છે તેમને કેમ ન અપનાવીએ? દરેક કૂતરાને જો થાય કે આપણને પોતાનો ગણી ખવડાવનાર અહીં કોઈ છે તો તે આર્ય બનશે અને નાલાયક કૂતરાને તે અહીં આવવા દેશે નહિ. ડાહ્યાભાઈ કહેશે કે પ્રથમ ગાડીમાં બનતાં સુધી ન બેસવાની અને બીજે ઓછામાં ઓછો રાખવાની નેમ રાખીએ તો જીવપ્રેમ સાર્થક થશે. મગનલાલભાઈ કહેશે, છોકરાઓ કૂતરાની પાછળ પડીને તેમને મારે છે તેટલું બંધ કરે તો ભારે થયું કહેવાય. હકોરભાઈ કહેશે ઓરડીઓ સાફ રાખી જળાંને પેદા જ ન થવા દેવાં એ જીવદયાનું સુંદર અંગ છે. મારા જેવો કહેશે કે રાતે નદીનાં પાણીમાં પડી અંદર સૂતેલાં માછલાંને ન કનડીએ તો શિવરાત્રિને પ્રસંગે માછલાંઓ માટે

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

શિવ-રાત્રિ થશે. શંકર કહેશે, ઉનાળામાં ચકલીઓ માટે પીવાનું પાણી રાખીએ એ જરૂરનું છે. દરેક પ્રસ્તાવમાં કાંઈને કાંઈ સુંદરતા છે, અને એ બધા જ નિયમો આશ્રમજીવનમાં શોભે એવા છે.

ત્યારે બોલો શિવરાત્રિનું સ્મરણ કરી તમે કઈ નેમ લો છો? આ કામ પ્રેમનું છે અને પ્રેમથી કરવાનું છે. એ વ્રત જાહેર કરવાની આવશ્યકતા છે જ એમ નથી. પોતાની મસંદગી કરી લેવી અને તે પ્રમાણે ઉત્સાહપૂર્વક ચાલવું.

૨

હરણાંનું સ્મરણ *

એક વિશાળ વન હતું. વીસ વીસ ત્રીસ ત્રીસ ગાઉ સુધી માણસની ઝૂંપડી કે મુસાફરનો કામચલાઉ ચૂલો પણ ક્યાંયે ન મળે. ત્યાં એક રળિયામણા તળાવ પાસે કેટલાંક

* એકાદશી, અષ્ટમી, ચતુર્થી, શિવરાત્રિ એ બધા હિંદુ મહિનામાં હમેશાં આવનારા તહેવારો છે. એકાદશી વૈષ્ણવોએ સર્વલોકપ્રિય કરી દીધી છે; ગણપતિના ઉપાસકો વિનાયકી અને સંકષ્ટી ચતુર્થીનું વ્રત કરે છે; દેવીના ઉપાસકો અષ્ટમીનું વ્રત આચરે છે. શિવરાત્રિ એ દર મહિને કૃષ્ણપક્ષની ચતુર્દશીને દિવસે આવે છે. શૈવ લોકો શિવરાત્રિ કરે છે. જેમ એકાદસીઓમાં આષાઢી અને કાર્તિકી મહાએકાદશીઓ છે તેમ માઘ મહિનાની શિવરાત્રિ તે મહાશિવરાત્રિ.

દરેક માસના દરેક તહેવારનું માહાત્મ્ય અને તેની એક વાર્તા હોય જ છે. તેમાં મહાશિવરાત્રિની કથા ઉપર મુજબ છે.

વાર્તાના આ પુરાતન ક્ષેત્ર તરફ લોકવાર્તાનો સંગ્રહ કરનાર સંશોધકોનું ધ્યાન જવું જોઈએ.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

હરણાં રહેતાં. તળાવને કાંઠે એક બીલીનું ઝાડ હતું. એ ઝાડની નીચે પાષાણરૂપમાં મહાદેવ વિરાજમાન હતા. હરણાં રોજ તળાવમાં સ્નાન કરે, મહાદેવનાં દર્શન કરે અને ચરવા જાય. બપોરે આવીને બીલીને છાંયે વિશ્રાન્તિ કરે અને સાંઝે તળાવનું પાણી પીએ, મહાદેવનાં દર્શન કરે ને સૂઈ જાય. કશાં શાસ્ત્ર ભણ્યા વગર જ હરણાંને ધર્મનું જ્ઞાન થયું હતું, તેથી તેઓ સંતોષપૂર્વક પોતાનું નિર્દોષ જીવન વિતાડતાં હતાં.

માઘ મહિનો હતો, કૃષ્ણપક્ષની ચતુર્દશી. એક વિકરાળ પારધી પેલા વનમાં પેઠો. સાંઝ પડું પડું થઈ રહી હતી. પારધીને ભૂખ બહુ જ લાગી હતી. પારધીની ભૂખ કંઈ જેવી તેવી ન હોય. બીજું કંઈ ન મળે તો કાચું ને કાચું માંસ પણ કરડી ખાય. પણ આ આપણા પારધીને પોતાની ભૂખનું દુઃખ નહોતું. ઘરમાં બાળબચ્ચાં ભૂખ્યાં છે, તેમને શું આપવું ? શું મોઢું લઈ ઘેર જવું ? શિકાર ન મળે તો ઠાલે હાથે ઘેર જવા કરતાં વનમાં જ રાતની રાત પડ્યા રહીએ; વખતે કંઈક હાથ ચડી જાય. આવો વિચાર કરતો તે તળાવ પાસેની બીલી પર ચડીને બેઠો.

પોતાનાં બાળબચ્ચાંનું ભરણપોષણ કરવા માટે પોતે કષ્ટ વેઠવાં અને જોખમો ઉઠાવવાં એટલો જ પોતાનો ધર્મ છે એમ તે માનતો. એથી વ્યાપક ધર્મનું તેને ભાન ન હતું.

રાત પડી. કૃષ્ણપક્ષની કાળીમેશ રાત. કશું જ સૂઝે નહિ. પારધીએ તળાવ તરફ જોવા માટે આડાં આવતાં બીલીનાં પાંદડાં તોડી તોડીને નીચે ફેંકવાં. એટલામાં બે ચાર હરણાં પાસે પાણી પીવા આવ્યાં.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ઝાડ ઉપરના પારધીને જોઈ ચમકયાં એમને ખાતરી થઈ કે હવે આપણે બચવાનાં નથી. નિરાશાના અવાજમાં તેઓ બોલ્યાં: 'ભો ભો વ્યાધ, તારા ધનુષ્ય ઉપર બાણ ચડાવ મા. અમે મરવા તો તૈયાર છીએ, પણ અમને ઘેર જઈ અમારાં બાળબચ્ચાંને અને સગાંવહાલાંને મળી આવવા જેટલો વખત આપ. સૂર્યોદય પહેલાં અમે આવીને હાજર થઈશું.'

પારધી ખડખડ હસ્યો. 'શું તમે મને બબૂચક સમજો છો? આમ હાથ આવેલો શિકાર હું જતો કરું? મારાં બાળબચ્ચાં ભૂખે મરે છે તે?'

'અમે પણ તારી પેઠે અમારાં બાળબચ્ચાંનો ખ્યાલ કરીને જ રાહત માગીએ છીએ. અમે વચન પાળીએ છીએ કે નહિ એની એક વાર પરીક્ષા તો કરી જો.'

પારધીના મનમાં શ્રદ્ધા અને કૌતુક જાગી ઊઠ્યાં. બરાબર સૂર્યોદય પહેલાં આવવાની ખાસ તાકીદ આપી તેણે હરણાંને જવા દીધાં અને પોતે બીલીનાં પાંદડાં તોડતો ઝાડ ઉપર જ રાતવાસો રહ્યો. શ્રદ્ધાવાળા પારધીના હાથમાંથી પોતાના માથા પર પડેલા બિલ્વદળથી મહાદેવ સંતુષ્ટ થયા.

બરાબર સૂર્યોદયનો સમય થયો. અને હરણાંનું એક મોટું ટોળું ત્યાં આવી પહોંચ્યું. પેલાં હરણાં ઘેર ગયાં, બાળબચ્ચાંને ભેટ્યાં, પોતપોતાના શીંગડાંથી એકબીજાને ખજવાળ્યાં, છેક નાનાં બચ્ચાં હતાં તેમને ધરાઈ ધરાઈને ચાટી લીધાં. બનેલી વાત બધાંને કહી સંભળાવી અને વિદાય માગી.

અરે, દુષ્ટ પારધી સાથે વચનપાલન કેવું? 'शठं प्रति शाठ्यं कुर्यात्। ટાંટિયામાં જોર હોય તેટલું વાપરી અહીંથી

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

છાનાંમાનાં નાસી જાઓ' — એવી સલાહ આપનાર ત્યાં કોઈ ન નીકળ્યું. સગાંવહાલાં બોલ્યાં :

'ચાલો, અમે પણ સાથે આવીએ. સ્વેચ્છાએ મરણ વહોરી લેવાથી મોક્ષ મળે છે. તમારો અપૂર્વ આત્મયજ્ઞ જોઈ અમે પાવન થઈશું.'

બાળબચ્ચાં સાથે થયાં. પારધીના હિંસકપણાની જાણે પરીક્ષા કરવાને જ ન નીકળ્યાં હોય!

સૂર્યોદય પહેલાં ટોળું આવી પહોંચ્યું. રાતવાળાં હરણાં આગળ આવ્યાં ને બોલ્યાં: 'લ્યો ભાઈ, અમે વધને માટે તૈયાર છીએ.' બીજાં હરણાં પણ બોલી ઊઠ્યાં: 'અમને પણ માર. ભલે તારાં બાળબચ્ચાંની ભૂખ શમે.'

પારધીની હિંસાવૃત્તિ રાત્રિની પેઠે ગળી ગઈ. આખા દિવસનો ઉપવાસ અને આખી રાત્રિનું જાગરણ થવાથી તેની વૃત્તિ અન્તર્મુખ થઈ જ હતી. તેમાંયે આ પ્રતિજ્ઞાપાલક હરણાંનું ધર્માચરણ જોઈને તો તે દિંગ જ થઈ ગયો. તેના હૃદયમાં નવીન પ્રકાશ પડ્યો. પ્રેમશૌર્યની તેને દીક્ષા મળી. તે ઝાડ નીચે ઊતર્યો અને હરણાંને શરણે ગયો. બે પગનું માણસ ચારપગાળા પશુને પંગે લાગ્યો. આકાશમાંથી શ્વેત પુષ્પોની વૃષ્ટિ થઈ. કૈલાસથી મોટું વિમાન ઊતરી આવ્યું, તેમાં પારધી અને હરણાં બેઠાં અને કલ્યાણકારી શિવરાત્રિનું માહાત્મ્ય ગાતાં ગાતાં શિવલોક સિધાવ્યાં. આજે પણ તેઓ આકાશમાં દિવ્ય રૂપે પ્રકાશે છે.

મહાશિવરાત્રિનો દિવસ એટલે તે ધર્મનિષ્ઠ સત્યવ્રતી હરણાંના સ્મરણનો દિન.

માર્ચ, ૧૯૨૨

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

૭

ગુલામોનો તહેવાર?

[ફાગણ સુદ ૧૫]

દરેક તહેવારમાં કાંઈ પણ ગ્રહણ કરવા લાયક હોય છે. પણ આજની હોળીમાં એવું કાંઈ પણ મળી શકે ખરું? ગયા વીસ પચીસ વરસમાં જે રીતે આ તહેવાર ઊજવાયો છે તે રીત જોતાં તો આ તહેવાર વિષે કશો ઉત્સાહ ઉત્પન્ન થાય એમ નથી. આનો જૂનો ઇતિહાસ અથવા પૌરાણિક કથાઓ પણ આ તહેવાર પર કાંઈ સુંદર પ્રકાશ પાડે એમ લાગતું નથી. છતાં એટલું તો કબૂલ કરવું જ જોઈએ. કે હોળી એ જૂનામાં જૂનો તહેવાર છે. શિયાળો પૂરો થતાં એક ભારે હોળી સળગાવી આનન્દોત્સવ કરવાનો રિવાજ દરેક દેશમાં અને દરેક જમાનામાં ચાલુ જ છે. આ ઉત્સવમાં સંયમની લગામ ઢીલી મૂકી લોકો સ્વચ્છંદનો કંઈક આસ્વાદ લેવા માગે છે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

હિંદુધર્મમાં માણસોને ન્યાત હોય છે, એટલું જ નહિ પણ દેવો, પશુપક્ષીઓ અને તહેવારોને યુધ્ધાં ન્યાત હોય છે. અષ્ટાવસુ ન્યાતે વૈશ્ય હોય છે, નાગ અંને કબૂતર બ્રાહ્મણ હોય છે અને પોપટ વાણિયો હોય છે. તેમ હોળીનો તહેવાર જાતે શૂદ્ર છે. શું એટલા જ માટે હોળીનો કાર્યક્રમ કોઈ પણ જમાનાના બગડેલા શૂદ્રોએ જ રચ્યો હશે અને તેમનો હક સાચવવા બાકીના વર્ણોએ તેનો સ્વીકાર કર્યો હશે ? હોળીને દિવસે અંત્યજોને અડવું જોઈએ એવો એક નિયમ પુરાણોમાં છે એનો ઉદ્દેશ શો હશે ? દ્વિજ લોકો તે સંસ્કારી એટલે સંયમી અને શુદ્ર તે સ્વચ્છંદી એમ માનીને શું હોળીમાં આટલો સ્વચ્છંદ રાખ્યો હશે ? હોળીને દિવસે રાજાપ્રજા એક થઈ એકબીજા ઉપર રંગ ઉડાડે છે તે શું કંઈ નહિ તો વરસના ચાર પાંચ દિવસ સમાનતાનું તત્ત્વ અનુભવવા માટે હશે ?

હોળી એટલે કામદહન, વૈરાગ્યની સાધના. વિષયને કાવ્યનું મોહક સ્વરૂપ આપવાથી તે વધે છે. તેને જ બીભત્સ સ્વરૂપ આપી તેને નાગો કરી તેનું સાચું સ્વરૂપ સમાજ આગળ ઊભું કરી વિષય વિષે સૂગ પેદા કરવાનો ઉદ્દેશ તો એમાં નહિ હોય ? આખો શિયાળો જેના મોહમાં આપણે સપડાયા તેની ફજેતી કરી તેને બાળી મૂકી પશ્ચાત્તાપની વિભૂતિ શરીરે ચર્ચી વૈરાગ્ય ધારણ કરવાનો શું આમાં ઉદ્દેશ હશે ?

પ્રાચીન કાળની લિંગપૂજાની વિડંબના તો આમાં નહિ હોય ?

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પણ હોલિકા એટલે વસંતોત્સવ પણ ખરો. શિયાળો ગયો, વસંતનું નૂતન જીવન વનસ્પતિમાં પણ આવી ગયું, એટલે શિયાળામાં સંઘરેલાં બધાં લાકડાં ભેગાં કરી છેલ્લી તાપણી સળગાવી ઠંડીને વિદાય આપવાનો તો આ ઉત્સવ નહિ હોય? અને પેલી ઢુંઢા રાક્ષસી કોણ? કહે છે કે તે નાનાં બાળકોને પીડા કરે છે. હોળીને દિવસે બધે દેવતા સળગાવી બુમરાણ મચાવી તેને નસાડવામાં આવે છે. એમાં શું કાવ્ય કે રહસ્ય હશે?

લોકોમાં અશ્લીલતા છે જ. તે મારી મરવાની નથી. तुष्यतु दुर्जनः એ ન્યાયે એને વરસનો એક દિવસ આપવાથી તે હીન વૃત્તિ આખું વરસ કાબૂમાં રહે છે એમ કેટલાક માને છે. સાચે જ તેમ હોય તો તે ભયંકર ભૂલ છે. અગ્નિને ઘી આપવાથી તે કંઈ કાબૂમાં નથી રહેતો. પાપ અને અગ્નિ સાથે સ્નેહ શાનો? વસન્તનો ઉત્સવ ઈશ્વર-સ્મરણપૂર્વક સૌમ્ય રીતે ઊજવવો જોઈએ. દિવાળીમાં શું ઉત્સવનો આનંદ ઓછો હોય છે? લાકડાં બાળીને હોળી કરીએ તો જ સાચો વસંતોત્સવ થાય? હોલિકા એક રાક્ષસી હતી તેને બાળવાનો આ તહેવાર છે એમ જો મનાય તો આપણે તેને ચોરી આણેલાં લાકડાંથી બાળી ન શકીએ. હોલિકા રાક્ષસી પ્રહ્લાદના નિર્વૈર પાવિત્ર્યથી જ બળી શકે.

આપણે એ વિચાર કરવો જોઈએ કે આપણા તહેવારો આપણા રાષ્ટ્રીય જીવન અને આપણા સંસ્કૃતિના પ્રતિબિંબરૂપ છે કે નહિ. માણસમાત્ર ઉત્સવપ્રિય છે. પણ સ્વતંત્ર માણસોનો ઉત્સવ જુદો હોય છે અને ગુલામોનો જુદો હોય છે. જે સ્વતંત્ર હોય છે, જેના માથા પર જવાબદારી

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

હોય છે, જેને અધિકાર ભોગવવાનો હોય છે તેની અભિરુચિ સાદી અને પ્રતિષ્ઠિત હોય છે. જે પરતંત્ર છે, જેને જવાબદારીનું ભાન નથી, જેના જીવનમાં મહત્ત્વાકાંક્ષા રહી નથી તેની અભિરુચિ ઢંગધડા વગરની અને અતિરેકવાળી હોય છે. એક ગ્રંથકારે લખ્યું છે કે સ્ત્રીઓને જાતજાતના રંગ પસંદ પડે છે અને ચિત્રવિચિત્ર પોશાક તરફ તેમનું મન દોડે છે તેનું કારણ તેમની પરવશતા છે. સ્ત્રી સ્વાધીન થઈ જાય તો તેનો પહેરવેશ પણ સાદો અને સફેદ થઈ જાય. સ્ત્રીઓ વિષે આ વાત સાચી હોય કે ન હોય, પણ પ્રજા વિષે તો સાચી છે જ. પ્રજા અધિકાર વગરની, પરતંત્ર, બાલવૃત્તિની અને બેજવાબદાર હશે ત્યારે જ બેવકૂફીભરેલાં કૃત્યોથી આ તહેવાર ઊજવવાનું પ્રચલિત થયું હશે.

રોમન લોકોમાં સેટર્નેલિયા નામનો એક ગુલામોનો તહેવાર હતો. તે દિવસે ગુલામો પોતાના ધણી સાથે જમે, જૂગટું રમે, છૂટથી બોલે અને મોજ કરે. એટલા આનંદ ઉપર ફરી એક વર્ષ સુધી ગુલામીમાં રહેવાની તેમનામાં હિંમત આવતી.

સ્વરાજ્યવાદી પ્રજાએ વધારે ગંભીર થવું ઘટે છે. પોતાની યોગ્યતા શી છે. પોતાની સ્થિતિ શી છે તેનો વિચાર કરી તેને છાજતું જીવન ગાળવું જોઈએ. વસંતોત્સવ કરવો હોય તો સમાજમાં નવું જીવન પેદા કરી આ તહેવાર ઊજવવો જોઈએ. કામદહન કરવું હોય તો બ્રહ્મચર્યવ્રત ધારણ કરી પવિત્ર થવું જોઈએ. હોલિકોત્સવ એ ગુલામોનો એકમાત્ર દિલાસો હોય તો તેને સ્વરાજ્યને ખાતર એકદમ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

કાઢી નાખવો જોઈએ. ભાષામાંથી ગાળોનું ભંડોળ ઓછું થશે તેનો શોક કરવાની જરૂર નથી. હોળીના દિવસો આપણે શહેરો અને ગામડાંઓ સ્વચ્છ કરવામાં ગાળી શકીએ છીએ. છોકરાઓ મરદાની કસરતો અને રમતો રમવામાં અને દારૂના વ્યસનમાં પડેલા લોકોના લત્તામાં જઈ દારૂનિષેધનો વ્યક્તિગત ઉપદેશ કરવામાં ગાળી શકે છે, અને સ્ત્રીઓ સ્વદેશીના ગરબા ગાતાં ગાતાં ખાદીનો પ્રચાર કરી શકે છે.

દરેક તહેવારનું સ્વરાજ્યસંસ્કરણ થવું જ જોઈએ, કેમ કે સ્વરાજ્ય એટલે આત્મશુદ્ધિ અને નવજીવન.

૧૨-૩-'૨૨

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

૮

ધર્મરક્ષક શિવાજી

[ફાગણ વદ ૩]

એક વખતે સત્યાગ્રહ આશ્રમમાં શિવાજી મહારાજની જયંતિ ઊજવાઈ હતી. તે પ્રસંગે પૂ. ગાંધીજી બોલ્યા હતા કે 'શિવાજી મહારાજ વિષે ઇતિહાસકારો શું કહે છે એના તરફ ધ્યાન આપવા કરતાં સંત લોકોએ એમને વિષે શું કહ્યું છે એ હું વધારે મહત્ત્વનું ગણું છું. જો સંત પુરુષોએ એમને સારું પ્રમાણપત્ર આપ્યું હોય તો મારે માટે એ પૂરતું છે.'

શિવાજી મહારાજ વિષે સંત તુકારામે તેમ જ રામદાસે જે આદરવચનો કાઢ્યાં છે તે ખરેખર કીમતી છે. કેમ કે તેઓ બંને શિવાજીના સમકાલીન હતા. મહાકવિ મોરોપંતે શિવાજીની તુલના જનકરાજા સાથે કરી છે તેને આપણે અતિશયોક્તિ ગણી છોડી દઈએ, પણ શિવાજી જેટલા રાજ્યસંસ્થાપક તેટલા જ ધર્મરક્ષક હતા, એમણે બ્રાહ્મણોને

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

વિશેષ દાન આપ્યાનો દાખલો નથી. એમણે ગૌશાળા પણ સ્થાપન કરી ન હતી. છતાં મહારાષ્ટ્રની જનતાએ એમને 'ગોબ્રાહ્મણપ્રતિપાલક છત્રપતિ'નો ઇલ્કાબ આપ્યો હતો.

ઈસ્વી સન સાતસોમાં જ્યારે મુસલમાનો હિંદુસ્તાનમાં આવવા લાગ્યા ત્યારે આ દેશની હાલત સારી ન હતી. લોકોની અંદર અંદર ફૂટ, જાતિની ઊંચનીચતાનું અભિમાન, વ મેા, આળસ અને ગફલત એનું જ સામ્રાજ્ય સર્વત્ર ફેલાયું હતું. શ્રી શંકરાચાર્યે હિંદુ સમાજને સંગઠિત કરવાનો જે પ્રયત્ન આદર્યો હતે, તે ઈસ્વી સન પંદરસો સુધી અનેક સંતોએ ચલાવ્યો. વેદાન્તનો સૂર્ય અને ભક્તિનું ચાંદરણું, એ બંનેની અસરથી હિંદુધર્મનું સનાતનપણું ફરી વાર ઊજળું થયું, છતાં રાજદ્વારી અને સામાજિક સ્થિતિ પૂરેપૂરી સુધરી નહોતી; તેથી ઘણા લોકો ધર્માન્તર કરવા લાગ્યા. જબરદસ્તીનો ભાગ એમાં ગમે તેટલો હોય તોયે, આટલા બધા લોકો તો વટલાઈ ન જ જાત. અનેક કારીગર જાતો નિષ્કારણ અસ્પૃશ્ય ગણાઈ જવાથી અકળાઈ હતી. એમને સામાજિક હાડમારી ઉપરાંત સરકારી જબરદસ્તી પણ ઘણી વેઠવી પડતી હતી. ઇતિહાસનો દાખલો છે કે આ ત્રાસથી કંટાળી જઈ કેટલીક કોમો આખી ને આખી ધર્માન્તર કરી ગઈ, અને એ રીતે જ તે પોતાની અસ્પૃશ્યતા ટાળી શકી.

મુસલમાનોનો હુમલો પંજાબથી શરૂ થયો તે પૂર્વમાં બંગાળા–ઉત્કલ સુધી પહોંચ્યો અને દક્ષિણમાં પાંડ્ય, કેરલ અને ચોલ લોકોના રાજ્ય સુધી લંબાયો. ઈ. સ. ૧૩૦૦ની સાલ સુધીમાં એ આક્રમણ લગભગ પૂરું થયું ત્યારે દક્ષિણમાં

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

આનાગોંદી અને હમ્પી તરફ હોયશળ વંશે હિંદુ સંગઠન કરવાનો એક મહા જબરદસ્ત અને સફળ પ્રયોગ કરી વિજયનગરનું સામ્રાજ્ય સ્થાપ્યું. આ સામ્રાજ્ય માત્ર બસો વરસ ચાલ્યું; પણ બગદાદનો બાદશાહ અને ચીનનો સમ્રાટ, એ બંને કરતાં વિજયનગરના 'ત્રણ મુકુટ ધારણ કરનાર' મહારાજાધિરાજોની સાહ્યબી મોટી ગણાતી. વિજયનગરે ફરી જૂની હિંદુ સંસ્કૃતિનો ઉદ્ધાર કરવાનો પૂરેપૂરો પ્રયત્ન કરી જોયો. તેણે વેદવિદ્યા ફરી ચાલુ કરી, વ્રતો, ઉત્સવો વગેરેનો વિસ્તાર કર્યો. પરિણામે શ્રુતિ-સ્મૃતિ પુરાણ તથા તંત્ર દ્વારા વિસ્તરેલો હિંદુધર્મ રાજમાન્ય થયો.

પણ એના આ પ્રયત્નમાં જોઈએ તેટલી આધુનિકતા અને માનવતા દાખલ ન થવાથી રાકસતાગડીની લડાઈ (જેને તાલીકોટનું યુદ્ધ પણ કહે છે તે) માં વિજયનગરના સામ્રાજ્યનો એકાએક નાશ થયો અને હિંદુધર્મ તથા સમાજ ફરી વાર અનાથ થયાં.

આવી સ્થિતિમાં આવી પડેલા હિંદુ સમાજમાં ફરી વાર સજીવન થવાની જે ઝંખના હતી અને જેને સાધુસંતોએ ફરી વાર સીંચી હતી તે ઝંખના શિવાજી મહારાજમાં પ્રગટ થઈ અને એમણે 'હિંદવી સ્વરાજ' ફરી વાર સ્થાપન કરવાની હામ ભીડી.

ખાસ નોંધવા જેવી વાત એ છે કે શિવાજીના મનમાં ઇસ્લામ વિષે, એમના ઓલિયા વિષે કે ધર્મગ્રંથો વિષે લેશમાત્ર તિરસ્કાર ન હતો. મુસલમાનોની મસ્જિદો, રોજાઓ કે મકબરાઓ હિંદુ લોકોએ તોડ્યાનો કયાંયે દાખલો નથી. હિંદુ લોકોને કેવળ પોતાના જ ધર્મ પ્રત્યે

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

નહિ, પણ ધર્મમાત્ર પ્રત્યે શ્રદ્ધા અને આદર હોય છે. માણસને ચડાવનાર વસ્તુ તે ધર્મ. એનો નાશ થવા દઈએ તો માનવતાનો જ નાશ થઈ જાય, એટલું તો હિંદુઓ ઠીક ઠીક જાણતા થઈ ગયા હતા. એમનો જે કાંઈ વાંક હોય તો તે એટલો જ કે જેમ ધમણ ચલાવી અગ્નિને પ્રજ્વલિત રાખવામાં આવે છે તેમ જીવનના શુદ્ધીકરણ અને સંસ્કરણ દ્વારા ધર્મનું પણ સંસ્કરણ કરવાની જે જરૂર હોય છે એ તરફ તેઓ પૂરતા જાગ્રત નહોતા.

શિવાજીના વખતમાં સમાજમાં સંતમતની અસર ઘણી ફેલાઈ હતી અને તુકારામ તથા રામદાસ એ બે જબરદસ્ત ધર્મસુધારકો ધર્મસેવા કરી રહ્યા હતા. તુકારામે પંઢરપુરની 'વારી'ની સંસ્થા ચલાવી ભક્તિસંપ્રદાયનું સંગઠન કર્યું; જ્યારે રામદાસે ઠેકઠેકાણે પોતાના મઠો અને હનુમાનનાં મંદિરો સાથે અખાડાઓ સ્થાપીને વર્ણાશ્રમ ધર્મનું સંગઠન કર્યું.

એની સાથે સાથે શિવાજીએ પ્રાચીન કાળથી દેશનું રક્ષણ કરતા આવેલા કિલ્લાઓ જીતી લઈ રાજ્યનું સંગઠન કર્યું. ધર્માન્તર કરી ગયેલા સરદારોને પાછા હિંદુધર્મમાં લેવા, સેનામાં હિંદુ સાથે મુસલમાનોને પણ દાખલ કરવા, રાજતંત્રમાં બધી ન્યાતના લોકોને સ્થાન આપવું, જાગીર અને ઇનામ કોઈને નહિ આપવાનો નિયમ કરી રાજ્ય મજબૂત કરવું, સારા લોકોની ભલામણથી આવેલા નિષ્ઠાવાન લોકોને જ સૈન્યમાં અને રાજતંત્રમાં દાખલ કરવા,—આવા આવા માર્ગોએ શિવાજીએ પોતાનું રાજતંત્ર સંગઠિત, મજબૂત અને કાર્યકુશળ (efficient) બનાવ્યું અને ધીમે ધીમે પોતાનું નૌકાસૈન્ય પણ ઊભું કરી વેપાર વધારવાનો પ્રયત્ન કર્યો.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

શિવાજીનો ઇતિહાસ જોતાં સ્પષ્ટ થાય છે કે પોતાના જમાનાથી એ ઘણા આગળ હતા. દરેક કામ વખતસર થવું જ જોઈએ, ધારેલી યોજના ક્રમસર પાર પાડવી જ જોઈએ, થતું ખર્ચ હિસાબ અને પ્રમાણ બહાર ન જ જવું જોઈએ, છૂટેલા હુકમના અમલમાં જરાયે ગફલત ન જ થવી જોઈએ, આ બધી બાબતો વિષે શિવાજીની ચીવટ લગભગ અંગ્રેજોના જેવી હતી. રાજ્ય ચલાવવા માટે અખૂટ દ્રવ્યબળ અને મનુષ્યબળ જોઈએ છે એ શિવાજી પૂરેપૂરું જાણતા હતા, અને તેથી પોતાની બધી શક્તિ વાપરી એમણે એ બંનેનો અઢળક સંગ્રહ કર્યો હતો. શિવાજીના પુત્ર સંભાજીએ પિતાની આ દરેક જાતની કમાણીમાં ઘણો નાશ કર્યો છતાં રાજારામના વખતમાં મહારાષ્ટ્ર, જાતે આવીને લડનાર ઔરંગઝેબ સામે અઢાર વરસ સુધી ઝૂઝયું, એટલું જ નહિ પણ અંતે એ સમ્રાટનો એણે ભોગ લીધો અને પોતાનું સમવાયતંત્ર એણે સ્થાપન કર્યું. આ એક જ વાત શિવાજીની યોગ્યતાનો પૂરતો પુરાવો છે.

શિવાજીના એક સરદારે, તે વખતના રિવાજ પ્રમાણે, લડાઈની લૂંટમાં કલ્યાણના સૂબેદારની ખૂબસૂરત વહુને પકડી આણી શિવાજીને ભેટ આપી. પણ જુવાન શિવાજીએ મનમાં કશું પાપ આણ્યા વગર એને બહેન ગણી વીરપસલી તરીકે એ ગામ ઇનામ આપી માન સાથે પાછી મોકલી. એ યુવતીનું રૂપલાવણ્ય જોઈ શિવાજીએ એટલું જ કહેલું કે 'મારી માતા જો આટલી ખૂબસૂરત હોત તો હું પણ ખૂબસૂરત થાત!'

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

શિવાજીની માતાએ રામાયણ–મહાભારતના આદર્શની કેળવણી પોતાના પુત્રને આપી હતી, અને ધર્મ માટે જીવવું તથા ધર્મ માટે મરવું એ જાતની શિખામણ પણ આપી હતી. શક્તિના ઉપાસક શિવાજીએ દેશની ધર્મશક્તિ ઝળકતી કરી અને હિંદુસ્તાન આગળ એક ઊંચો ઉજ્જ્વલ આદર્શ રજૂ કર્યો. અન્યાય સામે ઝૂઝવું અને કોઈ પણ પ્રસંગે હિંમત ન હારવી, એ એનો જીવનમંત્ર હતો.

૨૫–૫–'૩૮

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

૯

ગુડી પડવો

[એક પત્ર]

[ચૈત્ર સુદ ૧]

આજે અમારું બેસતું વરસ છે. સાયન ગણતરી પ્રમાણે બેસતું વરસ આવતી કાલે ગણાય. વાનરરાજા વાલીના ત્રાસમાંથી દક્ષિણની ભૂમિ છૂટી એના આનંદમાં ઘેર ઘેર ઉત્સવ કરી લોકોએ ગુડીઓ (ધજાઓ) ઊભી કરી હતી, એ રિવાજ દક્ષિણમાં આજ સુધી ચાલે છે. બેસતા વર્ષને ગુડી પાડવા કહે છે.

બેસતે વર્ષે નવો સંકલ્પ કરવાનો હોય છે, કેમ કે બેસતા વર્ષનો દિવસ એ એક જાતની સવાર છે. સવારે જેમ થાક ઊતરી જઈને નવી સ્ફૂર્તિ આવે છે, તેમ બેસતા વરસે નવું પાનું ખોલવાનું હોય છે. અત્યાર સુધી થઈ ગયું એ થઈ ગયું, આજથી નવી વાત, એમ પોતાને સમજાવી માણસ નવો સંકલ્પ કરે છે. નવો સંકલ્પ કરતા પહેલાં

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

સિંહાવલોકન કરવું એ પણ માણસનો સ્વભાવ છે. સિંહાવલોકન એટલે સિંહની પેઠે પાછા વળીને જોવું તે. કહે છે કે ફલંગો ભરી દોડતો સિંહ વચમાં વચમાં થોભીને આપણે કેટલે સુધી આવ્યા, કેટલો રસ્તો કાપ્યો, એનું નિરીક્ષણ કરે છે. પ્રગતિશીલ માણસને પણ એ ટેવ કામની છે. અત્યાર સુધી આપણે કયા કયા સંકલ્પો કર્યા, એમાંથી કેટલા પાર પડ્યા, કેટલા સંકલ્પો સુધારવા પડ્યા, અને કયા જતા કરવા પડ્યા, એનું તારણ કાઢ્યા પછી જ નવો સંકલ્પ હરાવી શકાય. પ્રથમ પ્રથમ માણસ ઉત્સાહમાં આવીને પોતાનો સંકલ્પ બોલી જાય છે. જાણે બોલ્યા એટલે કરી જ નાંખ્યું. બોલવાથી બુદ્ધિ દૃઢ થઈ જાય છે; સ્નેહીઓના સમભાવથી સંકલ્પ પાર પાડવા માટે અનુકૂળતા થાય છે; બોલતાં બોલતાં વિચારો સ્પષ્ટ થાય છે; કાર્યમાં એકાગ્રતા આવી જાય છે; અને પોતા માટે પોતાની વાણીનું જ બંધન તૈયાર થાય છે. પણ બોલવામાં સંયમ હોવો જોઈએ, નહિ તો જૂના લોકો કહે છે તેમ બોલવાથી વરાળ નીકળી જાય છે, ધ્યાન ઢીલું પડે છે, અને સંકલ્પની આવરદા વાણી જેટલી જ થઈ જાય છે. આના જેવો વિચાર કરીને જ પેલો શ્લોક રચાયો છે :

मनसा चिंतितं कार्यं वचसा न प्रकाशयेत्।
अन्यलक्षितकार्यस्य यतः सिद्धिर्न जायते ॥

આ શ્લોક રચનાર કોઈ વ્યવહારુ માણસ હોવો જોઈએ. એની દલીલ આપણે ગળે ઊતરે નહિ, પણ એની શિખામણ ઠીક છે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

બેસતા વરસે સંકલ્પસિદ્ધિને અર્થે એકાદ વ્રત લેવાનું હોય છે. ઉત્તમ વ્રત તે ચિત્તરક્ષા વ્રત.

चित्तरक्षाव्रतं मुक्त्वा बहुभिः किं मम व्रतैः।

છતાં એ મહાવ્રતની મદદ તરીકે એક નાનકડું વ્રત આપણે બધા લઈ શકીએ છીએ. અને તેને માટે બેસતા વર્ષના કે બીજા મુહૂર્તની આવશ્યકતા નથી.

આપણે આપણો અનુભવ તપાસીએ તો આપણને જણાશે કે ઘણી વાર આપણે વસ્તુસ્થિતિ ઊંધી સમજીને આસપાસના લોકોને ગેરઇન્સાફ આપ્યો છે. જેટલી વાર પોતે કરેલો ગેરઇન્સાફ આપણા ધ્યાનમાં આવે તેટલી વાર જો સામા માણસની માફી માગવા જઈએ તો આપણને ખબર પડશે કે ગેરસમજ કરી લેવાની શક્તિ આપણામાં કેટલી છે. ડગલે ને પગલે માફી માગવાના પ્રસંગ એટલા બધા આવશે કે આપણે પોતે શરમાઈ જઈએ. એ વાત છોડી દઈએ તોપણ સામો માણસ પણ આપણી ચંચળ વૃત્તિ જોઈને અકળાઈ જાય. માફી માગીએ તો પોતાની કિંમત ઘટે એવી બીક રહે છે. એને પહોંચી વળીએ તોપણ માફીની કિંમત ઘટી જશે એ બીક સાચી જ છે. હવે માફીની કિંમત ઘટે એ ઠીક કે સામાસામી ગેરસમજ ચાલવા દઈએ એ ઠીક? વ્યવહારકુશળ સમાજ માફીની નિખાલસતા કરતાં પ્રતિષ્ઠાની સ્થિરતા જ વધારે ચાહે છે. પણ એમ કરીને સમાજે શું મેળવ્યું છે?

જેટલી ગેરસમજો આપણા ધ્યાનમાં આવી છે તેમની આ વાત થઈ. પણ જ્યાં આપણને થાય છે કે આ વાત

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

નિશ્ચિત છે, આમાં ગેરસમજને અવકાશ જ નથી ત્યાં પણ કોક વાર ઘોર ગેરસમજ હોય છે. એનું શું કરવું ?

ઉપાય એક જ છે કે કોઈને વિષે અભિપ્રાય બાંધવાની ઉતાવળ જ ન કરવી; બે હેતુનો જ્યાં વિકલ્પ સંભવે ત્યાં સારા હેતુની જ કલ્પના કરવી. માણસનો ઠીક ઠીક પરિચય હોવા છતાં એનું બાહ્ય સ્વરૂપ જ આપણી આગળ ઉઘાડું રહે છે. અંતર જાણવું મુશ્કેલ હોય છે. કેટલાક લોકો પોતાનું અંતર ઉઘાડું કરી જ શકતા નથી. વિચારો કે કલ્પના વ્યક્ત કરવાની ભાષા માણસે કેળવી છે. પણ હૃદય વ્યક્ત કરવાની ભાષા હજી અણખેડેલી જ રહી છે. તેથી માણસ પ્રકટ કરે છે એક અને બીજા સમજે છે બીજું જ. એ દશા બધે ચાલે છે. એટલું ધ્યાનમાં રાખીએ તોયે ઘણું થાય. જે લોકો બહુ બોલે છે, બહુ વાતો કરે છે, વાતૂડિયા કે વિનોદપ્રિય તરીકે ઓળખાય છે તેઓ અંદરથી કેટલા દુઃખી હોય છે એ કોઈ જાણતું જ નથી. બહુભાષી માણસ ઘણી વાર અંતઃકરણનો એકાકી હોય છે એ આપણે સમજી લઈએ તોયે ઘણું થાય. આપણે ઇન્સાફ કરનાર કોણ !

આટલો વિચાર કર્યા છતાં બીજા લોકો વિષે કંઈક આકરા અભિપ્રાય આપણે ધરાવવાના જ. તે વખતે એ જ દોષ આપણા પોતાનામાં કેટલો છે એ તપાસી શકીએ તો કેવું સારું ! જો આપણે પોતાના ગમે તેટલા દોષની પોતાને ક્ષમા કરી શકીએ તો બીજાનો આપણા પૂરતો એકાદ દોષ દરગુજર ન કરીએ ?

જો આટલું કરતાં છતાં અમુક માણસ પ્રત્યે આપણા મનમાં સદ્‌ભાવ ન જ પેદા થાય તો ખટાશના પ્રસંગો

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

લાવવા કરતાં એની સાથેના સંબંધનો સંકોચ કરવો એ જ યોગ્ય છે. જ્યાં સદ્‌ભાવ નથી ત્યાં સહકાર કરવાનો આપણને હક જ નથી. દુનિયામાં શ્રમવિભાગને નામે જે જગદ્‌વ્યાપી સહકાર ચાલે છે તેથી શ્રેય જ થયું છે એમ નથી. આપણા હૃદયનો જેટલો વિકાસ હોય તેટલો જ આપણો વ્યાપ રાખીએ એ યોગ્ય છે. હૃદયથી જ સત્ય સમજાય છે એમ ઋષિઓ કહે છે.

મળીને કામ કરવા માટે 'महामनाः स्यात्' એ વ્રત આવશ્યક છે.

આ કાગળની શરૂઆત તો વિદ્યાર્થીઓને ઉદ્દેશીને કરી હતી, પણ હું જોઉં છું કે એ મેં પોતાને જ ઉદ્દેશીને પૂરો કર્યો છે. એટલે આને પ્રાર્થનામાં વાંચવા કરતાં જે ઇચ્છે તેને વાંચવા દેવો એ ઠીક છે.

ફેબ્રુઆરી, ૧૯૨૬

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

૧૦

રામનવમી

[ચૈત્ર સુદ ૯]

રામજન્મનો આનંદ અપૂર્વ છે. રામજન્મ પહેલાંની સ્થિતિ આદિકવિ વાલ્મીકિએ વર્ણવી છે. વિશ્વામિત્ર જ્યારે ધર્મની રક્ષાને અર્થે એ વિદ્યાર્થીઓની દશરથ આગળ યાચના કરે છે ત્યારે રાજા મોહવશ થઈ પ્રથમ તો ના પાડે છે, પણ તરત જ કર્તવ્યનું ભાન થતાં પોતાના પ્રાણસમાન પ્રિય પુત્રોને ઋષિના હાથમાં સોંપે છે.

હવે રામલક્ષ્મણની રોજની કેળવણી બંધ પડે છે. રાજપુત્રની કેળવણી બહુવિધ હોય છે. અનેક વિષયો તેને ભણવા પડે છે. બધી ઇંદ્રિયોનો વિકાસ થાય એ હેતુથી કુલપતિ વસિષ્ઠે તેમને કેળવવાનો વિચાર રાખેલો, પણ વિશ્વામિત્રે તે બધું ઊંધું વાળ્યું. વિશ્વામિત્ર રાજપુત્રોને પ્રવાસે લઈ ગયા. ત્યાં ઋષિએ તેમનો કુદરત સાથે પરિચય કરાવ્યો. દેશની સ્થિતિ નજરે જોઈ રામચંદ્ર પૂછે: 'આ પ્રદેશમાં

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

આટલી નદીઓ વહે છે, આટલી કુદરતી સમૃદ્ધિ છે, છતાં અહીંયાં આબાદી કેમ નથી ? અને જે થોડી છે તે આવી ભયભીત દશામાં કાં ?'

વિશ્વામિત્ર પછી તે પ્રદેશનો ઇતિહાસ કહેવા લાગે કે, એક વખતે આ પ્રદેશ સુખી હતો, સમૃદ્ધ હતો; પણ પછી પ્રજાભક્ષક અસુરોનું અહીં રાજ્ય થયું, તેથી લોકોની આ દશા થઈ છે; અને પોતાનાં તેજસ્વી નેત્રોથી રામલક્ષ્મણને નિહાળી તે રાજર્ષિ કહે, 'જુવાનો, આ બધો ત્રાસ દૂર કરવાનો ભાર તમારે માથે છે !' સાંઝ પડ્યે વિશ્વામિત્ર આ રાજપુત્રોને રઘુકુળની ઉજ્જ્વળ કીર્તિ સંભળાવે; રાજા દિલીપનો દિગ્વિજય, ભગીરથનું મહાતપ, બધું કહે. સવારે ઊઠી, નાહીધોઈને જ્યારે રામલક્ષ્મણ વંદન કરવા આવે ત્યારે દેશમાં વર્તતો ત્રાસ દૂર કરવાની ખૂબીઓ, ઉપાયો, મંત્રો અને અસ્ત્રો ભણાવે.

આ જ યથાર્થ સ્થિતિ કાવ્યમય ભાષામાં બીજે કેકાણે વાલ્મીકિએ વર્ણવી છે. પ્રસંગ રામજન્મ પહેલાંનો છે. અસુરો ઉન્મત્ત બન્યા છે. શૂર્પણખા આખા દેશને પોતાના તીક્ષ્ણ નખોથી ઉઝરડી રહી છે. ખર અને દૂષણ દેશભર અનીતિ વરસાવી રહ્યા છે. કુંભકર્ણ પ્રજાના મોટા મોટા વર્ગને એમ ને એમ ખાઈ જાય છે. સાત્ત્વિક બુદ્ધિવાળો વિભીષણ રાવણના દરબારમાં ધર્મને નામે અરણ્યરુદન કરે છે. એની સલાહને સામ્રાજ્યમદથી ઉન્મત્ત થયેલા રાક્ષસો હસી કાઢે છે. પોતાના ભાઈ સાથે સહકાર કરવો કે અસહકાર કરવો એનો એ નિર્ણય કરી શકતો નથી. અને રાવણ પોતાના રાજ્યનાં દશવિધ ખાતાંઓ દ્વારા એકમુખી

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

જોહુકમી હાંકે છે. કુદરતી શક્તિઓ તો બિચારી કયાં— નવગ્રહો સુધ્ધાં એને ઘેર પાણીવાસીદાં કરે છે. દુનિયાનો માલિક તે ઈશ્વર કે રાવણ એ વિષે પણ લોકોમાં શંકા ઉત્પન્ન થાય છે. પોતાના બેટમાં રહ્યાં રહ્યાં તે આખા દેશને ખૂણેખાંચરે સુધી દેખી શકે છે, રાવણથી છાનું કશું રહેતું નથી.

રાવણના અભિમાનને સીમા રહી નથી. રાવણ મનમાં અને પોતાના દરબારમાં જાહેરપણે પણ કહે છેઃ 'આ એક શત્રુ મેં હણ્યો. આમ જ બીજાઓને પણ હણીશ. હું સૌથી શ્રેષ્ઠ છું. હું જ સુખોપભોગ કરીશ. સિદ્ધિમાત્ર મારી દાસીઓ છે. મારું બળ સર્વોપરી છે. સૌથી મોટી જાતિ પણ મારી જ છે. મારી જ સંસ્કૃતિ સર્વશ્રેષ્ઠ છે. દુનિયાનું ભલું કરવાનો ભાર મારે જ માથે છે. હું જ દાની છું. સર્વ પ્રકારનાં સુખ મારે માટે જ છે.' આ ગર્વોક્તિ કાઢીને જ રાવણને સંતોષ નથી થતો. બધાઓને મોઢેથી પણ પોતાનાં એ જ ગુણગાન એ ગવડાવે છે. સૌ કોઈ એનાં બંદીજન બની રહ્યાં છે. પંડિતો એની ઇચ્છા પ્રમાણે શાસ્ત્રાર્થ કરી બતાવે છે. પુરાતત્ત્વવિદો એના યશ ઇતિહાસ, ભૂગર્ભ આદિમાંથી ખોળી કાઢે છે. દરેક ગુણી માણસ પોતાની શક્તિ એ મદાન્ધને ચરણે અર્પવામાં જ પોતાને ધન્ય માનવા જેટલો પામર બની ગયો છે!

આવી દશામાં દીનહીન બનેલી પૃથ્વી સરજનહાર પાસે જાય છે અને કહે છેઃ 'પ્રભો! હવે આ ભાર અસહ્ય થયો છે. માનવની માંગલ્ય ઉપરની શ્રદ્ધા ઊડી ગઈ છે. લોકો તપસ્યા છોડી સુરાપાન કરી રહ્યા છે. લંકાની સામ્રાજ્યદેવી

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

રોજ અસંખ્ય પ્રાણીઓના બળિ લઈ રહી છે. શરાબની તો કરોડોની કરોડો રોજ ખાલી થાય છે. દેવોના વહેવારમાત્ર બંધ પડી ગયા છે. આ દશા કયાં સુધી ચાલવાની?' સરજનહાર કહે છેઃ 'હે પૃથ્વી! તું શ્રદ્ધા ન ખો. ચરાચરમાં વ્યાપી રહેલા ઈશ્વરતત્ત્વને શરણ જવાથી દુઃખમાત્રનું નિવારણ થાય છે. રાક્ષસો તેમ જ મનુષ્યો જેમને જંગલી વાનર કહે છે, અનાડી કહે છે, રાક્ષસી સંસ્કૃતિનો જેમને સ્પર્શ થયો નથી, જેઓ માણસ છે કે નહિ એ શંકાથી 'વા–નર' કહેવાય છે એવી ભોળી પ્રજામાં એ ઈશ્વરી શક્તિ પ્રગટ થશે. એમને હાથે જ આ રાવણનો પરાભવ થશે. આર્યાવર્તની માતાઓ પહાડ ઉપર બેસી જે તપશ્ચર્યા કરી રહી છે તે જરૂર ફળશે અને વજ્રકાય વજ્રકૌપીન બાળકો દેશમાં પેદા થશે. ધર્મની ફરી જાગૃતિ થશે અને પરમાત્મા પોતે અવતાર લેશે.' પરમાત્માનો અવતાર થયો એ કેમ સમજવું એવી પૃથ્વીને શંકા ઊઠે છે ત્યારે સરજનહાર કહે છે: 'જ્યારે દેશમાં બ્રહ્મચારીઓ પેદા થશે, જ્યારે ગૃહસ્થો એકપત્નીવ્રતનું પાલન કરશે, જ્યારે વિદ્યાર્થીઓ ધર્મરક્ષક ગુરુઓને વશ રહેશે, જ્યારે માબાપો પોતાનો મોહ છોડી પોતાના પુત્રોને મખ (યજ્ઞ) રક્ષણને અર્થે સોંપી દેશે, જ્યારે ભાઈભાઈઓ અપૂર્વ પ્રેમથી એકબીજા જોડે સંકળાશે, જ્યારે ઉચ્ચ કુળના લોકો પતિત સ્ત્રીઓનો પણ ઉદ્ધાર કરશે, જ્યારે રાજપુત્રો ભીલ અને ગુહક જોડે સમાનભાવે મૈત્રી કરશે, જ્યારે બ્રાહ્મણો પોતાના અભિમાનની એંઠ ત્યાગશે, જ્યારે બ્રહ્મચર્યનું તેજ સત્ય અને ધર્મની સેવા સ્વીકારશે અને જ્યારે પ્રજામાં શ્રદ્ધા જાગશે, જ્યારે ઉચ્ચ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

કુળના તરુણો નગરજીવનના વિલાસો છોડી ગામડે ગામડે અને વનવગડે ફરશે ત્યારે ઈશ્વરનો અવતાર થયો છે એમ માનવું.' પૃથ્વીને સંતોષ થયો, દિલાસો મળ્યો અને તે સ્વસ્થાને શાંત થઈ.

દશરથે તપસ્યા આદરી ધર્મનો અગ્નિ પ્રગટાવ્યો. યજ્ઞપુરુષે પાયસરૂપી ચૈતન્ય આપી દીધું. દુનિયા રાહ જોવા લાગી. સંજોગો પણ અનુકૂળ થવા લાગ્યા. ગ્રહો અને ઉપગ્રહો પરસ્પર અનુકૂળ બન્યા. પાપની ઘડી પૂરી થઈ પુણ્યનો ઉદય થયો. અને રામજન્મ થયો.

તે દિવસે પ્રજાએ આનંદ કર્યો. હજી તો રાવણરાજ્ય ટળી ગયું નહોતું; હજુ તાટકાનો વધ થયો નહોતો, હજુ કાંચનમૃગ મારીચની માયા ઉઘાડી પડી નહોતી, છતાં પ્રજાએ ઉત્સવ કર્યો, કારણકે રામજન્મ થઈ ચૂક્યો હતો. જેમ કોઈ બેદૂત આકાશના મેઘમાં સોળે આના પાક જોઈ લે તેમ પ્રજાએ મેઘશ્યામ રામચંદ્રમાં સ્વાતંત્ર્ય દેખ્યું, ધર્મરાજ્ય દેખ્યું, મુક્તિ દેખી. તે દિવસથી માંડીને આટલા કાળ પ્રજાએ ચૈત્ર શુકલ નવમીએ ઓચ્છવ કર્યો છે, કેમકે તે દિવસે માણસમાં સત્ય ઉપરની, બ્રહ્મચર્ય ઉપરની, ધર્મ ઉપરની શ્રદ્ધા જાગી.

૧૭-૪-'૨૧

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

૧૧

મહાવીરજયંતી

[ચૈત્ર સુદ ૧૩]

૧. મહાવીરસ્વામી

હિંદુધર્મ અને તેની માન્યતાઓ એટલી બધી જૂની થઈ ગઈ હતી કે તેમાં સંસ્કાર કર્યા વગર લોકોને તેમાંથી આશ્વાસન મળે એવું રહ્યું ન હતું. એવો સંસ્કાર કરનાર એક મહાપુરુષ — ગૌતમ બુદ્ધ — નો ઇતિહાસ આપણે જોયો. પણ સંસ્કાર કરનાર તેઓ એકલા જ ન હતા. તેમના વખતના એવા પાંચ છ સંસ્કારકોનાં નામ મળી આવે છે. તેમાં ગૌતમ બુદ્ધ જેટલી જ પ્રસિદ્ધિ પામેલા તો વર્ધમાન મહાવીર જ હતા. વર્ધમાન મહાવીર એ જૈનધર્મના સંસ્થાપક ગણાય છે.

એમ તો જૈન મત બહુ જ પ્રાચીન છે. ભગવાન ઋષભદેવથી તે ધર્મના ૨૪ તીર્થંકર થઈ ગયા. વર્ધમાન મહાવીર એ છેલ્લા તીર્થંકર. ગૌતમબુદ્ધની પેઠે મહાવીર

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પણ બિહાર પ્રાન્તમાં જ જન્મેલા. વૈશાલી નગરી પાસેના એક નાનકડા ગામમાં જ્ઞાતૃ નામના કુળમાં વર્ધમાનનો જન્મ થયો હતો. એમની મા લિચ્છવી રાજા કટકની બહેન હતી. નાનપણથી જ તેમના મનમાં વૈરાગ્ય સ્ફુર્યો, પણ વર્ધમાન ચુસ્ત માતૃપિતૃભક્ત હોવાથી વૃદ્ધોને રાજી કરવા ખાતર યશોદા નામની એક રાજપુત્રી સાથે પરણીને ગૃહસંસાર ચલાવવા લાગ્યા. એમને પ્રિયદર્શના નામની એક કન્યા પણ થઈ હતી. ત્રીસમે વરસે માતાપિતા વિદેહ થયાં અને વર્ધમાન ગૃહસંસારથી છૂટા થયા. તેમણે ઘોર તપ આદર્યું અને પાર્શ્વનાથના પંથમાં દાખલ થઈ શાંતિ મેળવી.

મહાવીરમાં અહિંસાધર્મનો અસાધારણ ઉત્કર્ષ થયેલો આપણે જોઈએ છીએ. લગભગ ચાલીસ વર્ષની ઉંમરથી તેમણે ઉપદેશ શરૂ કર્યો અને તે કામ બત્રીસ વર્ષ સુધી કર્યું. બુદ્ધ ભગવાન મધ્યમ માર્ગનો ઉપદેશ કરતા હતા, જ્યારે મહાવીર વિષયસુખનો આત્યંતિક ત્યાગ પસંદ કરનાર હતા. તપશ્ચર્યા કરીને ઇંદ્રિયનિગ્રહ કરવાની જૂની પરંપરા મહાવીરે ચલાવી અને કાયદંડનું મહત્ત્વ વધારી દીધું. હિંદુસ્તાનમાં બૌદ્ધ સંપ્રદાય એક વખતે બૂબ ફેલાયલો હતો, પણ આજે તે નષ્ટપ્રાય થયો છે. જૈન ધર્મ પણ બૌદ્ધ ધર્મ જેટલો જ ફેલાયેલો જણાય છે, પણ બૌદ્ધ ધર્મની પેઠે એનો નાશ થયો નથી. આજે બંગાળ તરફ, ગુજરાતમાં અને બીજે અનેક ઠેકાણે જૈન લોકોની વસ્તી ઠીક પ્રમાણમાં છે.

બૌદ્ધ ધર્મની પેઠે જૈન ધર્મનો પ્રચાર કરવા માટે કોઈ સમર્થ રાજા તરફથી (ગુજરાતના રાજા કુમારપાળને છોડીએ તો) કે બીજી રીતે પ્રયાસ થયો નથી.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

અહિંસાધર્મનો વિચાર કરતે કરતે સૂક્ષ્મ જીવ કયાં કયાં હોય છે એની તપાસ જૈન લોકોએ સારી પેઠે કરી છે. વનસ્પતિમાં કેટલો જીવ હોય છે, હવામાં તથા પાણીમાં જીવ કેવી રીતે રહે છે વગેરે બાબતોનું તેમણે એક મોટું શાસ્ત્ર રચ્યું છે. જૈન પંડિતોએ સાહિત્યની સેવા ખૂબ કરી છે. સંસ્કૃતમાં અનેક શાસ્ત્રો ઉપર જૈન લોકોએ લખેલા ગ્રંથો છે. જૈન લોકો પણ મૂર્તિપૂજક હોવાથી તેમણે સ્થાપત્યકળામાં અને શિલ્પમાં સવિશેષ ઉન્નતિ કરી છે. ગુજરાતમાં જૈન લોકોએ બાંધેલાં કેટલાંય મંદિરો હિંદુસ્તાનમાં અસાધારણ ગણાય છે. આબુનાં — દેલવાડાનાં દહેરાંની કારીગરી જોઈ બધા દેશના મુસાફરો આશ્ચર્યચકિત થાય છે. કઠણ પથ્થરમાં મીણ અથવા ફૂલની કોમળતા લાવવાની શક્તિ હિંદુસ્તાનના કારીગરોમાં છે એ આ દહેરાં ઉપરથી સ્પષ્ટ થાય છે.

જૈનોમાં શ્વેતાંબર અને દિગંબર એવા ભેદ પડેલા છે. મહાવીરે કૈવલ્યપ્રાપ્તિ પછી વસ્ત્રનો પણ ત્યાગ કર્યો હતો, એટલે તેમની પૂજા વસ્ત્ર સાથે કરવી કે વસ્ત્ર વગર એ મતભેદને લીધે એ પંથો ઊભા થયા અને હવે તો તેમાં પૂજાવિધિ અને કળાના આદર્શનો પણ ભેદ આવી ગયો છે.

જૈનધર્મના પહેલા તીર્થંકર ઋષભદેવનો ઉલ્લેખ શ્રીમદ્‌ભાગવતમાં આવેલો છે. ત્યાં તેમના ત્યાગવૈરાગ્યનું વર્ણન આદરપૂર્વક કરેલું છે. હિંદુ સમાજને સંસ્કારી બનાવવામાં ઋષભદેવનો ફાળો મોટો હતો એમ દેખાય છે. લગ્નવ્યવસ્થા, પાકશાસ્ત્ર, ગણિત, લેખન વગેરે સંસ્કૃતિનાં મૂળ બીજ ઋષભદેવે સમાજમાં નાંખ્યાં એમ કહેવાય છે. આ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

અધું કરીને આખરે બધાનો લાગ કરી ઋષભદેવે પ્રવૃત્તિ અને નિવૃત્તિ બન્નેં માર્ગ લોકો આગળ આચરી બતાવ્યા એમ કહીએ તો ચાલે.

ઋષભદેવ પછી અને મહાવીર પહેલાં બીજા બાવીસ તીર્થંકર થયા. તેમાં છેલ્લા પાર્શ્વનાથના પંથની અસર મહાવીર ઉપર ભારે થઈ. મહાવીરે પોતાના અનુભવથી પાર્શ્વનાથના ઉપદેશમાં ઉમેરો કર્યો અને સંયમધર્મ વધારે સ્પષ્ટ અને સંપૂર્ણ કર્યો. સત્ય, બ્રહ્મચર્ય, અહિંસા અને અસ્તેય રૂપી યમને સંપૂર્ણ બનાવવા તેમણે અપરિગ્રહનું વ્રત તેમાં ઉમેરી દીધું. પાર્શ્વનાથના મત પ્રમાણે પાપનો એકરાર કરવાનો વિધિ મરજિયાત હતો. મહાવીરે તે ફરજિયાત કર્યો.

મહાવીરસ્વામી એ છેલ્લા તીર્થંકર ગણાય છે. તીર્થંકર એટલે પોતે તરી જઈ બીજા અસંખ્ય જીવોને ભવસાગરમાંથી જે તારે છે તે. તીર્થ એટલે આરો. સચ્છાસ્ત્ર રૂપી આરો બાંધનાર તે તીર્થંકર.

જેમ બૌદ્ધ ધર્મમાં બોધિસત્ત્વની કલ્પના છે તેમ જૈન ધર્મમાં તીર્થંકરની કલ્પના છે. વૈદિક ધર્મે જૈન અને બૌદ્ધ ધર્મની નકલ કરી તેવી જ અવતારની કલ્પના ઊભી કરી છે એવો કેટલાકનો મત છે. વિષ્ણુના દશ અવતાર છે એમ મનાય છે. બીજી ગણતરી પ્રમાણે ચોવીશ અવતાર ગણાય છે. દશ અવતારમાં બુદ્ધાવતાર ગણાય છે અને ચોવીસ અવતારમાં ઋષભદેવ છે એ ધ્યાનમાં લેવા લાયક છે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ગૌતમ બુદ્ધની તપશ્ચર્યાની પેઠે મહાવીરની તપશ્ચર્યા પણ બહુ ઉગ્ર હતી. તિતિક્ષાની તેમણે સીમા કરી બતાવી. આ લાટ દેશમાં વીરપ્રભુને ઘણા ઉપસર્ગો ખમવા પડ્યા હતા. પ્રવાસ કરતાં કૂતરાઓ આવી વીરપ્રભુના ઉપર પડતા તથા તેમને કરડતા ત્યારે અહીંના લોકો કૂતરાઓને વારતા નહિ, એટલું જ નહિ પણ ભગવાનને મારતા અને કૂતરાઓને શીશકારીને તેમના તરફ ધસાવતા. પણ મહાવીરે તે બધું સહન કર્યું અને વિજય મેળવ્યો. આજે તે જ દેશમાં મહાવીરની આદરપૂર્વક પૂજા થાય છે.

પાપની જવાબદારી ફક્ત પાપ નહિ કરવાથી મટતી નથી; પાપ ન કરવું, ન કરાવવું અને તેને અનુમોદન પણ ન આપવું, તો જ પાપમાંથી મુક્તિ મળી શકે છે એવો ઉપદેશ મહાવીરસ્વામીએ કર્યો છે. મહાવીરે પાપ સામે સંપૂર્ણ અસહકાર ઉપદેશ્યો છે.

જૈન તત્ત્વજ્ઞાન અને જૈન વિધિઓમાં એક જ વસ્તુ બધે જોવામાં આવે છે, અને તે એ છે કે માણસને સંયમી બનાવી આત્મપ્રાપ્તિ તરફ દોરી જવો. જૈન પરિભાષામાં બાહ્ય પ્રવૃત્તિને 'આસ્રવ' કહે છે. એ આસ્રવમાંથી પરાવૃત થઈ આત્માભિમુખ થવું એનું નામ 'સંવર'.

જૈન ધર્મમાં અને યોગદર્શનમાં ઘણું સામ્ય છે. અહિંસા, સુનૃત, અસ્તેય, બ્રહ્મચર્ય અને અપરિગ્રહ એ પંચ મહાવ્રતો, મૈત્રી, કરુણા, મુદિતા અને ઉપેક્ષા એ ચાર ભાવનાઓ, ધર્મનું દશવિધ લક્ષણ, વગેરે વસ્તુઓ વૈદિક, બૌદ્ધ અને જૈન ધર્મમાં સમાન જ છે. યાત્રા અને વ્રતનું માહાત્મ્ય પણ ત્રણેમાં સરખું જ છે. ભેદ માત્ર પરિભાષાનો છે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

જૈનોમાં દિગમ્બર અને શ્વેતામ્બર ઉપરાંત સ્થાનકવાસી કરીને એક નવો પંથ નીકળેલો છે. તે પંથમાં મૂર્તિપૂજા નથી.

જૈન ધર્મમાં પુરાણો પણ સારી પેઠે છે. તેમાં કેટલીક કથાઓ વૈદિક પુરાણોની કથાઓ સાથે કેટલેક અંશે મળતી આવે છે. જૈન પુરાણો, શાક્ત પુરાણો અને વૈદિક પુરાણોની સરખામણી કરવાથી પુરાણોમાં ઐતિહાસિક ભાગ કેટલો હશે અને તેનું સ્વરૂપ કેવું હોવું જોઈએ એ વિષે અટકળ કરી શકાય તેમ છે. આ દૃષ્ટિએ જૂના સાહિત્યનો હજી પૂરતો ઉપયોગ થયો નથી.

બૌદ્ધ તેમ જ જૈન ધર્મમાં ગમે તે માણસનો પ્રવેશ થઈ શકે છે અને ગમે તે જાતિનો માણસ ભિક્ષુ અથવા યતિ થઈ શકે છે. જૈન અને બૌદ્ધ ધર્મમાં જાતિભેદ વિષે ઉદાસીનતા છે, વખતે વિરોધ પણ હોય. પછી જાતિભેદનો સડો જે અસ્પૃશ્યતા—તેને જૈન ધર્મમાં સ્થાન ક્યાંથી જ હોય?

૧૯૨૩

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

૨. વિશ્વધર્મ

(છૂટાછવાયા વિચારો)

'મહાવીર' એ નામ શ્રીવિષ્ણુને લગાડવામાં આવ્યું છે. તેનું વાહન ગરુડ એને પણ મહાવીર કહે છે. શ્રી રામચંદ્રજીને પણ મહાવીર કહે છે. શ્રી રામચંદ્રજીનો એકનિષ્ઠ સેવક હનુમાન પણ મહાવીર જ છે. આજે આપણે શ્રીપાર્શ્વનાથના અનુગામી વર્ધમાનને મહાવીર તરીકે ઓળખીએ છીએ.

'મહાવીર' શબ્દથી શો અર્થબોધ થાય છે? સર્વત્ર વ્યાપીને, આસુરી શક્તિનો પરાજય કરીને વિશ્વનું પાલન કરે છે તે વિષ્ણુ મહાવીર છે. અમૃત મેળવી શકે એવો શક્તિમાન માતૃભક્ત ગરુડ તે મહાવીર. પિતાનું વચન પાળવા ખાતર, પ્રજાનું કલ્યાણ કરવા ખાતર અને ધર્મનિષ્ઠાનો આદર્શ સ્થાપવા ખાતર રાજ્ય, સુખ અને પત્નીનો ત્યાગ કરનાર શ્રીરામચંદ્ર તે મહાવીર. કશા બદલાની ઇચ્છા રાખ્યા વગર સેવા કરનાર અને શક્તિનો ઉપયોગ શિવની સેવામાં જ કરનાર બ્રહ્મચારી સેવાનન્દ હનુમાન તે મહાવીર. માતૃભક્તિ, સુખનો ત્યાગ, ભૂતમાત્ર વિષેની અપાર દયા અને ઇંદ્રિયજયનો ઉત્કર્ષ બતાવનાર જ્ઞાતૃપુત્ર વર્ધમાન તે પણ મહાવીર. આર્ય જાતિએ સર્વોચ્ચ સદ્‌ગુણોની જે મનોમય મૂર્તિ કલ્પી છે, જે આદર્શ રચ્યો છે તેને પહોંચનાર વ્યક્તિ તે મહાવીર. વિજય મેળવે તે વીર. અંતર્બાહ્ય દુનિયા પર વિજય મેળવે તે મહાવીર. વીર એટલે આર્ય. મહાવીર એટલે અર્હત.

* * *

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

હિંદુધર્મ રાષ્ટ્રીય ધર્મ છે. એક મહાન રાષ્ટ્રનો ધર્મ હોવાથી તેને મહારાષ્ટ્રીય ધર્મ પણ કહી શકાય. પણ હિંદુ ધર્મનાં તત્ત્વો સાર્વભૌમ છે, વિશ્વધર્મનાં છે, તેનો ફેલાવો સર્વત્ર થઈ શકે એમ છે. હિંદુધર્મે મનુષ્યજાતિનો જીવનધર્મ શોધી કાઢ્યો છે. કઈ શરતે મનુષ્યકોટિ શાન્તિથી રહી શકે, ઉત્કર્ષ પામી શકે, પરમતત્ત્વને ઓળખી શકે અને મેળવી શકે એ હિંદુધર્મે કયારનું નક્કી કર્યું છે. 'स्वल्पमप्यस्य धर्मस्य त्रायते महतो भयात्,' 'न हि कल्याणकृत्कश्चिदुर्गतिं तात गच्छति,' 'धर्मो रक्षति रक्षितः' એવી શ્રદ્ધા કે અનુભવ આ ધર્મે નોંધી રાખ્યો છે. છતાં હિંદુધર્મ પ્રચારપરાયણ (મિશનરી) ધર્મ નથી. પોતાનો ધર્મ દુનિયામાં ફેલાવવો એ હિંદુધર્મનો આગ્રહ નથી. હિંદુ પોતાનો ધર્મ પોતાના આચરણમાં ઉતારવાનો જ પ્રયત્ન કરે છે. તેમાં જો તે સફળ થાય તો તેની છાપ પડોશીઓ પર પડવાની જ. છાપ પાડવા જવું એમાં અધીરાઈ અને ઉતાવળ છે, એટલે કે જીવનની કચાશ છે, એમ માની હિંદુ વધારે પ્રયત્નપૂર્વક આત્મશુદ્ધિ જ કરવાનો.

સામાજિક હિંદુધર્મ એટલે આ સનાતન તત્ત્વો આપણી વિશિષ્ટ જાતિને અનુકૂળ કરવાનો પ્રયત્ન. જુદો સમાજ આ જ તત્ત્વો જુદી રીતે પોતાના જીવનમાં ઉતારી શકે છે. હિંદુધર્મનાં આ સનાતન તત્ત્વો સમાજમાં દાખલ કરવાના અનેક અખતરાઓ આ દેશમાં થયેલા છે. ૩૬ સનાતન ધર્મ આ દેશ બહાર બિલકુલ ફેલાયો નથી. ફેલાવવાના પ્રયાસો કોઈ કાળે થયા છે કે નહિ તે આપણે જાણતા નથી. આ દેશમાંથી જ તે ૩૬ સનાતન ધર્મ નામશૂદ્ધ કરવાના પ્રયાસો થયા

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

છે. તે પ્રયાસો નિષ્ફળ ગયા છે એટલું આપણે જાણીએ છીએ. પણ રૂઢ સનાતન પદ્ધતિ છોડીને બીજી ઢબે થયેલા અખતરાઓ દુનિયામાં સારી પેઠે ફેલાયા છે. બૌદ્ધ ધર્મ એનો સાક્ષી છે, બૌદ્ધ ધર્મ એ જ પહેલવહેલો મિશનરી ધર્મ દેખાય છે. એના પહેલાં મિશનરી કાર્ય થયું હોય તો આપણે તે ચોકસ રીતે જાણતા નથી. વર્ણવ્યવસ્થા-વાળો જીવનધર્મ પ્રચારક ન જ થાય એમ પણ લાગે છે. (જીવનધર્મ એટલે ફક્ત માનવા માટે રચેલો ધર્મ નહિ પણ જીવવા માટે રચેલો ધર્મ.)

બૌદ્ધ અને જૈન ધર્મમાં પુષ્કળ ભેદ છે, છતાં બંનેમાં સામ્ય પણ ઓછું નથી. બંને મિશનરી ધર્મ થવાને લાયક છે. બંને વિશ્વધર્મ છે. સ્યાદ્વાદરૂપી બૌદ્ધિક અહિંસા, જીવદયારૂપી નૈતિક અહિંસા, અને તપસ્યારૂપી આત્મિક અહિંસા (ભોગ એટલે આત્મહત્યા — આત્માની હિંસા. તપ એટલે આત્માની રક્ષા — આત્માની અહિંસા.) જે ધારણ કરી શકે તે જ વિશ્વધર્મ થઈ શકે, તે જ અકુતોભય વિચરી શકે. 'यस्मान्नोद्विजते लोको लोकान्नोद्विजते च यः' એ વર્ણન તેને જ લાગુ પડી શકે છે. આ પ્રસ્થાનત્રયી સાથે તમામ દુનિયાની યાત્રા થઈ શકે છે. આત્માની શોધમાં આ જ પાથેય કામ આવે એવું છે.

* * *

મિશનરી ધર્મ તત્ત્વને વફાદાર રહે પણ પોતાના રૂપ વિષે આગ્રહ ન રાખે. દેશ તેવો વેશ એ નિયમ ધર્મને પણ—

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ખાસ કરીને વિશ્વધર્મને લાગુ પાડી શકાય છે. વિશ્વધર્મ સાચેસાચો વિશ્વધર્મ હોય તો પોતાના નામનો પણ આગ્રહ ન રાખે. બૌદ્ધધર્મનાં કેટલાંયે રૂપો થયેલાં છે.

* * *

વિશ્વધર્મ એક જ હોય એમ માનવાનું કારણ નથી. જેમ કોઈ ઓરડીમાં રાખેલા ચારપાંચ દીવા પોતપોતાનો પ્રકાશ ઓરડીમાં બધે ફેલાવે છે, આખી ઓરડીનું રાજ્ય ભોગવે છે, અને છતાં પોતાનું વ્યક્તિત્વ જાળવી શકે છે, તેમ અનેક વિશ્વધર્મ એકીસાથે તમામ દુનિયાનું રાજ્ય ભોગવી શકે. ધર્મમાં અદેખાઈ કે મત્સર કયાંથી હોય? એક સ્થાનમાં બે તલવાર ન રહે. એક દરબારમાં બે મુત્સદ્દીઓ કારભારું ન કરે પણ એક દુનિયામાં ગમે તેટલા ધર્મ એકસાથે સામ્રાજ્ય ભોગવી શકે, કેમકે ધર્મ તો અહિંસક જ હોય. ધર્મ એટલે જ અદ્રોહ. જ્યાં ધર્મ ધર્મ વચ્ચે ઝઘડાઓ ચાલે છે અને સંખ્યાબળની ધાંધલધમાલ દેખાય છે ત્યાં જાણી લેવું કે ધાર્મિકતા રહી નથી, ધર્મને નામે અધર્મ શિરજોરી ચલાવી રહ્યો છે, ધર્મનું વીર્ય ક્ષીણ થયું છે. આવી સ્થિતિમાંથી જે ધર્મવીર હોય, મહાવીર હોય તે જ દુનિયાને ઉગારી શકે.

* * *

અહિંસાનું પૂરેપૂરું સ્વરૂપ આપણે જાણવું જોઈએ. અહિંસા એ મહાવીરનો ધર્મ છે, તમામ દુનિયાને જીતવાની હોંશ રાખનાર જિનેશ્વરનો ધર્મ છે. દુનિયાના એક ખૂણામાં પણ જ્યાં સુધી હિંસા વર્તી રહી હોય ત્યાં સુધી એ અહિંસા-ધર્મ પરાજિત જ છે. કૃત્રિમ રીતે ભરણપોષણ આપી સૂક્ષ્મ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

જંતુઓને જિવાડવા એથી અહિંસાધર્મને સંતોષ ન હોવો જોઈએ. મહાવીરની પેઠે તમામ દુનિયાનું દર્દ — પાંચે ખંડનું દર્દ મહાવીરે તપાસવું જોઈએ. અને પોતાની પાસેનું સનાતન ઔષધ ત્યાં ત્યાં પહોંચાડવું જોઈએ. મહાવીરના અનુયાયીઓએ હૃદયની વિશાળતા અને ઉત્સાહનું શૌર્ય કેળવી બધે પહોંચી જવું જોઈએ. સંગ્રામના વીર શસ્ત્રાસ્ત્ર લઈને દોડે. અહિંસાના વીર આત્મશુદ્ધિ અને કરુણાર્થી સજ્જ થઈ દોડે. તમામ દુનિયાનો અપાસરો બનાવવો જોઈએ. નાનકડા અપાસરામાં કેટલાને આશ્રય મળી શકે?

૨૭–૪–'૨૪

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

૧૨

લોકોનો હનુમાન

[ચૈત્ર સુદ ૧૫]

હિંદુધર્મની ખૂબી એ છે કે એનાં ચિત્રો નાના, મોટા, અભણ, ભણેલાં ઉચ્ચ અભિરુચિવાળા તેમજ ભોળા બધા જ લોકોને પ્રિય થઈ પડે એવાં દોરેલાં હોય છે.

માણસ માણસ વચ્ચે જેટલો રાગદ્વેષ હોય છે તેવો મનુષ્યેતરો વિષે નથી હોતો. પશુ-પક્ષીઓ પ્રત્યે આપણો સમભાવ સ્વાભાવિક હોય છે. એમના પ્રત્યે કાં તો કૌતુક-ભાવ હોય અથવા દયાભાવ હોય અથવા ઉપેક્ષા હોય પણ ઈર્ષા, મત્સર, અદેખાઈ એવા મિશ્ર અને હીન ભાવ નથી હોતા. એટલે પુરાણકારોએ કેટલાક આદર્શોનાં ચિત્રો પશુ-પક્ષીઓના રૂપમાં ચીતર્યાં છે. આદર્શ બ્રહ્મચારી, આદર્શ સચિવ, આદર્શ ભક્ત-સેવક, અને નિષ્કામ સમાજ-હિતકર્તા હનુમાનનું ચિત્ર એટલું ભવ્ય છે કે માણસકોટીમાં એ સાચું નહિ લાગે એટલે વાલ્મીકિએ એને વાનરનું રૂપ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

આપ્યું. 'વા–નર' એટલે ઊતરતો નર. પણ હનુમાનની બાબતમાં એ નરશ્રેષ્ઠોમાં પણ શ્રેષ્ઠ છે; બુદ્ધિમતાં વરિષ્ઠ છે.

વાલ્મીકિએ માણસમાં એ જ ગુણોનો ઉત્કર્ષ બતાવવા સારુ લક્ષ્મણ ચીતર્યો. ચૌદ વર્ષ સુધીનું એનું બ્રહ્મચર્ય, કંદમૂલ ફલાહાર સાથે એણે નભાવ્યું. રામ સીતાની સેવા એણે અનન્ય નિષ્ઠાથી કરી પણ એ માણસ રહ્યો. એને સીતાનું મહેણું સહન કરવું પડ્યું.

ભરત પણ એવો જ આદર્શ રાજસેવક, રાજભક્ત. ભરત કરતાં શ્રેષ્ઠ એવો વાઇસરૉય દુનિયામાં કોઈએ જોયો નથી. પણ એ પણ માણસ જ રહ્યો. એટલે જ કૈકેયીએ એને વિષે ઊતરતો ખ્યાલ બાંધી દશરથ પાસેથી એને માટે રાજ્ય માગી લીધું. એ માણસ હતો એટલે જ આવી રીતે કૈકેયી એનું અપમાન કરી શકી. એ વાત જવા દઈએ. આદર્શ ભાઈ લક્ષ્મણ પણ એકવાર—ભલે એક જ વાર —ભરત વિષે વહેમાયો. માણસ માણસ વચ્ચે આના કરતાં શ્રેષ્ઠ સંબંધ કયાંથી આણીએ ?

આમ હાર્યા પછી માણસની માટી છોડી વાલ્મીકિએ વાનરની માટી હાથમાં લીધી અને એમાંથી હનુમાન બનાવ્યો અને ત્યાં એ સફળ થયો.

૨

વાલ્મીકિએ હનુમાનને વાનર બનાવ્યો અને જનસમુદાયમાં સ્વભાવમાં રહેલી વાનરવૃત્તિ એણે જગાડી. હનુમાન વાનર છે એ વસ્તુ પકડીને લોકોએ વાલ્મીકિ રામાયણમાં નથી એવી કેટલીએ વાર્તાઓ જોડી કાઢી છે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

વાલ્મીકિરામાયણ, અધ્યાત્મરામાયણ, આનંદરામાયણ, અદ્‌ભુતરામાયણ, સીતારામાયણ, તુલસીરામાયણ, કૃત્તિવાસ-રામાયણ, કંબનરામાયણ, મંત્રરામાયણ, 'પરંતુ'રામાયણ, દામરામાયણ એવાં એવાં અગણિત રામાયણો છે. દરેકનો હનુમાન જુદો છે. જેવી કર્તાની ભૂમિકા. લોકોને ચાળા ગમે છે. બાળકોને આચરણમાં, મોટેરાંઓને ભલે સ્મરણમાં, પણ ચાળા તો જોઈએ જ. અને તેથી જ લોકોએ હનુમાનની નવી નવી આવૃત્તિઓ કાઢી છે. આવી રીતે હનુમાન લોકમાન્ય થયો પણ એને માટે એને ખમવું પણ ખૂબ પડ્યું છે. કયાં પોતાના રાજાને વચનદુર્બળ થયેલો જોઈ એની ઝાટકણી કાઢનાર સચિવ હનુમાન અને કયાં રાવણના નાકમાં પોતાની પૂંછડીનો ઝીણો છેડો ઘાલી એને છીંક આણી એનો મુકુટ પાડનાર મરકટ હનુમાન. પ્રજારંજક રાજાને જેમ પ્રજાને હાથે સોસવું પડે છે; પ્રજાસેવક લોકનાયકોને પ્રજાની ભક્તિ તળે બેહાલ થવું પડે છે; મહાત્માઓની જેમ લોકમાનસમાં ચિત્રવિચિત્ર આવૃત્તિઓ તૈયાર થાય છે; તેમજ રાષ્ટ્રીય કે ધાર્મિક ગ્રંથોને — પ્રજાકીય આદર્શોને પણ લોકસુલભ વિકૃતિથી હેરાન થવું પડે છે.

પણ એમાં જ એની ઉપયોગિતા રહેલી છે. એમાં જ એની સર્વભૌમ લોકમાન્યતા રહેલી છે. એમાં જ આદર્શોનું ચિરંજીવિત્વ રહેલું છે.

૩

હનુમાન પોતાને રામસેવક માનતો હતો. રામે કોઈ કાળે પોતાને હનુમાન-સ્વામી માન્યો છે? રામના હૃદયમાં

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

હનુમાન પ્રત્યે કેવો ભાવ હશે? મુરબ્બીપણાનો? પિતૃ-વાત્સલ્યનો? બંધુપ્રેમનો? કે કૃતજ્ઞતાબુદ્ધિનો?

નારદને એકવાર એ શંકા આવી. નારદ ઊઠ્યા અને ચાલ્યા રામને જ પૂછવા. નારદ પોતે દુનિયાના ખબરપત્રી; બીજા મારફતે મળેલા સમાચાર એને કામ ન આવે. જાતે જ મુલાકાત લે એના કરતાં કંઈ શું? પણ બિચારાને તે જ દિવસે કડવો અનુભવ મળ્યો. દ્વારપાળ અંદર જવા ન દે કહે કે, "મહારાજ રામચંદ્ર પૂજામાં બેઠા છે. અત્યારે અંદર ન જવાય. પૂજા પૂરી થવા દો પછી સુખેથી અંદર જાઓ." આભા બનેલા નારદ ઋષિ મનમાં વિચાર કરે છે, રામ તો પ્રત્યક્ષ પરમેશ્વર, ત્રિલોકના સ્વામી, બ્રહ્મા ચારે વેદ ગાઈને થાક્યો પણ રામરહસ્ય સમજી ન શક્યો, યોગી-રાજ શંકર હળાહળ પી ગયો ત્યારે રામનામથી જ એને શાંતિ મળી. એવા એ ભૂતનાથ અને શરણ્ય શ્રીરામચંદ્ર વળી કોની પૂજા કરતા હશે. નારદને અપમાન કરતાં કુતૂહલ વધારે અસહ્ય થઈ પડ્યું. એક એક પળ જુગજુગ જેવડી લાંબી લાગી. આખરે રજા મળી. અંદર જઈને જુએ છે તો શું? કેટલીએ સુંદર સુંદર સોનાની મૂર્તિ આગળ રાખી રામચંદ્રજી આરતી ઉતારે છે. તેત્રીસ કરોડમાંથી આ કયા ધન્ય દેવો કે જેની રામચંદ્રજી ઉપાસના કરે છે. નારદ તાકીને જોવા લાગ્યા.

અરે આ તો લક્ષ્મણ, પેલો ભરત અને એથીયે ઊંચે બેસાડ્યો છે ભક્તરાજ હનુમાન. અહો આશ્ચર્ય! અહો આશ્ચર્ય! નારદે કેટલીએ વાર ભગવાનનાં સહસ્ર નામો ગાયાં

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

હતાં પણ ભક્તનો ભક્ત એ ઈશ્વરનું નામ એણે જાણ્યું ન હતું.

અને જ્યારે નારદે હનુમાનની પડખેથી ઊભી ચોટલીની નાનકડી મૂર્તિ જોઈ ત્યારે તો બિચારા શરમના માર્યા પાણી પાણી થઈ ગયા. અને મુલાકાતના સવાલો પૂછ્યા વગર સંછિન્નસંશય ત્યાંથી પાછા ફર્યા.

માર્ચ, ૧૯૨૯

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

૧૩

પરશુરામ અને બુદ્ધ

[વૈશાખ સુદ ૩]

જેમ દ્રૌપદી અને સીતા એ બે જુદા જુદા જ આદર્શ છે, તેમ રામ અને કૃષ્ણ એ પણ જુદા જુદા આદર્શ છે. પ્રાચીન કાળથી આપણે એ આદર્શો વચ્ચેનું સાધર્મ્ય અને વૈધર્મ્ય, સામ્ય અને વૈષમ્ય જોતા આવ્યા છીએ. આખરે આપણે બન્ને આદર્શનો સાર આપણા જીવનમાં ઉતારી તે બન્નેનો સમન્વય કરી નાખ્યો છે. જે દિવસે આવો સમન્વય આપણે કર્યો તે જ દિવસે રામકૃષ્ણ એ સામાસિક નામ આપણને સૂઝયું. રામ તે જ કૃષ્ણ, શાન્તા તે જ દુર્ગા, શિવ તે જ રુદ્ર, જનાર્દન તે જ વિશ્વંભર — એ જે દિવસે આપણને સૂઝયું તે દિવસે હિંદુ તત્ત્વજ્ઞાનને સમાધાન મળ્યું. તાત્ત્વિક ખોજમાં એક પૂર્ણવિરામ આવ્યો; પૂર્ણવિરામથી નવું વાકય શરૂ થાય છે. એ આદર્શોના વિવાહથી નવી સૃષ્ટિ ઊપજે છે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પરશુરામ અને બુદ્ધ બંને વિષ્ણુના જ અવતાર ગણાય છે. પણ આપણે કોઈ કાળે તેમને કલ્પનાક્ષેત્રમાં પણ પાસે પાસે આણ્યા છે? પરશુરામ અને બુદ્ધ! એ વચ્ચે સાધર્મ્યનો કે વૈધર્મ્યનો કંઈ સંબંધ છે ખરો?

પરશુરામ બ્રાહ્મણ ક્ષત્રિય છે; ભગવાન બુદ્ધ ક્ષત્રિય બ્રાહ્મણ છે. પરશુરામે બ્રાહ્મણ હોવા છતાં મન્યુ (ક્રોધ) ને છૂટ આપી શરીરબળ પર જ આધાર રાખ્યો. શાક્યમુનિએ રાજવંશી હોવા છતાં ક્ષમાને પ્રધાનપદ આપી આત્મિક બળનું ગૌરવ વધાર્યું. પરશુરામને ક્ષત્રિયની સત્તા પ્રજાપીડક જણાઈ. ઈશ્વરે મનુષ્યને બે જ બાહુ આપેલા છે, અને તે પણ ઉદ્યોગને માટે. ક્ષત્રિયો જો સહસ્રબાહુ બની જાય અને દરેક બાહુ જો શસ્ત્ર ધારણ કરે તો દીન સમાજ જાય કયાં? રક્ષણને માટે ક્ષત્રિય હોય છે; તે જ જ્યારે પ્રજાભક્ષક બની જાય ત્યારે પ્રજાનું રક્ષણ કોણ કરે? પરશુરામને સૂઝયું કે ક્ષત્રિયોનો શાસ્તા બ્રાહ્મણ છે. વાત સાચી છે; પણ ક્ષત્રિયોનું શાસન કરવામાં બ્રાહ્મણે પોતાનું બ્રાહ્મણ્ય તો ન જ ખોવું જોઈએ. પરશુરામે હાથમાં ભારે પરશુ લઈ સહસ્રબાહુના હાથ છેદવાનું શરૂ કર્યું. ક્ષત્રિયોનો કેર દૂર કરવા માટે ક્ષત્રિયો પર એકવીસ વાર કેર વર્તાવ્યો.

પરશુરામે ક્ષત્રિયના બધા ગુણ કેળવ્યા હતા. ક્ષત્રિય એટલે સિપાઈ; સરદારનો હુકમ એક ક્ષણનો પણ વિચાર કર્યા વગર તેણે ઉઠાવવો જોઈએ. માતૃભક્ત પરશુરામે પિતાનો હુકમ થતાં વાર માતાનો શિરચ્છેદ કર્યો. બ્રાહ્મણ ઐશ્વર્યથી દૂર જ રહે છે. ક્ષત્રિય હોય તે જ પૃથ્વી જીતે

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ને દાન કરે. પરશુરામે 'જીત અને દાન'નો રસ્તો પસંદ કર્યો.

હવે બુદ્ધ જુઓ. તેમણે રાજ્યનો ત્યાગ જ કર્યો, પોતાની શાન્તિ દ્વારા માર પર વિજય મેળવ્યો, કરુણાનો પ્રચાર કર્યો. પરશુરામને લીધે ક્ષત્રિયો ભયભીત થયા અને તેમણે આત્મરક્ષણને અર્થે સંઘબળનું સામ્રાજ્ય સ્થાપ્યું. ભગવાન બુદ્ધને લીધે તેમના શિષ્યો નિર્વૈર થયા અને તેમણે અભયનું સામ્રાજ્ય સ્થાપ્યું.

પરશુરામના કાર્યની અસર તેના વખતમાં ગમે તેટલી થઈ હોય, આજે તે નહિ જેવી જ છે. પરશુરામને લીધે સામ્રાજ્યની કલ્પના ઉદ્ભવી. સામ્રાજ્યની કલ્પનાએ દિગ્વિજયનો મોહ પેદા કર્યો. અને દિગ્વિજયની કલ્પના એટલે નિરંતર વિગ્રહ. ભગવાન બુદ્ધે ધમ્મપદમાં કહ્યું છે તેમ જીત એ કલહનું મૂળ છે, કારણ પરાજિત વ્યક્તિના હૃદયમાં અપમાનનું શલ્ય સાલતું જ રહે છે અને તે દુનિયાને શાન્તિ ભોગવવા દેતું નથી.* ભગવાન બુદ્ધની અસર પરશુરામ કરતાં ઊંડી પણ થઈ અને વ્યાપક પણ થઈ. પરશુરામનો માર્ગ હિંસાનો હતો; બુદ્ધ ભગવાનનો અહિંસાનો. હિંસામાં વીર્ય નથી. હિંસાએ અત્યાર સુધી ન તો કોઈ સારા તત્ત્વોનો નાશ કર્યો છે કે ન તો કોઈ નઠારા તત્ત્વનો. હિંસાએ દુષ્ટ લોકોનાં શરીરનો નાશ કર્યો છે તેમ સજ્જન લોકોનાં શરીરનો પણ તેટલો જ નાશ કર્યો છે.

---

* જયં વેરં પસવતિ દુક્ખં સેતે પરાજિતો ।
ઉપસંતો સુખં સેતિ હિત્વા જય પરાજયં ॥

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પણ દુનિયામાં રહેલાં સજ્જનતા તેમજ દુર્જનતા હિંસાથી અસ્પૃષ્ટ જ રહેલાં છે.

અહિંસાનો વિજય સ્થાયી હોય છે, પણ તે રાજ્યસત્તાની મદદ વગર થયેલો હોય તો. સત્ય અને સત્તા પરસ્પર વિરોધી છે. જ્યારે જ્યારે સત્યે સત્તાની મદદ લીધી છે ત્યારે ત્યારે સત્ય અપમાનિત થયું છે અને અપંગ બન્યું છે. સત્યનો શત્રુ અસત્ય નથી. અસત્ય એ અભાવરૂપ છે, અંધકારરૂપ છે. સત્યને અસત્ય સામે લડવું પડતું નથી. જ્યાં સત્યનો પ્રકાશ પહોંચ્યો નથી ત્યાં જ અસત્યનો અંધકાર હોય છે. અસત્યને સ્વતંત્ર અસ્તિત્વ જ નથી. સત્યનો શત્રુ સત્તા છે. પરશુરામે સત્તા દ્વારા — બળના પ્રભાવ દ્વારા સત્યનો એટલે ન્યાયનો પ્રચાર કરવા ધાર્યો. બુદ્ધ ભગવાનના અનુયાયીઓએ પણ સામ્રાજ્યની પ્રતિષ્ઠાથી જ્યારે સત્યનો પ્રચાર કરવા ધાર્યો ત્યારે સત્ય લજ્જાથી સંકુચિત થયું.

હવે વખત આવ્યો છે કે જ્યારે પરશુરામની ન્યાયનિષ્ઠાનું અને બુદ્ધ ભગવાનની અવેરનિષ્ઠાનું મિલન થવું જોઈએ. મનમાં છાંટાભાર દ્વેષ કે ઝેર રાખ્યા વગર અન્યાયની સામે થવું, સત્તા સામે ઝૂઝવું એ જ આજનો યુગધર્મ છે. સત્યાગ્રહ એ એ જ નથી?

૧૯૨૨

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

૧૪

ધર્મમણિ શંકરાચાર્ય

[વૈશાખ સુદ ૧૦]

આ કળિકાળના યાજ્ઞવલ્ક્ય અને વ્યાસ તે આપણા શંકરાચાર્ય. મુહૂર્તં જ્વલિતં શ્રેયઃ ન ચ ધૂમાયિતં ચિરમ્ એ જાણે એમનો જીવનમંત્ર હતો. બત્રીસમે વરસે હિમાલયમાં દેહ છોડીને પરમાત્મામાં વિલીન થનાર આ સંન્યાસીની વિભૂતિ હિમાલય કરતાં જરાયે ઓછી ન હતી. જ્યાં કાળા પથરા અને ધોળા બરફ વગર કશું મળે જ નહિ એવી હિમાલયની શોભા સાથે શંકરાચાર્યનું અદ્વૈત વેદાન્તનું તત્ત્વજ્ઞાન સરખાવી શકાય. વનસ્પતિને જ્યાં અવકાશ જ નથી એવા હિમાલયમાંથી જ વનસ્પતિસૃષ્ટિની અને તેથી પ્રાણિમાત્રની માતાઓ સિંધુ, સતલજ, ગંગા, યમુના, સરયૂ અને બ્રહ્મપુત્રા જેવી નદીઓ જેમ નીકળે છે અને દેશને સમૃદ્ધ કરે છે એવી જ રીતે શંકરાચાર્યના અદ્વૈત સિદ્ધાંતમાંથી જ્ઞાન, ભક્તિ, કર્મ અને ઉપાસનાની નદીઓ વહે છે અને હિંદુધર્મને આજનું બહુરૂપી સમૃદ્ધ અને સંગઠિત રૂપ આપી દે છે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

શંકરાચાર્યના જીવનમાં કરુણ અને અદ્‌ભૂત; વીર અને શાંત બધા જ રસ ભરેલા છે. શંકરાચાર્યની માતૃભક્તિ એમની પ્રખર જ્ઞાનનિષ્ઠા કરતાં જરાયે ઊતરતી ન હતી. વાસનાઓ ઉપર વિજય મેળવનાર એ વૈરાગ્યવીર હૃદયધર્મને બેવફા થયા ન હતા.

ડાહ્યા લોકોએ બીકણ થઈને સંન્યાસધર્મને હિંદુધર્મમાંથી રજા આપી હતી. એ સંન્યાસધર્મનો શંકરાચાર્યે પુનરુદ્ધાર કર્યો. અને સંન્યાસીઓનાં દશ જુદા જુદા પંથો સ્થાપન કરી આપ્યા. સંન્યાસીઓના દૃઢ ધર્મને ઊંચે મૂકી એમણે અંતકાળમાં પોતાની માતાની સેવા કરી એનું શ્રાદ્ધ પણ કર્યું. ભેદમાત્રનો નાશ કર્યા છતાં ભક્તિમાર્ગની ભીનાશથી હિંદુધર્મને એમણે સજીવન કર્યો. અને આ દુનિયાને માયારૂપ ઠરાવતાં છતાં એ જ દુનિયાની ધર્મસંસ્થા સંશુદ્ધ કરી, એનું સંગઠન કર્યું.

પુરી, બદરીનારાયણ, દ્વારકા અને શૃંગેરી એ ચાર છેડે ચાર મઠ સ્થાપી શંકરાચાર્યે ધર્મનું અધ્યયન, ધર્મનો પ્રચાર અને ધર્મવ્યવસ્થાની રચના ચાલતી કરી આપી.

આપણા લોકો શંકરાચાર્યના અદ્વૈત વેદાંતની દાર્શનિક અને તાર્કિક બાજુનો જ અભ્યાસ કરે છે. અદ્વૈત એટલે ગરીબ અને તવંગર વચ્ચેનો અભેદ, પાપી અને પુણ્યવાન વચ્ચેનો અભેદ, સ્ત્રી અને પુરુષ વચ્ચેનો અભેદ, જીવાત્મા અને પરમાત્મા વચ્ચેનો અભેદ, તમામ પ્રતિષ્ઠિત અપ્રતિષ્ઠિત વચ્ચેનો અભેદ; એ અદ્વૈતની બાજુનું મહત્ત્વ આપણા લોકો ધ્યાનમાં લેતા નથી એ દુઃખની વાત છે. અદ્વૈતના સિદ્ધાન્ત પર રચાયેલું સમાજશાસ્ત્ર આપણે કયાં હજી ઊભું કર્યું છે

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

માયાવાદને પરિણામે પોતાની જુમ્મેવારી ભૂલી જવાને બદલે જો લોકો પોતાનું દુઃખ ભૂલી જાય, પોતાની નબળાઈ ભૂલી જાય, બીજાઓએ કરેલા અપકાર અને અપમાનને ભૂલી જાય અને એ બધું માયારૂપ છે એમ ઓળખે તો કેટલું સારું? બધાનો આત્મા એક જ છે એ વિષે જેમને શંકા નથી તેમણે હવે જાણવું જોઈએ કે બધાનું મન અને હૃદય પણ એક જ છે. સુખદુઃખ, હિત–અહિત, ઉન્નતિ અને અવનતિ બધી હાલતમાં આપણે દુનિયા સાથે સંકળાયેલાં છીએ, એકરૂપ છીએ એટલું જો માણસજાત સમજી લે તો ઐહિક અને પારલૌકિક બન્ને મોક્ષ સધાય. શંકરાચાર્યનું કાર્ય આ રીતે જોતાં હવે પછી શરૂ થવાનું છે.

* * *

ગંગાકિનારે ઉત્તરાખંડમાં આવેલું શ્રીનગર સિદ્ધપીઠ કહેવાય છે. અહીં કરેલી સાધના એળે જતી નથી અને શીઘ્ર ફળદાયી હોય છે. દેવી ભાગવતમાં આ સ્થાનનું માહાત્મ્ય ઘણું બતાવ્યું છે. પહેલાં અહીં જેની ઉપર શ્રીચક્ર કોતરેલું છે એવા એક પથ્થરની પૂજા થતી. કહેવાય છે કે પ્રાચીન કાળમાં આ સ્થાને રોજ એક નરમેધ થતો. આદ્ય શંકરાચાર્ય જ્યારે શ્રીનગર આવ્યા ત્યારે મનુષ્યવધનો એ અનાચાર જોઈ એમની ધર્મભાવના ઊકળી ઊઠી. એમણે એક કોશ લઈને શ્રીચક્રનો પથરો ઊંધો વાળ્યો અને આજ્ઞા કરી કે આજથી નરમેધ બંધ.

પ્રસ્થાનત્રયી ઉપર ભાષ્ય લખીને અને નિતાન્તરમણીય સ્તોત્રો લખીને શંકરાચાર્યે હિંદુધર્મની જે સેવા કરી છે, તેના કરતાં આ નરમેધ બંધ કરવાની સેવા ચડિયાતી છે એ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

વિષે કોઈને શંકા છે? ભાષ્ય લખવા માટે બુદ્ધિવૈભવ જોઈએ છે. સ્તોત્રો માટે ભક્તિ ન હોય અને ફક્ત કલ્પનાનો ઉલ્લાસ જ હોય તોયે ચાલે. પણ ઝનૂની સમાજની સામે થઈ ને પરાપૂર્વથી ચાલતી આવેલી ઘાતકી રૂઢિ એકદમ બંધ કરવી એને માટે તપસ્તેજ, ધર્મનિષ્ઠા અને હૃદયસિદ્ધિ જોઈએ છે.

જ્યારથી નરમેધ બંધ કર્યાનો એ કિસ્સો મેં સાંભળ્યો છે, ત્યારથી શંકરાચાર્યની એ ડીંગણી અને જાડી મૂર્તિ, ભગવાં કપડાં, રુદ્રાક્ષમાળા અને ભસ્મવિલેપનથી મંડિત અને આગલ્લાત્ મુંડિત, નજર આગળથી ખસતી જ નથી. કર્મકાંડી નિર્દય શાકતો ચારે કોર હાહાકાર કરે છે, અને એમની વચ્ચે હાથમાં કોશ લઈને એ તેજસ્વી સંન્યાસીની મૂર્તિ ઊભી છે. એકેક 'કર્મ'વીર નજીક આવવાની હિંમત કરતો નથી. અને એ જ્ઞાનવીર તપસ્વી બ્રૂજતે હોઠે યાજ્ઞવલ્કયની પેઠે એક એકને અથવા બધાને સામટા શાસ્ત્રાર્થ માટે આહ્વાન કરે છે. પણ કોઈની બુદ્ધિપ્રભા એ ધર્મમૂર્તિ, દિગ્વિજયી સંન્યાસી આગળ પ્રકાશ પાડી શકતી નથી. ब्राह्मणा भगवन्तो यो वः कामयते स मा पृच्छतु, सर्वे वा मा पृच्छत, यो वः कामयते तं वः पृच्छामि, सर्वान् वा वः पृच्छामीति। ते ह ब्राह्मणा न दधृषुः ।

ભેદ વચ્ચે અભેદ જોવો એ ગીતાની શિખામણ શંકરાચાર્યે હિન્દુઓની ઉપાસનામાં પણ પૂરેપૂરી વણી કાઢી. તેત્રીસ કરોડ દેવદેવીઓથી પણ ન ધરાતા આપણા લોકોએ આર્ય અનાર્ય, સ્વદેશી — પરદેશી, નવા — જૂના, સારાનરસા દેવો, પીરો, ભૂતપ્રેત વગેરે અનેક ઉપાસ્યોનો ખીચડો કર્યો હતો. એ બધામાંથી પાંચ દેવોનું આયતન ગોઠવી આપ્યું

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

બધાં દેવદેવીઓ એ પાંચના જ અવતાર છે એમ ઠેરવી શંકરાચાર્યે વ્યવસ્થા કરી આપી કે, આ પાંચમાંથી ગમે તે એક ઇષ્ટની પૂજા કરો પણ એની આસપાસ બાકીના ચાર જોડવીને જ એ પૂજા થઈ શકે.

પંચાયતન પૂજામાં સર્વ દેવોનો સમન્વય અને અભેદ એમણે સૂચવ્યો તે દિવસથી હિંદુ ઉપાસનાપદ્ધતિમાં સમન્વય દાખલ થયો અને વિગ્રહ મટી ગયો. સર્વ–સમન્વય અને અભેદ એ શ્રી આદ્ય શંકરાચાર્યની હિંદુધર્મને મોટામાં મોટી ભેટ છે.

૨૫–૫–'૩૮

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

૧૫

બોધિ જયંતી

[વૈશાખ સુદ ૧૫]

૧. બોધિપ્રાપ્તિ

મહા પ્રયાસથી કોલંબસે અમેરિકા જવાનો રસ્તો શોધી કાઢ્યો. આપણને હવે તે પ્રયાસ કરવો પડતો નથી. મહા પ્રયાસે ભગીરથ ગંગા લઈ આવ્યા. આપણને હવે તે મહેનત ઉઠાવવી પડતી નથી. એક જણે પ્રયાસ કર્યો, દુનિયાને લાભ થયો. કૃતજ્ઞતાપૂર્વક તેનું સ્મરણ કરવું, તેનું શ્રાદ્ધ કરવું એથી વધારે આપણને કંઈ જ કરવાપણું રહેતું નથી.

આ ભવચક્રમાંથી છૂટી જવાનો રસ્તો વૈશાખ સુદ પૂર્ણિમાએ શાક્ય મુનિ ગૌતમે શોધી કાઢ્યો, અને તેઓ બુદ્ધ થયા. હવે આપણને ચિંતા કરવાનું કંઈ કારણ નથી. બુદ્ધ ભગવાનનું સ્મરણ કરી એમના બતાવેલા 'અષ્ટાંગિક'

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

નામના ધોરી રસ્તા ઉપર થઈને સીધા જવું એટલું જ આપણું કામ છે. શ્રદ્ધા હોય તો રસ્તો બતાવનાર આ ઋષિનું તર્પણ અથવા શ્રાદ્ધ કરીએ તો એ વધારાનું. પણ મોક્ષનો રસ્તો, નિર્વાણનો માર્ગ, સ્વર્ગનું રાજ્ય મેળવવાનું સાધન એટલું સહેલું નથી. વેદકાળના ઋષિઓએ એ રસ્તો શોધી કાઢ્યો હતો. છતાં શાકય મુનિને અને મહાવીરને તે ફરીથી ખોળવો પડ્યો. મહતા કાલેન એ રસ્તો ફરી ફરી નષ્ટ થાય છે, ફરી ફરી ખોળવો પડે છે. યુગે યુગે તો શું, વ્યક્તિ વ્યક્તિના હૃદયમાં પરમેશ્વરને અવતાર લેવો પડે છે, બોધિને પ્રગટ થવું પડે છે; અને એના પહેલાં દરેક વ્યક્તિને માર સાથે લડવું પડે છે, શયતાન સાથે ઝઘડવું પડે છે. દરેક વ્યક્તિના રસ્તામાં કામ ક્રોધાદિ પરિપંથી છે જ. તેમની સાથે લડ્યા વિના યોગ પ્રાપ્ત થતો નથી, બોધિ મળતી નથી. દરેક જણે પોતાની મેળે આ અમૃત કુંભ મેળવવો જોઈએ; મળે ત્યાં સુધી સાવધાન રહેવું જોઈએ. જેમ બુદ્ધ ભગવાન માર સાથે લડ્યા તેમ દરેક જણે લડવું જોઈએ. જેમ બુદ્ધ ભગવાન ભલે—

इहासने शुष्यतु मे शरीरम्
त्वगस्थिमांसं प्रलयं च यातु ।

એવા નિશ્ચયથી બોધિ (જ્ઞાન) પ્રાપ્ત કરવાને બેસી ગયા હતા તેમ જ દરેક જણે બેસવું જોઈએ; અને જેમ બુદ્ધ ભગવાનને બોધિ મળી અને તેઓ તૃષ્ણા વિરહિત થઈ ગયા તેમ દરેક વ્યક્તિને મોક્ષ મેળવવાનો માર્ગ ખુલ્લો છે. તે માર્ગે જવાની દરેકની ફરજ છે અને જ્યારે તે માર્ગે આપણને બોધિ મળશે ત્યારે જ આપણા હૃદયમાં, આપણા

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

જીવનમાં બોધિ જયંતીનો સાચો ઉત્સવ થશે. ત્યાં સુધી વિશ્વાસને દૃઢ કરવા સારુ, શ્રદ્ધાવૃક્ષનું સિંચન કરવા સારુ બુદ્ધ ભગવાનની બોધિ જયંતીનું આપણે સ્મરણ કરીએ.

મે, ૧૯૧૮

૨. ભગવાન બુદ્ધ

૧

હિમાલયની તળેટીમાં, નેપાળની હદમાં કપિલવસ્તુ કરીને એક નાનકડું રાજ્ય હતું. ત્યાં કોઈ રાજા નહોતો. ત્યાંના શાક્ય લોકોમાં જે થોડાં મોટાં મોટાં ઘર હતાં તે ઘરના મુરબ્બીઓ મળીને પોતાનું એ નાનકડું રાજ્ય ચલાવતા. આ મુરબ્બીઓને 'રાજા' કહેતા. રાજા શુદ્ધોદન એમાંનો એક હતો. શુદ્ધોદનને મોટા સમ્રાટ થવાના ભારે કોડ હતા.

એ રાજાની રાણી માયાદેવીએ એક પુત્રને જન્મ આપ્યો. રાજાએ જોશ જોવડાવ્યા. જોશીએ કહ્યું, 'રાજા, તારા ભાગ્યનો પાર નથી. તારો દીકરો કાં તો આખી પૃથ્વીનો સમ્રાટ થશે, નહિ તો ધર્મસમ્રાટ થશે. એને વૈરાગ સૂઝશે તો તો એ ધર્મસમ્રાટ જ થશે.'

રાજાએ પૂછ્યું, 'વૈરાગ શાથી ઊપજે છે?' શાણા જોશીએ કહ્યું, 'જન્મ, જરા, વ્યાધિ અને મૃત્યુનું દુઃખ જોવાથી.'

રાજાએ નિશ્ચય કર્યો કે ત્યારે આપણે ભાવીને માત કરીએ. છોકરો આ ચાર વસ્તુ જોઈ જ ન શકે એવી રીતે એને રાખું. ઉનાળાનો મહેલ જુદો, શિયાળાનો જુદો,

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

અને ચોમાસાનો વળી એથીયે જુદો. ઘરમાં કોઈ માંદો કે ઘરડો કે દુર્મુખ નોકર ન મળે. રાજમહેલના બગીચામાં ઝાડ પર કરમાયેલું ફૂલ કે પીળું પડેલું પાંદડું ન મળે. બધે સુગંધી, સંગીત અને કાવ્યસાહિત્ય જ હોય એવી રીતે પુત્રને રાખું.

પુત્ર ગૌતમ આ સ્થિતિમાં રહ્યો. પણ આવા સુખથી કોઈ સુખી થતું હશે ? એને તો બધી વસ્તુ ઉપર કંટાળો ઊપજ્યો. બાળપણથી જ તે વિલક્ષણ બુદ્ધિનો હતો, અને ઘણી વાર ઊંડા વિચારો કર્યાં કરતો. આપે વિચાર કર્યો કે દીકરો પરણશે તો ઠેકાણે પડશે. છોકરાએ પણ માન્યું. એક સ્વયંવરમાં જઈ પોતાનું યુદ્ધકૌશલ્ય, બુદ્ધિકૌશલ્ય અને કળાકૌશલ્ય સિદ્ધ કરી, આ સિદ્ધાર્થકુમાર, રૂપરમણી યશોધરાને પરણી ઘેર લઈ આવ્યો. આપને થયું કે હવે દીકરો વિલાસમાં ડૂબી જશે. પણ દીકરો તો વિચારમાં જ ડૂબી ગયો. તેને થવા લાગ્યું કે આ દુનિયા છે શું ? જે આસપાસ છે તે બધું પોલું પોલું લાગે છે. દીકરાએ આપ પાસે માગણી કરી કે મારે સાચી દુનિયા જોવી છે. આપના પેટમાં ફાળકો પડ્યો. ના પાડે તો દીકરાને દુઃખ થાય અને એ દુઃખને લીધે કદાચ એને વૈરાગ ઊપજે. અને હા પાડે તો શું થાય એ ભગવાન જાણે !

આપે આખી નગરી શણગારી અને કોઈ રોગી, વૃદ્ધ કે અશક્ત માણસ બહાર ન નીકળે એવો ઢંઢેરો પિટાવ્યો. પણ દીકરાને તો સાચી દુનિયા જોવી હતી. તે બધે ફર્યો — બધું જોયું. દરવાજે આવી તેણે સારથિને ગામની બહાર રથ હાંકવાનું કહ્યું. ત્યાં તેના જોવામાં એક કૂબડો, અપંગ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

થઈ ગયેલો અને દુઃખથી પીડાતો વૃદ્ધ પુરુષ જોવામાં આવ્યો. એ જોઈ તેણે સારથિને પૂછ્યું, 'છન્ન! આ શું?' સારથિએ સમજાવ્યું, 'મહારાજ, એ ઘરડો છે, રોગી છે, દુઃખી છે. થોડા વખત પછી એ મરી જશે!'

કુમારે ફરી પૂછ્યું, 'કેમ એમ?'

છન્ન બોલ્યો, 'મહારાજ એ સંસારનો નિયમ છે. જેટલાં જન્મે છે તે સહુને રોગ, દુઃખ, ઘડપણ ને મરણ આવવાનાં જ. એ અટળ છે. સારા સંસારની એ જ દશા થવાની.'

'અને શું એનું કંઈ જ ઓસડ નથી?' કુમારે પૂછ્યું.

કુમારના અંતરમાં જન્મ, મૃત્યુ, જરા અને વ્યાધિનું આ દર્શન તીરની પેઠે ભોંકાયું. નાનપણથી જ આ વસ્તુઓ તે જોત તો આપણી પેઠે આ કુમારનું હૈયું પણ રીઢું થઈ જાત. પણ આજ સુધી કદી ન જોયેલું એકાએક જોયું તેથી તે કુમારહૃદયને અસહ્ય થઈ પડ્યું. તે ક્ષણે જ એણે મનમાં નિશ્ચય કર્યો, 'આ દુઃખની અંદર રહેવું એમાં પુરુષાર્થ નથી. આખો જનસમાજ દુઃખમાં ડૂબેલો છે, એનું કંઈક ઓસડ તો હોવું જ જોઈએ. અને તે હું શોધી કાઢવાનો જ. અરે, જ્યારે આખો દેશ આવા દારુણ દુઃખમાં તવાઈ રહ્યો છે ત્યારે વળી મોજશોખ શા? સ્ત્રી સાથેનો પ્રણય શો? દીકરાનો મોહ શો? (કુમારને એટલામાં એક દીકરો પણ થયો હતો.) જેનો હું ઉદ્ધાર ન કરી શકું તેનો હું ઉપભોગ કેમ કરીને કરું? મેં મારાં આ ૨૭ વર્ષ એળે જ ગુમાવ્યાં.'

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

કુમારના હૃદયમાં વૈરાગે પ્રવેશ કર્યો અને એણે ઘરનો, રાજ્યનો, સ્ત્રી યશોધરા અને પુત્ર રાહુલનો ત્યાગ કર્યો. પિતા રોતા હતા, માતા માયાદેવી તો એના જન્મ પછી સાતમે દિવસે જ મરી ગઈ હતી. સાવકી મા મહાપ્રજાપતિ, (જે એની માશી પણ થતી હતી) એણે તો રોઈ રોઈને આક્રંદ કર્યું. પણ કુમાર તો ઘર છોડીને ગયો એ ગયો જ.

અનોમા નદીને કિનારે આવી કુમારે માથાના લાંબા લાંબા સુંદર વાળ ઉતારી નાંખ્યા, રેશમનાં સુંવાળાં બહુમૂલ વસ્ત્રો ફેંકી દીધાં. પોતાના પ્રિય ઘોડા કંથકની વિદાય લીધી અને મહા–અભિનિષ્ક્રમણ કર્યું.

પહેલવહેલી ભિક્ષા માગી ત્યારે રાતના વાસી અને સાવ સૂકા ભાખરીના કકડા કેમે કરી ગળા નીચે ઊતરે જ નહિ. રાજવી જીવન અને તપસ્વી જીવન વચ્ચે દારુણ યુદ્ધ ચાલ્યું. પણ એક ક્ષણમાં જ તે પતી ગયું. ત્યાર પછી કોઈ કાળે આ મુશ્કેલી નડી નહિ.

ગુરુની શોધમાં અનેક દિવસો ગાળ્યા. એ વખતના સમાજમાંથી અને શાસ્ત્રોમાંથી જેટલું મેળવી શકાય તેટલું મેળવી લીધું, કેળવી શકાય તેટલું કેળવી લીધું; છતાં શાંતિ ન મળી. દુનિયાને શાંતિ પમાડાય એવું ઓસડ હાથ ન આવ્યું. જાતજાતના યોગ આદર્યા, દેહદંડન કર્યું, પણ કાંઈ પત્તો ન ખાધો.

આખરે બિહારના ધન્ય પ્રદેશમાં, નિરંજરા નદીને કાંઠે તે અનશન વ્રત લઈને બેઠા. મગજમાં વિચાર તો ભઠ્ઠીની પેઠે સળગતા હતા. અશુદ્ધ વિચારો બળી જવા લાગ્યા, દુનિયાનું રહસ્ય પીગળવા લાગ્યું, અને તપસ્વીની ખાતરી થઈ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

કે હવે પછીની યાત્રા — અનુભવની યાત્રા આમ કાય-ક્લેશથી, દેહને દુઃખ દેવાથી થવાની નથી, પણ સુખ અને દુઃખ છોડીને વચમાં જે સમાન સ્થિતિ રહે છે તે ધારણ કરવાથી જ આગળ વધાય એમ છે.

તપસ્વીએ ફરી આહાર શરૂ કર્યો. આસપાસ ભેગા થયેલા સાધકોએ જાણ્યું કે તપસ્વી હાર્યો, ગોળો પડ્યો. હવે એની સાથે રહેવામાં માલ નથી. સૌ એને છોડી ચાલ્યા ગયા. પણ તપસ્વી તો આગળ ધપ્યે જ જતો હતો.

આખરે છેલ્લી ઘડી આવી. મહાયુદ્ધ જામ્યું. મનુષ્ય-જાતિના શત્રુ, હૃદયસ્વામીના હરીફ અને કુટિલ તર્કના આદ્ય ગુરુ એવા 'મારે' પોતાની બધી દસ પ્રકારની સેના આ દયામય વિશ્વબંધુ ઉપર છોડી.

અહોભાગ્ય મનુષ્યજાતિનું કે આખરે, વૈશાખી પૂનમની એ રાત્રે 'માર'નો પરાભવ થયો અને સિદ્ધાર્થ ખરેખર સિદ્ધાર્થ થઈ ગયા — બુદ્ધ બની ગયા.

૨

જેણે પોતાનો ઉદ્ધાર કર્યો છે તે જ દુનિયાનો ઉદ્ધાર કરી શકે છે. જે પોતે જાગ્યો હોય એ જ દુનિયાને જગાડે. બુદ્ધ એટલે જાગેલો. જે ક્ષણે સિદ્ધાર્થ 'મારજિત' થયા તે જ ક્ષણે આખા વિશ્વનું રહસ્ય તેમની દૃષ્ટિ આગળ ખુલ્લું થયું અને તે લોકજિત થવાને લાયક થયા.

તેમણે જોઈ લીધું કે આપણે દેહધારી છીએ એટલે દરજ્જે કુદરતના નિયમને વશ છીએ જ. કુદરતનું દુઃખ ટાળી ન શકાય એવું ભલે હોય, પણ તે ભારે નથી. જન્મ, જરા,

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

વ્યાધિ, મરણ, પ્રિય વસ્તુનો વિયોગ અને અપ્રિય વસ્તુનો સંયોગ એ તો હમેશાં ચાલવાનાં જ. વિવેકથી એનું સ્વરૂપ સમજી લઈએ તો એનું દુઃખ મોળું પડે છે. દુનિયાનું મોટામાં મોટું દુઃખ તો આપણે પોતે જ ઊભું કરીએ છીએ. આપણી કોઈ કાળે છીપે નહિ એવી તૃષ્ણા જ આપણને દુઃખમાં ડુબાડે છે, અને અનંતકાળ સુધી દુઃખરસમાં આપણને નાંખી આપણા આત્મા જીવનનું કડવું અથાણું કરી નાંખે છે.

આ તૃષ્ણા મરે નહિ ત્યાં સુધી આપણા દુઃખનો અંત નથી. અને એ તૃષ્ણા મરી ગઈ એટલે દુઃખનું કંઈ જ કારણ નથી. પછી જે સ્થિતિ રહે છે એ જ આપણો વારસો. એ સ્થિતિ કેવી હશે એની ચર્ચા આજે શા માટે? રોગ મટી ગયા પછી શું થશે? શું થવાનું હતું? કલ્યાણ જ.

એ સ્થિતિનું નામ તે નિર્વાણ. મુક્ત થયેલા બધા જીવોનું એ જ ધામ.

પણ આ જ્ઞાન સાંભળશે કોણ? આ ઓસડ લેશે કોણ? આ પંથે ચાલશે કોણ? આખી દુનિયા તૃષ્ણાની પાછળ પડી છે. તૃષ્ણાનો નાચ ચાલ્યાં જ કરવાનો. અરેરે, ત્યારે શું કોઈનો ઉદ્ધાર થવાનો જ નથી? આટલી મહેનતે મેળવેલું ઓસડ શું એળે જ જવાનું?

તે કરુણામૂર્તિએ ફરી વિચાર કર્યો. પ્રસન્ન હૃદયમાંથી જવાબ મળ્યો, 'જેઓ શુભ, સંસ્કારી છે તેમના પ્રત્યે મૈત્રી ભાવ રાખીએ; જેઓ વૈભવશાળી છે તેમના તરફ મુદિતા કેળવીએ, એટલે કે તેમનું સુખ જોઈ રાજી થઈએ; જેઓ દુઃખી અથવા દુઃસ્થિત છે તેમનો કંટાળો કે તિરસ્કાર નહિ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

કરતાં તેમના તરફ કરુણા ભાવ રાખીએ; અને જેઓ દુષ્ટ વૃત્તિવાળા છે, જેઓ જ્યાંત્યાં દ્રોહ જ ફેલાવે છે ને અકારણ વૈર રાખે છે તેમના પ્રત્યે દ્વેષને બદલે કાંઈ નહિ તો ઉપેક્ષા-ભાવ રાખીએ તો આખી દુનિયામાં વિજય જ છે.'

આ ચાર વૃત્તિ તે જ બ્રહ્માનાં ચાર મુખ. આ ચાર મુખમાં જ ચારે વેદ સમાયેલા છે. એમ જોઈ બુદ્ધ ભગવાન દુનિયાની સેવા કરવા ઊપડ્યા, અને ધર્મચક્ર ફરવા લાગ્યું.

૩

જેમની પાસેથી કરજ કાઢીને આટલું જ્ઞાન મેળવ્યું તેમના બોજામાંથી પ્રથમ મુક્ત થવું જોઈએ. પેલા શિષ્યો જેમણે બુદ્ધ ભગવાનને આહાર કરતા જોઈ તેમનો ત્યાગ કર્યો હતો તેમની પાસે પ્રથમ તેઓ ગયા. પછી તો શું? દરેક દુઃખી માણસ તેમની પાસે આવવા લાગ્યો. બ્રાહ્મણો આવ્યા અને હજામો આવ્યા, જોગી આવ્યા અને જતિ આવ્યા, શ્રીમંત આવ્યા અને દરિદ્રીઓ આવ્યા; જેમની પાસે હજારો શિષ્યો હતા એવા અભિમાની ગુરુઓ આવ્યા, અને જેમની પાછળ તેમનું પોતાનું મન કે શરીર પણ ન ચાલે તેવા દૂબળાઓ પણ આવ્યા.

સંઘ વધ્યો અને સંઘની સેવા કરનાર ગૃહસ્થો પણ વધ્યા. મોટા મોટા વિહાર બંધાયા, મોટમોટા રાજાઓ બુદ્ધ ભગવાનની સલાહ લેવા આવવા લાગ્યા, અને પ્રજાના આગેવાનો પણ તેમની પાસે ઉન્નતિના મંત્ર સાંભળવા હાજર થવા લાગ્યા. યક્ષ, ગંધર્વ, કિન્નર સૌને નિર્વાણનો રસ્તો મળ્યો, અને ધર્મચક્ર પૂર જોસમાં ફરવા લાગ્યું.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

૪

બિચારી યશોધરાનું શું થયું હશે? રાહુલને કોણ લાડ લડાવતું હશે? રાજા શુદ્ધોદનને બીજો દીકરો થયો હતો, પણ સિદ્ધાર્થને તે કેમ ભૂલી શકે? એણે પોતાના દીકરાની કીર્તિ સાંભળી તેને બોલાવવા એક દૂત મોકલ્યો. પણ એ પાછો જાય જ શાનો? એ દૂત તો શિષ્ય બની સંઘમાં દાખલ થઈ ગયો. બીજો દૂત ગયો, તેની પણ એ જ દશા. હવે ત્રીજું કોણ જાય? આખરે વૃદ્ધ અમાત્ય ગયા. ભગવાનના સત્સંગનો એક વરસનો આનંદ અનુભવ્યા પછી તેને રાજાનું કહેણ યાદ આવ્યું, અને એ બુદ્ધ ભગવાનને પિતાને ત્યાં લઈ ગયો. બુદ્ધે ચિરવિધુરા યશોધરા, બાળક રાહુલ અને વૃદ્ધ શુદ્ધોદન બધાંને ઉપદેશ આપ્યો, અને ભિક્ષાએ ઊપડ્યા. કેટલી શરમ, કેટલી નામોશી, કે રાજાનો દીકરો શેરીએ શેરીએ ભિક્ષા માગવા જાય છે! રાજાએ કહ્યું, 'દીકરા, આપણી કુળપરંપરામાં ભિક્ષા નથી.' દીકરો કહે, 'રાજન્, તમારી કુળપરંપરા જુદી છે. મારી કુળપરંપરા બોધિસત્ત્વોની છે. તેઓ હમેશાં ગરીબો સાથે રહેતા આવ્યા છે, અને લોકોએ સ્વેચ્છાથી આપેલું ભિક્ષાન્ન ખાતા આવ્યા છે.'

૫

મહાપ્રજાપતિએ વિચાર કર્યો કે બહેન તો દીકરાને જન્મ આપી મરી ગઈ. તે દિવસથી સિદ્ધાર્થને મેં ઉછેર્યો. આજે એ જ દીકરો દુનિયાનો ઉદ્ધારક બન્યો છે. હું કેમ એની પાસે જઈ દીક્ષા ન લઈ શકું? શાકયકુળની ઘણી

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

રાજકન્યાઓ મહાપ્રજાપતિ સાથે બુદ્ધ ભગવાનને મળવા ઊપડી. મુસાફરીનાં કષ્ટો વેઠતાં તેમના પગ સૂજી ગયા. તેમણે બુદ્ધ ભગવાનને વિનંતી કરી કે અમને પણ સંઘમાં સ્થાન આપો. ભગવાને કહ્યું, 'તે ન બને. મારો સંઘ બગડી જશે.' સ્ત્રીઓમાં ભારે નિરાશા ફેલાઈ, એટલે બુદ્ધ ભગવાનના પ્રિય શિષ્ય અને સેવક આનંદે પૂછ્યું, 'ત્યારે શું ભગવન્, સ્ત્રીઓને માટે ધર્મનો સાક્ષાત્કાર અશક્ય છે?' બુદ્ધ ભગવાને કહ્યું, 'એમ નથી. તેઓ પણ નિર્વાણનાં સરખાં જ અધિકારી છે, તેમને પણ ધર્મ જાણવાની બુદ્ધિ છે.' આખરે બુદ્ધ ભગવાને સ્ત્રીઓ માટે એક નોખો સંઘ સ્થાપ્યો. એ સંઘમાં પણ અત્યંત ધર્મનિષ્ઠ અને અધિકારી વ્યક્તિઓ થઈ ગઈ.

આયુષ્યનાં એંશી વર્ષ સુધી ધર્મનો ઉપદેશ કરી, કુશીનારા નામના સ્થાન પર તેમણે પોતાનો પવિત્ર દેહ છોડ્યો. ધીમે ધીમે બુદ્ધ ભગવાનનો ઉપદેશ પૃથ્વી પર ફેલાવા લાગ્યો. પાટલિપુત્રના મહાન રાજા અશોકવર્ધને બૌદ્ધ ધર્મોપદેશકોને દેશદેશાંતરમાં મોકલી તથાગત (બુદ્ધ ભગવાન)નો ઉપદેશ આખી દુનિયાને સંભળાવ્યો. આજે ચીન, જાપાન, બ્રહ્મદેશ, સીલોન વગેરે દેશોમાં બૌદ્ધ ધર્મ ચાલે છે. અને બુદ્ધ ભગવાનનો ઉપદેશ તો દુનિયા આખીના વિચારવાન લોકોને ગળે ઊતરવા લાગ્યો છે.

ઑક્ટોબર, ૧૯૨૬

૩. એશિયાનો ધર્મસમ્રાટ

મહાભારતના યુદ્ધ પછી કેટલોય સમય વહી ગયો. હિંદુસ્તાનમાં બધે નાનાં રાજ્યો થઈ ગયાં. કેટલાક રાજા

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

તો પાંચ દસ ગામના માલિક એવા પણ રહ્યા. કેટલાક રાજ્યોમાં રાજાઓ ન હતા પણ આગેવાન કુળના મુરબ્બીઓ નિગમ સભામાં બેસી રાજ્યકારભાર ચલાવતા. આ પદ્ધતિને મહાજનસત્તાક રાજ્યપદ્ધતિ કહે છે. હિમાલયની તળેટીમાં નેપાળ પાસે શાક્ય લોકોનું આવું એક રાજ્ય હતું. તેમાં કપિલવસ્તુ નામની નગરીમાં શુદ્ધોદન નામે રાજા રાજ્ય કરતો હતો. એ રાજાને સિદ્ધાર્થ નામનો એક સુલક્ષણો પુત્ર જન્મ્યો. જોશીઓએ ભવિષ્ય વર્ત્યું કે આ રાજપુત્ર કાં તો ચક્રવર્તી રાજા થશે, નહિ તો જગતનો ઉદ્ધાર કરનાર એક ધર્મસંસ્થાપક થશે. એને જો વૈરાગ્ય ઊપજે તો એ બીજો માર્ગ લેશે. રાજાએ વિચાર કર્યો કે ઘડપણ, રોગ અને મરણ જોઈ માણસને વૈરાગ્ય ઊપજે છે, માટે આ છોકરો આ ત્રણેમાંથી એકે વસ્તુ જોવા ન પામે એવી રીતે એને રાખીએ.

સિદ્ધાર્થને મોજશોખ અને ઐશઆરામના વાતાવરણમાં ઉછેરવામાં આવ્યો. યશોધરા નામની એક અત્યંત રૂપવતી અને સદ્‌ગુણવતી રાજકન્યા સાથે એનાં લગ્ન કર્યાં. પણ ઓચિંતાં વ્યાધિ, જરા અને મરણ ત્રણે એના જોવામાં આવ્યાં. એના મન ઉપર ભારે આઘાત થયો. દુનિયાનું આ બધું દુઃખ મટાડવાનો ઉપાય હોવો જ જોઈએ અને મારે તે શોધી કાઢવે જ છૂટકો, એમ વિચાર કરી સિદ્ધાર્થે પોતાના રાજ્યનો અને સુખોપભોગનો ત્યાગ કર્યો અને સંન્યાસી થયો.

અનેક સારા સારા ગુરુઓ પાસે તેણે જ્ઞાન મેળવ્યું, કઠણ તપ કીધાં, ૪૯ દિવસ સુધી કશું ખાધું નહિ અને

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ધર્મબોધ મેળવવા માટે પ્રયાસ કર્યો. એને ભમાવવા માટે માણસના શત્રુ, બધી ખરાબ વાસનાઓના રાજા મારે મોહક વસ્તુઓ, કંટાળો, ભૂખ, તરસ, વિષયવાસના, આળસ, બીક, કુશંકા, ગર્વ, લાભસત્કાર, પૂજા અને ખોટે રસ્તે મળનારી કીર્તિ એ બધી પોતાની સેના લઈ સિદ્ધાર્થ ઉપર હુમલા કર્યા. પણ સિદ્ધાર્થ પોતાની શાંતિ અને વિવેકમાં અડગ રહ્યો અને માર ઉપર જીત મેળવી. માર ઉપર જીત મળી એટલે તરત જ એને દુનિયાનું દુઃખ મટાડવાનું જ્ઞાન જેને બૌદ્ધ લોકો બોધિ કહે છે તે મળી ગયું. સિદ્ધાર્થ બુદ્ધ થયો અને તેને પરમ આનંદ થયો.

દુનિયામાં બધે દુઃખ છે એનું કારણ વાસનારૂપી તરસ છે. તે મટાડવાથી દુઃખ દૂર થાય અને તેમ કરવા માટે માણસે યોગ્ય જ્ઞાન, યોગ્ય ઇચ્છા, યોગ્ય ભાષણ, યોગ્ય કર્મ, યોગ્ય ધંધો, યોગ્ય સાધના, યોગ્ય ચિંતન અને યોગ્ય ધ્યાનનું સેવન કરવું જોઈએ એ તેના જ્ઞાનનો સાર હતો. પોતાને જડેલો માર્ગ દુનિયાને આપીશ તો દુનિયાનું પણ ભલું થશે એ દયાની વૃત્તિથી બુદ્ધે ધર્મોપદેશ કરવા ફરવાનું શરૂ કરી દીધું. કાશીજી પાસેના સારનાથ તીર્થમાં તેમણે પોતાના ઉપદેશની શરૂઆત કરી. હજારો લોકો આ તથાગતનો ઉપદેશ સાંભળવા ભેગા થતા. જેમને બુદ્ધનો ઉપદેશ પૂરેપૂરો ગળે ઊતરતો તેઓ ઘરબાર છોડી બૌદ્ધ ભિક્ષુ અથવા શ્રમણ થતા. મોજશોખ પાછળ આખી જિંદગી ગાળવી અથવા શરીરને કષ્ટ આપવામાં જ સંતોષ માનવો આ બંને છેડા બુદ્ધ ભગવાનને પસંદ ન હતા. તેમણે વચલો માર્ગ પસંદ કર્યો. બૌદ્ધ ભિક્ષુઓ બુદ્ધને,

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

તેમના ધર્મને અને તેમણે સ્થાપેલા ભિક્ષુઓના સંઘને શરણ જઈ કાષાય વસ્ત્રો ધારણ કરતા. ભક્ત લોકોએ એવા લોકોને રહેવા માટે મોટા મોટા વિહારો બાંધી આપ્યા હતા. એ ઉપરથી મિથિલા અને મગધ દેશનું જ નામ બિહાર પડયું છે.

તે વખતના અજાતશત્રુ નામના રાજાએ બુદ્ધનો ઉપદેશ સ્વીકારેલો. તે વખતના કર્મકાંડ ને યજ્ઞયાગ સામે બુદ્ધ ભગવાને એક ભારે વિરોધ ઉઠાવ્યો. ધર્મને નામે પશુઓને મારી સ્વર્ગ કે મોક્ષ મળે નહિ તેમ જ ગમે તેટલા યજ્ઞ કરે તેથી કાંઈ કરેલાં પાપથી પણ છુટાય નહિ, કરેલાં કર્મ તો ભોગવ્યે જ છૂટકો, એ તેમનો સિદ્ધાંત હતો. વળી જે કરે તે જ ભોગવે. બીજાના બલિદાનથી આપણે પુણ્ય નથી મેળવી શકવાના; પોતે પુણ્યકર્મ કરીએ, પાપકર્મ છોડી દઈએ, અહંકારનો ત્યાગ કરીએ એટલે બધું કુશળ મળી જાય એમ બુદ્ધે શીખવ્યું. એકબીજા સાથે લડીને વેર વાળનાર હિંસક દુનિયાને બુદ્ધ ભગવાને ઘોષણા કરી જણાવ્યું કે વેર વાળવાથી વેર વધે છે, ક્ષમા કરવાથી, પ્રેમથી જ વેર શમી જાય છે. વિજય એ શાન્તિનો માર્ગ નથી, કેમ કે હારી ગયેલા માણસના હૈયામાં ખાર રહી જ જાય છે. પોતાનો આ શાન્તિનો ઉપદેશ પોતાની ૮૦ વર્ષની ઉંમર સુધી દુનિયાને કરતા તેઓ ફર્યા અને આખરે કુશીનારા નામના ગામમાં એક ગરીબ ભક્તનું આતિથ્ય સ્વીકારી નિર્વાણ પામ્યા. તેમના શિષ્યવર્ગે તેમના શરીરના અવશેષ એટલે કે અસ્થિઓ અને રક્ષા આપસમાં વહેંચી લઈ તેના ઉપર મોટા મોટા સ્તૂપો બાંધ્યા. જે બુદ્ધે આખો સંસાર

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

શૂન્ય છે, ક્ષણિક છે, દુઃખમય છે, એમાંથી છૂટી જવું એ જ નિર્વાણ છે એમ શીખવ્યું હતું તેના જ શરીરના અવશેષને માટે તેમના શિષ્ય રાજાઓ આગળ ઉપર આપસમાં લડ્યા અને બુદ્ધનો ઉપદેશ એક કોરે મૂકી તેની મૂર્તિ બનાવી તેની જ પૂજા કરવા લાગ્યા. માણસ પોતાના સત્કર્મથી જ નિર્વાણ પ્રાપ્ત કરી શકે એ બુદ્ધના ઉપદેશના બદલામાં બુદ્ધ જેવા પુણ્યપ્રતાપી સત્ત્વોની કૃપાથી જ નિર્વાણ પ્રાપ્ત થઈ શકે એવી માન્યતા ફેલાઈ અને પોતાની ઇંદ્રિયો કાબૂમાં રાખવાને બદલે કેવળ પ્રાણીમાત્રની સેવા કરવાથી જ નિર્વાણ મળી શકે છે એમ લોકો માનવા લાગ્યા.

બૌદ્ધ લોકોએ બુદ્ધ ભગવાનનું ચરિત્ર અનેક રીતે વર્ણવ્યું છે. એમના જન્મ વિષે અનેક દંતકથાઓ લખાયેલી છે. જેમ હિંદુધર્મમાં અવતારની કલ્પના છે તેમ બૌદ્ધ લોકોમાં બોધિસત્ત્વની કલ્પના છે. એક જ જીવ અર્હંતપદ પ્રાપ્ત કરવાની મહેચ્છાથી અનેક જન્મમાં અનેક જાતની પારમિતાઓ એટલે કે પ્રાવિણ્ય કેળવી અંતે બુદ્ધ થઈ જાય છે એવી માન્યતા બૌદ્ધ લોકોમાં દૃઢ થઈ. બુદ્ધ ભગવાને પોતાના પૂર્વજન્મની કેટલીક વાતો કહેલી તે ઉપરથી અનેક જાતની જાતક કથાઓ રચવામાં આવી અને બુદ્ધનો લીલાવિસ્તાર વધ્યો. બુદ્ધનું ઐતિહાસિક સાદું જીવન આ નવા ઉપજાવેલા અનેક જાતના ચમત્કારોમાં ઢંકાઈ ગયું અને બુદ્ધના ઉપદેશનું રહસ્ય તેના જીવનમાં જોવું મુશ્કેલ થઈ પડ્યું. છતાં આવી જાતક કથાઓ અને બુદ્ધચરિત્રો ઉપરથી તે તે વખતની લૌકિક માન્યતાઓ અને ધાર્મિક કલ્પનાઓનો ઇતિહાસ આપણને મળે છે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

બુદ્ધ ભગવાને પોતાના સંઘને માટે દૂરંદેશીથી અનેક ડહાપણભર્યા નિયમો ઘડી કાઢ્યા. સંઘમાં મતભેદ થાય ત્યારે કઈ રીતે વર્તવું, સંઘમાં સડો પેસી ન જાય એટલા માટે કઈ કઈ બાબતમાં સાવચેત રહેવું વગેરે અનેક સૂચનાઓ આપી. નિયમોની અતિશયતા થઈ મૂળ ઉદ્દેશ તૂટી ન જાય એટલા માટે પોતાનો મત અનેક રીતે સ્પષ્ટ કર્યો. અને આવી તાલીમ નીચે તૈયાર થયેલા પોતાના શિષ્યોને ધર્મોપદેશ કરવાની રજા આપી. બુદ્ધ ભગવાનને તેમના વખતના જૂના વિચારોના લોકો સામે લડવું પડતું એટલું જ નહિ પણ જૂના વિચારના લોકો જેમને નાસ્તિક કે પાખંડી કહેતા એવા પોતાના જ જેવા બીજા સુધારકો સામે પણ લડવું પડતું. આ બધાં કારણોને લીધે બુદ્ધનો ઉપદેશ ચોક્કસ શબ્દોમાં અને વ્યવસ્થિત રૂપમાં મૂકવામાં આવ્યો. સામાન્ય લોકોને માટે બુદ્ધ ભગવાને નીચેના નિયમ કહ્યા હતા :—

કોઈની હિંસા ન કરવી.
અન્યાયથી કશું લેવું નહિ.
શારીરિક પવિત્રતા છોડવી નહિ.
અસત્ય ભાષણ ન કરવું.
ચાડી ખાવી નહિ.
કઠોર બોલવું નહિ.
નકામી લવરી કે નિંદા ન કરવી.
બીજાના દ્રવ્યનો લોભ ન રાખવો.
મનમાંથી ક્રોધ કાઢી નાખવો.
મિથ્યાદૃષ્ટિ એટલે નાસ્તિકતા રાખવી નહિ.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ભિક્ષુઓને માટે

બ્રહ્મચર્યનું પાલન કરવું.
માદક પદાર્થોનું સેવન ન કરવું.
અંધાર પક્ષી ન જમવું.
નૃત્ય, ગીત આદિ ઉદ્દીપક વસ્તુ ન જોવી કે સાંભળવી.
માલા ગન્ધ વગેરે ન વાપરવાં.
ઊંચી કે સુંવાળી પથારી ઉપર ન સૂવું.
સોનું ચાંદી વગેરેનો સ્વીકાર ન કરવો.

એવા બધારાના નિયમો બુદ્ધ ભગવાને ઘડી આપ્યા હતા.

આવા ભિક્ષુઓ આઠ મહિના દેશમાં અંધે ફરી ધર્મોપદેશ કરતા. અને ચોમાસામાં વિહારમાં એક ઠેકાણે બેસી ધર્મનું અધ્યયન અને ચિંતન કરતા. ધર્મોપદેશને માટે ફરતી વખતે લોકો પાસેથી સહેલાઈથી જે ભિક્ષા મળે તે જ ખાઈને ભિક્ષુઓ રહેતા.

બુદ્ધના સંઘમાં અંધી જ્ઞાતના શિષ્યો આવી શકતા હતા. સ્ત્રીઓ માટે પણ બુદ્ધ ભગવાને એક જુદો સંઘ સ્થાપ્યો હતો. બુદ્ધના સ્ત્રીશિષ્યોમાં ક્ષેમા, ઉત્પલવર્ણા વગેરે મહાન ભિક્ષુણીઓ થઈ ગઈ છે. તેમણે સ્ત્રીવર્ગને જ નહિ પણ પુરુષવર્ગને પણ ઉપદેશ કરી તેમને સન્માર્ગ ઉપર વાળ્યા છે. એમના જેવી ભિક્ષુણીઓને સ્થવિરા અથવા થેરી કહેતા.

બુદ્ધ ભગવાનનો સંઘ એ દુનિયાની પહેલવહેલી ધર્મશાલો (મિશનરીઓ) ની સંસ્થા કહેવાય.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

૪. બુદ્ધ અવતાર

ભગવાન બુદ્ધને આપણે શ્રીવિષ્ણુનો અવતાર માનીએ છીએ. મને થાય છે કે તથાગતને અવતાર માનવો જ હોય તો મહાદેવનો અવતાર કેમ ન માનીએ? તે ભવપાલક નથી, ભવરોગઘ્ન — ભવનાશક છે. પણ શાક્યમુનિને અવતાર માનવો એ જ મને પસંદ નથી. અવતાર એટલે શું? દુનિયાનું દુઃખ જોઈને, જ્ઞાનનો લોપ જોઈને, શુદ્ધ, બુદ્ધ, નિત્ય, મુક્ત, એવા પરમેશ્વર દુન્યવી રૂપ ધારણ કરી 'નીચે ઊતરે છે.' તે માણસોમાં રહીને માણસની પેઠે ભલે વર્તે; પણ તે માણસ નથી; તેની ન્યાત જુદી છે. તેના અનુગ્રહથી આપણો ઉદ્ધાર ભલે થાય, પણ તેનું અનુકરણ કરવાની આપણને ઇચ્છા થવાની નથી. આપણે કૃષ્ણના ઉપાસક બની શકીએ છીએ, પણ કૃષ્ણનું અનુકરણ તો ન જ કરીએ. ગૌતમ બુદ્ધ અવતાર ન હતા, માણસ હતા. દુનિયાનું દુઃખ જોઈને, સમ્યક્ જ્ઞાનનો અભાવ જોઈને 'તેઓ ચડ્યા.' સામાન્ય જીવ — પણ શ્રદ્ધાવાન જીવ — અનેક જન્મ સુધી ચડતા ચડતા બોધિસત્ત્વના બુદ્ધ થયા; મનુષ્યના દેવ બન્યા; શુદ્ધ, બુદ્ધ, મુક્ત બન્યા; આર્ય હતા, અર્હંત બન્યા. તેમનું જીવન અનુકરણીય છે. સીતા સાવિત્રીની પેઠે બુદ્ધ ભગવાને પણ માણસ કયાં સુધી ચડી શકે છે એ દુનિયાને બતાવી દીધું છે. શ્રદ્ધા અને કરુણાની તેઓ મૂર્તિ હતા. યમરાજને ત્યાં જનાર નચિકેતાની શ્રદ્ધા બુદ્ધ ભગવાનમાં હતી. ગુરુ પાસેથી બ્રહ્મજ્ઞાન મેળવી નિર્ભય થયા પછી જનકરાજા રાજ્યસર્વસ્વ છોડવા તૈયાર થયા. ગુરુકૃપાથી જીવનનું સાર્થકય થશે એવો વિશ્વાસ હોવાથી

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ગોપીચંદે રાજ્યત્યાગ કર્યો. પણ શાક્યમુનિનો ત્યાગ એથી આકરો હતો.

'સાંસારિક જનોનું દુઃખ જોઈ મારું મન રડે છે, તેથી તે દુઃખ મટાડવાની દવા હોવી જ જોઈએ; અને તે છે તેથી મારે તે મેળવવી જ જોઈશે;' એ શ્રદ્ધાથી — અંતઃશ્રદ્ધાથી — તેમણે રાજ્યત્યાગ કર્યો. આ વીરકર્મ મનુષ્યજાતિ છે ત્યાં સુધી ગવાશે. દરેક જમાનાના કવિઓ તે મહાભિનિષ્ક્રમણનો પ્રસંગ ગાઈ પોતાની વાણી પુનિત કરશે.

સિદ્ધાર્થનો ગૃહત્યાગ સફળ થયો અને આર્યાવર્તમાં ધર્મચક્ર પ્રવર્તન શરૂ થયું. બુદ્ધ ભગવાનનો ધર્મ ગૂઢવાદી નથી, 'મતિવાદી' નથી, છતાં તે સામાન્ય નીતિધર્મ પણ નથી. તેમાં અહંકારનો નાશ ઉદ્દિષ્ટ છે અને નિર્વાણ એ તેનું પ્રાપ્તવ્ય છે.

બૌદ્ધ ધર્મનું સામાજિક સ્વરૂપ શું હતું અને તે ધર્મની આર્યાવર્ત ઉપર શી અસર થઈ એ વિષય અત્યન્ત મહત્ત્વનો છે, પણ વિદ્યાર્થીઓ મોટી ઉંમરે તેનો વિચાર કરી શકે.

બુદ્ધ ભગવાનનું ચરિત્ર વાંચીને કોઈ યુવાનને ગૃહત્યાગ કરવાનો વિચાર થાય એ સંભવિત છે. તેણે ધ્યાનમાં રાખવું કે જે મહાવીર હશે તે જ ત્યાગ કરી શકશે. સરસ્વતીચંદ્ર બનવામાં શ્રેય નથી. 'જો ત્યાગ કરો તો તે ત્યાગને લાયક બનો.'

એપ્રિલ, ૧૯૨૨

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

૧૬

મૃત્યુ સામે પ્રેમ

[જેઠ સુદ ૧૫]

વનવાસનાં કષ્ટ વેઠતી દ્રૌપદીને આશ્વાસન આપવા સારુ ઋષિઓએ જે અનેક વાર્તાઓ કહી તેમાં સીતાની કથા અને ત્યાર પછી સાવિત્રીની કથા કહેવામાં ઋષિઓએ કેટલું બધું ઔચિત્ય વાપર્યું છે! સીતા, સાવિત્રી અને સતી ઉમા એ આર્ય રમણીનો ત્રિવિધ આદર્શ છે.

મદ્રદેશના અધિપતિ અશ્વપતિને અપત્ય નથી. રાજા નગરવાસી તેમ જ ગ્રામવાસી લોકોને અત્યંત પ્રિય છે. અંતઃકરણનો ઉદાર, સત્યપ્રતિજ્ઞ, જિતેન્દ્રિય અને ક્ષમાશીલ એવા રાજાની પરંપરા અબાધિત રહે એવી ચિંતા પ્રજાને પણ હોય. રાજાએ અનેક જાતની કઠણ તપસ્યા કરી અને ઇંદ્રિયોનું દમન કરી પરમાત્મશક્તિની આરાધના કરી.

જીવનકાર્ય એક જન્મમાં પૂરું નથી થતું. સમાજસેવા અને રાષ્ટ્રસેવા પેઢી દર પેઢી ચાલે, વંશપરંપરાગત કુલધર્મ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

થઈ જાય, ત્યારે જ ધાર્યું ફળ મળવાનું. કુલવ્રત સતત ચાલે એટલા માટે રાજાએ સંતતિની ઇચ્છા કરી. 'संतानं परमो धर्मः' કુલધર્મ તો પુત્રો જ પાળે, પુત્ર વગર ગતિ નથી, એમ માની રાજાએ પુત્રની ઇચ્છા કરી. પણ પરમાત્માને બતાવવું હતું કે ધર્મનો ઉત્કર્ષ બતાવવા માટે પુરુષોની પેઠે સ્ત્રીઓ પણ સમર્થ થઈ શકે છે. પુત્ર માગનાર રાજાને એક કન્યારત્ન જડયું. પુત્ર માટે ઝંખનાર માતાપિતાને જ્યારે કન્યાપ્રાપ્તિ થાય ત્યારે એનાં લાડ અને ઉછેર પુત્ર જેવાં જ થાય તો તેમાં શી નવાઈ? સાવિત્રી એ જ રીતે સંસ્કારી સ્વતંત્રતાના વાતાવરણમાં ઊછરી. દેવકન્યાને શોભે એવી ઉત્તમ કેળવણી એને મળી. પરિણામે છોકરી તેજસ્વિની થઈ. પવિત્રતા, નિર્ભયતા અને ઉચ્ચ સંસ્કારિતાને લીધે જ્યાં ત્યાં છોકરીનું એવું તો તેજ પડવા લાગ્યું કે એની આગળ ભલભલા રાજપુત્રો ફિક્કા દેખાવા લાગ્યા. સાવિત્રીને લાયક આપણે છીએ એવો આત્મવિશ્વાસ એક્કે રાજપુત્રમાં ન મળે. જે પ્રેમ કરવા આવે તે પૂજા જ કરતો થાય. છોકરી મોટી થઈ. બધી રીતે સંસ્કારસંપન્ન દેખાઈ. શરીરે પણ અંગેઅંગ પૂર્ણવિકસિત અને પ્રૌઢ. રાજાને વિચાર થયો કે વંશવિસ્તાર ન થાય તો આટલા બધા સંસ્કારની પરંપરા કેમ જળવાય? પિતાએ ઇરાદાપૂર્વક દીકરીને સ્વતંત્રતાની કેળવણી આપી હતી. તેથી વિશ્વાસપૂર્વક એણે સાવિત્રીને કહ્યું કે "ક્ષત્રિયોના રિવાજ પ્રમાણે રાજપુત્રોએ તારે વિષે માગું કરવું જોઈએ. પણ કોઈ હિંમત કરતું નથી. તને આપણા કુલવ્રતની ખબર છે. સર્વ શુભ સંસ્કારોથી તું યુક્ત છે. તું તારી મેળે તારો પતિ પસંદ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

કરી મને જણાવજે. હું એ વાતનો યોગ્ય વિચાર કરી તારા પસંદ કરેલા યુવાનને જ તને અર્પણ કરીશ. હું ઇચ્છું છું કે તારી ઇચ્છા પ્રમાણે તું વર શોધી લે. આ માર્ગ કદ ભલે ન હોય પણ ધર્મસંમત છે એમ બ્રાહ્મણોએ મને કહ્યું છે. આ બાબતમાં હું બેદરકાર રહું તો દેવો મને ઠપકો દેશે."

કન્યાએ પિતાના વૃદ્ધ મંત્રીને સાથે લઈ પ્રયાણ કર્યું. સાવિત્રીને લાયક વર સહેજે જડે એમ હતું જ નહિ. તે અનેક નગરોમાં, દેશોમાં અને વનોમાં ફરી. આમ યાત્રા કરતાં અત્યંત કીમતી કેળવણી પણ એને મળતી ગઈ. આખરે એને પોતાને લાયક પતિ જડ્યો. પિતાની સંમતિ વગર વાત તો થાય જ નહિ એટલે સાવિત્રી સીધી પાછી ઘેર આવી. પિતાને મળવા જાય છે ત્યાં તો ત્રિલોકમાં જેમનો સંચાર અપ્રતિહત છે એવા ભગવદ્‌ભક્ત, જનહિતૈષી નારદમુનિને ત્યાં આવેલા જોયા. નારદનું આગમન એટલે ધાર્મિક તેમ જ લૌકિક જ્ઞાનની ઉજાણી; સુર અને અસુર, મનુષ્યો તેમ જ ગાંધર્વ-કિન્નરો બધા જ સર્વભૂતહિતેરત એવા નારદને ચાહે. સાવિત્રીએ પિતાને અને બ્રહ્મદેવના પુત્રને નમસ્કાર કર્યા. નારદે કુશલ પ્રશ્ન પૂછ્યા: "કન્યા ઉંમરલાયક થઈ છે, એને કયારે પરણાવવાના છો?" રાજાએ પોતાનો આદર્શ જણાવી દીધો અને કહ્યું: "સાવિત્રી પોતાનો વર ખોળવા ગઈ હતી તે હમણાં જ આવે છે. એની વાત આપણે સાંભળીશું." સાવિત્રીએ કહ્યું કે "શાલ્વદેશના દ્યુમત્સેન રાજાનું નામ પ્રખ્યાત છે જ. આજે એ રાજ્યભ્રષ્ટ થઈ વનમાં વનવાસીની પેઠે રહે છે. એને આંખે અંધત્વ આવ્યું છે. રાજ્યભ્રષ્ટ થવાથી જે કષ્ટ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

વેઠવાં પડે છે તેમાં એણે દારુણ તપશ્ચર્યાનો ઉમેરો કર્યો છે, છતાં એની તિતિક્ષાનો ભંગ થયો નથી. એનો સુશીલ પુત્ર સત્યવાન એ જ મારે લાયક છે એમ મેં નક્કી કર્યું છે અને મારા મનથી હું એને વરી ચૂકી છું." નારદઋષિના મોઢામાંથી દુઃખનો ઉદ્‌ગાર નીકળી ગયો. એ બોલ્યાઃ "ભૂંડું થયું." રાજાને થયું કે દીકરીએ સ્વયંવરમાં થાપ આપી છે. એટલામાં રાજાના મુખ પરની ચિંતા જોઈ નારદ બોલ્યાઃ "માતા અને પિતા અત્યંત સત્યનિષ્ઠ હોવાથી બ્રાહ્મણોએ દીકરાનું નામ સત્યવાન રાખ્યું છે. જંગલમાં રહ્યાં રહ્યાં એણે કેળવણી પણ સરસ મેળવી છે. માટીના ઘોડા અને જાતજાતનાં રમકડાં નાનપણમાં એવાં તો સરસ બનાવતો અને ચિત્રો પણ એવાં સરસ ચીતરતો કે એનું નામ ચિત્રાશ્વ પડયું છે."

"નાનપણના ગુણ મોટપણમાં ટકે જ છે, એવી કયાં બાતરી છે?" રાજાએ પૂછયું. "પણ એ રાજપુત્ર આજે કેવો છે? સત્યનિષ્ઠ, તેજસ્વી, બુદ્ધિમાન, ક્ષમાસંપન્ન, શૂર અને પિતૃભક્ત એટલા ગુણો એનામાં ન હોય તો મારી કન્યાએ પસંદગીમાં ભૂલ કરી છે એમ જ માનવું પડશે." નારદની વાગ્ધારા ચાલી. સત્યવાનનું સ્તુતિસ્તોત્ર ગાતાં એકકે રાજર્ષિની ઉપમા બાકી ન રહી. સત્યવાન, રૂપવાન, ઉદાર અને પ્રિયદર્શન તો હતો જ. પણ રાજાને આવશ્યક એવા બધા જ ગુણો એની અંદર નારદે જોયેલા અને તેજસ્વિતાની સાથે સરળતા અને મર્યાદશીલતા એ વિશેષ ગુણને માટે શીલવૃદ્ધ અને આચારવૃદ્ધ લોકો એનાં વખાણ કરે છે એમ નારદે ઉમેર્યું.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

"ત્યારે ભૂંડું શું થયું ?"

કટાણું મોં કરી નારદે કહ્યું, "એ સર્વગુણસંપન્ન રાજપુત્રને હવે એક જ વર્ષ આયુષ્ય બાકી રહ્યું છે. એનું મરણ ટાળવાની શક્તિ કોઈની નથી એમ હું જોઉં છું." "ત્યારે આવો જમાઈ કોણ પસંદ કરે ?" રાજાએ અને નારદે કન્યાને ભલામણ કરી કે "બીજો વર શોધી કાઢવો એ જ યોગ્ય છે." શીલપરાયણ રાજકન્યાએ તે સૂચનાનો જરાયે આદર ન કર્યો. એણે કહ્યું કે "સજ્જનોનો એ માર્ગ નથી. જેને એક વાર હું વરી છું એ દીર્ઘાયું હો કે અલ્પાયુ હો, સગુણ હો કે નિર્ગુણ, એને જ વરી છું, હવે બીજાને નહિ જ વરું. કોઈ પણ વસ્તુનો પ્રથમ મનમાં સંકલ્પ થાય છે. એ પ્રમાણે શબ્દમાં એ ઉચ્ચારાય છે, અને ત્યાર પછી એ પ્રમાણે કૃતિ થાય છે. મનના નિશ્ચય ઉપર વાણી અને કૃતિનો આધાર છે અને એ બન્નેની પ્રેરણા પણ એમાંથી જ થાય છે. માટે મન એ જ મારે મન પ્રમાણ છે. प्रमाणं मे मनस्ततः।" આવા ધાર્મિક નિર્ણય આગળ રાજા પણ શું કહી શકે અને નારદ પણ શું કહે? સાવિત્રીનો નિશ્ચય વધાવી લઈ મોઢામાંથી નીકળ્યા એવા આશીર્વાદ દઈ નારદ સંચાર કરવા ઊપડયા, અને રાજાએ દ્યુમત્સેનના આશ્રમ તરફ જવાની તૈયારી કરી.

પ્રથમ તો દ્યુમત્સેનને બધું આશ્ચર્ય જેવું જ લાગ્યું. રાજ્યભ્રષ્ટ થયેલા, અંધ, વનવાસી રાજાના પુત્રને સાવિત્રી જેવી ઉત્કૃષ્ટ અને તેજસ્વિની કન્યા આપવા એનો પિતા આવે છે એના કરતાં વધારે અદ્‌ભુત કયું ? અશ્વપતિએ જવાબ વાળ્યો, "મારી કન્યા પણ જાણે છે અને હું પણ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

જાણું છું કે સુખ અને દુઃખ બન્ને અસ્થાયી છે. બંનેનો નાશ છે. સારા માણસે એનો વિશ્વાસ ન કરવો. ગૌરવની દૃષ્ટિએ આપણાં બંનેનાં કુળ સમાન છે, અને મારી દીકરીએ વિચારપૂર્વક પોતે જ આ સંબંધ પસંદ કર્યો છે.''

આશ્રમમાં થઈ શકે એ ઢબે વિવાહ થઈ ગયા. સાવિત્રીએ પિતાને માઠું ન લાગે એટલા માટે પિતા હાજર હતા ત્યાં સુધી જ ઘરેણાં પહેર્યાં. અશ્વપતિ પાછા ફર્યા કે તરત જ સાવિત્રીએ બધાં ઘરેણાં ઉતારી ભગવાં લીધાં; અને શુશ્રૂષા, સદાચાર, નમ્રતા તથા ઇંદ્રિયદમન, એ પોતાનો આચારધર્મ બનાવી પ્રસન્નતાથી રહી બધાંને પ્રસન્ન કર્યાં. સાસુ, સસરા વગેરે સર્વ સંબંધીઓને તેમ જ પતિને પોતાના સદ્‌ગુણોથી સંતુષ્ટ કરી આશ્રમલક્ષ્મી જેવી ત્યાં એ શોભવા લાગી. સંસ્કારી, ધર્મપરાયણ અને જિતેંદ્રિય સ્ત્રીના સહવાસમાં સત્યવાનનો આનંદ વધતો ગયો. સાવિત્રીને સેવાનો આનંદ તો હતો જ, પણ નારદે કહેલી આગાહી એ આનંદને બાળીને ભસ્મ કરતી હતી. મહિનાઓ ગયા અને દિન રહ્યા. હવે તો ચાર જ દિવસ બાકી રહ્યા. સાવિત્રીએ આહાર અને નિદ્રાનો ત્યાગ કર્યો. દ્યુમત્સેન રાજા ગભરાયા. ત્રણ દિવસ સુધી ઊભાને ઊભા જ રહેવાનું સાવિત્રીનું વ્રત હતું તે પાર કેમ પડે? સાવિત્રીએ જવાબ વાળ્યો કે, ''તાત, આપ ચિંતા ન કરો. મેં નિશ્ચયપૂર્વક વ્રત શરૂ કર્યું છે અને નિશ્ચય એ જ કાર્યસિદ્ધિનું કારણ છે. व्यवसायश्च कारणम्।

સુશીલ સાવિત્રીનો વિરોધ કોણ કરે? ત્રણ દિવસ એમ ને એમ નીકળી ગયા. છેલ્લી રાતે સાવિત્રીની એક એક ક્ષણ કેવી ગઈ હશે? સવાર પડતાં વેંત સાવિત્રીએ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

નિત્યકર્મ પૂરું કરી પ્રદીપ્ત અગ્નિમાં હવન કર્યું, વડીલોને નમસ્કાર કર્યા. બધાંએ એને આશીર્વાદ આપી, ભોજન કરવા આગ્રહ કર્યો. સાવિત્રીને આહાર નિદ્રાદિ દેહધર્મ શી રીતે સૂઝવાના હતા! એણે નમ્રતાપૂર્વક સાસુસસરાને કહ્યું કે સૂર્યાસ્ત પછી અમુક ઇષ્ટ વસ્તુ પૂરી કરી પછી જ જમવાનો મારો સંકલ્પ છે. એટલામાં સત્યવાન ખાંધે કુહાડી મૂકી ફળો અને લાકડાં આણવા જવા લાગ્યો. સાવિત્રીએ કરગરીને કહ્યું કે એકલા ન જાઓ. હું તમારી સાથે આવું છું. આજે તમારાથી દૂર રહેતાં મારો જીવ નથી ચાલતો. સાવિત્રીને ગાઢ જંગલમાં ફરવાનો મહાવરો કયાંથી હોય? અને આજે તો વળી એના ઉપવાસનો ચોથો દિવસ હતો. તે શી રીતે ચાલી શકે? એને રજા કોણ આપે? પણ સત્યવાનની 'ના' સાવિત્રીએ સાંભળી જ નહિ. આખરે સત્યવાને વાત માબાપ ઉપર ઢોળી. સાવિત્રીએ અત્યંત નમ્રતાથી પણ દૃઢતાથી પોતાની મનીષા સાસુ-સસરા આગળ રજૂ કરી. સાસુસસરાએ વિચાર કર્યો કે દીકરીએ આખા વર્ષમાં એક વાર પણ કદી યાચના કરી નથી. આજે એને ના કેમ પડાય? એમણે આખરે રજા આપી.

બન્ને વનમાં ચાલ્યાં. વનવાસના કાવ્યમય જીવનમાં અરણ્યની શોભા ધ્યાન ખેંચે જ. રસ્તામાં મોર કળા કરતા હતા અને ટહૂકતા હતા. અનેક પ્રવાહો પોતાના નિર્મળ જળથી કલધ્વનિ કરતા હતા, અને જ્યાંત્યાં નાનાંમોટાં વૃક્ષો અસંખ્ય ફૂલોથી પ્રફુલ્લ થયાં હતાં. સત્યવાન દરેક રમણીય વસ્તુ તરફ સાવિત્રીનું ધ્યાન ખેંચતો જાય અને પોતાનો આનંદ દ્વિગુણિત કરતો જાય. સાવિત્રી પણ પતિના આનંદમાં

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ભળવા પૂરતો પ્રયત્ન કરતી હતી. ભાગ્યના પાસા પડવાને વખતે પોતે પતિ સાથે છે એટલું જ સમાધાન એને હતું; પણ પ્રતિક્ષણ એને મન કલ્પાંત સમી હતી : જાણે એના અંતઃકરણના બે ચીરા થઈ જતા હતા.

વનમાં પહોંચ્યાં અને સત્યવાન ફળો વીણવા લાગ્યો. એટલામાં સાવિત્રીએ સુગંધી ફૂલો ચૂંટી એની માળા બનાવી. જરૂર જેટલાં ફળો ભેગાં થયાં એટલે સત્યવાને કુહાડી લઈ સૂકાં લાકડાં કાપવાનું આરંભ્યું. એ કામ એને નવું ન હતું. સત્યવાનનું શરીર પણ કસાયેલું; પણ કોણ જાણે શાથી આજે એને આખા શરીરે પરસેવો છૂટ્યો. એ થાકયો. એના માથામાં તીવ્ર વેદના શરૂ થઈ. એકધ્યાનથી પતિને નિહાળતી સાવિત્રીના લક્ષમાં એ વાત આવી. એણે પાસે આવી પ્રેમપૂર્વક પૂછ્યું : " આજે કાંઈક વિશેષ થાક લાગ્યો જણાય છે ?" સત્યવાન તો પોતાનો થાક દબાવવા માગતો હતો. વેદના પણ છુપાવવાની જ તેની ઇચ્છા હતી; પણ જ્યારે સાવિત્રીએ અત્યંત પ્રેમથી સવાલ પૂછ્યો, ત્યારે એનું ચાલ્યું નહિ. એણે કહ્યું : " હા, આજે કાંઈક થાય છે ખરું. માથામાં શૂળ છે અને અંતઃકરણમાં અસ્વસ્થ જેવું લાગે છે." જરાક રહીને કહે, " હવે તો ઊભું પણ રહેવાતું નથી. જરાક સૂઈ જાઉં તો સારું." સાવિત્રીએ ત્યાં જ જમીન પર બેસી સત્યવાનનું માથું પોતાના ખોળામાં રાખ્યું. સત્યવાનને કાંઈક આરામ જણાયો પણ સાવિત્રીને એ ઘડી પ્રલયકાળ જેવી ભાસવા લાગી. ભગવાન નારદે ભાખેલો પ્રસંગ નજીક આવ્યો છે એની એને ખાતરી થઈ. એનું હૃદય, મન અને આત્મા એની આંખમાં આવી સત્યવાન તરફ જોવા લાગ્યાં.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ચાર દિવસના ઉપવાસને લીધે દૃષ્ટિ ક્ષીણ થવી જોઈએ, પણ સાવિત્રીની તપસ્યા જ એટલી ઉજ્જ્વલ કે એ જ ઘડીએ એને દિવ્યદૃષ્ટિ પ્રાપ્ત થઈ.

એણે જોયું કે સામેથી કોઈ ભવ્ય પુરુષ નજીક આવે છે. એણે લાલ કપડાં પહેર્યાં હતાં. માથા પર ચળકતો કિરીટ હતો. એ પુરુષ શરીરે કદાવર અને સુંદર હતો. તેજમાં જાણે પ્રતિસૂર્ય જ. એને શ્યામ કહેવા કરતાં ગૌર કહેવો એ જ વધારે અરાબર ગણાય. એના હાથમાં ભયંકર પાશ હતો. જોતાં આદર ઉપજાવે એવી એની ગંભીર આકૃતિ જોઈ સાવિત્રી કળી ગઈ. એણે ધીમે રહીને પતિનું માથું જમીન પર મૂકી દીધું, અને તે દિવ્ય પુરુષ પ્રત્યે આદર દર્શાવવા ઊભી થઈ. સાવિત્રીએ પૂછ્યું: "આપની કાયા માનુષી નથી, આપ કોઈ દૈવી પુરુષ છો, એટલું તો હું જાણી શકી છું. પણ આપ કોણ છો અને શા ઉદ્દેશથી આવ્યા છો એટલું કહેવાની કૃપા કરશો?" તે દિવ્ય પુરુષે જવાબ આપ્યો, "હે સાવિત્રી, તું પતિવ્રતા છે અને તપોનિષ્ઠ પણ છે. તેથી જ તું મને જોઈ શકી અને તેથી જ તારી જોડે હું ભાષણ પણ કરું છું. હું પિતરોનો અધિપતિ યમ છું એમ જાણજે. તારા પતિનું આયુષ્ય નષ્ટ થયું છે તેથી એને લઈ જવા આવ્યો છું."

"ભગવન્ માનવીને લઈ જવાને તો આપના દૂતો આવે છે. આજે પોતે શા કારણે પધાર્યા છો?"

"અમને માણસની કદર હોય છે, આ તારો સત્યવાન ધર્મસંપન્ન છે, રૂપવાન છે અને ગુણનો તો જાણે મહાસાગર જ. એને લઈ જવાને મારે પોતે જ આવવું જોઈએ ને?"

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

આમ કહેતાં કહેતાં યમરાજે સત્યવાનના શરીરમાંથી એનો જીવાત્મા પોતાના પાશ વડે ખેંચી કાઢ્યો. તરત જ સત્યવાનનું શરીર નિસ્તેજ થઈ ગયું, શ્વાસોચ્છ્વાસ બંધ થઈ ગયા. મુખ ઉપરની કાન્તિ ઊતરી ગઈ અને બધા અવયવો ઢીલા પડી ગયા. યમરાજે સત્યવાનના જીવાત્માને પોતાના તાબામાં લઈ દક્ષિણ દિશા તરફનો રસ્તો લીધો. યમનિયમથી સર્વ સિદ્ધિઓ પામેલી હોવાથી સાવિત્રી પણ યમરાજની પાછળ પાછળ ચાલી. એના હૈયામાં દુઃખનો મહાસાગર ઊલટ્યો હતો. સાવિત્રીને પાછળ પાછળ આવતી જોઈ યમરાજે હેતપૂર્વક કહ્યું: "સાવિત્રી હવે તું પાછી જા, અને સત્યવાનનું ઔર્ધ્વદૈહિક કર. પતિ જીવે ત્યાં સુધી પત્ની એની સાથે રહે એ ધર્મનું તેં પૂરેપૂરું પાલન કર્યું છે. પતિના ઋણમાંથી તું મુક્ત થઈ છે. પતિ પાછળ જ્યાં સુધી જવું જોઈએ તેટલે તું જઈ ચૂકી છે. હવે પાછી જા."

"હું શી રીતે પાછી જાઉં? જ્યાં પતિ ત્યાં હું. સનાતન ધર્મે જ આ વ્યવસ્થા કરી આપી છે. તપ, ગુરુભક્તિ, પતિપ્રેમ, વ્રત અને આપનો અનુગ્રહ એને લીધે મારી ગતિ અંકુંઠિત છે. હવે હું પતિને શી રીતે છોડી શકું? આપ મને પાછી ન જ વાળી શકો."

સાવિત્રીને ધર્મ અનુસાર બોલતી જોઈ યમ–ધર્મ સંતુષ્ટ થયા. એટલે સાવિત્રીએ આગળ ચલાવ્યું:

"ડાહ્યા લોકો કહે છે સાત પગલાં ચાલવાથી અથવા સાત શબ્દ બોલવાથી સજ્જન સાથે મૈત્રી બંધાય છે. એ મૈત્રીના અધિકારથી હું આપને કંઈક વીનવું છું તે કૃપા કરી

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

સાંભળશો ? જ્ઞાનસંપન્ન લોકો કહે છે કે, ચારે આશ્રમ ધર્માચરણને માટે યોગ્ય છે. અને ધર્માચરણ એ જ આત્મ-જ્ઞાનનું સાધન છે. સજ્જનો એમ પણ કહે છે કે ચારમાંથી ગમે તે એક આશ્રમનું ઉત્તમ રીતે પાલન થાય તો બાકીના આશ્રમના ધર્મ એની મેળે એની પાછળ પાછળ આવે છે. અને તેથી જ આશ્રમાંતર કરવાની કશી ઇચ્છા રાખવાની જરૂર નથી, એમ ધર્મજ્ઞ લોકોએ કહી રાખ્યું છે. એવી સ્થિતિમાં નિર્દોષ રીતે જ્યાં અમે ગૃહસ્થધર્મ ચલાવીએ છીએ ત્યાં એનો વિધ્વંસ શા માટે કરો ? મારા પતિને શા માટે લઈ જાઓ ?"

સાવિત્રીની આવી સંસ્કારી અને યુક્તિયુક્ત વાણી સાંભળી ધર્મજ્ઞ યમરાજને અત્યંત સંતોષ થયો. એમણે કહ્યું: "હે અનંદિતે, આ સત્યવાનનું જીવિત છોડીને બીજું જે તું માગે તે તને હું આપીશ. પણ તું હવે પાછી જા. તને ગ્લાનિ થાય છે. હવે વધારે શ્રમ લઈશ મા."

"પતિની સંનિધ મને ગ્લાનિ ? મારા પતિને જ્યાં તમે લઈ જશો ત્યાં હું આવી જ સમજજો. સજ્જનો સાથે એક વાર શ્રેષ્ઠ સમાગમ થાય તો તેને સંગત કહે છે. એવો સમાગમ વધે તો એને મૈત્રી કહે છે. તમારા જેવા ધર્મરાજ સાથેનો સમાગમ નિષ્ફળ તો નહિ જ જાય."

"મારા અંતઃકરણને પસંદ પડે અને જ્ઞાની લોકોની બુદ્ધિને પણ વૃદ્ધિંગત કરે એવી હિતકારી વાણી તું બોલ્યો છે. આ સત્યવાનના જીવિત વગર બીજો ગમે તે વર તું માગી લે. પણ હવે તું પાછી ફર. નકામો શ્રમ ન જ લે."

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

"આપે સર્વ પ્રજાને નિયમથી બાંધેલી છે. તેથી જ આપ ગમે તેને સ્વેચ્છાએ લઈ જઈ શકો છો. હું પણ એ જ નિયમને વશ થઈને પતિને અનુસરું છું. આપ મને શી રીતે પાછી કાઢી શકો? કોઈ પણ પ્રાણીનો મન, વચન કે ક્રિયાથી દ્વેષ ન કરવો, દ્રોહ ન કરવો, ઊલટો એના પર અનુગ્રહ કરવો એ તો સજ્જનોનો સનાતન ધર્મ છે. સામાન્ય માણસોમાં પણ એ જ પ્રથા આપણે જોઈએ છીએ. જેઓ સામર્થ્યસંપન્ન છે તેઓ કેટલા મૃદુ અને ક્ષમાવાન હોય છે! સજ્જનો તો પોતાના શત્રુ ઉપર પણ દયા જ કરે છે."

"સાવિત્રી, તરસથી પીડાયેલા માણસને શીતળ જળ મળે એના જેવી ધર્મરહસ્ય પ્રકટ કરનાર તારી આ વાણી મને તૃપ્તિકારક લાગે છે. હે કલ્યાણિ, આ સત્યવાનના જીવિત સિવાય અન્ય ગમે તે વર તું માગી લે, અને પાછી જા. તું કેટલે દૂર આવી ગઈ!"

"મારા પ્રિય પતિની સંનિધ હોવાથી મને આ સ્થાન જરાય દૂર નથી, ન દૂરમેતન્મમ મૃર્તૃસંનિધૌ। અને જ્યાં મન પહોંચી શકે તે દૂર કહેવાય ખરું? માર્ગમાં ચાલતાં ચાલતાં મારી કેટલીક વાતો તો આપ સાંભળો. ભગવાન સૂર્યનારાયણના આપ પ્રતાપશાળી પુત્ર છો. મૃત્યુલોકના સર્વ લોકો માટે આપે સરખો જ ધર્મ લાગુ કર્યો છે. એને અનુસરીને જ પ્રજાઓ ચાલે છે. માટે જ હે ઈશ્વર, લોકોમાં ધર્મરાજ એ નામથી આપની ખ્યાતિ છે. ખરેખર, ધર્મનિષ્ઠ સજ્જનો ઉપર માણસનો જેટલો વિશ્વાસ હોય છે તેટલો પોતાની જાત ઉપર પણ નથી હોતો. દરેક માણસ સજ્જનો પ્રત્યે પ્રેમ રાખે

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

છે. સજ્જનો પ્રેમમૂર્તિ હોય છે, તેથી દરેકનો એમના પર વિશ્વાસ હોય છે."

"ભદ્રે, આવું ભાષણ તો અત્યાર સુધી મેં કોઈને મોઢે સાંભળ્યું ન હતું. હું સંતુષ્ટ થયો છું. એક આ સત્યવાનનું જીવિત છોડી બાકી ગમે તે માગી લે. હવે તારે કેટલે દૂર આવવું છે? તારા જેવી રાજકન્યાને આટલો શ્રમ યોગ્ય નથી."

સાવિત્રીએ આગળ ચલાવ્યું: "સજ્જનોનું ધર્માચરણ હમેશાં અટળ હોય છે. ધર્માચરણમાં તેઓ પાછી પાની કરતા નથી, અને ધર્માચરણમાં તેઓ દુઃખ પણ અનુભવતા નથી. સજ્જન સર્વદા નિર્ભય હોય છે. પોતાના સત્ય વડે તેઓ સૂર્યનું રક્ષણ કરે છે. પોતાના તપોબળ વડે તેઓ ભૂમિને ટકાવી રાખે છે. હે ધર્મરાજ, થઈ ગયેલા અને આજના વર્તમાન સર્વ લોકોને આધાર તો સજ્જનોનો જ છે. શ્રેષ્ઠ લોકો આ જ રસ્તે ગયા છે એવું સ્મરણ કરી સજ્જનો પરકાર્યમાં રત રહે છે. અને બદલાની અપેક્ષા રાખતા નથી. સજ્જનોનો સમાગમ નિષ્ફળ જતો નથી. એમની પાસેથી મળેલું દ્રવ્ય નષ્ટ થતું નથી. આ નિયમ આબાધિત હોવાથી સજ્જનો એ જ વિશ્વના સંરક્ષણકર્તા છે."

"હે પતિવ્રતે, તેં ધર્મનું હાર્દ મારી આગળ ખોલ્યું છે. જેમ જેમ તારી પવિત્ર વાણી સાંભળતો જાઉં છું તેમ તેમ તારા પ્રત્યે ઉત્કૃષ્ટ ભક્તિ મારા હૈયામાં બંધાય છે, તારી ઇચ્છામાં આવે તે વર માગી લે."

સાવિત્રીનું કામ સર્યું. એ ઉત્સાહથી બોલી: "ભગવાન, અત્યાર સુધી જાણે મારા પાપનું ફળ જ મારી

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

આગળ ઊભું થતું હોય તેમ, 'સત્યવાનના જીવિતને બાદ કરીને,' એવું વચન મારે સાંભળવું પડતું. તે આપના આ વચનમાં નથી. હું ધન્ય થઈ ગઈ છું. સત્યવાન ફરી જીવતો થાય એ વર હું માગી લઉં છું. કેમ કે પતિ વિના જીવવું એ મરણ સમાન જ છે. પતિને છોડીને સુખની, લક્ષ્મીની અથવા સ્વર્ગની પણ મને ઇચ્છા નથી. પતિના વિયોગ સાથે જીવવું પણ મને ન ગમે."

જે ત્રિકાલમાં ન ટળે એવું હતું તે સાવિત્રીની ધર્મનિષ્ઠાથી અને એકનિષ્ઠ પ્રેમથી ટળ્યું. યમરાજે પોતાના પાશ છોડી દીધા; અને તેઓ બોલ્યા : 'હે કુલનંદિનિ કલ્યાણી સાવિત્રી, આ તારા પતિને મેં છોડી દીધો. હવે એ નીરોગી તારા મનોરથો પૂર્ણ કરનાર એવો ચારસો વર્ષ સુધી જીવશે અને તારી સહાયથી એને ધર્મપ્રાપ્તિ થશે. સત્યવાન ધર્માચરણથી પૃથ્વીમાં સર્વત્ર પ્રખ્યાતિ પામશે, અને અનંતકાળ સુધી તારી કીર્તિ આ લોકમાં અમર થશે. તને પ્રિય એવો વર તો મેં તને આપ્યો. પણ એ પહેલાં ચાર વાર મેં તને વર આપવાનું કહ્યું છે તેના બદલામાં તું કાંઈ માગી ન લે ત્યાં સુધી હું તારા બંધનમાં જ છું. મને કૃપા કરીને વચનમુક્ત કર."

હવે તો સાવિત્રીને માગવા જેવું ઘણું સૂઝે તેમ હતું. એણે પોતાના સસરાને ફરી દૃષ્ટિ પ્રાપ્ત થાય, એનું રાજ્ય એને પાછું મળે, પિતાને પુત્ર નથી તે પુત્રવાન થાય એવું એવું ઘણું માગી લીધું. માણસ પાસેથી માગવાનું હોત તો સંકોચ કરાય.

યમરાજ સત્યવાનને છોડીને પોતે પણ મુક્ત અને સંતુષ્ટ થયા અને એમણે પોતાના મંદિર તરફ પ્રયાણ કર્યું. સાવિત્રી

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પોતાના પતિનું શબ જ્યાં પડ્યું હતું ત્યાં પાછી આવી અને એણે પતિનું માથું ફરી ખોળામાં લીધું. એ પતિવ્રતાના હસ્તનો સ્પર્શ થતાં જ સત્યવાન સજીવન થયો અને આંખો ઉઘાડી અત્યંત પ્રેમથી સાવિત્રી તરફ જોવા લાગ્યો.

ઊઠતાં વેંત સત્યવાન બોલ્યોઃ "હું કેટલો વખત સૂઈ રહ્યો? તેં મને વખતસર કેમ ન ઉઠાડ્યો? અને જે મને ખેંચીને લઈ ગયા હતા તે શ્યામવર્ણના પુરુષ ક્યાં છે?"

એ વખતે સાવિત્રી કેટલા હર્ષથી બોલી હશે! મરી ગયેલા પતિને ફરી જીવતા થઈ પ્રેમવાણી બોલતા સાંભળી તેને કેટલો આનંદ થયો હશે! એ બોલીઃ "આપ ઘણો વખત સૂતા છો. પ્રજાનું સંયમન કરનાર યમરાજ આપને છોડીને ચાલ્યા ગયા છે. હવે થાક ઊતર્યો હોય તો ઊઠો એ જ ઠીક છે. જુઓ, ચારેકોર અંધારું થવા આવ્યું છે."

સત્યવાન ઊઠ્યો. ઊઠીને આમતેમ જોવા લાગ્યો. ભુલાઈ ગયેલી વાત સાંભરતી હોય તેમ આખો વનપ્રદેશ જોઈને એણે કહ્યુંઃ "પ્રિયે, તારી સાથે ફળો વીણ્યાં અને લાકડાં તોડ્યાં અને પછી માથામાં ભારે વેદના થવાથી હું સૂઈ ગયો એટલું સાંભરે છે. ત્યાર પછી કોણ જાણે શું થયું. મને ખૂબ ચક્કર આવ્યા એટલામાં એક ભારે તેજસ્વી પુરુષ દેખાવા લાગ્યો. પછીનું કાંઈ યાદ આવતું નથી. શું એ બધું સ્વપ્નનું હશે? તેં કાંઈ એવું જોયું? સાવિત્રી પ્રસંગ સમજે એવી હતી. એણે કહ્યુંઃ "આર્યપુત્ર, હવે બહુ મોડું થયું છે. પિતાશ્રી આપણી રાહ જોતા હશે. જુઓ, રાત્રે ફરનાર પશુઓના શબ્દો સંભળાય છે. શિયાળવાં રુએ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

છે. ઝાડનાં પાંદડાં પણ કેવો ઘોર અવાજ કરે છે! બધી વાત તમને કાલે કહીશ. અત્યારે તો ઘેર ચાલો."

સત્યવાન સાવ થાકી ગયો હતો. ચાલવું એને માટે મુશ્કેલ હતું. ચોમેર છવાયેલો અંધકાર જોઈ અને કેટલે દૂર જવાનું છે એનો વિચાર કરી એણે કહ્યું: "અત્યારે પાછા જવું મુશ્કેલ છે, અને અંધારામાં તને રસ્તો પણ નહિ જડે." સાવિત્રી સારી પેઠે મૂંઝાઈ. જવું ઠીક કે ન જવું ઠીક? પોતે નિર્ણય ન કરી શકી. એટલે એણે પતિને જ પૂછ્યું. એ પેલી પાર દાવાગ્નિથી દગ્ધ થયેલાં વૃક્ષોમાં કોક કોક ઠેકાણે અગ્નિ દેખાય છે. એમાંથી થોડોક દેવતા આણી હું લાકડાં સળગાવીશ એટલે એના અજવાળામાં આપણે જઈ શકીશું. અને જો મંદવાડની અસરથી આપને માટે ચાલવું અશક્ય હોય તો આપણે બંને આખી રાત અહીં જ ગાળીશું. સવારે ઘેર જવાશે."

સત્યવાન પણ એ જ દુવિધામાં હતો. ચાલવા જેટલી શક્તિ ન હતી અને ઘેર ન જઈએ તો વૃદ્ધ માત પિતા કેવું કલ્પાંત કરી મૂકશે એનો એને ખ્યાલ હતો. એણે કહ્યું: "માત પિતા મને ન જુએ તો કેટલાં દુઃખી થશે! હું જ એમનો એકમાત્ર આધાર છું ને! કેવી ગફલત કે અત્યાર સુધી સૂતો રહ્યો! આ વેરી નિદ્રા પર મને ચીડ ચડી છે. અત્યાર સુધી પિતાશ્રીએ મારી શોધમાં કાંઈ ને કાંઈ કર્યું હશે. જો એમનું કાંઈ અનિષ્ટ થાય તો મારાથી જિવાય જ નહિ. અત્યારે ઘેર ગયે જ છૂટકો." પિતાશ્રીનું દુઃખ અને પોતાની નબળાઈનો વિચાર કરતાં સત્યવાન રડી પડ્યો. ધીરોદાત્ત પુરુષ રડી પડે છે ત્યારે અબળા જ એને સાંત્વન

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

આપી શકે છે. નિષ્ઠાવાન સાવિત્રીએ મુગ્ધ પ્રાર્થનાનાં વેણ કાઢયાં. પતિની આંખમાંનાં આંસુ લૂછી કાઢી એ બોલી : "જો અત્યાર સુધી મેં કાંઈ પણ તપ કર્યું હોય, વિનોદમાં પણ અસત્ય ન બોલી હોઉં તો આજની રાત મારાં સાસુ, સસરા તથા પતિને સુખકર થાઓ!" ત્યાર પછી પ્રેમશાલિની સાવિત્રીએ પોતાના કેશ બાંધી લીધા અને પતિનો હાથ ઝાલી એને માંડમાંડ ઊભો કર્યો. પિતાશ્રી માટે વીણેલાં ફળ તરફ સત્યવાનની નજર ગયેલી જોઈ તેણે કહ્યું : આ કરંડિયો હું ડાળે લટકાવી રાખીશ. કાલે સવારે લઈ જઈશું. લાકડાં પણ છો અહીં જ પડ્યાં. આ એકલી કુહાડી હું સાથે લઈશ. પછી એણે પતિનો હાથ પોતાના ડાબા ખભા ઉપર રાખ્યો, અને પોતાનો જમણો હાથ એની કમરે વીંટાળી એ ગજગામિની ધીમે ધીમે ચાલી. સત્યવાનને સાવિત્રીનો આવી રીતે આશ્રય લેતાં સંકોચ થયો કે આનંદ થયો કોણ જાણે. પણ એ બોલ્યો : "હે ભીરુ, આ રસ્તે હું ઘણી વાર ગયો છું એટલે રસ્તો મારો જાણીતો છે. હવે તો ચાંદરણું પણ પાંદડામાંથી પ્રવેશ કરી કાંઈક માર્ગ દેખાડે છે. આઘે ખાખરાની ઝાડી છે ત્યાં જરા ચેતવા જેવું છે. ત્યાં બે રસ્તા આવે છે. એમાંનો ઉત્તર તરફનો રસ્તો તે આપણો. હવે ઝટ ચાલ. મને કાંઈક ફીક લાગે છે, માત પિતાને જલદી જઈને મળીશું."

* * *

અહીં દ્યુમત્સેનને એકાએક દૃષ્ટિ પ્રાપ્ત થઈ, એટલે એ તો આશ્ચર્યચકિત થયો. પણ એ આશ્ચર્ય લાંબા વખત સુધી ટકયું નહિ. સૂર્યાસ્ત થયો અને દીકરા તથા વહુને

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

નહિ આવેલાં જોઈને ડોસાનું આનંદાશ્ચર્ય ચિંતામાં આથમી ગયું. ઘરડે પગે એણે ચારે કોર ખોળ શરૂ કરી. કેટલીયે વાર પગમાં કાંટા વાગ્યા. અણિયાળા પથરાઓએ ઘરડા શરીરમાં હજી લોહી છે કે નહિ એની તપાસ કરી. દર્ભના ખૂંપરાને અનેક વાર લાલ અભિષેક થયા. પડોશના બ્રાહ્મણોએ આ વૃદ્ધની દયા ખાઈ પોતે પણ ખૂબ તપાસ કરી. ક્યાંય પત્તો ન મળ્યો એટલે બધાં પાછાં આવ્યાં. એક જણે ધૂણી સળગાવી. બીજા એકે જૂના કાળની કેટલીક અદ્‌ભુત વાતો છેડી. પણ માબાપની ધીરજ ખૂટી તે ખૂટી, તેમણે પોક મૂકીને રોવાનું શરૂ કર્યું: "હે પુત્ર, હે સાધ્વી વધુ, તમે ક્યાં છો?" સત્યવાદી બ્રાહ્મણોએ આશ્વાસન આપવા માંડયું. સુવર્ચા બોલ્યો: "સાવિત્રી તપ, ઇંદ્રિયદમન અને સદાચારથી યુક્ત છે. તેથી મારી ખાતરી છે કે સત્યવાન જીવતો છે." તપસ્વી ગૌતમ બોલ્યો: "મેં ચારે વેદનું સાંગ અધ્યયન કર્યું છે. બ્રહ્મચર્યનું પાલન કરી ગુરુ અને અગ્નિને સંતુષ્ટ કર્યા છે. એકલા વાયુનું ભક્ષણ કરી કેટલાયે ઉપવાસ કર્યા છે. એકેએક વ્રતનું એકાગ્ર અંતઃકરણ સાક્ષી પૂરે છે કે તમારો સત્યવાન જીવતો છે, એનું કુશળ છે. મારા વચન ઉપર ભરોસો રાખો." ગૌતમના શિષ્યને પણ થયું કે આપણે પણ એમાં કાંઈક ઉમેરીએ. તે બોલ્યો: "અમારા ગુરુ મહારાજના મુખમાંથી નીકળેલું એક પણ વચન અત્યાર સુધી ખોટું પડયું નથી એટલે હું ખાતરીપૂર્વક કહું છું કે સત્યવાન જીવે છે." બીજા અનેક ઋષિઓએ પોતપોતાની ધારણા પ્રમાણે આશ્વાસન આપ્યું. છેલ્લે

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

દાલ્ભ્ય ઋષિ બોલ્યા : "સાવિત્રી વ્રત કરીને કશું ખાધા વગર ગઈ છે એટલે તારો દીકરો જીવે છે એ વિષે શંકા જ નથી. અને રાજા તારી દૃષ્ટિ તને પાછી મળી છે એ જ એનો પરચો છે." બે ઘટિકા સુધી આવી વાતો ચાલી. એટલામાં બન્ને જણ ઘેર આવી પહોંચ્યાં. બ્રાહ્મણોએ આનંદથી કહ્યું : "જો રાજા, તારો દીકરો ને તારી વહુ તને પાછાં મળ્યાં છે. તારી દૃષ્ટ પણ તને પાછી મળી છે. હવે તારો અભ્યુદય નજીક આવ્યો સમજજે."

પછી તો બધે આનંદ આનંદ વ્યાપી રહ્યો. કેટલાયે સવાલો પુછાયા અને જવાબ અપાયા. ઋષિઓએ સાવિત્રીને આગ્રહ કર્યો કે બનેલી બધી બીના સવિસ્તર કહેવી જ જોઈએ. ગૌતમે કહ્યું : "સાવિત્રી, તને પ્રત્યક્ષ અને અતીંદ્રિય બન્ને વસ્તુનું જ્ઞાન છે. તારા તેજથી તો તું કેવળ સાવિત્રી દેવતા જેવી છે. ગુપ્ત રાખવા જેવું કાંઈ ન હોય તો સકળ વૃત્તાંત અમને કહે." સાવિત્રીએ સુખથી મીઠું થયેલું પોતાનું દારુણ દુઃખ બધું વર્ણવ્યું. ત્યારે બધા ઋષિઓ એકેઅવાજે બોલી ઊઠ્યા : અમારા રાજાનું આખું કુળ સંકટરૂપી અંધારા ખાડામાં ડૂબતું હતું તે હે સાધ્વિ ! તેં પોતાનાં શીલ, પોતાનાં વ્રત અને પુણ્ય વડે આજે તાર્યું છે. વાતો પૂરી થઈ એટલામાં રાત પણ પૂરી થઈ અને અરુણોદય સાથે દ્યુમત્સેન રાજાના રાજ્યના લોકોના પ્રતિનિધિ રાજાને પાછો બોલાવવા ત્યાં આવી પહોંચ્યા. શત્રુને ત્યાં ભારે રાજ્યક્રાંતિ થઈ, શત્રુઓ મરાયા અને પ્રજાએ એકમતથી રાજા દ્યુમત્સેન જ અમારે રાજા જોઈએ એવો આગ્રહ રાખ્યો. એટલા માટે અમે તેડવા આવ્યા છીએ એમ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

સચિવોએ કહ્યું. અહીંની બધી વાર્તા સાંભળીને સચિવો પણ તપસ્વિની સાવિત્રીને પગે લાગ્યાં.

નારદે ભાખેલાં સાવિત્રીનાં દુર્દૈવોથી દુઃખિત થયેલો સાવિત્રીનો પિતા ઘેર બેઠો આજે શી સ્થિતિમાં હશે? આ આનંદસમાચાર એને તરત પહોંચાડવાનું કોકને તો સૂઝયું હશે જ.

વૈશંપાયન કહે છે: સાવિત્રીની આ પુણ્યકથાએ આજ લગી અસંખ્ય લોકોને આશ્વાસન આપ્યું છે અને હવે પછી પણ જે કોઈ સાવિત્રીનું આ ઉત્કૃષ્ટ આખ્યાન શ્રવણ કરી ધ્યાન ધરશે તેના સર્વ મનોરથ પૂર્ણ થશે અને એ દુઃખમુક્ત થશે.

૧૯૨૦

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

૧૭

આચાર્યદેવો ભવ

[અષાઢ સુદ ૧૫]

મનુ ભગવાને કહ્યું છે, અને અમારી પણ એ જ શ્રદ્ધા છે કે સાવિત્રી એટલે વિદ્યા એ અમારી માતા છે, અને આપ — આચાર્ય અમારા પિતા છો, અજ્ઞાન દશામાં જન્મેલા અમને જ્ઞાનના સંસ્કાર આપી આપે જ નવો જન્મ આપ્યો છે.

આપની આંખમાં પ્રેમનું જાદુ છે; આપના ચિત્તમાં જ્ઞાનનું કલ્યાણ છે; પ્રભુનું મંગળ હૃદય આપને મળ્યું છે;— તેથી જ તો આપ આવી નિઃસ્વાર્થ સેવા કરી રહ્યા છો.

મૂર્તિકાર જેમ પથ્થરમાં મૂર્તિને પ્રથમ નિહાળે છે અને પછી તેમાંથી તેને કોરીને પ્રકટ કરે છે, તેમ ગુરુદેવ! શિષ્યના પ્રાણની સંપૂર્ણતા આપ જુઓ છો, અને પોતાના અદ્‌ભુત કૌશલ્ય વડે તેને ખીલવો છો. જિંદગીની સફળતા અમને આપની કનેથી જ લાધે છે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પંડે નિષ્કામ છતાં આપે પરમેશ્વર પાસે માગ્યું છે કે 'મારું જ્ઞાન સમૃદ્ધ હો; હું મોક્ષવિદ્યાનો ધારણ કર્તા થાઉં; મારું શરીર નીરોગી અને સ્થિર રહો; મારી જીભ અમૃતસ્તોત્રી બનો; મારું અધ્યયન બહોળું વધો; મારું જ્ઞાન કટાઈ ન જાઓ.'

વળી આપની પ્રાર્થના છે કે 'પાણી જેમ તળાવ તરફ વહે, મહિના જેમ વર્ષ તરફ વળે, તેમ સહુ બ્રહ્મચારીઓ મારી પાસે આવો. તેમની શંકાઓ દૂર થાઓ; તેમનું જ્ઞાન વધો; તેમની વૃત્તિ સંયમશીલ બનો; અને આવા વિદ્યાર્થીઓ દ્વારા મારી કીર્તિ પ્રસરો કે અહીં જ્ઞાનની પરબ છે.'

આટલી વત્સલતા અમને બીજે ક્યાં મળવાની? અમે એક આપને જ ઓળખીએ છીએ; આપને શરણે છીએ; આપની આજ્ઞા જ અમને પ્રમાણ છે. त्वं हि नः पिता यः अस्माकं अविद्यायाः परं पारं तारयसि । नमः परमऋषिभ्यः नमः परमऋषिभ्यः ।

ઑક્ટોબર, ૧૯૨૪

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

૧૮

નાગ પંચમી

[શ્રાવણ સુદ ૫]

નાગપંચમીનો ઉત્સવ અમારા પ્રાંતમાં ભારે ધામધૂમથી ઊજવવામાં આવતો. અમે જંગલમાંથી ચીકણી માટી આણીને રોટલી માટે લોટ કેળવાય છે તેમ તેને રૂના પોલ સાથે કેળવીને તેને મોટી ફેણવાળા નાગનો આકાર આપતા. એની પૂંછડીનો વળાંક એવો તો રૂપાળો બનાવતાં! હવે નાગને બિહામણી આંખો જોઈએ જ. એટલે યોગ્ય ઠેકાણે બે ચણોઠીઓ બેસાડી દેતાં! નાગને ઈશ્વરે એવડી જીભ આપેલી હોય છે. એ બક્ષિસ કુદરતે મુત્સદ્દીઓને, વકીલોને અને કોરટમાં સાક્ષીદારનો ધંધો કરનારને આપી હોત તો ઘણી સગવડ થાત. બીચારા નાગને બોલવાનું જ નથી હોતું ત્યાં સાચા જૂઠા માટે બે જીભો લઈને એ શું કરે? પણ કુદરતે એને એવડી જીભ આપી છે એટલે અમે પણ દરોના બે પાનાં એના મોઢામાં ખોસી

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

દેતા. એની આગળ દૂધનું પવાલું ધરી એની પૂજા કરતાં. પછી તો સાચે જ એ કોઈ કલ્યાણકર્તા જેવો લાગતો.

પણ આ નાગપાંચમ પાછળ ઇતિહાસ શું છે? દરેક તહેવાર કે વ્રત પાછળ તેને લગતો ઇતિહાસ હોય જ છે. નાગપંચમી પાછળ એક નાની સરખી કરુણ લોકવાર્તા છે જ; પણ નાગપૂજા જે આટલી સાર્વત્રિક થઈ હતી તેની પાછળ તો એક મોટો મહાભારત ઇતિહાસ છે. મહાભારતનાં આદિ પર્વમાં જ તે છૂપી રીતે વર્ણાયો છે.

જેમ આપણે ત્યાં એટલે કે બ્રાહ્મણોમાં ને આર્યોમાં ગોત્રપ્રવર હોય છે તેમ દ્રાવિડાદિ બીજી કોમોમાં દેવકો રહેતાં. અંગ્રેજીમાં દેવકને totem કહે છે. આજે કેટલીયે પહાડી જાતિઓ અને રાનીપરજો પોતપોતાનાં દેવકનાં નામથી ઓળખાય છે. મહાભારતકાળમાં આર્ય અને નાગજાતિ વચ્ચે યુદ્ધો થતાં. આ નાગજાતિનો તક્ષક નામે રાજા હતો. એણે પરીક્ષિત રાજા ઉપર વેર વાળવા એની નગરીમાં ઘૂસી એનો વધ કર્યો. પછી તો એ બે કોમ વચ્ચે જીવલેણ યુદ્ધ ચાલ્યું જે આખરે એક આસ્તિક ઋષિએ મટાડ્યું. એ આસ્તિકનો પિતા આર્ય હતો ને માતા નાગ કન્યા હતી. આવા આંતરજાતીય વિવાહ વગર એ કોમી ઝઘડો મટે એમ હતું નહિ. આ નાગ લોકો મોટા શૂર, કળારસિક, નગરરચના-કુશળ અને પુરોહિતનું કામ કરી શકે એટલા વિદ્વાન હતા. આર્યો અને નાગ લોકો વચ્ચે આંતરજાતીય વિવાહ થાય એટલે સુધી તેઓ એકબીજાના સહવાસમાં રહ્યા હતા, અંતે નાગજાતિ આર્યોમાં ભળી ગઈ અને એમના સંતોષને અર્થે આ તહેવાર આર્યોના તહેવારોમાં નાગપૂજા માટે અંકાઈ ગયો.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

આર્યોએ પોતાની કુનેહથી એક આંતરજાતીય વિગ્રહ દૂર કર્યો એની નિશાની તરીકે આ નાગપંચમી તરફ આપણે જોઈ શકીએ છીએ.

કોઈને વિષે બીક, ધાક, અથવા આદર હોય ત્યારે પણ ભોળો પ્રાકૃતિક માણસ પૂજનો ઉપાય અજમાવે છે. હાલની નાગપૂજા નાગની બીકને લીધે પેદા થઈ હશે તેની ના નહિ પડાય. પણ હિંદુ લોકોએ અંતે એને પણ અહિંસાનું રૂપ આપ્યું લાગે છે. તે ગમે તેમ હોય હિન્દની સંસ્કૃતિ પરંપરાથી આચરાતાં આવા વ્રતાદિને લીધે અખંડિત રહી શકી છે. અને હિન્દુધર્મે ઘણા જંગલી રિવાજોને Sublimate કર્યા છે.

તા. ક. આ વિષય ઉપરનો મારો લેખ 'ઐતિહાસિક કલ્પના તરંગ' જોઈ જવા જેવો છે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

૧૯—૧

જન્માષ્ટમીનો ઉત્સવ

[શ્રાવણ વદ ૮]

દેશની રાજદ્વારી સ્થિતિ વિષે એક વૃદ્ધ સાધુ જોડે મારે વાતચીત થઈ હતી. વાતચીત દરમિયાન રાજનિષ્ઠા વિષે હું કંઈક બોલ્યો. સાધુ એકદમ બોલી ઊઠયા, 'અરે, હિંદુસ્તાનમાં તો બે જ રાજાઓ થયા છેઃ મર્યાદાપુરુષોત્તમ શ્રીરામચંદ્ર અને જગદ્‌ગુરુ શ્રીકૃષ્ણ. હજુ આ બેનું જ આપણા લોકો ઉપર રાજ્ય ચાલે છે. રાજનિષ્ઠા તો એમની જ પ્રત્યે સંભવે છે. જમીન ઉપર કે પૈસા ઉપર રાજ્ય કરનાર ગમે તે હોય, પણ હિંદુઓનાં હૃદય ઉપર રાજ્ય ચલાવનાર આ બે જ છે.' મને એ વાત તદ્દન સાચી લાગી. ભજન પૂરું કરીને 'રાજા રામચંદ્ર કી જય' અથવા 'કૃષ્ણચંદ્ર કી જય' બોલાવીને લોકો જ્યારે જયજયકાર કરે છે ત્યારે જે ભક્તિનો ઊભરો ઊઠે છે તેવી ભક્તિ બીજા કોઈ માનવી વિષે ઉત્પન્ન થતી નથી.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

શ્રીરામચન્દ્રજીનું જીવન જેટલું ઉદાત્ત છે તેટલું જ સુગમ છે. રામચન્દ્ર એ આર્ય પુરુષોનો આદર્શ પુરુષ — પુરુષોત્તમ છે. સમાજના નીતિનિયમોનું, રિવાજોનું તે પરિપૂર્ણ પાલન કરે છે, એટલું જ નહિ પણ કોઈ પણ પ્રજાસત્તાક રાજ્યના રાષ્ટ્રાધ્યક્ષને પણ દાખલો બેસે એવું માન શ્રીરામચન્દ્રને લોકલાગણીને વિષે છે. મારું જીવન સમાજને માટે છે એવો નિશ્ચય શ્રીરામચન્દ્રજીમાં દૃઢ છે.

શ્રીકૃષ્ણ પણ પુરુષોત્તમ છે, પણ તે ભિન્ન યુગનો પુરુષોત્તમ છે. જ્યારે સમાજધારણ પોતે જ આત્મિક ઉન્નતિની આડે આવે ત્યારે એનાં બંધનો તોડવાં અને નવીન નિયમો ઘડવા એ વૃત્તિ શ્રીકૃષ્ણમાં દેખાઈ આવે છે. છતાં શ્રીકૃષ્ણ અરાજક વૃત્તિના ન હતા. લોકસંગ્રહનું મહત્ત્વ તેઓ સારી પેઠે જાણતા. શ્રીકૃષ્ણે ધર્મને એક નવીન સ્વરૂપ આપ્યું. અને તેથી જ શ્રીકૃષ્ણના જીવનનો દરેક પ્રસંગ રહસ્યમય બન્યો છે. કોઈ વ્યાકરણકાર જેમ એક મોટો સર્વવ્યાપી નિયમ બતાવ્યા પછી તેના અપવાદો એક સૂત્રમાં ગ્રથિત કરે તેમ શ્રીકૃષ્ણે જાણે પોતાના જીવનમાં માનવધર્મના બધા અપવાદો સૂત્રબદ્ધ કર્યા છે. ગોપીઓ સાથેનો અત્યન્ત શુદ્ધ, પવિત્ર પણ મર્યાદારહિત પ્રેમ, દુરાચારી રાજા મામો હોવા છતાં તેનો વધ, ભક્તની પ્રતિજ્ઞા સાચી કરવા પોતાની પ્રતિજ્ઞા તોડીને પણ યુદ્ધમાં શસ્ત્રગ્રહણ વગેરે સર્વ પ્રસંગોમાં 'તત્ત્વ જાળવવા ખાતર નિયમભંગ' કર્યાનાં દૃષ્ટાન્ત છે. શ્રીકૃષ્ણે આર્ય જનતાને વધારે અન્તર્મુખ કરી વધારે આત્મપરાયણ કરી ભોગ અને ત્યાગ, ગૃહસ્થાશ્રમ અને સંન્યાસ, પ્રવૃત્તિ અને નિવૃત્તિ, જ્ઞાન અને કર્મ, ઇહલોક અને પરલોક ઇત્યાદિ સર્વ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

દ્વંદ્વોનો વિરોધ આભાસરૂપ છે, બધામાં એક જ તત્ત્વ રહેલું છે એમ શ્રીકૃષ્ણે પોતાના જીવનથી અને ઉપદેશથી સિદ્ધ કરી બતાવ્યું છે. આર્ય જીવન ઉપર વધારેમાં વધારે અસર તો શ્રીકૃષ્ણની જ થઈ છે, છતાં એ અસરનું સ્વરૂપ કેવું છે એ નક્કી કરવું મુશ્કેલ છે. જેમ અત્યન્ત સરળ ભાષામાં લખેલી ભગવદ્‌ગીતાના અનેક અર્થ કરવામાં આવ્યા છે તેમ કૃષ્ણજીવનમાં રહેલું રહસ્ય પણ વિવિધ રીતે વર્ણવાતું આવ્યું છે. જેમ વાલ્મીકિરામાયણના રામચંદ્ર વચ્ચે અને તુલસી-રામાયણના રામચંદ્ર વચ્ચે મહદન્તર છે, તેમ મહાભારતનો શ્રીકૃષ્ણ, ભાગવતનો શ્રીકૃષ્ણ, ગીતગોવિંદનો શ્રીકૃષ્ણ, ચૈતન્ય મહાપ્રભુનો શ્રીકૃષ્ણ અને તુકારામ બુવાનો શ્રીકૃષ્ણ એક હોવા છતાં ભિન્ન છે. હાલના જમાનામાં પણ નવીનચંદ્ર સેનનો શ્રીકૃષ્ણ બંકિમચંદ્રના શ્રીકૃષ્ણથી જુદો છે, ગાંધીજીનો શ્રીકૃષ્ણ તિલકના શ્રીકૃષ્ણથી જુદો છે અને અરવિંદ ઘોષનો શ્રીકૃષ્ણ તો વળી સૌથી ન્યારો છે. આવા સુલભ અને દુર્લભ, એક અને અનેક, રસિક અને વિરાગી, બંડખોર અને લોકસંગ્રાહક, પ્રેમળ અને નિષ્ઠુર, માયાવી અને સરળ, એવા શ્રીકૃષ્ણની જયંતી કેવી રીતે ઊજવવી એ નક્કી કરવું મહાકઠણ છે.

શ્રીકૃષ્ણનું ચરિત્ર તેમના જીવન જેટલું જ વ્યાપક છે. દુનિયાની દરેક સ્થિતિ શ્રીકૃષ્ણે ભોગવી છે, દરેક સ્થિતિને માટે શ્રીકૃષ્ણે આદર્શ બતાવેલો છે. શ્રીકૃષ્ણનું બાલપણ અતિ રમ્ય છે. ગાયો અને વાછરડાં ઉપરનો તેમનો પ્રેમ, વનમાલાઓનો તેમનો શોખ, મોરલીનો મોહ, બાલમિત્રો પરનો તેમનો સ્નેહ, મલ્લવિદ્યા વિષેનો તેમનો અનુરાગ બધા

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

અદ્‌ભુત અને અનુકરણીય છે. નાનાં છોકરાંઓ જરૂર તેનું અનુકરણ કરે. સુદામાનું ચરિત્ર ધ્યાનમાં લઈને જન્માષ્ટમીને દિવસે આપણે આપણા દૂર રહેતા મિત્રોને એ દિવસ સાથે રહેવા માટે શ્રીકૃષ્ણનું ગુણગાન કરીને રમવા માટે બોલાવીએ તો તે બહુ જ ઉચિત ગણાશે.

શ્રીકૃષ્ણના મનમાં મોટો કે નાનો, ગરીબ કે તવંગર, જ્ઞાની કે અજ્ઞાની રૂપાળો કે બરવો કોઈ જાતનો ભેદ ન હતો. ગાયો ચારવા જાય ત્યારે શ્રીકૃષ્ણ સહુ સાથીઓને કહેતા કે દરેક જણે ઘરમાંથી પોતપોતાનું ખાવાનું લેતા આવવું. પછી તેઓ બધા મળીને બધાનું ખાવાનું ભેગું કરીને પ્રેમથી વનભોજન કરતા. આજે પણ આપણે એક નિશાળના વિદ્યાર્થીઓ, એક ઑફિસમાં કામ કરનારાઓ, એક મિલના મજૂરો, એક ક્લબમાં રમનારા સદસ્યો ભેગા થઈને પોતપોતાને ઘેરથી ખાવાનું લઈને શહેર કે ગામડાની બહાર કોઈ વાવ ઉપર કે નદીને કાંઠે, ઝાડ નીચે વાતો કરતા અને ગાતા, રમતા કે ભજન કરતા દિવસ ગાળીએ એમાં કશુંયે ખોટું નથી. માત્ર આ વનભોજનમાં લાડુ, ભજિયાં કે ચેવડો ન ચાલે. કૃષ્ણાષ્ટમીને દિવસે મુખ્ય આહાર તો ગોરસનો જ હોય. દૂધ, દહીં, માખણ અને કંદ મૂળ ફળ એ જ આહાર તે દિવસને માટે યોગ્ય છે. ધર્મસંશોધક જગદ્‌ગુરુનો જે દિવસે જન્મ થયો તે દિવસે તો છોકરાંઓ આવો સાત્ત્વિક જ આહાર કરે. મોટેરાં ઉપવાસ કરે. ઉપવાસની પ્રાચીન પ્રથા છોડવી ન જોઈએ. એમાં ઊંડું રહસ્ય રહેલું છે. ઉપવાસથી મન અન્તર્મુખ થાય છે, દૃષ્ટિ નિર્મળ થાય છે, શરીર હલકું રહે છે. વારંવાર ઉપવાસ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

કરવાની ટેવ હોય તો ઉપવાસને દિવસે મન વધારે પ્રસન્ન રહે છે એવો અનુભવ ઘણાનો છે. ઉપવાસથી વાસના શુદ્ધ થાય છે. સંકલ્પશક્તિ વધે છે. શરીરમાં દોષ ન હોય તો ઉપવાસ કરવાથી ચિત્ત એકાગ્ર થાય છે અને ધર્મનાં ઊંડામાં ઊંડાં તત્ત્વો સ્પષ્ટ થાય છે. ઉપવાસ કરીને, બુદ્ધિયોગ હોય તો ધર્મતત્ત્વનું ચિંતન કરવું અને તેટલી શક્તિ ન હોય તેણે શ્રદ્ધાવાન લોકો જોડે ધર્મચર્ચા કરવી. તે પણ ન બની શકે તો ગીતાનું પારાયણ કરવું, નામસંકીર્તન, ભજન વગેરે કરવાં, સાત્ત્વિક સંગીત સાથે ભજનો ગાવાં. ઉપવાસને દિવસે વ્યવહારનાં કામો બનતાં સુધી ઓછાં કરી નાખવાં, પણ નવરાશનો સમય આળસ, નિદ્રા કે વ્યસનમાં ન ગાળવો. ઘણી વાર આપણને સુંદર સુંદર ધાર્મિક વચનો, ભજનો, પદો જડી આવે છે, પણ તે લખી કાઢવાનો આપણને સમય નથી મળતો. આ દિવસે તે લખવામાં સમય ગાળવો એ ઠીક ગણાય.

સાર્વજનિક કાર્ય કરવાની શક્તિ જેમનામાં હોય તેમને માટે ગોપાલના જન્મોત્સવને દિવસે ગોરક્ષણની હિલચાલ કરવી એના કરતાં ઉત્તમ વસ્તુ કઈ હોઈ શકે? શ્રીકૃષ્ણના સાથીઓને જેટલું દૂધ અને ઘી મળતું તેટલું દૂધ અને ઘી જ્યાં સુધી આપણાં છોકરાંઓને ન મળે ત્યાં સુધી આપણે કૃષ્ણજન્મોત્સવ ઠીક ઊજવ્યો ન જ ગણાય. શ્રીકૃષ્ણ અપ્રતિમ મલ્લ હતા, ગૃહસ્થાશ્રમમાં રહીને બ્રહ્મચર્ય પાળતા હતા, શ્રીકૃષ્ણ દીર્ઘાયુ હતા, માટે જ દરેક અખાડામાં જન્મોત્સવ ઊજવવો જોઈએ અને શ્રીકૃષ્ણના જીવનનો આ ભુલાઈ ગયેલો ભાગ ફરી

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પાછો સંભારવો જોઈએ. જેઓ પાંડિત્યમાં જ જીવન વ્યતીત કરવા માગતા હોય તેમને માટે સરસમાં સરસ કામ એ હોઈ શકે કે જેમ ગીતામાં શ્રીકૃષ્ણે અર્જુનને ઉપદેશ આપેલો છે તે જ પ્રમાણે શ્રીકૃષ્ણે ભિન્ન ભિન્ન પ્રસંગે કાઢેલા ઉદ્‌ગારો મહાભારતમાંથી કે ભાગવતમાંથી, વિષ્ણુ-પુરાણમાંથી કે હરિવંશમાંથી જેટલા મળી આવે તેટલા બધા એકત્ર કરવા. પછી એવા ઉદ્‌ગારો અને શ્રીકૃષ્ણના ચરિત્રને અનુસારે ગીતાજીનો અર્થ બેસાડવો અને આ મહાન જગદ્‌ગુરુનું તત્ત્વજ્ઞાન (Philosophy of Life) શું હતું, એમનું રાજકારણ કેવું હતું તે નક્કી કરીને પ્રજાની આગળ મૂકવું.

સ્ત્રીઓ જન્માષ્ટમીનો દિવસ કેવી રીતે ઊજવે એ બહુ નાજુક પ્રશ્ન છે. ભક્તિના અતિરેકનું સ્વરૂપ પોતાના ભક્તિ-સૂત્રમાં નારદે વર્ણવેલું છે, તે ઉપરથી મનોવૃત્તિને ગોપી કલ્પીને પરબ્રહ્મ પરપુરુષ ઉપર તેઓ કેટલી આશક હતી એનું વર્ણન કેટલાક કવિઓએ એટલું બધું કર્યું છે કે શ્રીકૃષ્ણના જીવનનું પરિપૂર્ણ રહસ્ય પ્રજા લગભગ ભૂલી ગઈ છે. શ્રીકૃષ્ણને ગોપીજનવલ્લભ કહ્યા છે. શ્રીકૃષ્ણ અને ગોપીઓ વચ્ચેનો પ્રેમ કેટલો વિશુદ્ધ અને આધ્યાત્મિક બની ગયો હતો તેની કલ્પના જે હૃદયમાં આવી શકતી નથી તેઓએ કાં તો કૃષ્ણને ઉતારી પાડ્યો છે અથવા તે પ્રેમનું વર્ણન કરનાર કવિઓને હલકી વૃત્તિવાળા ને અસત્યવાદી ગણી કાઢયા છે. કૃષ્ણગોપી વચ્ચેનો પ્રેમ વર્ણવવામાં કવિઓએ ભૂલ કરી નથી એમ મારું કહેવું નથી. હું તો એમ જ માનું છું કે સમાજની સ્થિતિ જોઈને કવિઓએ વધારે સાવચેતીથી તે પ્રેમનું વર્ણન

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

કરવું ઘટતું હતું. મુસલમાની ધર્મમાં સૂફી પંથના મસ્ત કવિઓને અને ફકીરોને ચુસ્ત મુસલમાન રાજાઓ સજા કરતા ત્યારે કહેતા કે આ સાધુઓ જે કહે છે તે ખોટું નથી, પણ અનધિકારી સમાજમાં આવી રીતે રહસ્યમય વસ્તુઓ મૂકીને તેઓ સમાજને નુકસાન પહોંચાડે છે અને તેથી જ તેઓ શિક્ષાને પાત્ર છે. ગોપીઓનો પ્રેમ આપણે સમજી શકતા નથી એટલા માટે હાલની આપણી નીતિની કલ્પનાઓને પસંદ પડે એવું સ્વરૂપ તે પ્રેમને આપવાની જરૂર નથી. મીરાંબાઈએ ગોપીઓનો પ્રેમ કેવો હતો તે સ્પષ્ટ કરી બતાવ્યું છે. જ્યારે જ્યારે ધર્મ ઉપરથી લોકોની શ્રદ્ધા ઊઠી જાય છે ત્યારે ત્યારે ધર્મ ઉપરની શ્રદ્ધા ફરી સ્થિર કરવા માટે મુક્ત પુરુષો આ દુનિયામાં અવતાર લે છે અને પોતાના પ્રત્યક્ષ અનુભવ પરથી અને જીવન પરથી લોકોમાં ધર્મ વિષે શ્રદ્ધા ઉપજાવે છે. તે જ પ્રમાણે ગોપીઓની શુદ્ધ ભક્તિ વિષે જ્યારે લોકોમાં અશ્રદ્ધા ઉત્પન્ન થઈ ત્યારે ગોપીમાંથી એકે — વખતે રાધાજીએ — મીરાંનો અવતાર લઈ પ્રેમધર્મસંસ્થાપના કરી. જ્યે આપણે ઈશ્વર અને ભક્ત વચ્ચેનો આ અનિર્વચનીય પ્રેમસંબંધ સ્પષ્ટ કરી શક્યા એ તો તો ગોપીના પ્રેમનાં અથવા વિરહનાં પદો ગાવામાં હું કશો વાંધો જોતો નથી. મીરાંનો ત્યાગ આપણાથી ન જ થઈ શકે. જમાનો ખરાબ આવ્યો છે એટલા માટે શું મીરાંબાઈને આપણે ભૂલી જવાં? શ્રીકૃષ્ણ સાથે ફક્ત ગોપીઓને જ સંબંધ હતો એમ નથી. યશોદા બાલકૃષ્ણને પૂજતી. કુન્તી પાર્થસારથીને પૂજતી. સુભદ્રા અને દ્રૌપદી કૃષ્ણને બંધુરૂપે પૂજતાં. શ્રીકૃષ્ણનું સંપૂર્ણ જીવન આપણી

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

સ્ત્રીઓ આગળ મૂકવું જોઈએ. શ્રીકૃષ્ણ કેટલા સંયમી હતા, કેટલા નીતિજ્ઞ હતા, કેટલા ધર્મનિષ્ઠ હતા તે બધું સ્ત્રીઓ આગળ સ્પષ્ટ કરવું જોઈએ, અને પછી જ ગોપીપ્રેમનો આદર્શ તેમની આગળ મૂકવો જોઈએ. પ્રેમ અને મોહ વચ્ચે સ્વર્ગ નરક જેટલો જે ભેદ છે તે સ્પષ્ટ કરી બતાવવો જોઈએ. રાસલીલામાં ગોપીઓના મનમાં મલિન કલ્પના આવતાં વાર શ્રીકૃષ્ણ — અસંખ્યરૂપધારી શ્રીકૃષ્ણ એકદમ અદૃશ્ય થયા, ગોપીઓનું મન પવિત્ર થયું ત્યારે જ તેઓ ફરી પ્રગટ થયા, એવો સુંદર પ્રસંગ પુરાણોમાં – ભાગવતમાં વર્ણવેલો છે તેનું રહસ્ય દરેક જણે જાણવું જોઈએ. તે રહસ્ય કોઈ પણ માણસથી છૂપું રાખવામાં સલામતી નથી. અરધા જ્ઞાનથી ઉત્પન્ન થતા દોષો કાઢી નાખવાનો ઉપાય સંપૂર્ણ જ્ઞાન છે, અજ્ઞાન નથી. પ્રેમને આપણે એના શુદ્ધ રસ્તે દોરવો જોઈએ. પ્રેમ દબાવ્યો દબાતો નથી, પણ દબાવવા જતાં વિકૃત થઈ જાય છે.

જન્માષ્ટમીને દિવસે આપણે સુદામાચરિત્ર ગાઈએ, શ્રીકૃષ્ણે ગોપીઓને કરેલો ઉપદેશ ગાઈએ, ઉદ્ધવ જોડે શ્રીકૃષ્ણે ગોપીઓને મોકલેલો સંદેશ ગાઈએ, ગીતાજીનું રહસ્ય સમજીએ, રાસ રમીએ, ગરબીઓ ગાઈએ અને ઉપવાસ કરી શુદ્ધ વૃત્તિથી તેની અંદર રહેલું રહસ્ય સમજીએ.

જન્માષ્ટમીને દિવસે જે આપણે ગાયની પૂજા કરીએ તો તેમાં કશું ખોટું નથી. ગાયની પૂજા કરવામાં પશુને આપણે પરમેશ્વર નથી ગણતા, પણ તે પૂજા દ્વારા પ્રેમ અને કૃતજ્ઞતા વ્યક્ત કરીએ છીએ. નદીની પૂજા, તુળસીની

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પૂજા, ગાયની પૂજા બરાબર સમજીને જો આપણે કરશું તો તેથી અંતકરણની ભારેમાં ભારે કેળવણી મળશે, રસવૃત્તિ ખીલશે અને હૃદય પવિત્ર થઈ કેળવાશે. દરેક પૂજામાં સરખો ભાવ નથી રહેતો. પૂજા કૃતજ્ઞતાથી થઈ શકે છે, વફાદારીને લીધે થઈ શકે છે, પ્રેમને લીધે થઈ શકે છે, આદરબુદ્ધિથી થઈ શકે છે, ભક્તિથી થઈ શકે છે, આત્મનિવેદનવૃત્તિથી થઈ શકે છે અથવા સ્વસ્વરૂપાનું સંધાનથી થઈ શકે છે. આમ જોતાં ગાયની પૂજા કરવામાં એકેશ્વરવાદી કે નિરીશ્વરવાદીને પણ વાંધો ન હોવો જોઈએ. નિરીશ્વરવાદી ઑગસ્ટસ કૉમ્ત કયાં માનવજાતિનું પૂતળું બનાવીને તેની પૂજા નહોતો કરતો ? શ્રાવણ મહિનામાં ઘણીખરી ગાયો વિયાય છે. ઘરની નાની નાની છોકરીઓ જો કૃતજ્ઞતાથી ગાય અને આમતેમ કૂદતાં નમણાં નાનકડાં વાછરડાંની હરિદ્રાકુંકુમથી પૂજા કરે તો કેટલી પ્રેમવૃત્તિ જાગૃત થાય !

કન્યાશાળાઓમાં અનેક રીતે કૃષ્ણજયંતી ઊજવી શકાય. ઘરની અંદર જમીન ઉત્તમ રીતે લીંપીને સફેદ પથ્થરના લોટથી તેની ઉપર સાથિયા પૂરવાની હરીફાઈ કરાવી શકાય. છોકરીઓ ગરબીઓ ગાય, રાસ રમે, કૃષ્ણજીવનના જુદા જુદા પ્રસંગોનું ગદ્ય અને પદ્યમાં વર્ણન કરે, ઘેરથી ફલાહાર લાવીને નિશાળમાં સહુ મળીને ખાય. તે દિવસે નિશાળની છોકરીઓને પોતાની સહિયરોને પણ સાથે લાવવાની છૂટ હોય તો વધારે આનંદ આવશે અને વધારે કન્યાઓ શિક્ષણ તરફ આકર્ષાશે. ધાર્મિક શિક્ષણને જો પરિણામદાયી કરવું હોય તો નિશાળને દરેક તહેવારને

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પ્રસંગે મંદિરનું સ્વરૂપ આપવું જોઈએ. જો આપણે મૂર્તિપૂજાથી બચી ન ગયા હોઈએ તો જન્માષ્ટમીને દિવસે નિશાળમાં પારણું બાંધીને હાલરડાં ગાઈએ. આમાં કન્યાઓની માતાઓ પણ જરૂર ભાગ લેશે.

આજે કન્યાશાળાઓ સમાજનું અંગ બનેલી નથી, કન્યાશાળાઓએ સમાજમાં જડ ઘાલી નથી, અને તેથી કન્યાશાળા ચલાવનાર ઉત્સાહી દેશસેવકનો અર્ધાધિક શ્રમ નિષ્ફળ જાય છે. જન્માષ્ટમી જેવા તહેવારો ઊજવવામાં સમાજની બધી સ્ત્રીઓ જો ભાગ લેતી થઈ જાય તો શિક્ષણ જોતજોતામાં સફળ થશે, શિક્ષણનો લાભ નિશાળમાં ભણનારી કન્યાઓને જ નહિ પણ આખા સમાજને મળશે અને આપણે શિક્ષણનું જે પવિત્ર કાર્ય કરીએ છીએ તેના ઉપર કૃષ્ણપરમાત્માની અમીદૃષ્ટિ વરસશે.

૩૦-૮-'૨૩

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

૧૯–૨

જન્માષ્ટમી

એનો એ જ સૂરજ રોજ રોજ ઊગે છે, છતાં દરરોજ નવો પ્રાણ, નવું ચૈતન્ય, નવું જીવન લઈ આવે છે. સૂરજ જૂનો જ છે એમ ધારી પક્ષીઓ નિરુત્સાહ નથી થતાં. કાલનો જ સૂરજ આજે આવ્યો છે એમ કહી દ્વિજગણ ભગવાન દિનકરનો પરિચયથી નિરાદર નથી કરતાં. જે માણસનું જીવન શુષ્ક થઈ ગયું છે, જેની આંખોનું તેજ ઊતરી ગયું છે, જેના હૃદયમાં લોહી ફરતું અટકયું છે, તેને માટે જ સૂરજ જૂનો છે. જેનામાં પ્રાણનો કાંઈ પણ અંશ છે તેને હિસાબે તો ભગવાન સૂર્યનારાયણ નિત્યનૂતન છે. જન્માષ્ટમી પણ દરવર્ષે આવે છે. દરવર્ષે આપણે એની એ જ કથા સાંભળીએ છીએ, એ ને એ જ રીતે ઉપવાસ કરીએ છીએ અને એ ને એ જ રીતે કૃષ્ણજન્મના ઓચ્છવ કરીએ છીએ; છતાં હજારો વર્ષો થયાં જન્માષ્ટમી દરવર્ષે તે

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

જગદ્‌ગુરુનો નવો જ સંદેશો આપણને આપતી આવી છે. કૃષ્ણપક્ષની અષ્ટમીના વક્ર ચન્દ્રની પેઠે એક પગ ઉપર ભાર મૂકી એક પગ વાંકો રાખી શરીરને કમનીય વાંક આપી બંકિમચંદ્ર મુરલીધરે જે દિવસે સંસારમાં પ્રથમ પ્રાણ ફૂંકયો તે દિવસથી આજ સુધી દરેક નિરાશ્રિત માણસને આશ્વાસન મળ્યું છે કે, न हि कल्याणकृत् कश्चिद् दुर्गतिं तात गच्छति ।

જે માણસ સન્માર્ગે વળ્યો છે, જે ધર્મને વળગી રહે છે તેની બાપુ ! કોઈ કાળે દુર્ગતિ નથી.

* * *

લોકોને થાય છે કે ધર્મ એ દુર્બળ લોકોને માટે છે. બહુ બહુ તો વ્યક્તિ વ્યક્તિના સંબંધમાં તેની ઉપયોગિતા હશે. પણ રાજાઓ અને સમ્રાટો તો કરે તે ધર્મ. સામ્રાજ્યશક્તિ ધર્મથી પર છે. વ્યક્તિનો પુણ્યક્ષય થતો હશે, પણ સામ્રાજ્ય તો અલૌકિક વસ્તુ છે. ઈશ્વરની વિભૂતિ કરતાં સામ્રાજ્યની વિભૂતિ શ્રેષ્ઠતર. સામ્રાજ્ય જ્યારે હાથમાં વિજયપતાકા લઈને ઘૂમે છે ત્યારે ઈશ્વર દિવસના ચંદ્રમાની પેઠે કચાંય સંતાઈ રહે છે.

મથુરામાં કંસની ભાવના આવી જ હતી; મગધદેશમાં જરાસંધને આમ જ થતું; ચેદિદેશમાં શિશુપાલની એ જ મનોદશા હતી; જલાશયમાં રહેનાર કાલિનાગ આમ જ માનતો; દ્વારિકા ઉપર હુમલો કરનાર કાળયવનની ફિલસૂફી એ જ હતી; મહાપાપી નરકાસુરને એ જ કેળવણી મળી હતી; અને દિલ્હીનો સમ્રાટ કૌરવેશ્વર પણ એ જ વૃત્તિમાં ઊછરેલો હતો. આ બધા મહાપરાક્રમી રાજાઓ અંધ કે અજ્ઞાન ન હતા. એમના દરબારમાં ઇતિહાસવેત્તાઓ,

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

અર્થશાસ્ત્રવિશારદો અને રાજધુરંધર એવા અનેક વિદ્વાનો હતા. તેઓ પોતાનાં શાસ્ત્રો નિચોવી તેનો સાર કાઢીને પોતપોતાના સમ્રાટોને સંભળાવતા. પણ જરાસંધ કહેતો, 'તમારા ઇતિહાસના સિદ્ધાંતો ધર્યા રહે; મારો પુરુષાર્થ તો મારા બુદ્ધિબળથી અને બાહુબળથી એ તમારા સિદ્ધાંતો ખોટા પાડવામાં છે.' કાળયવન કહેતો, 'હું એક જ અર્થશાસ્ત્ર જાણું છું : બીજા દેશોને નિચોવીને એમનું ધન હરણ કરવું, ધનવાન થવાનો એ જ એક માત્ર સીધો, સહેલો — અને તેથી સશાસ્ત્ર — માર્ગ છે.' શિશુપાલ કહેતો, 'ન્યાયઅન્યાયની વાત પ્રજાના આપસના વિખવાદમાં ચાલી શકે. અમે તો સમ્રાટ રહ્યા. અમારી જાતિ જ જુદી. ઇજ્જત અને મોભો એ જ અમારો ધર્મ.' કૌરવેશ્વર કહેતો, 'જેટલાં રત્નો છે તે બધાં અમારો વારસો; અમારી પાસે જ તે આવવાં જોઈએ. 'यतो रत्नभुजो वयम्' (કેમ કે અમે રત્નભોગી છીએ; રત્નનો ઉપભોગ કરવા માટે સરજાયેલા છીએ.) દુનિયામાં જેટલાં તળાવ હોય તેટલાં અમારા જ વિહારને માટે છે. લડ્યા વગર કોઈને સોયની અણી ઉપર રહી શકે એટલી ભૂમિ પણ અમે ન આપીએ.'

પક્ષપાતશૂન્ય નારદે કંસને ચેતવી દીધો હતો કે બારકા શત્રુ સામે તું ભલે ફાવ્યો હોય, પણ તારા સામ્રાજ્યની અંદર — રે, તારા ઘરની અંદર જ — તારો શત્રુ પેદા થશે. જે સગી બહેનને તેં આશ્રિત દાસીની સ્થિતિએ મૂકી છે તેના જ પુત્રને હાથે તારો નાશ થવાનો, કેમ કે તે ધર્મીત્મા હશે. તેનો તેજોવધ કરવાના તું જેટલા પ્રયત્નો કરીશ તેટલા બધાય તેને અનુકૂળ જ થઈ પડવાના. કંસે મનમાં

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

વિચાર કર્યો, 'Forewarned is forearmed'. આટલી ચેતવણી વેળાસર મળી ને પાણી પહેલી પાળ ન બાંધીએ તો આપણે ઇતિહાસજ્ઞ શાના? આપણે સમ્રાટ શાના? નારદે કહ્યું, 'આ તારી વિનાશકાળની વિપરીત બુદ્ધિ છે. હું કહી રહ્યો છું એ ઇતિહાસનો સિદ્ધાંત નથી, એ ધર્મની અનુભવ-વાણી છે; એ સનાતન સત્ય છે. વસુદેવદેવકીનાં આઠ અપત્યોમાંથી એકને હાથે તું જરૂર મરવાનો. તારે માટે એક જ ઉપાય છે. હજી પશ્ચાત્તાપ કર અને શ્રીહરિને શરણે જા.' માની કંસે તિરસ્કારયુક્ત હાસ્યથી જવાબ આપ્યો, 'સમ્રાટો સમરભૂમિ ઉપર પરાજય પામ્યા વગર પશ્ચાત્તાપ કરતા નથી.' 'તથાસ્તુ' કહી નિરાશ નારદ ચાલ્યા ગયા. કંસે વિચાર કર્યો, અત્યાર સુધીના સમ્રાટો ફાવ્યા નહિ એનું કારણ તેમની ગફલત; તેઓએ પૂરતા સાવધાન રહેવું ન જાણ્યું. હું પણ જો ગાફેલ બનું તો મારે પણ પરાજય સ્વીકારવો પડે. પણ તેનું કાંઈ નહિ. જે વીર છે તે હમેશાં જયને માટે મથે અને પરાજયને માટે તૈયાર રહે. હારી જઈએ તેમાં બોટું નથી પણ ધર્મને નામે શરૂઆતમાં જ વશ થઈએ એમાં નામોશી છે. ધર્મનું સામ્રાજ્ય સાધુસંતવૈરાગી અને દેવબ્રાહ્મણોને મુબારક હો; હું તો સમ્રાટ છું. હું તો એક શક્તિને જ ઓળખું.

ક્રૂર થઈ કંસે વસુદેવનાં સાત નિરપરાધ અર્ભકોનાં ખૂન કર્યાં. કૃષ્ણજન્મ વખતે ઈશ્વરી લીલા ચાલી અને કૃષ્ણપરમાત્માને બદલે કન્યાદેહધારી શક્તિ કંસને હાથ આવી. કંસે તેને જમીન ઉપર પછાડી; પણ શક્તિથી કંઈ શક્તિ બોચી જ મરવાની હતી? વસુદેવે ગુપ્તરૂપે શ્રીકૃષ્ણને

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ગોકુળમાં આણી રાખ્યા. પણ પરમાત્માને કશી જ વસ્તુ છાની રાખવી ન હતી. પરમાત્માને કયાં જાહેરાતની બીક (sin of secrecy) હતી? ભોંઠા પડેલા કંસને શક્તિએ અટ્ટહાસ કરીને કહ્યું, 'તારો શત્રુ તો ગોકુળમાં દિન દુગુના ઔર રાત ચૌગુના વધે છે.' મથુરાથી ગોકુળવૃન્દાવન બહુ દૂર નથીઃ ચારપાંચ ગાઉ પણ નહિ હોય. કંસે કૃષ્ણને મારવાના જેટલા સૂઝ્યા તેટલા પ્રયત્નો કર્યા. પણ શ્રીકૃષ્ણનું મરણ શામાં છે એ જ તે સમજી શક્યો નહિ. શ્રીકૃષ્ણ અમર તો હતા જ નહિ, તેમ મરણાધીન પણ હતા નહિ. ધર્મકાર્ય કરવા માટે તેઓ આવેલા. ધર્મનું રાજ્ય સ્થાપન ન થાય ત્યાં સુધી તે કેવી રીતે વિરામ પામે? કંસને થયું કે શ્રીકૃષ્ણને આપણા દરબારમાં બોલાવીને તેમનું મોત કરીએ, પણ ત્યાં જ તેની બાજી બગડી, કેમ કે પ્રજાએ પરમાત્મતત્ત્વ ઓળખ્યું અને પ્રજા પરમાત્માને અનુકૂળ થઈ ગઈ.

કંસનો નાશ જોઈ જરાસંધે ચેતવું જોઈતું હતું. પણ જરાસંધને થયું કે ના, કંસ કરતાં હું વધારે સાવચેત છું; મેં અનેક ભિન્ન ભિન્ન અવયવો સાંધીને મારું સામ્રાજ્ય–શરીર પ્રબળ કરેલું છે. મલ્લયુદ્ધમાં મારો બરોબરિયો કોણ છે? મારી નગરીનો કોટ દુર્ભેદ્ય છે. મને બીક શાની? જરાસંધનાં પણ દાંતણના જેવાં બે ફાચરાં થયાં. કાલિનાગ તો પોતાના જલસ્થાનને સલામતીનો નમૂનો માનતો હતો. એનું વિષ અસહ્ય હતું. ફુત્કારમાત્રથી જ મોટમોટી સેનાઓને મારી નાખે. તેના વિષનું પણ કશું ચાલ્યું નહિ. કાળયવન ચડાઈ કરી આવ્યો, પણ સૂતેલા મુચકુન્દના ક્રોધાગ્નિથી વચમાં જ બળી મૂઓ. નરકાસુર એક સ્ત્રીને હાથે પરાભૂત થયો અને મરાયો, કૌરવેશ્વર

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

દુર્યોધન દ્રૌપદીના ક્રોધવહ્નિમાં ભસ્મ થયો; અને શિશુપાલને તેણે કરેલી ભગવન્નિંદાએ જ મારી નાખ્યો.

ષડ્‌રિપુ જેવા આ છ સમ્રાટો તે વખતે મરી ગયા. સપ્તલોક અને સપ્તપાતાળ સુખી થયાં અને જન્માષ્ટમી સફળ થઈ. છતાં દરવર્ષે આટઆટલા કાળ આપણે એ ઉત્સવ શા માટે ઊજવીએ છીએ? એટલા જ માટે કે હજી આપણાં હૃદયમાંથી તેમજ સામાજિક જીવનમાંથી ષડ્‌રિપુનો નાશ થયો નથી; તેઓ આપણને અત્યન્ત પીડે છે; આપણે લગભગ નાસીપાસ થઈએ છીએ. એવે પ્રસંગે આપણાં હૃદયમાં કૃષ્ણચંદ્રનો જન્મ થવો જોઈએ. 'જ્યાં પાપ છે ત્યાં પાપપુંજહારી પણ છે' એ આશ્વાસનનો આપણા હૃદયમાં ઉદય થવો જોઈએ. મધ્યરાત્રિના અંધકારમાં કૃષ્ણચંદ્રનો ઉદય થાય તો જ નિરાશ થયેલી દુનિયા આશ્વાસન લઈ શકે અને ધર્મમાં દૃઢ રહી શકે.

૪-૯-'૨૧

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

૧૯—૩

લોકનાયક શ્રીકૃષ્ણ

કહે છે કે જેને કોઈનો આશ્રય નથી તેને મહાદેવ પાસે આશ્રય મળે છે. આંધળાં, પાંગળાં, અપંગ, ગાંડાં, એટલું જ નહિ પણ ભૂતપ્રેત, વિષધર સર્પાદિ પણ મહાદેવ પાસે આશ્રય મેળવી શકે છે. વિષ્ણુની કીર્તિ આવી નથી ગવાઈ, છતાં તે પણ દીનાનાથ છે. કૃષ્ણાવતાર તો દીનદૂબળાં અને દુખિયાંને માટે જ હતો. શ્રીકૃષ્ણ એ પ્રજાકીય અવતાર છે. દાશરથી રામને આપણે રાજા રામચંદ્ર કહીએ છીએ. શ્રીકૃષ્ણને રાજા શ્રીકૃષ્ણ કહીએ તો કાનને કેવું અડવું લાગે છે! શ્રીકૃષ્ણ જોકે મોટામોટા સમ્રાટોના પણ અધિપતિ હતા છતાં તે પ્રજાકીય માણસ હતા.

બચપણમાં તેમણે ગોવાળિયાનો ધંધો કર્યો. મોટા થયા ત્યારે સઈસ બન્યા. રાજસૂય યજ્ઞ જેવા રાજદ્વારી ઉત્સવમાં પોતે એઠી પત્રાવળો ઉપાડવાનું કામ પોતાને માટે પસંદ કર્યું. આજે કયો લોકનાયક આટલું નિષ્પાપ જીવન

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

દાખવી શકે? શ્રીકૃષ્ણે ઇંદ્રનો ગર્વજ્વર હણ્યો, બ્રહ્માનો જ્ઞાનગર્વ શમાવ્યો, ધર્મશાસ્ત્રોની અંધિયાર હવામાં ઉછરેલા ઋષિઓને પોતાનું રહસ્ય સમજાવ્યું, નારદનો મોહ ટાળ્યો, છતાં પોતે તો અન્ત લગી ગોપબન્ધુ જ રહ્યા. ગોપીજન-વલ્લભ એ જ નામ એમને પસંદ પડ્યું; વનમાલા જ એમણે આભૂષણ તરીકે વહાલી કરી; સુદામાના તાંદુલ, વિદુરના ઘરનું ભાજીનું પાંદડું અને દ્રૌપદીની સાદી પરોણાગતથી જ એમનું હૈયું ઠર્યું. કુબ્જાની સેવા સ્વીકારવામાં જ એમણે કૃતાર્થતા માની. એ તો ગરીબોના બેલી 'દીનનદુઃખહરણ દેવ સંતનહિતકારી.'

શ્રીકૃષ્ણે ગીતા ઉપદેશી. શા માટે? યુધિષ્ઠિરને સામ્રાજ્યપદ અપાવવાને? ના ના; સ્ત્રિયો વૈશ્યાસ્તથા શૂદ્રાઃ પણ પરમગતિ મેળવી શકે એ આશ્વાસન આપવા માટે; 'અનન્ય ભક્તોનું યોગક્ષેમ હું પોતે ચલાવું છું' એવી ખાતરી આપવા માટે; દુરાચારી પણ જો પશ્ચાત્તાપ કરે અને ઈશ્વરભજન કરે તો તે મુક્ત થઈ જાય એવું વચન આપવા માટે; ભક્ત પોતાનું હૃદય શુદ્ધ કરે તો તેને બધી જાતનું પાંડિત્ય — બુદ્ધિયોગ પૂરો પાડવાની બોળાધરી જાહેર કરવા માટે.

અને એ ગીતામાં ભગવાને ફિલસૂફી પણ કઈ ઉપદેશેલી છે? ભગવાન કહે છે, 'તમે જ્ઞાની ભલે થાઓ, પણ તમારાથી લોકસંગ્રહ છોડી ન શકાય. સાચા જ્ઞાની છે તેઓ તો સર્વભૂતહિતે રતાઃ હોય છે.'

શ્રીકૃષ્ણે અવતાર લઈને શું કર્યું? કૃત્રિમ પ્રતિષ્ઠા તોડી. અભિમાની પ્રતિષ્ઠિત લોકોને અવમાનિત કર્યા અને નિષ્પાપ હૃદયવાળા દીન જનોને શ્રેષ્ઠ કરી બતાવ્યા. ધર્મને પાંડિત્યની

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

જળમાંથી બચાવી ભક્તિના શુભ્ર આસન ઉપર બેસાડી દીધો. રાજા ઇંદ્રનો ગર્વ હરણ કરી, એનો કરભાર બંધ કરી પ્રજામાં ગોવર્ધનરૂપી દેશપૂજા દાખલ કરી. રાજાઓને નમ્ર કર્યા અને લોકોને ઉન્નત કર્યા. અને તેમ છતાં પોતે લોકોના સરદાર પણ ન બન્યા.

એક વખતે — ફક્ત એક જ વખતે લોકોની શ્રીકૃષ્ણ ઉપરની શ્રદ્ધા ડગી હતી. લોકોએ માન્યું કે દેશમાં શ્રીકૃષ્ણ છે માટે જ જરાસંધ ફરી ફરી આપણા ઉપર ચડાઈ લાવે છે. શ્રીકૃષ્ણે લોકમતને માન આપી મધ્યદેશનો ત્યાગ કર્યો અને સમુદ્રવલયાંકિત દ્વારિકામાં જઈ નિવાસ કર્યો. એમાં લોકો ઉપર રીસ નહોતી. એ વખતે આર્યોનિયન લોકો હિંદુસ્તાન ઉપર ચડાઈ કરવાની તૈયારીમાં હતા. તેમનો વિરોધ કરવા માટે, તેમનો હુમલો અટકાવવા માટે પશ્ચિમ કિનારા ઉપર એક જબરદસ્ત લશ્કરી થાણું બાંધવાથી જ લોકોનું રક્ષણ થઈ શકે એમ હતું. શ્રીકૃષ્ણે દ્વારાવતીમાં જઈ રહી હિંદુસ્તાનના એ દ્વારનું રક્ષણ કર્યું અને આર્યાવર્તને સલામતી બક્ષી. આવા દીનનાથના સદીઓથી ઊજવાતા જન્મદિવસને લોકસત્તાના આ દિવસોમાં એવું મહત્ત્વ છે.

૪–૯–'૨૧

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

૧૯–૪

દિવ્ય જન્મકર્મ

આપણે સુખમાં હોઈએ કે દુઃખમાં, જાગતા હોઈએ કે સૂતેલા, સ્વતંત્ર હોઈએ કે પરતંત્ર, જાલિમ હોઈએ કે ગુલામ, સંપાલા હોઈએ કે કુસંપી, જન્માષ્ટમી તો વરસોવરસ આવવાની જ. સૂરજ ઊગે છે અને આથમે છે, ચંદ્રની વૃદ્ધિ થાય છે અને ક્ષય થાય છે, નદીનું પાણી વહ્યે જાય છે, ઋતુચક્ર ચાલ્યાં જ કરે છે, ગ્રહણો થાય છે અને છૂટે છે, કાળપ્રવાહ વહેતો જાય છે, તેમ જન્માષ્ટમી નામસ્મરણ કરાવતી આવે છે અને નામસ્મરણ કરાવતી જાય છે. આપણે સ્વતંત્ર હતા ત્યારે પણ જન્માષ્ટમી આવતી; આપણે પડવા લાગ્યા ત્યારે પણ જન્માષ્ટમી આવતી; આપણે ફરી ઊઠવાનો પ્રયત્ન કરીએ છીએ ત્યારે પણ જન્માષ્ટમી આવી જ છે તમે તેનો ઉપદેશ સાંભળો કે ન સાંભળો, તે તો આવવાની ને જવાની. જેનું ધ્યાન જાગ્રત હશે તે તેનો ઉપદેશ સાંભળશે અને ધન્ય થશે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

જન્માષ્ટમી પુરાતન છે, સનાતન છે, નિત્યનૂતન છે, કેમ કે તે સંપૂર્ણ છે. જન્માષ્ટમી એ કૃષ્ણાવતારનો તહેવાર છે. કૃષ્ણચરિત્ર અદ્‌ભુત, વિવિધ અને સંપૂર્ણ છે — ક્ષીરસાગર જેવું છે. જેની પાસે જેટલી શક્તિ હોય તેટલું તેમાંથી તે ગ્રહણ કરી શકે છે. છતાં કોઈ એમ ન કહી શકે કે હું શ્રીકૃષ્ણના ચરિત્રનો પાર પામ્યો છું.

* * *

શ્રીકૃષ્ણનો જન્મ કારાવાસમાં થયો. માતાપિતાના વિયોગમાં તેમને બાળપણ વિતાડવું પડ્યું. ગોપીઓ સાથે વિવિધ લીલા રમવામાં તેઓ મશગૂલ રહેતા એવો ચિતાર પુરાણકારોએ આપણને આપ્યો છે. પણ પોતાનાં માતાપિતા પરરાજ્યમાં બંદીવાન છે એ વાત શ્રીકૃષ્ણ ભૂલ્યા ન હતા. શ્રીકૃષ્ણે આખું નાનપણ ગોપીઓ વચ્ચે બેસી મોરલી વગાડવામાં ગાળ્યું ન હતું. કસરત કરી તેઓ મલ્લવિદ્યામાં પ્રવીણ થયા હતા. દુષ્ટોનું દમન કરવાનો વસ્તુપાઠ નાનપણથી જ તેમણે લીધો હતો. મથુરાના રાજ્યપ્રકરણથી તેઓ વાકેફ રહેતા. અનુકૂળ સમય જોઈ તેમણે કંસનું કાસળ કાઢ્યું, માતાપિતાને છોડાવ્યાં અને પછી જ ગુરુ પાસે ભણવા ગયા.

જે વડે માતાની મુક્તિ થાય, પિતાની મુક્તિ થાય તે વિદ્યા તેમણે પ્રથમ કેળવી. ત્યાર પછી આત્માની ભૂખ મટાડવા, જ્ઞાનની તરસ છિપાવવા અને વિદ્યાનંદ માણવા તેઓ સાંદીપનિના વિદ્યાપીઠમાં ગયા. પ્રથમ માતાપિતાની મુક્તિ, પછી વિદ્યા—એ શ્રીકૃષ્ણનો જીવનમંત્ર હતો. માતાપિતાની મુક્તિ પાછળ — સ્વદેશની મુક્તિ પાછળ જુવાનીના દિવસ ગાળવા પડ્યા

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

એનો શ્રીકૃષ્ણને પશ્ચાત્તાપ કોઈ કાળે ન થયો. કર્તવ્યપાલનની ધગશથી શ્રીકૃષ્ણની બુદ્ધિ એટલી તીવ્ર થઈ હતી કે ગુરુ પાસે વિદ્યા ભણતાં કાળ કે શ્રમ તેમને લાગ્યો જ નહિ. માતાપિતાને છોડાવ્યાં, વિદ્યા પૂરી કરી, ગુરુને દક્ષિણા આપી દીધી અને પછી શ્રીકૃષ્ણ પરણ્યા અને પરણ્યા પછી આખી જિંદગી નિરાસક્તવૃત્તિથી પરોપકાર કરવામાં ગાળી. જ્યારે બીજા બધા પોતાના રાજ્યનો અને પોતપોતાના ઉત્કર્ષનો વિચાર કરતા ત્યારે શ્રીકૃષ્ણ આખા ભારતવર્ષના રાજકારણનો અને ધર્મસંસ્થાપનાનો વિચાર કરતા. લોકસંગ્રહ એટલે લોકસંખ્યાનો સંગ્રહ એમ શ્રીકૃષ્ણ માનતા ન હતા, અને તેથી જ તેમણે ભયંકર મનુષ્યસંહાર જોતાં છતાં ધર્મને જ વળગી રહેવાની હિંમત બતાવી અને પોતે અપ્રતિમ મલ્લ હોવા છતાં અને દેશમાં આટલું ભારે રાષ્ટ્રક્ષયકારી યુદ્ધ મચેલું હોવા છતાં અશસ્ત્ર અને અયુધ્યમાન રહી શક્યા. દુર્યોધન અને અર્જુન બન્ને શ્રીકૃષ્ણની મદદ માગવા આવ્યા ત્યારે તેમણે તે બન્ને રાજપુત્રો આગળ મૂકેલી પસંદગી અર્થપૂર્ણ છે — કાં તો નિઃશસ્ત્ર શ્રીકૃષ્ણને પસંદ કરો, કાં તો યાદવસેના પસંદ કરો. બન્નેએ મનગમતી પસંદગી કરી અને તેનું પરિણામ આપણે જોઈ શકીએ છીએ.

* * *

ભારતીય યુદ્ધ મહાન હતું, પણ કૃષ્ણચરિત્ર તેથીયે મહત્તર છે. મહાભારતમાં ગૌરીશંકર અને ધવલગિરિ જેવાં એ પ્રચંડ શિખરો ચળકે છે. આ એના પ્રમાણમાં બીજાં બધાં ઉત્તુંગ શિખરો પણ ટેકરી જેવાં દેખાય છે. આ બે શિખરો તે ભીષ્મ અને કૃષ્ણ. તે મહાન યુદ્ધમાં કર્તુમ્

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

अकर्तुम् અને अन्यथाकर्तुम् શક્તિ આ બે જણની જ. બંને સરખા જ અનાસક્ત, સરખા જ ધર્મનિષ્ઠ, સરખા જ પરોપકારી અને સરખા જ યોગી. છતાં બંનેમાં કેટલું અંતર? બન્નેનાં સમાજશાસ્ત્ર જુદાં, બન્નેની રાજદ્વારી ફિલસૂફી જુદી અને બન્નેનાં જીવિતકર્તવ્ય જુદાં. ચાલતી રાજ્યવ્યવસ્થા ટકાવવી, તેની મારફતે જ બની શકે તેટલું લોકકલ્યાણ સાધવું અને વર્તમાનકાળને વફાદાર રહેવું એ ભીષ્મનો વિચાર. જ્યારે શ્રીકૃષ્ણ અન્યાયના શત્રુ, પાપપુંજના અગ્નિ અને રૂઢિના વિધ્વંસક. તેમની દૃષ્ટિ ભવિષ્ય તરફ. રાજદ્વારી પ્રશ્નોમાં ભીષ્માચાર્ય ધારાધોરણને વળગનાર હતા, જ્યારે શ્રીકૃષ્ણ જૂના સડી ગયેલા એકેએક ધારાધોરણના મડદાને દાટી દેવા નીકળ્યા હતા. તેથી ભીષ્માચાર્યે સત્તાનો પક્ષ લીધો અને શ્રીકૃષ્ણે સત્યનો.

સમાજશાસ્ત્રમાં પણ બન્નેમાં એ જ ભેદ હતો. ભીષ્માચાર્ય કહેતા, राजा कालस्य कारणम् — રાજા બનાવે તેવો જમાનો. શ્રીકૃષ્ણ કહેતા, રાજા શાનો જમાનો ઘડે? જમાનો તો હું પોતે જ છું અને એકેએક જૂની રૂઢિનો નાશ કરવાને અવતરેલો છું. कालोऽस्मि लोकक्षयकृत्प्रवृद्धः। ભીષ્માચાર્ય ધર્મશાસ્ત્રથી હમેશાં દબાયેલા રહેતા અને ધર્મશાસ્ત્રની આજ્ઞાઓ સાચવવામાં જ સંપૂર્ણતા સમજતા; આથી ઊલટું શ્રીકૃષ્ણ ધર્મની આજ્ઞા પાછળ રહેલું ધાર્મિક રહસ્ય સમજી લઈ તેને જ વળગી રહેતા.

* * *

છતાં શું આશ્ચર્ય! ભીષ્માચાર્યે પ્રતિજ્ઞાપાલન કરી ભારતવર્ષમાં રાજ્યક્રાંતિ થવા દીધી અને જે સમાજવ્યવસ્થાને

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

તે વળગી રહેવા માગતા હતા તેનો જ તેમણે ભારતયુદ્ધ દ્વારા ઉચ્છેદ કર્યો. શ્રીકૃષ્ણે પ્રતિજ્ઞાભંગ કરી પોતાના ભક્તના પ્રાણ બચાવ્યા અને ભીષ્મને જશ આપ્યો.

* * *

શરીર જેમ અનેક નવાં નવાં વસ્ત્ર ધારણ કરે છે, આત્મા જેમ નવા નવા દેહ ધારણ કરે છે, તેમ ધર્મના સનાતન આત્માએ પણ નવા નવા વિધિ શોધી કાઢવે જ છૂટકો. ઇંદ્રની પૂજામાં જ્યારે માલ ન રહે ત્યારે ગોવર્ધનની પૂજા જ ચલાવવી જોઈએ અને યજ્ઞયાગની ધમાલ કરવા કરતાં શ્રીકૃષ્ણને શરણ જવું એ જ વધારે શ્રેયસ્કર છે એ જન્માષ્ટમી આપણને શીખવે છે.

શ્રીકૃષ્ણનું ચરિત્ર આપણે હજી ધ્યાનપૂર્વક જોયું નથી. શ્રીકૃષ્ણની નાનપણની લીલા અને મોટપણનું જગદુદ્ધારનું અવતારકૃત્ય એટલાં બધાં મોહક અને ઉદાત્ત છે અને શ્રીકૃષ્ણને અવતાર માની આપણે એટલા આશ્ચર્યમૂઢ થયા છીએ કે આ પુરુષોત્તમે આદર્શ માનવી તરીકે જે રીતે પોતાનું જીવન ગાળ્યું તે તરફ આપણું ધ્યાન જતું જ નથી. આજ સુધી આપણે જેટલા નરરત્નોનાં ચરિત્ર વાંચ્યાં છે અથવા જોયાં છે તે બધાથી શ્રીકૃષ્ણનું ચરિત્ર જુદું પડે છે. નાનપણમાં શીંકા ઉપરના માખણનું નૈવેદ્ય આત્મદેવને સમર્પણ કર્યા પછી યશોદા માતા પકડશે એ બીકથી ગભરાયેલા શ્રીકૃષ્ણની નાટકી લીલા છોડી દઈએ તો શ્રીકૃષ્ણના આખા જીવનમાં દુઃખ કે ભયનો કચાંયે લવલેશ સરખો જડતો નથી. આટલું બધું વિવિધ ઘટનાઓથી પરિપૂર્ણ જીવન હોવા છતાં શ્રીકૃષ્ણ કોઈ કાળે દિઙ્મૂઢ થયા

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

નથી, દુઃખથી દબાઈ ગયા નથી અથવા ઉદાસીનતાથી મોળા પડ્યા નથી. જેને આસક્તિ જ નથી તે ઉદાસીન શાનો થાય? જે બ્રહ્માનંદ જાણે છે તે શાને બીએ? જે સર્વ ભૂતોમાં પોતાને જ જુએ છે તેના મનમાં રાગ, દ્વેષ કે જુગુપ્સા ક્યાંથી હોય? એ જ શ્રીકૃષ્ણનું પૂર્ણત્વ છે. શ્રીકૃષ્ણને એક બ્રાહ્મણે લાત મારી તેને તેમણે અલંકારની પેઠે ધારણ કરી. ગાંધારીએ ઘોર શાપ આપ્યો તેને શ્રીકૃષ્ણે પોતાના અવતારકૃત્યના મદદગાર તરીકે વધાવી લીધો. અભિમન્યુ મરાયો, ઘટોત્કચ મરાયો, દ્રૌપદીના પુત્રોનો વધ થયો, અઢાર અક્ષૌહિણી સેનાનો નાશ થયો, મહાન મહાન આચાર્યો પડ્યા, યાદવકુળનો સંહાર થયો, પણ શ્રીકૃષ્ણ જેવા ને તેવા — અક્ષુબ્ધ, અવિચલિત, ગંભીર, જાણે પ્રલયકાળ પછીનો મહાસાગર.

* * *

ભારતીય યુદ્ધમાં સંગ્રામભૂમિ પર ઘાયલ થયેલા હજારો મુમૂર્ષુ યોદ્ધાઓ લોહીના કીચડમાં રોળાઈ ગયા છે અને તેમની વચ્ચે શ્રીકૃષ્ણની કારુણ્યમૂર્તિ દરેકના માથા પર પોતાનો શીતલ વરદ હસ્ત મેલતી ફરે છે એવું ચિત્ર કોઈ સમર્થ ચિત્રકાર કાઢી આપે? છેલ્લી ઘડીએ શ્રીકૃષ્ણનું દર્શન! એ અહોભાગ્ય જે જમાનાને મળ્યું તે જમાનો ધન્ય છે! તે વખતના કવિઓએ 'મરણોન્મુખ વીરોનો વિસામો આ મોરલીધર છે' એવા ભાવનાં ગીતો ગાયાં હશે!

* * *

ભારે સંકટ દેખાય ત્યારે મોખરે રહે અથવા એકલા જ આખું સંકટ માથે લે, અને જ્યારે રાજ્યવૈભવ કે નામના

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

મળવાનાં હોય ત્યારે શરમાળ વહૂની પેઠે પાછળ પાછળ રહે, એ શ્રીકૃષ્ણનો સ્વભાવ કેટલો ઉદાત્તમધુર છે! ગોકુળમાં જેટલા રાક્ષસો આવ્યા તેટલા શ્રીકૃષ્ણે પોતે માર્યા. યમુનામાં કાળિનાગ આવીને રહ્યો અને તેણે જ્યારે આખા વૃન્દાવનમાં ત્રાસ ફેલાવ્યો ત્યારે પોતાનું શું થશે તેનો વિચાર કર્યા વગર શ્રીકૃષ્ણે કદંબના ઝાડ ઉપરથી સંકટના ધરામાં ભૂસકો માર્યો. ગોવાળ છોકરાઓ બધા ભયભીત થયા. કેટલાક ઘર ભણી દોડ્યા, કેટલાક ત્યાં ને ત્યાં જ મૂઢ બની થંભ જેવા ચોંટી રહ્યા. કોઈને કશું સૂઝ્યું નહિ. એકલા શ્રીકૃષ્ણે કાળિ સાથે યુદ્ધ કર્યું, તેને હરાવ્યો, નમાવ્યો અને જીવતદાન આપી છોડી દીધો. કંસવધમાં પણ આગળ અને જરાસંધના વધમાં પણ અગ્રેસર. જ્યાં જ્યાં સંકટ ત્યાં ત્યાં પોતે હાજર અને મોખરે.

* * *

ઇંદ્રે પ્રલયકાળનો વરસાદ મોકલ્યો ત્યારે પણ શ્રીકૃષ્ણે ગોવર્ધન ઉપાડી પ્રજાનું રક્ષણ કર્યું; પણ તેની સાથે પ્રજાને એ પણ બોધ આપ્યો કે દરેક માણસ જ્યારે ગોવર્ધન ઊંચકવામાં મદદ કરે ત્યારે જ પ્રભુ શ્રીકૃષ્ણ પોતાની આંગળી ઉઠાવે. શક્તિ પરમાત્માની પણ પ્રયત્ન તમારો.

* * *

જન્માષ્ટમીને દિવસે શ્રીકૃષ્ણ પાસે આપણે શું માગીએ? દરેક જણ પોતાની વૃત્તિ પ્રમાણે માગી લે. પાંડવગીતામાં ભારતકાલીન પ્રમુખ વ્યક્તિઓએ શ્રીકૃષ્ણ પાસે શું શું માગ્યું હતું તે શ્લોકાયું છે. કૃપણ કૃપણની પેઠે માગી લે, ભક્ત ભક્તહૃદયથી માગી લે, અભિમાની અભિમાનને છાજે એવાં

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

વચનો કાઢે અને પોતાનું પાપ પણ પરમાત્મા પર ઢોળી દે. પણ માગવું હોય તો વીરમાતા, ધર્મમાતા, તપસ્વિની કુન્તીએ જે માગી લીધું તે જ માગવું જોઈએ. ભાગવતમાં કુન્તીની પ્રાર્થના કેવા સુંદર શબ્દોમાં આપેલી છે! કુન્તી માતા કહે છે, 'હે ભગવન્! જેમાં તારું વિસ્મરણ થાય તે વૈભવ મારે નથી જોઈતો. જેનાથી હમેશાં તારું સ્મરણ રહે, તારું ચિંતન થાય, શરણાગતતા વધે એવી આપત્તિ અમને આપ. ભગવન્! અમને આપત્તિ આપ आपदः सन्तु नः शश्वत्। કેમ કે,

विपदो नैव विपदः, संपदो नैव संपदः।
विपद्विस्मरणं विष्णोः; संपन्नारायणस्मृतिः॥

પરમાત્માને ભૂલી જવો એ જ ભારે સંકટ અને નારાયણનું અખંડ સ્મરણ રહેવું એ જ સંપત્તિ, એ જ વૈભવ, એ જ શ્રેયપ્રેય, એ જ સ્વરાજ્ય, સ્વારાજ્ય અને સામ્રાજ્ય.

૧૩-૮-'૨૨

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

૧૯–૫

પ્રતીક્ષા

જન્માષ્ટમી જેવા ઉત્સવો આપણે શા માટે વરસોવરસ ઊજવીએ છીએ? જે દિવસે આપણા હૃદયમાં શ્રીકૃષ્ણનો ઉદય થશે તે દિવસે જ આપણે માટે સાચી જન્માષ્ટમી હશે. ત્યાં સુધીની આવી જન્માષ્ટમીઓ અમસ્તી જ છે. આપણા હૃદયમાં કૃષ્ણજન્મ ક્યારે થશે એ કોણ કહી શકે? એટલે જ આપણે શબરીની પેઠે અખંડ એની પ્રતીક્ષામાં, એની ઇંતેજારીમાં રહેવું જોઈએ. એમ પણ કંઈક ખરું કે આવી ઇંતેજારી વગર હૃદયમાં કૃષ્ણજન્મ કોઈ કાળે થવાનો નથી.

ચોરો સામે આપણે ચોકી કરીએ છીએ એ પણ આખી રાત કરવી પડે છે. ચોર કંઈ કહીને આવે છે? એ તો ગમે ત્યારે આવે. સરહદ પર શત્રુના હુમલા સામે અખંડ ચોકીપહેરો રાખવો પડે છે. વરસો સુધી એ પહેરો એમને એમ રાખવો પડે તોયે શું? સરહદ પર ગફલતમાં

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ન જ રહેવાય. દરિયાઈ તોફાનમાં જહાજ ફૂટી જાય ત્યારે બચી જવા માટે બૂચની બંડીઓ (કૉર્ક જૅકેટ) પહેરીને લોકો દરિયામાં પડે છે. સંકટ પ્રસંગે ગભરાટ અને ક્ષોભમાં કશું સૂઝે નહિ એ બીકે ખલાસીઓ પાસે વખતો-વખત એની કવાયત કરાવવામાં આવે છે, જેથી અણીને પ્રસંગે ભૂલ થાય નહિ. ભાઈ મેઘાણીએ એક બહારવટિયાની વાર્તા આપી છે. ઘરમાં મહેમાન કયારે આવે એની બબર ન પડે, આતિથ્યમાં ચૂકયા તો સત ગયું, એવા ખ્યાલથી ગમે ત્યાંથી ધન આણીને એ અખંડ રસોઈ તૈયાર રખાવતો. પેલી ગોપીચંદની મા મેનાવતી પણ ગોસાંઈ મહારાજ કયારે આવશે એ કહેવાય નહિ એટલા માટે ગરમગરમ રસોઈ હાથમાં લઈને સવારથી સાંજ ઊભી જ રહેતી. ગફલત થાય અને એ જ ક્ષણે સ્વામી મહારાજ આવે તો? ઋષિઓએ શબરીને કહી રાખ્યું હતું કે શ્રીરામચંદ્ર આવીને તને દર્શન દેશે અને તારો ઉદ્ધાર કરશે. બાળપણથી માંડીને ઘડપણ સુધી આખો જન્મારો એણે રામની પ્રતીક્ષામાં ગાળ્યો. ઋષિનાં વેણ એળે જાય નહિ એટલો એને વિશ્વાસ હતો. રામદર્શનની આશાએ શરીર થાકયા છતાં એ ટકી. અન્તે એણે રામનાં દર્શન કર્યાં, રામનું સ્વાગત કર્યું, પછી જીવવા જેવું એને કશું લાગ્યું નહિ. એક આખી જિંદગી એણે ઇંતેજારીમાં ગાળી.

દર્શનના આનંદ કરતાં આ ઇંતેજારીની કૃતાર્થતા કંઈક વિશેષ છે. પ્રાપ્તિ કરતાં પ્રતીક્ષામાં જીવનનો રસ વધારે છે. શ્રદ્ધા, આકાંક્ષા, તપસ્યા, આશા, નિરાશા,—એ જ જીવનની મોંઘી મૂડી છે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

એ મોંઘી મૂડી કેળવવા માટે આવા ઉત્સવોનો ઉપયોગ છે.

દુનિયામાં રાક્ષસોનો રાફડો ફાટ્યો છે. ગરીબોનો કોઈ બેલી રહ્યો નથી. રાક્ષસો અનેક રૂપો ધારણ કરી પ્રજાને પીડે છે, દંભે છે, પાપને માર્ગે લોકોને લલચાવે છે અને ખાડામાં નાખે છે. માણસની શક્તિ, માણસની બુદ્ધિ બધી બરબાદ થઈ ગઈ છે. લોકો નિરાશ અને નાસ્તિક થવા લાગ્યા છે. એવે વખતે મંગલ હૃદયે એ કરુણામયની યાચના કરી કે 'હવે તારનાર તું જ છે.' અંતર્યામી જાગ્યા, અને યુગાવતાર પ્રગટ થયો. શ્રદ્ધાથી આ બધું મનમાં આણી એકાગ્ર થવાનો આપણે પ્રયત્ન કરીએ છીએ, એનું નામ તે જયંતીનો ઉત્સવ. ધરતીની તરસને લીધે જેમ આકાશના મેઘો પાનો છોડે છે તેમ આવી અકળામણ અને દીનલ્લરીની સાથે અવતારી પુરુષનું પ્રાકટ્ય થાય જ છે. એને હૃદયમાં સ્થાન દેવા માટે હૃદયનો પરિષ્કાર કરવો, હૃદય ઊટકીને સાફ કરવું, ત્યાં આસન પાથરી રાખવું અને એની રાહ જોયા કરવી, એટલા ખાતર આ ઉત્સવો છે. પાણી અને બરફ જેમ ભિન્ન નથી, પાણી અને વરાળમાં જેમ તાત્ત્વિક ભેદ નથી તેમ જ આ પ્રતીક્ષા અને એ પ્રાપ્તિ વચ્ચે ભેદ નથી. ભેદ હોય તો કેવળ માત્રાનો છે. દહાડેદહાડે એ માત્રા વધે અને વધતી રહે એટલા ખાતર આવા ઉત્સવો ગોઠવેલા હોય છે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

૨૦

ગણપતિ-ઉપાસના

આપણો હિંદુધર્મ એ અનેક નાનામોટા અને જૂનાનવા સંપ્રદાયોનું મોટું અવિભક્ત કુટુંબ છે. માણસની શક્તિ અને વૃત્તિ પ્રમાણે એક જ સત્ય જુદી જુદી રીતે એને પ્રતીત થાય છે. તેમાં વળી અનુભવ ઉપરાંત માણસ પોતાની કલ્પના અને કાવ્યશક્તિનો ઉમેરો કરી એની વિવિધતા ઘણી વધારી મૂકે છે. કાળના પ્રવાહને લીધે માણસની માન્યતાઓમાં જે ફેરફાર થાય છે તે બધા ફેરફારોમાંથી કાલક્રમનું તત્ત્વ ભુલાઈ જવાથી અથવા ભૂંસાઈ જવાથી પણ અનેક ગોટાળા ઉત્પન્ન થાય છે. આમાંથી અનેક વિરોધો અને ગૂંચો પેદા થાય છે. પણ મનુષ્યપ્રાણી સ્વભાવે એવો તો પુરાણપ્રિય છે કે અકળાવનારા એ ગોટાળા પણ સાચવી રાખવાનું એને મન થઈ આવે છે; અને એ વૃત્તિમાંથી કંઈ લાભ નથી જ નીકળતો એમ નથી. ઇતિહાસદૃષ્ટ ડાહ્યા લોકોને એમાંથી ઇતિહાસ મળે છે, વિકાસનું તત્ત્વ જડે છે; અને જાડી બુદ્ધિવાળા સામાન્ય લોકો તો જેવું મેળવી શકાયું

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

તેવું આશ્વાસન લઈને સંતોષ માને છે. વિવિધ વૃત્તિના લોકો, જ્યાં કશી એકવાક્યતા નથી ત્યાં પણ, આવી પરિસ્થિતિમાંથી જ એકતા અનુભવતા થાય છે!

આપણે ગણેશચતુર્થીનો જ ઉત્સવ લઈએ. ગણપતિની ઉપાસના એક યા બીજી રીતે વેદકાળથી ચાલતી આવેલી છે. પણ આજનો ગણેશપૂજનનો પંથ વૈદિક છે એમ કહેવું મુશ્કેલ છે. જેમ હિમાલયના પહાડમાં અનેક ઠેકાણેથી નાનાંમોટાં અનેક ઝરણાં નીકળે છે, અને સંયોગવશાત્ એક થઈને એક નદીનું નામ મેળવે છે, તેમ જ આ ગણેશભક્તિનું થયેલું લાગે છે. એની પૌરાણિક કથાઓ જોવા બેસીએ તો તેમાં કયાંયે મેળ ખાતો નથી. જેમ આકાશના તારાઓમાંથી ઉત્પન્ન થયેલી પૌરાણિક વાર્તાઓમાં અને કલ્પનાઓમાં મેળ જેવી વસ્તુ હોતી નથી, તેમ જ અહીં પણ થયેલું દેખાય છે.

અને ગણપતિ પણ આકાશની કોઈ જ્યોતિમાંથી જ બનેલો કોઈ દેવ કેમ ન હોય? રંગે ગણપતિ લાલ હોય છે. એને લાલ ફૂલ પસંદ પડે છે. તો એ આકાશનો મંગળ ગ્રહ જ કેમ ન હોય? ગણપતિની કેટલીક ચતુર્થીઓને અંગારિકી ચતુર્થી કહે છે. અંગારક એટલે મંગળ. એ અંગારિકી ચતુર્થી જો મંગળવારે આવે તો એનું પુણ્ય વધારે ગણેલું છે. ગણપતિને મંગલમૂર્તિ તો કહે જ છે. ગ્રહોમાં મંગળનું નામ મંગળ છે, પણ એ શુભ ગ્રહ ગણાતો નથી. ગણપતિને વિઘ્નહર્તા–વિઘ્ननाशक तरीके ओળખાવ્યો છે, છતાં માનવગૃહ્યસૂત્રમાં બતાવ્યું છે કે રુદ્ર તથા બ્રહ્મદેવે વિનાયકને ગણોનો ઉપરી નીમ્યો અને માણસનાં કાર્યોમાં

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

વિઘ્ન ઉપસ્થિત કરવાનું કામ તેને સોંપ્યું. મહાભારતમાં શિવ, સ્કંદ, વિશાખ વગેરે દેવતાઓ જેમ બાળકોને પીડા કરે છે એમ વર્ણવ્યું છે, તેમ વિનાયક વિષે પણ છે.

જૂના કાળમાં દેવો વિષેની કલ્પના મિશ્ર હતી. દેવો એટલે શક્તિ. માણસને હેરાન પણ કરે અને મદદ પણ કરે. જેમ રાજાની ખુશામત કરીને માણસ એનો અનુગ્રહ મેળવી શકે છે, રાજાની મરજી ખફા થાય તો માણસનું સત્યાનાશ વળે છે, તેવી જ કલ્પના આ દેવો વિષે પણ હતી. ગણપતિ પ્રથમ વિઘ્નકર્તા હશે; પાછળથી ભક્તોએ એને પલાળી વિઘ્નહર્તા બનાવ્યો હશે.

એક ઠેકાણે કહ્યું છે કે ગજાસુરને મારવા માટે વિષ્ણુએ પાર્વતીને પેટે જન્મ લીધો. બીજે ઠેકાણે કહ્યું છે કે મહાદેવે ભૂલમાં પોતાના દ્વારપાળ એવા એક ગણનું માથું ઉડાવ્યું. પોતાની ભૂલ ધ્યાનમાં આવતાં સાચા ગુનેગાર ગજાસુરનું માથું કાપી એ ગણને ખભે બેસાડી દીધું. આ વાર્તામાં કોઈ અનાર્ય પૂજાનું વૈદિક પૂજામાં રૂપાંતર કર્યાનો ઉલ્લેખ વખતે હશે.

ગણપતિ અથવા ગણેશ એ અનેક દેવોનો સરદાર હોવો જોઈએ. જૂના વખતમાં કેટલાંક પ્રજાસત્તાક રાજ્યો ગણરાજ્ય તરીકે ઓળખાતાં હતાં. એમની લોકસભાના દેવતા તરીકે ગણપતિને સ્થાપવામાં આવ્યો હશે. જેમ વ્યક્તિને આત્મા હોય છે તેમ સંગઠિત સમાજને — સમષ્ટિને પણ આત્મા હોવો જોઈએ. એ સામાજિક આત્મા તે જ ગણપતિ. ગણપતિની પૂજા કરવી એટલે સામાજિક જીવનને

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પોતાની નિષ્ઠા અર્પણ કરવી, એવો જૂના વખતનો ભાવ વખતે હશે.

એ ગમે તે હો, મહાદેવ અને વિષ્ણુ વચ્ચેનો વિરોધ ટાળવા માટે ગણપતિનો ઉપયોગ સરસ હતો. ગણપતિ શૈવ પણ છે અને વૈષ્ણવ પણ છે. કોઈ શુભ કાર્યની શરૂઆત કરવી હોય કે મકાનનો દરવાજો તૈયાર કરવો હોય તો ત્યાં ગણપતિ બેસાડ્યા એટલે ઝઘડા ટળ્યા.

આપણે લખતાં શીખીએ છીએ ત્યારે અ, આ, ઇ, ઈ થી શરૂઆત નથી કરતા. મહારાષ્ટ્રમાં અમે 'શ્રીગણેશ' થી શરૂઆત કરતા. આજે 'શ્રીગણેશ'નો અર્થ જ શરૂઆત એવો થયો છે. સંભવ છે કે આદ્ય લિપિકાર કોઈ ગણેશ નામનો યોજક હશે. એણે લિપિ શોધી કાઢી એટલે લેખનની શરૂઆત કૃતજ્ઞતાપૂર્વક એના નામથી જ થવી જોઈએ એવો રિવાજ પડ્યો હશે. વ્યાસજીએ મહાભારત પોતાના મગજમાં ગોઠવ્યું, પણ એ લખી કાઢનાર લહિયો કોઈ ન મળે. અંતે ગણેશજીએ એમની એ ભીડ ભાંગી. પુરાણોમાં કહ્યું છે કે ત્રિવિષ્ટપ (તિબેટ)માં 'લેખાઃ' નામના દેવગણો રહેતા હતા. તેઓ લેખનકળામાં પ્રવીણ હતા. તેમનો આગેવાન ગણપતિ હતો. શું આપણી લેખનકળા ફિનિશિયામાંથી ન આવતાં તિબેટમાંથી અહીં આવી હશે? દેવવાણીના ધ્વનિની વ્યવસ્થા કરનારી આપણી વર્ણમાળા શાસ્ત્રીય છે. વર્ણમાળાની યોજના આર્યબુદ્ધિની વ્યવસ્થા સૂચવે છે. આપણી લિપિમાળા તેવી લાગતી નથી. એ શાસ્ત્રશુદ્ધ નથી. એ કયાંક બહારથી આપણે ત્યાં આવેલી હોવી જોઈએ. એ તિબેટમાંથી આવી હોય તો આશ્ચર્ય નથી.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

લાંબા વખત સુધી બ્રાહ્મણો તો લેખનકળાની અવગણના જ કરતા આવ્યા. અંતે એમને પણ શ્રીગણેશનું શરણ લેવું પડ્યું.

બીજી એક કલ્પના છે કે ગણેશ એ ખરેખર ગણેશ નથી, પણ ગુણેશ છે. જ્યારે ઉપનિષત્કાલ પછી ત્રણ ગુણોની વ્યવસ્થા ગોઠવાઈ ગઈ ત્યારે એ ત્રણ ગુણોના સ્વામી તરીકે ઈશ સર્વા ગુણાંચા એવા ગણપતિને ગોઠવી દીધો હશે.

જ્યારે વેદાંતવિદ્યા લોકસુલભ થઈ ત્યારે ઘણા અનાર્ય દેવો અને એમની અનાર્ય પૂજાપદ્ધતિ રૂપક તરીકે ઓળખાવા લાગ્યાં. ૐકાર અથવા પ્રણવમાં સત્ત્વ, રજ, તમ એ ત્રણે ગુણો છે. એ ૐકારમાં હાથીની સૂંઢ જેવો આકાર છે. તે ઉપરથી ગણેશ અથવા ગુણેશ એ ગજાનન ગણાયો. એને માથે અર્ધચંદ્ર છે તે હાથીનો દાંત થયો. ગણપતિ એ જ્ઞાનનો, વેદાન્તવિદ્યાનો સ્વામી થયો. મન માર્યા વગર વેદાન્તજ્ઞાનનો સાક્ષાત્કાર થાય નહિ, એટલે મનની દેવતા ચંદ્રનું દર્શન ટાળીને જ્ઞાનની આરાધના કરી હોય તો જ ચતુર્થી એટલે કે તુરીયાવસ્થા કૃતાર્થ થવાની. ગણપતિ ઉંદર ઉપર બેસે છે. ઉંદર એટલે કાળ. મનુષ્યજીવનના ધાગા કરડી ખાનાર કાળ તે ઉંદર. એના પર જેની સવારી છે એવો ગણપતિ તે જ મોક્ષદાતા.

આમ જંગલી લોકોની અથવા અનાર્ય લોકોની કોઈ પશુપૂજામાંથી એક ઉપાસના ઉત્પન્ન થઈ, અને તે બદલાતાં બદલાતાં વેદાન્તવિદ્યા સુધી પહોંચી ગઈ, એવું પણ કેટલાકનું માનવું છે.

પણ આજે જ્યારે દરબરસે ચીકણી માટી આણી ઘેર ઘેર એના બનાવેલા ગણપતિ પૂજાય છે, ત્યારે શું એ ગણપતિના

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ઉપાસકના મનમાં એ બધી વેદાન્તવિદ્યા જાગ્રત હોય છે? જૂના વખતનો ગાણપત્ય સંપ્રદાય ભયાનક હતો. માણસની ખોપરીઓના આસન પર ગણપતિની સ્થાપના થતી. જારણ, મારણ, ઉચ્ચાટન વગેરે મેલી વિદ્યા ગણપતિની ઉપાસના સાથે જોડાઈ હતી. એ બધામાંથી આજે આપણે ઊગરી ગયા છીએ એ જ ગનીમત. ધર્મવ્યવસ્થાપકો કહે છે કે કળિયુગમાં બાકી બધા દેવો સૂઈ ગયા છે, કેવળ ચંડી અને વિનાયક — એટલે કે કાલી અને ગણપતિ — એ બે જ જાગતાં છે. એમ પણ કહ્યું છે કે દેવોમાં પણ ચાતુર્વર્ણ્ય છે. શંકર વર્ણે બ્રાહ્મણ, વિષ્ણુ ક્ષત્રિય, બ્રહ્મા વૈશ્ય, અને ગણપતિ શૂદ્ર છે. અને એમાં આશ્ચર્ય શું? શંકર અકિંચન અને તપસ્વી યોગી છે; વિષ્ણુ લક્ષ્મીપતિ, ઐશ્વર્યવાન, પ્રજાપાલક છે; બ્રહ્મદેવ તો નિર્માણકર્તા; ગણપતિ શૂદ્ર કેમ ગણાયો તેની ખબર નથી પડતી. એ સામાન્ય પ્રજાનો દેવ છે તેથી? કેટલેક ઠેકાણે ગણપતિને બ્રહ્માના જ એક રૂપ તરીકે સમજાવવાનો પ્રયત્ન થયો છે.

મહારાષ્ટ્રમાં ગણપતિને મોરયા કહે છે. એનું મૂળ પૂના પાસેની એક સ્થાનિક દેવતામાં છે. મોરગાંવના સાધુ મોરયા ગણપતિના ઉપાસક હતા. એને જ લોકોએ ગણપતિના અવતાર બનાવી દીધા. આજકાલ મહારાષ્ટ્રમાં કળા ને ઉત્સવને નામે કોઈકોઈ વાર ગણપતિની એવી તો છાકટી અને બેહૂદી મૂર્તિઓ બનાવે છે કે હિંદુધર્મની એના વિરોધીઓ પણ એના કરતાં વધારે ભૂંડી મશ્કરી ન કરી શકે. આવી મૂર્તિઓ જોઈ ભક્તિભાવ શી રીતે જાગ્રત થવાનો હતો કે પુષ્ટ થવાનો હતો?

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

મૂર્તિવિધાનના ગ્રંથોમાં લખ્યું છે કે પૂજાના મુખ્ય દેવોની મૂર્તિઓ શાસ્ત્રોક્ત 'ધ્યાન'માં વર્ણવ્યા પ્રમાણે જ પ્રસન્નગંભીર બનાવવી જોઈએ. ક્ષુદ્ર દેવોની અને યક્ષકિન્નરોની મૂર્તિઓની બાબતમાં ગમે તે છૂટ લઈ શકાય.

હિંદુધર્મની ધાર્મિક માન્યતાઓમાં એવો તો ચકરાવો બાઝી ગયો છે કે એમાં એક વાર પ્રવેશ થયા પછી બહાર નીકળવું સહેલું નથી. જૂના ધર્મકારોએ અને સમાજ-વ્યવસ્થાપકોએ સમાજમાં ઉચ્ચ વેદાંતી વિચાર ધરાવનાર પંડિતોથી માંડીને ભૂત પ્રેત પિશાચાદિ કાલ્પનિક અને ભયાનક શક્તિઓની ઉપાસના કરનાર પ્રાકૃત પૂજ્ય સુધી બધાંને સૂત્રબદ્ધ કરવાનો પ્રયત્ન કર્યો. તેમ કરવામાં તેમણે જાણીબૂજીને ધૂર્તતા વાપરી એમ કહેવું એ ઐતિહાસિક દૃષ્ટિએ અસત્ય જ લાગે છે. તદ્દન નિરાળી એવી બે વસ્તુઓ એકીવખતે એકસાથે સાચી તરીકે સ્વીકારવી પડે ત્યારે માણસનું કલ્પનાસમૃદ્ધ મન એક યા બીજી રીતે એનો સમન્વય કરવાનો પ્રયત્ન કરે જ છે. એમાંથી એક કલ્પના સાચી અને બીજી જૂઠી એમ કહેવું ધૃષ્ટતાભર્યું કહેવાય. પરમ સત્ય તો કોણ જાણે મનુષ્યબુદ્ધિથી કેટલું દૂર છે. હિમાલય આગળ ઊભો રહી દડો કાંકરાને કહે કે તારા કરતાં હું હિમાલયને અધિક મળતો છું, એના જેવી આપણી સ્થિતિ છે. એક કલ્પનાને જંગલી કહીએ, બીજીને સુધરેલી કહીએ, અને કાળે કરીને અનુભવ કરીએ કે બંને સરખી જ ભ્રમાત્મક હતી; એવી સ્થિતિમાં લોકોની કલ્પનાઓ વખોડવા બેસવા કરતાં જીવનમાં સદાચાર, અનાસક્તિ અને નિર્ભયતા દાખલ કરવાનો પ્રયત્ન કરીએ તો લોકો એની મેળે કલ્પનાનું

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

કાવ્ય સેવતાં છતાં એની અસર તળે દબાઈ ન જાય. જ્યાં જ્યાં વહેમો અને ભ્રમાત્મક કલ્પનાઓ માણસને દુરાચાર તરફ લઈ જાય છે ત્યાં ત્યાં લોકોને જાગ્રત કરતા જઈએ તો બાકીનું કામ એની મેળે સિદ્ધ થશે.

બીજી બાજુ આપણે લોકોને ભૌતિક શાસ્ત્રોના સિદ્ધાંતો અને પદ્ધતિઓથી વાકેફ કરવાની ઉતાવળ કરવી જોઈએ. ભૌતિક જ્ઞાન અને આધ્યાત્મિક જ્ઞાન પરસ્પર વિરોધી નથી પણ પોષક છે. બંનેમાંથી સાચી ધાર્મિકતા જાગ્રત થવી જ જોઈએ. બંનેની ઉપાસના માનવકલ્યાણની દૃષ્ટિએ જ કરવી જોઈએ. અને ખરું કહીએ તો એ જ જ્ઞાનદાતા, વિઘ્નહર્તા સાચા ગણપતિની સાચી ઉપાસના છે.

૧૪-૧૦-'૩૪

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

૨૧

રેંટિયાબારશ

[ભાદરવા વદ ૧૨]

૧

રેંટિયાબારશ એ પ્રજાકીય તહેવાર થઈ ચૂક્યો છે. સ્વરાજ્ય મળવાનું હશે ત્યારે મળશે. દાદાભાઈથી માંડીને લોકમાન્ય, દાસ અને લજપતરાય સુધીના દેશસેવકોએ અત્યાર સુધી એટલી બધી તપશ્ચર્યા કરી છે કે હવે સ્વરાજ્ય ન મળે તો જ આશ્ચર્ય. જો આપણે ભારે ભૂલો ન કરીએ, ફલસિદ્ધિને વખતે જ આડાઈ ન કરીએ, અને પોતપોતાને ફાળે આવતું રાષ્ટ્રકાર્ય ચીવટપૂર્વક અને વખતસર કરતાં ન ચૂકીએ, તો સ્વરાજ્ય ઘરની ગાયની પેઠે પોતાની મેળે ચાલતું આવવું જોઈએ. પણ એ પ્રજાનું જ સ્વરાજ્ય થશે કે કેમ, પ્રજા માટે એ પૂરેપૂરું આશીર્વાદરૂપ થશે કે કેમ, એ મોટો સવાલ છે. ખેડૂત જેટલું અનાજ દુનિયાને અર્પે છે તેટલાના પૂરા પૈસા ખેડૂતને નથી મળતા. વચલા લોકો જ એનો મોટો ભાગ ખાઈ જાય છે. એવું જ જો

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

આપણને મળનાર સ્વરાજ્યનું થઈ જાય તો તે રાષ્ટ્રીય આપત્તિ જ ગણાય. તેમ ન થાય, એક હાથે મેળવેલું આપણે બીજે હાથે ગુમાવી ન બેસીએ, સ્વરાજ્યનો અર્થ બાદબાકીથળી ન થઈ જાય, એટલા માટે ગાંધીજીએ રેંટિયા-ધર્મ પ્રવર્તાવ્યો છે અને ખાદીનો આટલો આગ્રહ રાખ્યો છે.

સહરાના રણ વિષે એમ કહેવાય છે કે કોક કોક વાર ત્યાં આકાશમાંથી વરસાદની હેલી આવે છે, પણ રણની રેતીનો બકારો એટલો બધો હોય છે કે વરસાદ જમીન સુધી પહોંચતા પહેલાં જ એની વરાળ થઈ આકાશમાં ઊડી જાય છે. આપણે જો ખાદીની દીક્ષા ન લઈએ તો આપણા સ્વરાજ્યનું પણ ગરીબોની દૃષ્ટિએ તેમ જ થવાનું.

કેટલાક કહે છે કે બહારથી ખાદી પહેરે શું થવાનું હતું ? અંદરથી હૃદયપરિવર્તન થાય ત્યારે ખરું. વાત સાચી છે. પણ બાહ્ય આચરણની હૃદય પર અસર નથી પડતી એમ કોણે કહ્યું છે ? ચોવીસે કલાક શરીર સાથે સંબંધ ધરાવતી ખાદી પોતાના મૂક પાઠ આપ્યા વગર રહેવાની નથી. ક્રિયાની શક્તિ કોઈ પણ કાળે શબ્દની શક્તિ કરતાં વધારે છે જ.

રેંટિયાબારશનું આ માહાત્મ્ય છે. રેંટિયાબારશ એટલે આમપ્રજા સાથેનું હૃદયનું ઐક્ય. રેંટિયાબારશ એટલે સ્વરાજ્યનિષ્ઠા. રેંટિયાબારશ એટલે નિર્વૈર સ્થિતિની સાધના. રેંટિયાબારશ એટલે રાષ્ટ્રીય સંગઠન.

આ રેંટિયાબારશ ઊજવવાની પદ્ધતિ કંઈક અંશે નિશ્ચિત થવી જોઈએ. છેલ્લાં સાત વરસમાં એનું સ્વરૂપ થોડુંઘણું તો નક્કી થયું જ છે. અત્યાર સુધી આપણે તે દિવસે

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

'હિંદ સ્વરાજ'નું પારાયણ કરતા. હવે એની સાથે કેટલાક લોકોએ આઠ દિવસની અંદર 'આત્મકથા'ના બંને ભાગ વાંચવાની સૂચના કરી છે. આ હીરક મહોત્સવને માટે તે ભલે ઠીક હોય, દર વરસે 'આત્મકથા'નું પારાયણ સહેલું પડશે કે કેમ એ વિચારવા જેવું છે. 'મંગળપ્રભાત'નું વાચન વખતે વધારે બંધ બેસે.

રેંટિયાબારશને દિવસે અંત્યજે જોડેનું આપણું અનુસંધાન આપણે અનુભવવું જોઈએ. અંત્યજે સફાઈનું જે કામ કરે છે તે આ દિવસે જાતે કરીને કેટલાક લોકોએ એ બાબતમાં દિશા સુઝાડી છે. જે જે જગાઓ આપણે વાપરીએ છીએ તે તે બધી જાતે સાફ રાખી આપણે સામાજિક સ્વચ્છતાનો પાઠ લેવો જોઈએ અને ચાલતી પ્રથામાં સુધારો કરવો જોઈએ. દર વરસે આમ આગળ વધીએ તો આખા રાષ્ટ્રને સેંકડો વરસથી નથી મળી એવી કેળવણી વગર ખર્ચે અને ઓછે પ્રયત્ને મળશે.

પણ રેંટિયાબારશનું મુખ્ય કામ તો એના નામમાં જ સૂચવાયું છે. ઇંગ્લંડનો પ્રાણ જેમ એનાં વહાણો પર નિર્ભર છે તેમ આપણો રેંટિયા પર છે. એ રેંટિયો ચાલે તો આપણું ભાગ્ય ચાલે. રેંટિયો થોભે તો આપણું ભાગ્ય થોભે. રેંટિયાબારશને દિવસે બધા રેંટિયો ફેરવે એ તો જરૂરી છે જ. એના ઉપરાંત નવા રેંટિયા ચાલતા કરવા, જેમને કાંતતાં નથી આવડતું તેમને કાંતતાં શીખવવું, જેમને પૂણી તૈયાર કરતાં નથી આવડતું તેમને તે શાસ્ત્રની દીક્ષા આપવી, એ રેંટિયાબારશનું મુખ્ય કામ છે. જેઓ રેંટિયા ચલાવવા ઇંતેજાર છે પણ રેંટિયો ખરીદવાની જેમની શક્તિ નથી

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

એવાઓને રેંટિયા આપવા માટે ધનિકોએ કેટલાક પૈસા રાષ્ટ્રીય સંસ્થાઓને સોંપવા જોઈએ. રેંટિયો ચાલે એટલા માટે રેંટિયાને પ્રધાનપદ આપતી સંસ્થાઓને પણ ચાલતી કરવી જોઈએ.

રેંટિયાનું મહત્ત્વ જાણવા છતાં અને ખાદી પહેરવા છતાં કેટલાયે લોકોએ હજી પરદેશી કાપડનો મોહ છોડ્યો નથી. આવી રીતે સંઘરી રાખેલું પાપ બાળી નાંખવાનું કામ પણ આ દિવસે પ્રસન્ન મને કરાય. રેંટિયાબારશને દિવસે પરદેશી કાપડની જેટલી હોળી કરી શકાય તેટલા ગરીબોના આશીર્વાદ મળવાના છે. રેંટિયાબારશને દિવસે આજીવન શુદ્ધ ખાદી જ પહેરવાનો સંકલ્પ દેશની બહેનો અને ભાઈઓ કરે તો દેશની કેટલી પ્રગતિ થાય! અને આત્મોન્નતિ તો છે જ.

તહેવાર એટલે માંદા પડાય એટલું ઘીગોળવાળું ગળ્યું ગળ્યું ખાવું અને એકબીજાને તેમ કરવા આગ્રહ કરવો એ ખ્યાલ આપણે છોડી દેવો જોઈએ. વિચાર કરી જોતાં જણાશે કે એમાં નથી સુખ, નથી સામર્થ્ય-વૃદ્ધિ કે નથી પ્રસન્નતા. એ અસંસ્કારી રિવાજ આપણે કાઢી નાંખવો જોઈએ. અકરાંતિયાપણાનો વળી પ્રચાર કેવો? એના કરતાં આરોગ્ય અને પુષ્ટિ વધે, કામ કરવાનો ઉત્સાહ વધે, પોતાનાં શરીર અને મન પર બરાબર કાબૂ રહે એ જાતનો અને એ પ્રમાણમાં ખોરાક લેવાની શરૂઆત તે દિવસે કરવી જોઈએ.

રેંટિયાબારશ એટલે સ્વદેશીનો પ્રચાર. તે દિવસે રમતગમતમાં દેશીપણું ખસૂસ હોવું જોઈએ. દેશી સંગીત, દેશી ચિત્રકામ, દેશી ભાષા -- એના પુનરુદ્ધાર માટે તે દિવસે

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

કેટલાયે નવા નવા કાર્યક્રમો ગોઠવી શકાય. રેંટિયાબારશ એ રાષ્ટ્રીય એકતાનો તહેવાર છે. તે દિવસે કોઈનો બહિષ્કાર ન હોય. બધી જ્ઞાતો, બધા ધર્મો અને બધા પંથનાં સ્ત્રીપુરુષો, બાળકો અને વૃદ્ધો એકત્ર સામાજિક જીવન અનુભવે. રેંટિયાબારશ એ આત્મશુદ્ધિનો તહેવાર છે. જીવનમાં ઘર કરી બેઠેલાં વ્યસનો કાઢી નાંખવાનો પ્રયત્ન તે દિવસે સવિશેષ થાય. જેની શરૂઆત આડે દિવસે નથી થતી તે કરવાની શક્તિ તે દિવસના માહાત્મ્યને લીધે માણસમાં આવી પણ જાય. રેંટિયાબારશ એ દીનજનોનાં દુઃખ નિવારણ કરવાનો તહેવાર છે. તે દિવસે યથાશક્તિ સંકટનિવારણ ફાળામાં પોતાનો હિસ્સો આપવો જોઈએ. રેંટિયાબારશ એ સ્વરાજ્યનો તહેવાર છે. માટે તે દિવસે પારતંત્ર્યનો અંત કેમ આણાય એનું ઉગ્ર ચિંતન થવું જોઈએ.

૨૨-૯-'૨૯

૨

ગાંધીસપ્તાહ

ભાદરવા વદ ૧૨ અને બીજી ઑક્ટોબરે ગાંધીજીનો જન્મદિવસ ઊજવવામાં આવે છે. દેશી તિથિ અને આ તારીખ વચ્ચે જ્યારે અંતર ઓછું હોય છે ત્યારે એ એક સપ્તાહ તરીકે ઊજવાય છે. મિત્રોએ આ દ્વાદશીને 'મોહનદ્વાદશી' નામ આપ્યું. ગાંધીજીને આ નામ પસંદ ન પડ્યું. તેઓ તો પોતાની જયન્તી કોઈ ઊજવે એ નથી ઇચ્છતા. પરંતુ કોઈ પણ બહાને દરિદ્રનારાયણની સેવામાં લોકો શામિલ થતા હોય તો દરિદ્રનારાયણહિતૈષી એવા તેઓ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

આ તકને જવા દેવા ઇચ્છતા નથી. એ માટે ગાંધીજીએ એ દિવસનું નામ 'ચરખા–દ્વાદશી' રાખ્યું છે. ગુજરાતમાં એને રેંટિયાબારશ કહે છે. કેટલાક ખાદીભક્તો એ દિવસે ચોવીસે કલાક રેંટિયો ચલાવતા. સ્વાસ્થ્યની દૃષ્ટિએ આ તપશ્ચર્યા કઠિન લાગવાથી લોકો આઠથી સોળ કલાક સુધી કાંતવામાં દ્વાદશી અથવા બીજી ઑક્ટોબરનો દિવસ ગાળે છે. કેટલીએક સંસ્થાના સભ્યો ભેગા મળીને વારાફરતી કાંતી ચોવીસ કલાક અખંડ રેંટિયો ચલાવે છે. ખાદીવેચાણનું કામ તો આ સપ્તાહમાં ખૂબ જોશથી થાય છે જ. ઉત્સાહી વિદ્યાર્થી અને મધ્યમ વર્ગનાં સ્ત્રી–પુરુષો ખાદી લઈને ઘરે ઘરે જઈ વેચાણ કરે છે અને ખાદીનો પેગામ પણ સંભળાવે છે.

ગાંધીજીનો પેગામ જેમાં સંપૂર્ણ રીતે મળી શકે છે એવા બે ગ્રંથોનું પારાયણ એ દિવસે કરનાર પણ ઘણા માણસો છે; 'હિંદ સ્વરાજ્ય' અને 'મંગળપ્રભાત.' આ બન્ને ગ્રંથોમાં ગાંધીજીની કહેલી બધી વાતો સૂક્ષ્મ રીતે આવી જાય છે. તેનું વિવેચન એ દિવસે ભાષણો દ્વારા કરવામાં આવે છે. આ સપ્તાહમાં કેટલાય સવર્ણ લોકો હરિજનસેવામાં ખાસ સમય આપે છે અને અસ્પૃશ્યતા-નિવારણ માટે પોતાના ગામમાં ફરી વળી સફાઈકામ કરનાર દળનું પણ સંગઠન કરે છે. હરિજનસેવક સંઘ આ સપ્તાહમાં પોતાનું વાર્ષિક 'ફંડ' ઉઘરાવે છે. રાષ્ટ્રભાષાપ્રેમી લોકો આ સપ્તાહમાં હિંદી–હિંદુસ્તાનીનો સંદેશ ઘરઘર પહોંચાડવા સભાઓ, સંભાષણ, ચર્ચા અને વાર્તાલાપનો કાર્યક્રમ યોજે છે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

રાષ્ટ્રીયતાનો સંદેશ મૂક ભાવથી લોકોને સંભળાવવાની ઇચ્છા રાખનારાઓ આ સપ્તાહમાં ખાસ રાષ્ટ્રીય ધ્વજના રંગનાં ખાદીનાં ફૂલ ઘણા આદરપૂર્વક લગાવે છે. ગૌસેવામાં રાષ્ટ્રનાં હિત અને ધર્મપાલન સમજનાર લોકો આ સપ્તાહમાં ગાયનું જ દૂધ અને તેમાંથી બનતી દહીં, ઘી વગેરે વસ્તુઓ વાપરવાનું વ્રત લે છે.

આ બધી વાતો સારી છે જ અને વર્ષો થયાં આમ ચાલ્યું આવતું હોવાથી સપ્તાહના કાર્યક્રમમાં રાષ્ટ્રીય સંકલ્પશક્તિ પ્રતિષ્ઠિત થઈ છે.

એની સાથોસાથ આત્મશુદ્ધિની દૃષ્ટિથી બીજું ઘણુંયે આપણે કરી શકીએ. ગીતા, ધમ્મપદ, બાઇબલ, કુરાન, ગ્રંથસાહેબ, અવેસ્તા આદિ ધર્મગ્રંથોમાંથી ચૂંટેલાં વચનોનું વાચન અને મનન જો એ દિવસે કરવામાં આવે તો સર્વધર્મસમભાવની ભાવનાને દૃઢ કરવામાં ઘણી મદદ થશે. ગાંધીસપ્તાહના દિવસોમાં ભિન્ન ભિન્ન ધર્મ, પંથ અને ફિરકાના લોકો જો એકઠા થઈને કોઈ સામુદાયિક કાર્યક્રમ રાખી શકે તો એથી ઉત્તમ બીજી કઈ વાત હોઈ શકે?

મનુષ્યસ્વભાવ જ એવો છે કે તેને સત્યનું અને તેની પ્રાપ્તિનું દર્શન એકાંગી થાય છે, એટલે જગતમાં પક્ષભેદ અને મતભેદ અને પંથભેદ રહેવાના જ. જે વ્યક્તિ નિસ્પૃહ, નિર્વૈર અને સત્યધર્મી છે તે પોતાના સત્યદર્શનને નિષ્ઠાવાન તો રહેવાના જ, પરંતુ એ નિષ્ઠાને કારણે બીજાઓના સત્યદર્શન પ્રત્યે તે પોતાનો આદરભાવ તો કાયમ રાખશે. આ ભાવનાને વધારવા માટે ગાંધીસપ્તાહના દિવસોમાં ભિન્ન પંથ, પક્ષ, દર્શન અને સાધનાવાળા લોકો જો પ્રેમાદરભાવથી

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

એક બીજાને મળવાનો ઉપક્રમ રાખે તો એ પણ આ છિન્નભિન્ન રાષ્ટ્રની એક ભારે સેવા ગણાશે. પરંતુ આમાં કૃત્રિમતા અને દંભથી કામ ન લઈ શકાય. હાર્દિક પ્રેમ અને આદરથી જ કામ થઈ શકે છે; અને હાર્દિક પ્રેમાદર યોગ્ય સાધનો દ્વારા વધારવો શક્ય છે એવો ઘણા સાધકોનો અનુભવ પણ છે.

ગાંધી જયન્તીનો દિવસ બહેનોએ ખાસ પોતાનો બનાવી લીધો છે. સ્ત્રીજાતિ મોક્ષની, સ્વાતંત્ર્યની, બ્રહ્મચર્યની અને રાષ્ટ્રસેવાની સંપૂર્ણ અધિકારી છે. એ સિદ્ધાંત ગાંધીજીએ દેશના હૃદય ઉપર એવી દૃઢતાથી અંકિત કર્યો છે કે ગાંધીયુગ સ્ત્રી-ઉદ્ધારનો યુગ કહેવાય છે. આ સપ્તાહમાં જો શિક્ષિત અને સંસ્કારી બહેનો પોતાની અશિક્ષિત બહેનોને કંઈ જ્ઞાન આપે અને એમની પાસેથી પ્રાચીન આર્યસંસ્કાર નમ્રતાથી શીખે તો સ્ત્રીજાતિનો ઉદ્ધાર ઘણી સરળતાથી થશે.

ગાંધીજીએ એક ઘણું મોટું અને સૂક્ષ્મ રાષ્ટ્રકાર્ય ખાસ સ્ત્રીજાતિને જ સોંપ્યું છે, તે મદ્યપાનનિષેધ. મદ્યપાનનિષેધ કંઈ મામૂલી વસ્તુ નથી. સત્ત્વગુણ અને તમોગુણ વચ્ચેનું એ એક ઘનઘોર યુદ્ધ છે. મદ્યપાન જેવા નરકાસુરને સંહારવા સત્યનિષ્ઠ સત્યભામાઓ જ સમર્થ છે.

આવા સંગીન કાર્યક્રમની સાથે આપણે રાષ્ટ્રીય સંગીત, ચિત્રકલા, ઉત્સવનો સમારોહ, ગરીબોને અન્નદાન આદિ રોચક કાર્યક્રમોને પણ ભૂલવા ન જોઈએ. સાત્ત્વિક નૃત્યકલા દ્વારા ને નાટ્યના અભિનય દ્વારા આપણે ભગવાનની ઉપાસના કરી શકીએ. ગાંધીસપ્તાહ દ્વારા ગરીબોને જો

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

આટલો વિશ્વાસ ન થાય કે પ્રત્યેક ખાદીધારી અમારો સંકટનિવારક હિતકર્તા સેવક છે, તો એ ગાંધીસપ્તાહ નિષ્ફળ જ ગયું સમજવું. ગાંધીજીએ સૌથી શ્રેષ્ઠ વાત એ શીખવી છે કે સતયુગ હો કે કલિયુગ, નિષ્કામ સેવા જ અલૌકિક શક્તિ છે. આપણા રાષ્ટ્રના ગરીબોની સેવા કરીને જ આપણે સ્વાતંત્ર્યની શક્તિ મેળવી શકીશું.

આસુરી સંપત્તિનો આજ જેટલો ઉત્કર્ષ અને પ્રભાવ છે એટલો કદાચ ત્રણે યુગમાં કદી નહોતો થયો. હવે દૈવી સંપત્તિએ પણ એટલો જ, બલકે એથી અધિક, ઉત્કર્ષ અને પ્રભાવ બતાવવો જોઈએ.

આ સપ્તાહમાં ગાંધીજીના રાષ્ટ્રકાર્યના અને સામાજિક તથા વ્યક્તિગત જીવન સંબંધેના સિદ્ધાંતોના પ્રચાર માટે જેટલા સાર્વજનિક કાર્યક્રમોનું આયોજન આપણે કરી શકીશું તેટલું જ એ ઉપયોગી નીવડશે. આત્મદર્શનનો એક મહત્ત્વપૂર્ણ ઉપાય તેનું શ્રવણ અને કીર્તન પણ છે. મહારાષ્ટ્રમાં ગણપતિ ઉત્સવમાં જેવી રીતે જ્ઞાનચર્ચા અને વિચાર–પ્રચારનું સત્ર યોજવામાં આવે છે એ જ પ્રમાણે આ સપ્તાહમાં ગાંધીજીનાં વિચાર, સિદ્ધાંત અને નીતિનું શ્રવણ અને કીર્તન સામુદાયિક રીતે થવું જરૂરી છે.

'રેંટિયા બારશ' આપણે માટે નવસંકલ્પપોષક અને પૂર્ણ સ્વાતંત્ર્યપ્રેરક બનો!

સં. ૧૯૯૪.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

૨૨

નવરાત્રિ

[આસો સુદ ૧ થી ૧૦]

મહિષાસુર સામ્રાજ્યવાદી હતો. સૂર્ય, ઈંદ્ર, અગ્નિ, પવન, ચંદ્ર, યમ, વરુણ વગેરે બધા દેવોનો અધિકાર અને ખાતાં તે પોતે જ ચલાવતો હતો. સ્વર્ગના દેવોને તેણે ભૂલોકની પ્રજા બનાવ્યા હતા. કોઈને પોતાને સ્થાને સલામતી લાગતી ન હતી. દેવો પરમાત્મા પાસે ગયા. પરમાત્માએ સૃષ્ટિની જે વ્યવસ્થા કરી હતી તે મહિષાસુરે કેટલી બગાડી નાખી છે એ બધું કહી સંભળાવ્યું. બધું સાંભળી વિષ્ણુ, બ્રહ્મા, શંકર વગેરે સર્વ દેવોનાં શરીરમાંથી પુણ્યપ્રકોપ ઊછળ્યો અને તેની એક દૈવી શક્તિમૂર્તિ નિર્માણ થઈ. સર્વ દેવોએ આ સર્વદેવમયી શક્તિને પોતપોતાનાં આયુધની શક્તિથી મંડિત કરી અને પછી આ દૈવી શક્તિ અને માહિષાસુરની આસુરી શક્તિ વચ્ચે ભીષણ યુદ્ધ જામ્યું. કેટલાં વરસ સુધી ચાલ્યું

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

તે કોણ કહી શકે ? પણ આશ્વિન માસની શુક્લ પ્રતિપ્રદાથી દશમી સુધી એ યુદ્ધ ચાલ્યું એમ મનાય છે અને તે પ્રમાણે દૈવી શક્તિના વિજયનો નવરાત્રિનો ઉત્સવ આપણે ઊજવીએ છીએ.

દૈવી શક્તિ એ પરમા વિદ્યા છે, બ્રહ્મવિદ્યા છે, આત્મતત્ત્વ, વિદ્યાતત્ત્વ અને શિવતત્ત્વનું શુદ્ધ સ્વરૂપ છે. આ શક્તિ શઠં પ્રતિ શુભંકરી છે, 'અહિતેષુ સાધ્વી' છે; વેરી પ્રત્યે પણ તે દયા પ્રગટ કરે છે. દુષ્ટ લોકોનો ખરાબ સ્વભાવ શાંત પાડવો એ જ આ દૈવી શક્તિનું શીલ છે. दुर्वृत्तवृत्तशमनं तव देवि शीलम् ।

અસુરો આ શક્તિને ન સમજી શક્યા. ભક્તો જ્યારે દૈવી શક્તિની જય બોલવા લાગ્યા ત્યારે અસુરો મૂંઝાઈ જઈ 'અરે આ શું ? આ શું ?' એવી ચીસો પાડવા લાગ્યા. આખરે અસુરોનો રાજા પોતે જ લડવા લાગ્યો. તેણે અનેક જાતની નીતિ ચલાવી, અનેક રૂપો ધારણ કર્યાં, પણ આખરે निःशेषदेवगणशक्तिसमूहमूर्तिનો જ વિજય થયો. પવન અનુકૂળ વાવા લાગ્યો, વરસાદે ભૂમિને સુજલા સુફલા કરી નાખી, દિશાઓ પ્રસન્ન થઈ અને ભક્તો દેવીનું મંગળ ગાવા લાગ્યા. દેવીએ ભક્તોને આશ્વાસન આપ્યું કે એવી જ રીતે ફરી જ્યારે જ્યારે આસુરી લોકોને લીધે ત્રાસ ફેલાશે ત્યારે હું પોતે અવતાર ધારણ કરી દુષ્ટતાનો નાશ કરીશ.

એ મહિષાસુર દરેક માણસના હૃદયમાં પોતાનું સામ્રાજ્ય સ્થાપન કરવા મથે છે અને તે તે વખતે દૈવી શક્તિને તેનાં બધાં સ્વરૂપો ઓળખી તેનો સમૂળો નાશ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

કરવો પડે છે. દરેક હૃદયમાં આ યુદ્ધ કેટલાં વરસ સુધી ચાલે છે એ દરેક જણ પોતાનું અંતર તપાસી જાણી શકે છે. નવરાત્રિના દિવસોમાં હૃદયમાં અખંડ દીપ પ્રજ્વળી આપણે તે દૈવી શક્તિની આરાધના કરવી જોઈએ, કેમ કે જ્યારે તે પ્રસન્ન થાય છે ત્યારે તે દૈવી શક્તિ જ આપણને મોક્ષ આપી દે છે.

सैषा प्रसन्ना वरदा नृणां भवति मुक्तये ।

૨૮-૯-'૨૨

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

૨૩

શારદાનું ઉદ્‌બોધન

કઈ નવમીને દિવસે સુરોએ શારદાનું ઉદ્‌બોધન કર્યું એ આપણે જાણતા નથી. પણ તે અત્યંત શુભ, સુભગ અને કલ્યાણકારી મુહૂર્ત હોવું જોઈએ. સમૃદ્ધિદાયી વર્ષા પછી જે શાન્તિ, જે નિર્મળતા, જે પ્રસન્નતા દૃગ્ગોચર થાય છે તેમાં જ દેવોને શારદાનું દર્શન થયું. ધરતીએ લીલો રંગ હજી છોડ્યો નથી, પરિપક્વ ધાન્ય સુવર્ણવર્ણ ખીલવી રહ્યાં છે, એવે પ્રસંગે દેવોએ શારદાનું ધ્યાન કર્યું. સજ્જનોનાં હૃદયસમા સ્વચ્છ જળમાં વિહાર કરતાં પ્રસન્ન કમળો અને આકાશમાં અનન્ત કાવ્યના ફુવારા છોડતો રસસ્વામી ચન્દ્ર એ બંને જ્યારે એકબીજાનું ધ્યાન ધરતાં હતાં ત્યારે દેવોએ શારદાનું આવાહન કર્યું. શારદા આવી અને પૃથ્વીના વદન-કમળ પર સુહાસ્ય ફેલાયું. શારદા આવી અને વનશ્રીનું ગૌરવ ખીલ્યું. શારદા આવી અને ઘેરઘેર સમૃદ્ધિ વધી. શારદા આવી અને વીણાનો ઝણત્કાર શરૂ થયો; સંગીત અને નૃત્ય સર્વત્ર ફેલાયાં.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

શારદાનું સ્વરૂપ કેવું છે ? બાલા ? મુગ્ધા ? પ્રૌઢા ? કે પુરંધ્રી ? શારદા મંજુલહાસિની બાલા નથી, મનમોહિની મુગ્ધા નથી, વિલાસચતુરા પ્રૌઢા નથી. તે નિત્યયૌવના પણ સ્તન્યદાયિની માતા છે. તે આપણી સાથે રમે છે, હસે છે, પણ તે આપણી સખી નથી; તે માતા છે. આપણે તેની સાથે બાલસહજ ગેલ કરીએ, પણ માતા આગળ ઊભા છીએ એ ભૂલી ન જઈએ. માતા એટલે પવિત્રતા, વત્સલતા, કારુણ્ય અને વિશ્રબ્ધતા. માતા એટલે અમૃતનિધાન. 'ન માતુઃ પરદૈવતમ્' એ વચન કોઈ ઉપદેશપ્રિય સ્મૃતિકારે કાઢેલું નથી; એ તો કોઈ માતૃપુત્ર ધન્ય બાળકે કાઢેલું વચન છે.

ચરાચર સૃષ્ટિનું ઐક્ય અનુભવનાર આપણે આર્ય સંતાનો એક જ શબ્દમાં અનેક અર્થ જોઈએ છીએ. શારદા એટલે સરોવરમાં વિરાજતા કમળોની શોભા. શારદા એટલે માણેકહારી પૂનમ અને દીવાળીની કાન્તિ. શારદા એટલે યૌવનસહજ વ્રીડા. શારદા એટલે કૃષિલક્ષ્મી, શારદા એટલે સાહિત્યસરિતા, શારદા એટલે બ્રહ્મવિદ્યા, ચિચ્છક્તિ. શારદા એટલે વિશ્વસમાધિ. એવી એ આપણી માતા છે, આપણે શારદાના બાળક છીએ. કેટલી ધન્યતા ! કેટલી સ્પૃહણીય પદવી ! કેવડો અધિકાર ! અને સાથે સાથે કેવડી મોટી દીક્ષા !

શારદાના સ્તન્યનો જે હોઠને સ્પર્શ થયો તે હોઠ અપવિત્ર વાણી ઉચ્ચારે નહિ, નિર્બળતાનાં વચનો કાઢે નહિ, દ્વેષને ઉદ્‌ગારે નહિ, પાપને શૃંગારે નહિ, પૌરુષને હણે નહિ અને મુગ્ધ જનોને છેતરે નહિ.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

શારદાના મંદિરમાં સર્વોચ્ચ કળા હોય, કળાને નામે વિચરતી વિલાસિતા નહિ. શારદાના ભવનમાં પ્રેમનું વાતાવરણ હોય, માત્ર સૌંદર્યનું મોહન ન હોય. શારદાના ઉપવનમાં પ્રાણનું સ્ફુરણ હોય, વિરહના કે નિરાશાના નિઃશ્વાસ ન હોય. શારદાની લતાકુંજમાં વિશ્વપ્રેમનું સંગીત હોય, પરસ્પર અનુનયનું ઘેલું કલકૂજિત ન હોય. શારદાના વિહારમાં સ્વતંત્રતાનાં ધીરોદાત્ત પગલાં હોય, ઉદ્દેશવિહીન અને સ્ખલનશીલ પદક્રમ ન હોય. શારદાના પીઠમાં બ્રહ્મરસનો પ્રવાહ હોય, વિષયરસનો ઉન્માદ ન હોય.

માતા શારદા! હૃદયમાં તારું અખંડ સ્મરણ રહે એવો આશીર્વાદ અમને આપ, અમે અધિકારી થઈએ ત્યારે અમને તારું દર્શન આપ. જો અમારું ધ્યાન અવિચલ રહ્યું, જો અમારી ભક્તિ એકાગ્ર અને ઉત્કટ થઈ તો અમને તારી દીક્ષા આપ, અને તારી અખંડ સેવાને લાયક બન્યા પછી તારી સેવાનો એકમાત્ર રસ અમને રહે એટલી ભિક્ષા આપ. તને કોટિશઃ નમન કરીએ છીએ.

या देवी सर्वभूतेषु श्रद्धारूपेण संस्थिता।
नमस्तस्यै नमस्तस्यै नमस्तस्यै नमो नमः ॥

ઑક્ટોબર ૧૯૨૪

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

૨૪–૧

વિજયાદશમી

[આસો સુદ ૧૦]

૧. સીમોલ્લંઘન પર્વ

આગ્રામાં મોગલ સમયની જે ઇમારતો છે તેમાં એક વિશેષતા એ છે કે તેનો નીચલો મજલો લાલ પથ્થરનો હોય છે અને ઉપરનો સફેદ પથ્થરનો. લાલ પથ્થરનું કામ જહાંગીરના વખતનું અને સફેદ પથ્થરનું શાહજહાંના સમયનું. દરેક ઇમારતમાં આવો કાળક્રમનો ઇતિહાસ વર્ણભેદથી મૂર્તિમંત દેખાય છે. કોઈ પણ જૂના મોટા શહેરમાં જૂની વસ્તી ને નવી વસ્તી પાસે પાસે આવેલી દેખાય છે. અથવા વસ્તીનાં પડ ઉપર પડ બાઝેલાં પણ દેખાય છે. ભાષાની કહેવતોમાં પણ ભિન્ન ભિન્ન કાળનો ઇતિહાસ સમાયેલો હોય છે. આપણે ઘરમાં જમીન પર જે લાદીઓ જડીએ છીએ તે એક પથ્થર જેવી દેખાય છે

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ખરી, પણ તેમાં પણ દરેક પડમાં કેટલાંયે વરસોનું અંતર હોય છે. નદીને કાંઠે દરવર્ષે જે કાંપના થર એક ઉપર એક જામે છે તેનો જ આખરે ધરતીની ભઠ્ઠીમાં એક પથ્થર બની જાય છે.

દશેરાનો તહેવાર પણ એક જ તહેવાર હોવા છતાં ભિન્નકાલીન ભિન્ન ભિન્ન પડોનો બનેલો છે. દશેરાના તહેવાર સાથે અસંખ્ય યુગોના અસંખ્ય પ્રકારના આર્ય પુરુષાર્થનો વિજય સમાયેલો છે.

માણસ માણસ વચ્ચેની લડાઈ જેટલી મહત્ત્વની છે તેટલી જ અથવા તેના કરતાંયે વધારે મહત્ત્વની લડાઈ માણસ અને કુદરત વચ્ચેની છે. માણસનો કુદરત ઉપરનો મોટામાં મોટો વિજય તે ખેતી છે. ખેડેલી જમીનમાં નવ જાતનું ધાન્ય વાવી, કૃત્રિમ જળનું સિંચન કરી તેમાંથી પોતાની આજીવિકા અને ભવિષ્યના સંગ્રહ જેટલું અનાજ જે દિવસે માણસ મેળવી શકયો તે દિવસ માણસને માટે ભારેમાં ભારે વિજયનો હતો. કેમ કે ત્યાર પછી જ સ્થિરતામૂલક સંસ્કૃતિ જન્મી. તે દિવસનું સ્મરણ હંમેશાં તાજું રાખવું એ કૃષિપ્રધાન આર્ય લોકોનું પ્રથમ કર્તવ્ય હતું.

વીસમી સદી એ ભૌતિક અને યાંત્રિક શોધોની સદી ગણાય છે, અને તે યથાયોગ્ય છે. પણ મનુષ્યપ્રાણીની હસ્તી અને સંસ્કૃતિને માટે જે મહાન શોધો કારણરૂપ થઈ છે તે બધી આદ્યયુગમાં જ થઈ છે. જમીન ખેડવાની કળા, સૂતર કાંતવાની કળા, દેવતા સળગાવવાની કળા અને માટીમાંથી પાકા ઘડા ઘડવાની કળા — આ ચાર કળા માનવી સંસ્કૃતિના આધારસ્તંભરૂપ છે. આ ચારે કળાનો

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ઉપયોગ કરીને વિજયાદશમીને દિવસે આપણે કૃષિમહોત્સવ ઉપજાવી કાઢ્યો છે.

નાનપણનો મારી સ્મૃતિમાં રહેલો પહેલો નવરાત્રિનો ઉત્સવ હજી મને સાંભરે છે. પ્રતિપદાને દિવસે શહેરની બહાર જઈ ખેતરોમાંથી સરસમાં સરસ સ્વચ્છ કાળી માટી મારા ભાઈ લઈ આવ્યા. હું પોતે નવ ધાન્યની થાદી લઈ તેમાંથી ઘરમાં જેટલાં ન મળ્યાં તેટલાં મારા નાનાને ત્યાંથી લઈ આવ્યો. મારી દાદીએ નાનકડા ધનુષ વતી રૂ પીંજી તેની ૯૬ આંગળની દિવેટ તૈયાર કરી. મારી બાએ સૂતર કાંતી (રેંટિયા ઉપર નહિ, પણ ક્ષેાટા ઉપર) તે સૂતરની એક સુન્દર નાનકડી વાટો બનાવી. બજારમાંથી નાળિયેર અને પંચરત્ન હું લઈ આવ્યો. પંચરત્નમાં સોનું, મોતી, હીરો, પરવાળું અને લીલમ કે માણેક હતાં. આ પંચરત્નના કકડા બહુ જ નાના હતા. મારી ભત્રીજીએ બગીચામાંથી ફૂલો અને જાતજાતનાં પાંદડાં ભેગાં કર્યાં. પિતાશ્રીએ નાહીને દેવઘરમાં ગાયના છાણથી લીંપેલી જમીન ઉપર પેલી કાળી માટી પાથરી એનો સુંદર ચોરસ આકાર બનાવ્યો. આ અમારું ખેતર. આની વચ્ચોવચ એક ક્ષેાટો મૂકી દીધો. આ ક્ષેાટામાં પાણી ભરેલું હતું. અંદર એક આખી સોપારી, દક્ષિણા, પંચરત્ન વગેરે વસ્તુઓ નાખેલાં હતાં. ઉપર આંબાના ઝાડની એક નાની પાંચ પાંદડાંવાળી ડાળી રાખી તેના ઉપર એક નાળિયેર મૂક્યું હતું. સુંદર ઘાટવાળા ક્ષેાટામાંથી બહાર નીકળતાં કેરીનાં લીલાંછમ પાંચ પાંદડાં અને તેના ઉપર શિખર જેવા નાળિયેરનો આકાર જોઈ અમે ખુશ ખુશ થઈ ગયા. પૂજની તૈયારી થઈ એટલે ખેતરમાં નવ ધાન્ય

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

વાવવામાં આવ્યાં. તેના ઉપર પાણી છાંટવામાં આવ્યું. વચ્ચે મૂકેલા ઘટની ચંદન, કેસર અને કંકુથી પૂજા કરવામાં આવી. આ ઘટ ઉપર એક પુષ્પમાળા ટીંગાડવામાં આવી. યથાવિધિ સાંગષોડશોપચાર પૂજા થઈ. ૯૬ આંગળ વાટવાળો દીવો સળગાવવામાં આવ્યો. પછી આરતી થઈ અને ઘરમાં સૌ કહેવા લાગ્યાં કે આજે અમારે ત્યાં નવરાત્રની ઘટસ્થાપના થઈ છે. પેલો નન્દાદીપ નવ દિવસ સુધી અખંડ બળતો રાખવાનો હતો. વચમાં હોલવાઈ જાય તો મહાઅશુભ. બીજે દિવસે પૂજામાં એકને બદલે બે પુષ્પમાળા ટીંગાડવામાં આવી. ત્રીજે દિવસે ત્રણ, એમ માળા વધતી ચાલી. ઉપર માળાઓ વધી અને નીચલા ખેતરમાંથી અંકુર ફૂટી નીકળ્યા. કેટલાક અંકુર તો પોતાનાં ફોતરાંની છત્રી બનાવીને જ બહાર નીકળ્યા હતા. અમને રોજ મિષ્ટાન્ન મળતું, પણ પિતાશ્રી એક જ વખત જમતા અને આખો દિવસ અબોટિયું પહેરીને પેલો નન્દાદીપ સાચવતા. વાટ તૂટે નહિ, તેલ ખૂટે નહિ અને દીવો હોલવાય નહિ એની સંભાળ રાખવી પડતી. રાત્રે પણ બે ચાર વાર ઊઠી તેલ પૂરવું, બહુ જ સંભાળથી ઉપર બાઝેલી મેશ ખંખેરવી વગેરે કામો કરવાં પડતાં.

નવ ધાન્યના અંકુર પૂરેપૂરા ફૂટી નીકળ્યા તે વખતની ખેતરની શોભા અવર્ણનીય હતી. કેટલાંક ધાન્ય વહેલાં ઊગ્યાં, કેટલાંક મોડાં. વહેલાં કોણ છે ને મોડાં કોણ છે એ હું બરાબર ધ્યાનમાં રાખતો. બધા અંકુર સાવ સફેદ હતા, કેમ કે નવરાત્રનું આ 'ખેતર' ઘરની અંદર હતું, અને અજવાળા વગર લીલો રંગ આવે નહિ. પછી પિતાશ્રી ખેતર

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ઉપર હળદરનું પાણી છાંટવા લાગ્યા. મેં પૂછ્યું, 'હળદરનું પાણી કેમ છાંટો છો?' 'ઊગેલું અનાજ સોના જેવું દેખાય એટલા માટે.'

સાતમે દિવસે સરસ્વતીનું આવાહન થયું. ઘરમાં જેટલી ધાર્મિક અને સંસ્કૃત ચોપડીઓ હતી તે બધી એક રંગીન પાટલા ઉપર મૂકી અમે તેમની પૂજા કરી. અમને ભણવામાંથી રજા મળી. આને અનધ્યાય કહે છે. સરસ્વતીનું આવાહન, પૂજન અને વિસર્જન એટલું ત્રણ દિવસમાં થયું. નવમે દિવસે ખંડપૂજા થઈ. ખંડપૂજા એટલે શસ્ત્રાસ્ત્રની પૂજા. આ દિવસે હાથીઘોડા જેવાં યુદ્ધોપયોગી પશુઓની પણ પૂજા કરવામાં આવે છે. આ રીતે નવરાત્ર પૂરી થઇ અને દશમે દિવસે દશેરા આવ્યા. દશેરાને દિવસે હોમ, બલિદાન અને સીમોલ્લંઘન એ મુખ્ય વિધિ હતા. વિદ્યારંભનો પણ તે દિવસ હતો.

વિજયાદશમીના તહેવારમાં ચાતુર્વર્ણ્ય એકત્ર થયેલું દેખાય છે. બ્રાહ્મણોનાં સરસ્વતીપૂજન અને વિદ્યારંભ; ક્ષત્રિયોનાં શસ્ત્રપૂજન, અશ્વપૂજન અને સીમોલ્લંઘન; અને વૈશ્યોની ખેતી; એ ત્રણે આ તહેવારમાં એકત્રિત થાય છે. અને જ્યાં આટલી ભારે પ્રવૃત્તિ હોય ત્યાં શૂદ્રોની પરિચર્યા તો સમાવિષ્ટ છે જ. ગામડાંના લોકો નવરાત્રના અનાજના સોના જેવા જવારા તોડી પાઘડીમાં ખોસી દે છે અને સુન્દર પોશાક પહેરી વાજતેગાજતે સીમોલ્લંઘન કરવા જાય છે ત્યારે જાણે આખા દેશનું પૌરુષ પરાક્રમ દાખવવા બહાર નીકળ્યું હોય એવું દૃશ્ય બની રહે છે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

દશેરાનો ઉત્સવ જેમ કૃષિપ્રધાન છે તેમ ક્ષાત્ર મહોત્સવ પણ છે. ભાડાના સૈનિકોને મરઘાની પેઠે લડાવવાની પદ્ધતિ જ્યારે ન હતી ત્યારે ક્ષાત્રતેજ અને રાજતેજ એકદૂત લોકોમાં જ કેળવાતાં. એકદૂત એટલે ક્ષેત્રપતિ — ક્ષત્રિય. આખું વરસ ભૂમિમાતાની જે સેવા કરે તે જ પ્રસંગ પડચે તેનું રક્ષણ કરવા નીકળી પડે. નદી, નાળાં, પહાડ, ટેકરી સાથે જેનો દિવસરાત્ર સંબન્ધ છે, ઘોડા બળદ જેવાં પશુઓને જે કેળવી શકે છે, અનેક મજૂરોને જે આજીવિકા આપી શકે છે અને આખા સમાજને જે ખવડાવે છે તેની અંદર સેનાપતીના અને રાજત્વના બધા ગુણો કેળવાય એમાં આશ્ચર્ય શું? રાજા તે જ એકદૂત અને એકદૂત તે જ રાજા.

આવી સ્થિતિ હોવાથી કૃષિનો તહેવાર ક્ષાત્ર તહેવાર થઈ ગયો એમાં ઐતિહાસિક ઔચિત્ય પૂરેપૂરું છે. ક્ષત્રિયોનું મુખ્ય કર્તવ્ય તો સ્વદેશરક્ષણ જ છે. પણ ઘણી વાર શત્રુ સ્વદેશમાં ઘૂસી દેશની ખરાબી કરે એના પહેલાં જ તેનો દુષ્ટ હેતુ કળી જઈ પોતે જ સીમોલ્લંઘન કરી — પોતાની સીમ એટલે સરહદ ઓળંગી શત્રુના જ દેશમાં લડાઈ લઈ જવી એ સલાહભરેલું અને વીરોચિત હોય છે.

સહેજ વિચાર કરતાં જણાઈ આવશે કે આ સીમોલ્લંઘન પાછળ સામ્રાજ્યવૃત્તિ રહેલી છે. પોતાની સરહદ ઓળંગી બીજો દેશ તાબે કરવો, ત્યાંથી ધનધાન્ય લૂંટીને લઈ આવવું એમાં આત્મરક્ષણ કરતાં મહત્ત્વાકાંક્ષાનો અંશ વધારે છે. આવી રીતે લૂંટીને આણેલું સોનું પરાક્રમી પુરુષો પોતાની પાસે જ રાખે તો વર્તમાન યુગના ક્ષત્રપ્રકોપ (Militarism) સાથે વિટ્પ્રકોપ (Industrialism) ના મેળાપની ભયંકર સ્થિતિ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ઊભી થાય. પ્રભુત્વ અને ધનિત્વ જ્યાં એકત્ર થયું ત્યાં સેતાનને જુદું આમન્ત્રણ કરવાની જરૂર રહેતી નથી. એટલા માટે જ દશેરાને દિવસે લૂંટી આણેલા સોનાને બધા સ્વકાયોમાં વહેંચી નાંખવું એ તે દિવસનો મહત્ત્વનો ધાર્મિક વિધિ નક્કી કરેલો છે.*

સુવર્ણ વહેંચી નાંખવાના આ રિવાજનો સંબંધ રઘુવંશના રાજા રઘુ સાથે જોડાયેલો છે.

રઘુ રાજાએ વિશ્વજિત્ યજ્ઞ કર્યો. સમુદ્રવલયાંકિત પૃથ્વી જીત્યા પછી સર્વસ્વ દાન કરી નાખવું એનું નામ વિશ્વજિત્ યજ્ઞ. આવો વિશ્વજિત્ યજ્ઞ રઘુ રાજાએ પૂરો કર્યો ત્યાર પછી

---

* 'ક્ષત્રપ્રકોપ' અને 'વિટ્પ્રકોપ' એ બે નવાં નામોની સાર્થકતા મારે સિદ્ધ કરવી જોઈએ. ચાતુર્વર્ણ્યનું સમતોલન અથવા સામંજસ્ય એ તો સમાજશરીરની સ્વાભાવિક સ્થિતિ છે. સમાજને માટે આ ચારે વર્ણની જરૂર સ્વીકારાયેલી છે. વ્યક્તિના શરીરમાં જેમ વાત, પિત્ત અને કફ એ ત્રણ ધાતુઓ પ્રમાણસર હોય ત્યારે જ શરીર નીરોગી રહે છે તેમ સમાજશરીરમાં ચાતુર્વર્ણ્ય પ્રમાણસર હોવું જોઈએ. શરીરમાં પિત્તનું પ્રાબલ્ય વધે તો તેને પિત્તપ્રકોપ કહે છે. પિત્તપ્રકોપથી આખું શરીર બગડી જાય છે. એ જ પ્રમાણે વાતપ્રકોપ અને કફપ્રકોપ વિષે છે. સમાજશરીરમાં ક્ષાત્રવર્ગનો અતિરેક થઈ જાય અથવા પ્રાબલ્ય થઈ જાય ત્યારે તે સ્થિતિને ક્ષત્રપ્રકોપ કહેવો એ જ યોગ્ય છે. એ જ પ્રમાણે વિટ્પ્રકોપ અથવા વૈશ્યપ્રકોપ વિષે. શરીરનો નાશ થવાની ઘડી આવ્યે ત્રણે ધાતુનો પ્રકોપ થઈ જાય છે. એને ત્રિદોષ કહે છે. યૂરોપમાં આજે ક્ષત્રિય, વૈશ્ય અને શૂદ્ર ત્રણે વર્ણનો સામટો પ્રકોપ ચાલ્યો દેખાય છે અને ત્યાંના બ્રાહ્મણો આ ત્રણે વર્ગના કિંકર બની ગયા છે!

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

એની પાસે વરતન્તુ ઋષિનો શિષ્ય વિદ્વાન તેજસ્વી કૌત્સ આવી પહોંચ્યો. કૌત્સે ગુરુ પાસેથી ચૌદે વિદ્યાઓ ગ્રહણ કરી હતી તેની દક્ષિણા તરીકે ચૌદ કોટિ સુવર્ણમુદ્રા ગુરુને આપવાની તેની ધારણા હતી. પણ સર્વસ્વનું દાન કર્યા પછી રહેલા માટીના વાસણથી જ રાજાને આદરાતિથ્ય કરતો જોઈ કૌત્સે રાજા પાસે કંઈ પણ માગવાનો વિચાર માંડી વાળ્યો. રાજાને આશીર્વાદ આપી તે જવા લાગ્યો. રઘુએ આગ્રહપૂર્વક તેને રોકી રાખ્યો અને બીજે દિવસે સ્વર્ગ ઉપર ચડાઈ કરી ઇંદ્ર અને કુબેર પાસેથી ધન લાવવાની ગોઠવણ કરી. રઘુરાજ ચક્રવર્તી હતો તેથી ઇંદ્ર અને કુબેર પણ તેના ખંડિયા રાજા હતા. બ્રાહ્મણને દાન કરવા સારુ તેમની પાસેથી કર ઉઘરાવતાં સંકોચ શાનો? રઘુરાજની ચડાઈની વાત સાંભળી દેવો ડરી ગયા. તેમણે એક શમીના ઝાડ ઉપર સુવર્ણમુદ્રાની વૃષ્ટિ કરી. રઘુરાજે સવારે ઊઠીને જોયું કે જોઈએ એટલું સુવર્ણ આવી ગયું છે. કૌત્સને તેણે તે ઢગલો આપી દીધો. કૌત્સ ચૌદ કરોડ કરતાં વધારે લે નહિ અને રાજા દાનમાં આપેલું બાકીનું ધન પાછું રાખે નહિ. આખરે નગરવાસી લોકો પાસે તેમણે તે ધન લૂંટાવ્યું. તે દિવસ આશ્વિન શુકલ દશમીનો હતો, તેથી જ આજ પણ લોકો દશેરાને દિવસે શમીનું પૂજન કરી તેનાં પાંદડાં સોનું ગણીને લૂંટે છે અને એક-બીજાને આપે છે. કેટલાક લોકો શમી નીચેની માટીને સુવર્ણ ગણી લઈ જાય છે.

શમીનું પૂજન પ્રાચીન છે. શમીના ઝાડની અંદર ઋષિઓનું તપસ્તેજ છે એમ મનાય છે. પ્રાચીન કાળમાં

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

શમીના કકડા એકબીજા પર ઘસીને અગ્નિ પેદા કરતા હતા. શમીની સમિધો આહુતિમાં કામ આવે છે. પાંડવો જ્યારે અજ્ઞાતવાસમાં રહેવા ગયા ત્યારે તેમણે પોતાનાં હથિયારો એક શમીના ઝાડ ઉપર સંતાડી રાખ્યાં હતાં અને કોઈ ત્યાં જાય નહિ એટલા માટે એક હાડપિંજર ઝાડને થડે બાંધી રાખ્યું હતું!

રામચન્દ્રે રાવણ ઉપર ચડાઈ કરી તે વિજયાદશમીને મુહૂર્તે. આર્ય લોકોએ — હિન્દુ લોકોએ અનેક વાર વિજયાદશમીના મુહૂર્ત ઉપર જ ચડાઈ કરી વિજય મેળવ્યો છે. તેથી વિજયાદશમી એ રાષ્ટ્રીય વિજયનું મુહૂર્ત અથવા તહેવાર થઈ ગઈ છે. મરાઠાઓ અને રજપૂતો એ જ મુહૂર્ત ઉપર સ્વરાજ્યની સીમા વધારવા શત્રુના મુલક ઉપર ચડાઈ કરતા. શસ્ત્રાસ્ત્ર સજ્જ કરી, હાથી ઘોડાની સવારી કાઢી સરઘસ શહેર બહાર લઈ જવાનો રિવાજ આજે પણ છે. ત્યાં શમીનું તેમ જ અપરાજિતા દેવીનું પૂજન એ સીમોલ્લંઘનનો મુખ્ય ભાગ હોય છે.*

શમીની પેઠે અશ્મંતક વૃક્ષમાં પણ શત્રુનો નાશ કરવાનો ગુણ છે એમ મનાય છે. અશ્મંતક એટલે આપટાનું ઝાડ. શમી ન મળે ત્યારે આ ઝાડનું પૂજન થાય છે. આપટાના

---

* મહિષાસુર નામના એક પ્રબળ દૈત્યે કાળો કેર વર્તાવ્યો હતો. તેની સાથે શ્રીજગદંબાએ નવ દિવસ યુદ્ધ કરી વિજયાદશમીને દિવસે તેનો નાશ કર્યો એવી પુરાણોમાં કથા છે. તેથી જ અપરાજિતાનું પૂજન અને મહિષનું એટલે પાડાનું બળિદાન કરવાનો રિવાજ પડ્યો છે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પાંદડાંનો આકાર સોનાના સિક્કા જેવો ગોળ હોય છે અને જોડેલાં જવાબી કાર્ડ (reply card) ની માફક એ પાંદડાં જોડેલાં હોય છે તેથી તે વિશેષ સુંદર દેખાય છે.

દશેરાના દિવસ સુધીમાં ચોમાસું લગભગ પૂરું થયેલું હોય છે. શિવાજીના ખેડૂત સૈનિકો દશેરા સુધીમાં ખેતીની ચિન્તામાંથી મુક્ત થતા. ખેતીમાં કશું કરવાપણું ન રહેતું. એક જ લણણી બાકી રહેતી. પણ તે તો ઘરનાં ઘરાંછોકરાં અને ડોસાઓ સહેજે કરી શકે, એટલે સૈન્ય ભેગું કરી સ્વરાજ્યની સરહદ વધારવા માટે વહેલામાં વહેલું મુહૂર્ત દશેરાનું જ હતું; તેથી મહારાષ્ટ્રમાં દશેરાનો તહેવાર અત્યંત લોકપ્રિય હતો અને છે.

આપણે જોઈ શક્યા છીએ કે વિજયાદશમીના એક તહેવાર ઉપર અનેક સંસ્કાર, અનેક સંસ્કરણો અને જાતજાતની માન્યતાઓનાં પડ બાઝેલાં છે. કૃષિમહોત્સવ ક્ષાત્રમહોત્સવ બન્યો. સીમોલ્લંઘનનું પરિણામ દિગ્વિજય સુધી ગયું. સ્વસંરક્ષણ સાથે સામાજિક પ્રેમ અને ધનનો વિભાગ કરવાની વૃત્તિ દશેરા સાથે જોડાઈ ગઈ. પણ એક ઐતિહાસિક ઘટના દશેરા સાથે જોડવાની આપણે ભૂલી ગયા છીએ. તે જ આજના જમાનામાં વધારે મહત્ત્વની છે. દિગ્વિજય કરતાં ધર્મજય શ્રેષ્ઠ છે, બાહ્ય શત્રુને મારવા કરતાં હૃદયસ્થ ષડ્રિપુને મારવામાં જ પુરુષાર્થ મોટો છે, નવ ધાન્યની લણણી કરવા કરતાં પુણ્યની લણણી વધારે ટકે છે, એવો ઉપદેશ આખી દુનિયાને આપનાર મારજિત્ લોકજિત્ ભગવાન બુદ્ધનો જન્મ વિજયાદશમીના શુભ મુહૂર્તે જ થયો હતો. પંચાંગ પ્રમાણે

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

વિજયાદશમીને દિવસે બુદ્ધ ભગવાનનો જન્મ થયો અને વૈશાખી પૂર્ણિમાને દિવસે બુદ્ધ ભગવાનને શાન્તદાયી ચાર આર્ય તત્ત્વોનો અને અષ્ટાંગિક માર્ગનો બોધ થયો એ આપણે ભૂલી જ ગયા છીએ. વિષ્ણુનો ચાલુ અવતાર તે બુદ્ધ અવતાર છે. માટે વિજયાદશમીનો તહેવાર ભગવાન બુદ્ધના મારવિજયના સ્મરણથી આપણે ઊજવવો જોઈએ.

ઑક્ટોબર, ૧૯૨૨

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

૨૪–૨

આ તે દશેરા ?

शं नो अस्तु द्विपदे, शं चतुष्पदे । * — વેદવચન

બેપગાં અને ચોપગાં બાળકોને ભૂમિમાતાએ કહ્યું, 'મારું ઘાસ અનાજ તમારે માટે જ છે. એ જ મારું દૂધ. જે ધાવે તે પુષ્ટ થાય.'

બેપગાં માણસો તે મોટાં ભાંડુ. ચોપગાં પશુઓ તે નાનાં ભાંડુ. મોટાં નાનાંની સંભાળ રાખે; નાનાં મોટાંની આજ્ઞામાં રહ્યાં. બંનેએ મહેનત કરી, અને જ્યાંત્યાં મલયજ-શીતલા અને સુજલા ધરતી સુફલા સસ્યશ્યામલા થઈ ગઈ. બધે આનંદ છવાયો.

માણસે કહ્યું, 'ચાલો આપણે વહેંચણી કરી ઉત્સવ કરીએ.' પશુઓએ કહ્યું, 'હાસ્તો, ઉત્સવ કરવો જ જોઈએ!'

માણસે અનાજ લીધું અને પશુઓ ઘાસ ચરવા લાગ્યાં. ઉત્સવ શરૂ થયો. પણ જિહ્વાલૌલ્યથી ધર્મબુદ્ધિભ્રષ્ટ થયેલા માણસને એકાએક કાંઈક સૂઝ્યું. માણસે પશુને ખેંચ્યો, અને એની ગરદન પર છરી ચલાવતાં કહ્યું, ઉત્સહનો આ એક આવશ્યક ભાગ છે!!

ધરતી ધ્રૂજી. આકાશ રડ્યું. દિશાઓ બોલી ઊઠી, 'આ તે ઉત્સવ?'

---

* બેપગાઓનું કલ્યાણ થાઓ; ચોપગાઓનું પણ કલ્યાણ થાઓ.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

૨૫

સાર્વભૌમ ધર્મ

[આસો સુદ ૧૫]

ઉનાળાના અસહ્ય તાપ પછી જ્યારે વૃષ્ટિ થાય છે ત્યારે બધે કાદવ કાદવ થઈ જાય છે. આખરે સૃષ્ટિ જ્યારે તૃપ્ત થાય છે ત્યારે જ એ કાદવ દબાવી કે સૂકવી જમીન અને જળાશયને અનાવિલ કરવા તરફ એનું લક્ષ જાય છે.

મહાન આપત્તિ સામે ઝૂઝતાં માણસને ધર્માધર્મનો બહુ ખ્યાલ નથી રહેતો. એ જોઈને જ ડાહ્યા લોકોએ જૂની શિખામણ આપેલી છે કે ગમે તેવા ધર્મનો આશ્રય કરી ભીડ ભાંગવી અને આપત્તિમાંથી ઊગરી ગયા પછી समर्थो धर्ममाचरेत्.

સ્વતંત્ર, સ્વાયત્ત થયા પછી સૂઝતો શાંતિનો, સમૃદ્ધિનો અને નિર્મળ પ્રસન્નતાનો જે સાર્વભૌમ ધર્મ તે જ શરદ છે.

એ જ ધર્મ જેણે પોતાનો હમેશનો નિરપવાદ ધર્મ કર્યો તે જ ધર્મરાટ્ થયો. ઉનાળામાંથી તેમ જ વરસાદમાંથી આબાદ રીતે જે પસાર થયા અને શરદની પ્રસન્નતાને પામ્યા તે જ જીવ્યા, તે જ જીત્યા.

માટે જ ઋષિઓએ પ્રાર્થના કરી :

अजिताः स्याम शरदः शतम् ।

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

૨૬–૧

દિવાળી

[આસો વદ ૩૦]

૧ બળિનું રાજ્ય

બળિરાજાએ દાનનું વ્રત લીધું હતું. માગનાર જે કાંઈ માગે તે બળિરાજા તેને આપતો. બળિરાજ્યમાં જીવહિંસા, સુરાપાન, અગમ્યાગમન, ચોરી અને વિશ્વાસઘાત આ પાંચ મહાપાપોનું નામ સરખું પણ ન હતું. સર્વત્ર દયા, દાન અને ઉત્સવ પ્રવર્તતાં હતાં. બળિએ આખરે વામનમૂર્તિ શ્રીકૃષ્ણને સર્વસ્વ અર્પણ કર્યું. બળિના આ દાનશૌર્યના સ્મારક તરીકે શ્રીવિષ્ણુએ બળિને નામે ત્રણ અહોરાત્રનો તહેવાર નક્કી કર્યો. એ જ આપણી દિવાળી. બળિના રાજ્યમાં આળસ, મલિનતા, રોગ અને દારિદ્રયનો અભાવ હતો. બળિના રાજ્યમાં કે લોકોનાં હૃદયમાં અંધકાર ન હતો. સૌ પ્રેમથી રહેતા હતા. દ્વેષ, મત્સર કે અસૂયાનું કારણ જ ન હતું. બળિનું રાજ્ય એટલું બધું લોકકલ્યાણકારી હતું કે પ્રત્યક્ષ શ્રીવિષ્ણુ તેના દ્વારપાળ થઈને રહ્યા હતા. તેથી જ એમ નક્કી કરવામાં

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

આવ્યું કે બળિરાજાના સ્મારકમાં આ તહેવાર પહેલાં લોકોએ કાદવકીચડ અને ગંદકી કાઢી નાંખવાં, જ્યાં જ્યાં અંધારું હોય ત્યાં દીપાવલિની શોભા કરવી, લોકોના પ્રાણ હરનાર યમરાજાનું તર્પણ કરવું, પૂર્વજોનું સ્મરણ કરવું. મિષ્ટાન્નભક્ષણ કરવું, અને સુગંધી ધૂપ, દીપ, પુષ્પપત્રથી સુંદરતા ભેગી કરવી. આ દિવસોમાં સંધ્યાકાળની શોભા એટલી બધી મનોહારી હોય છે કે યક્ષ, ગંધર્વ, કિન્નર, ઔષધિ, પિશાચ, મંત્ર અને મણિ એ બધાં જ ઉત્સવનું નર્તન કરે છે. બળિરાજાનું સ્મરણ કરી લોકો ચિત્રવિચિત્ર રંગથી સાથિયા પૂરે છે, સફેદ ચોખા ગોહવી જાતજાતનાં સુંદર ચિત્રો બનાવે છે, ગાય બળદ વગેરે ગૃહ્ય પશુઓને શણગારી તેમનું સરઘસ કાઢે છે, શ્રેષ્ઠ અને કાનષ્ઠ સઘળા એક થઈ યષ્ટિકાકર્ષણની રમત રમે છે. યષ્ટિકાકર્ષણ એ યુરોપિયન લોકોની દોરડું એંચવાની 'ટગ ઑફ વૉર'ની રમત જેવી એક રમત છે. આને જ આપણે 'ગ્રજગ્રાહ'નું નવું નામ આપ્યું છે. જૂના વખતમાં રાજા લોકો દીપાવલિને દિવસે પોતાની રાજધાનીના બધા છોકરાઓને સાર્વજનિક આમંત્રણ આપતા અને તેમને રમાડતા.

સુગંધી દ્રવ્યનું મર્દન કરી નાહવું અને જાતજાતના દીવાઓ હારબંધ ગોહવવા અને મિત્રો સાથે મિષ્ટાન્નનું ભોજન કરવું એ દિવાળીનો મુખ્ય ભાગ છે. બળિરાજ્યમાં પ્રવેશ કરવો હોય તો દ્વેષ, મત્સર, અદેખાઈ, અપમાન વગેરે સર્વ ભૂલી જઈ બધા સાથે એકદિલ થઈ જવું અને આવી રીતે નિષ્પાપ થઈ નવા વર્ષમાં પ્રવેશ કરવો એ આપણો પ્રાચીન રિવાજ છે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

આ જ દિવસે સત્યભામાએ શ્રીકૃષ્ણની મદદથી નરકાસુરનો નાશ કર્યો હતો અને સોળ હજાર રાજકન્યાઓને મુક્ત કરી હતી.

દીપાવલિના ઉત્સવમાં સ્ત્રીઓની ઉપેક્ષા કરેલી નથી. સ્ત્રીપુરુષ વચ્ચેના સર્વ સંબંધોમાં ભાઈબહેનનો સંબંધ શુદ્ધ સાત્ત્વિક પ્રેમનો અને સમાનતાના ઉલ્લાસનો હોય છે. પતિ-પત્નીનો સંબંધ અથવા માતાબાળકનો સંબંધ આટલો વ્યાપક અને આટલો સાત્વિક ઉલ્લાસયુક્ત નથી હોતો.

ધનતેરશથી ભાઈબીજ સુધીના પાંચે દિવસ સાથે યમરાજનું નામ જોડાયેલું છે. એનો ઉદ્દેશ શો હશે? ઇંદ્રપ્રસ્થનો રાજા હંસ મૃગયાને માટે ફરતો હતો. તેનું હૈમ નામના એક નાનકડા રાજાએ આતિથ્ય કર્યું. તે જ દિવસે હૈમને ત્યાં પુત્રોત્સવ હતો. રાજા આનંદ કરે છે એટલામાં ભવિતવ્યતાએ આવીને કહ્યું કે વિવાહ પછી ચોથે જ દિવસે આ પુત્ર સર્પદંશથી મરી જશે. હંસ રાજાએ આ પુત્રને બચાવવાનો નિશ્ચય કર્યો, યમુનાના એક ઘરામાં એક સુરક્ષિત ઘર બાંધ્યું અને ત્યાં હૈમ રાજાને રહેવાને મોકલ્યો. સોળ વરસ પછી રાજપુત્રનો વિવાહ થયો. ચોથે જ દિવસે આવા દુર્ગમ સ્થાનમાં પણ એક સર્પ પ્રગટ થયો અને રાજપુત્ર મરાયો. આનંદની ઘડી અપાર શોકની થઈ ગઈ. ક્રૂર યમદૂતોને પણ આ કરુણ પ્રસંગે દયા આવી અને તેમણે યમરાજ પાસે માગી લીધું કે દીપાવલિના પાંચ દિવસમાં જેઓ દીપોત્સવ કરે તેમના પર આવો કઠણ પ્રસંગ ન આવે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

આ થઈ ધનતેરશની વાર્તા. કાળીચૌદશને દિવસે તો યમરાજનું અને ભીષ્મનું તર્પણ ખાસ કહેલું છે. દિવાળી તો અમાસનો દિવસ. તે દિવસે યમલોકવાસી પિતૃઓનું પૂજન અને પાર્વણ શ્રાદ્ધ કરવું જ પડે. પડવાને દિવસે યમરાજ સાથેની કંઈ વાર્તા નથી, પણ એમ માનવાને હરકત નથી કે યમરાજ પણ તે દિવસે નવા ચોપડા શરૂ કરતા હશે. ભાઈબીજને દિવસે યમરાજ પોતાની બહેન યમુનાને ત્યાં જમવા જાય છે. દીપાવલિના સ્વચ્છંદ સાથે યમરાજનું સ્મરણ રાખવામાં ઉત્સવકારોનો ઉદ્દેશ ગમે તે હોય, પણ તેની અસર બહુ સારી થતી હશે એમાં કંઈ શક નથી. જેણે ઉત્સવમાં પણ સંયમ રાખ્યો હશે એ જ યમરાજના પાશમાંથી મુક્ત રહી શકશે.

નવેમ્બર, ૧૯૨૨

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

૨૬–૨

દિવાળી

દીવાનખાનામાં એકાદ સુંદર વસ્તુ રાખવાનો રિવાજ દરેક ઘરમાં હોય છે. બહારનો કોઈ માણસ આવે એટલે સહેજે તે પર એની નજર જાય છે અને તે બોલી ઊઠે છે: કેવી મઝાની વસ્તુ! તમે આ ક્યાંથી મેળવી? પણ અજાયબઘર (મ્યુઝિયમ)માં તો જ્યાં જુઓ ત્યાં સુંદર જ સુંદર વસ્તુઓ હોય; જોઈને માણસ ખુશખુશ થઈ જાય; પણ સાથે સાથે એ તેટલો જ મૂંઝાય પણ ખરો! એને થાય કે આમાંથી શું જોવું અને શું ન જોવું?

આપણી દિવાળી એ તહેવારોનું એવું જ એક અજાયબઘર છે. અથવા એને બધા તહેવારોનું સ્નેહસંમેલન કહીએ તોપણ ચાલે. દિવાળીનો તહેવાર પાંચ દિવસનો ગણાય છે. પણ સાચું જોતાં છેક નવરાત્રીના ગરબાથી તેની શરૂઆત થઈ જાય છે અને ભાઈબીજની ભેટમાં એનો આનંદ પરિસીમાએ પહોંચે છે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

શાસ્ત્રોમાં દરેક તહેવારનું માહાત્મ્ય અને કથા આપેલાં હોય છે. દિવાળી વિષે એટલી બધી કથાઓ છે કે 'દિવાળીમાહાત્મ્ય' લખવા જઈએ તો એક મોટું પુરાણ થઈ જાય. ધનતેરશની કથા જુદી, કાળીચૌદશની જુદી, અમાસ (દિવાળી)ની તો વળી ખાસ કથા છે. ત્યાર પછી નવું વર્ષ બેસે છે અને બીજને દિવસે ભાઈ બહેનના ઘરનો અતિથિ બને છે. દિવાળી એ ગૃહસ્થાશ્રમી તહેવાર છે, જનતાનો તહેવાર છે. બળેવને દિવસે ધર્મ અને શાસ્ત્ર પ્રધાન હોય છે; દશેરાને દિવસે યુદ્ધ અને શસ્ત્ર પ્રધાન રહે છે; દિવાળીને દિવસે લક્ષ્મી અને ધન પ્રધાનપદ ભોગવે છે; અને હોળી તો રમત અને રંગરાગનો તહેવાર છે. જેમ માણસોમાં ચાર વર્ણ છે તેમ તહેવારોમાં પણ આમ ચાર વર્ણ પડ્યા છે!

જૂના વખતમાં બળેવને દહાડે આપણા લોકો વહાણવટે નીકળતા અને દરિયાપારના દેશોની સફરે જતા. દશેરાને દિવસે રાજાઓ અને યોદ્ધાઓ પોતાની સરહદોના સીમાડા ઓળંગી શત્રુ ઉપર ચડાઈ કરવા નીકળતા. અને દિવાળીને દિવસે રાજાઓ અને વેપારીઓ બન્ને સ્વદેશ આવી કૌટુંબિક સુખનો લહાવો લેતા.

પુરાણોમાં કથા છે કે નરકાસુર નામનો એક પરાક્રમી રાજા પ્રાગ્જ્યોતિષમાં રાજ્ય કરતો હતો. પ્રાગ્જ્યોતિષ એટલે હમણાંનો ભૂતાનની દક્ષિણે આવેલો મુલક. નરકાસુર બીજા રાજાઓ સાથે લડતો તે તો ઘડીભર નભાવી પણ લેવાય, પણ તે દુષ્ટ તો સ્ત્રીઓને પણ હેરાન કરવા માંડી. એના કેદખાનામાં સોળ હજાર રાજકન્યાઓ હતી. શ્રીકૃષ્ણે

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

વિચાર કર્યો કે આ સ્થિતિ આપણને નામોશી લગાડનારી છે. હવે નરકાસુરનો નાશ કર્યે જ છૂટકો છે. સત્યભામાએ કહ્યું, 'સ્ત્રીઓનો ઉદ્ધાર કરવા માટે તમે જાઓ છો ત્યાં હું કેમ ઘેર રહું? નરકાસુર સામે હું જ લડીશ. તમે મદદમાં ભલે રહેજો.'

શ્રીકૃષ્ણે કબૂલ કર્યું. તે દિવસે રથમાં સત્યભામા આગળ બેઠાં હતાં; શ્રીકૃષ્ણ પાછળ મદદમાં હતા. ચતુર્દશીને દિવસે નરકાસુરનો નાશ થયો, દેશ સ્વચ્છ થયો, લોકોએ આનંદ કર્યો. નરકાસુરનો કાળો કેર દૂર થયો એ બતાવવા ખાતર લોકોએ રાત્રે દીપોત્સવ કર્યો અને અમાસની રાત્રે પણ પૂર્ણિમાની શોભા આણી.

પણ એ નરકાસુર એક વાર માર્યે મરે એવો નથી. એને તો દર વર્ષે મારવો પડે છે. ચોમાસામાં બધે કાદવ થઈ જાય, એમાં ખરેલાં પાંદડાં, છાણ વગેરે પડે, જીવાત પડે અને ગામની આસપાસ આમ નરક ઊભું થાય. વરસાદ પછી ભાદરવાના તડકા તપે એટલે તે નરકની દુર્ગંધ હવામાં ફેલાય ને ઘણા લોકો માંદા પડે. માટે આરોગ્ય-પીરો પાવડા કોદાળી લઈ આ નરક સામે લડવા જાય, ગામની આસપાસના નરકનો નાશ કરે અને ઘરમાં આવી શરીરે તેલ ચોળી નહાય. ગૌશાળા તો સાફ કરેલી હોય જ. ત્યાંના મચ્છર હાંકી કાઢવા માટે રાત્રે ત્યાં પણ દીવો અને ધુમાડો કરે અને પ્રસન્ન થઈ મિષ્ટ પકવાનનાં ભોજન કરે.

* * *

દિવાળી પછી નવું વરસ બેસે છે અને નવું અનાજ ઘરમાં આવે છે. વેદકાળથી આજ સુધી હિંદુ ઘરોમાં આ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

નવાન્નનો વિધિ શ્રદ્ધાપૂર્વક પાળવામાં આવે છે. મહારાષ્ટ્રમાં આ દિવસે જમતા પહેલાં એક કડવા ફળનો રસ ચાખવાની પ્રથા છે. એનો ઉદ્દેશ એમ હશે કે કડવી મહેનત કર્યા વગર મિષ્ટાન્ન મળે નહિ. ભગવદ્‌ગીતામાં પણ લખેલું છે કે જે શરૂઆતમાં ઝેર જેવું અને અંતે અમૃત જેવું હોય એ જ સાત્ત્વિક સુખ. ગોવામાં દિવાળીને દિવસે પૌંઆનું મિષ્ટાન્ન કરે છે અને જેટલા ઇષ્ટમિત્ર હોય તે બધાને તે દહાડે નોતરે છે. એટલે દરેક જણે દરેક ઇષ્ટમિત્રને ઘેર જવું જ જોઈએ. દરેકને ત્યાં ફળાહાર રાખેલો હોય છે. તેમાંથી એક કકડો ચાખી માણસ બીજે ઘેર જાય. વ્યવહારમાં કડવાશ આવી હોય, વેરવિખવાદ થયાં હોય, ગમે તે બની ગયું હોય, પણ દિવાળીને દિવસે બધું મનમાંથી કાઢી નાખી ફરી હેતપ્રીતના સંબંધ જોડવાના. જેમ વેપારી દિવાળી પર કુલ લેણદેણ પતાવી લઈ નવા ચોપડામાં બાકી નથી ખેંચતા, તેમ દરેક જણ બેસતા વર્ષે હૃદયમાં કશાં વેરઝેર બાકી નથી રાખતો. જે દિવસે વસ્તીમાંથી નરક નીકળી જાય, હૃદયમાંથી પાપ નીકળી જાય, રાત્રીમાંથી અંધારું નીકળી જાય અને માથા પરનું કરજ દૂર થાય, તે દિવસ કરતાં વધારે પવિત્ર દિવસ બીજો કયો હોઈ શકે?

તા. ૩૦–૧૧–'૨૧

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

૨૬–૩

મોતનો ઉત્સવ

જેની સોળે આના ખાતરી છે, જેને વિષે બિલકુલ શંકા નથી, એવી વસ્તુ જિંદગીમાં કઈ છે ? એક જ : અને તે મોત.

રાજા હો કે રંક, ઘરડી કુબ્જા હો કે લાવણ્યવતી ઇન્દુમતી, વાઘ હો કે ગાય, બાજ હો કે કબૂતર, મોતનો ભેટો દરેકને થવાનો જ. હવે સવાલ એ છે કે આ નિશ્ચિત અતિથિનું સ્વાગત કઈ રીતે કરીએ ?

આપણે જેવી રીતે તેને ઓળખીએ તેવી રીતે તેનું સ્વાગત કરવાના. મોતનું સ્વરૂપ કૃષ્ણસ જેવું છે. ઉપર તો બધે જ કાંટા; અંદરનો સ્વાદ કોણ જાણે ! મોત એટલે ઘડીકનો આરામ; મોત એટલે બે અંક વચ્ચેનો પડદો; મોત એટલે વાણીના અસ્ખલિત પ્રવાહમાં આવતાં વિરામ ચિહ્નો. અંગ્રેજ કવિઓ બીજના ચંદ્રને જ્યારે વધાવે છે ત્યારે ઘરડા ચંદ્રની બાથમાં આવેલો 'આલચંદ્ર' એવું તેનું વર્ણન

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

કરે છે. અમાસ સુધી જૂનો ચંદ્ર સુકાઈ જાય છે, ક્ષીણ થાય છે; પણ એ જ ક્ષીણ ચંદ્ર અમાસના આરામ પછી એક બાલચંદ્રને પોતાના ક્ષીણ બાહુમાં ઊંચકીને દુનિયાને ભેટ કરે છે. એ જ વર્ણન મોતને પણ આપી શકીએ.

ઘરડો ઠૂંઠવાયેલો શિયાળો પ્રફુલ્લ નવવસંતને આંગળીએ ઝાલી લઈ આવે છે એ કેમ ભૂલી શકાય? શિયાળાની કડકડતી ટાઢમાં જ વસન્તનો પ્રસવ છે એ વીસર્યે કેમ ચાલે

દિવાળીને દિવસે વસન્તની અપેક્ષાથી, વસન્તની માર્ગપ્રતીક્ષાથી જો આપણે દીપોત્સવ કરી શકીએ, મિષ્ટાન્ન-ભોજન કરી શકીએ, આનંદ મંગળ અનુભવી શકીએ, તો મોતથી આપણે રાજી કેમ ન થઈએ?

દિવાળી આપણને શીખવે છે કે મોતનાં રોદણાં રોશો ના, મોતને વધાવી લો, મોતમાં જ નવયૌવન આપવાની, નવજીવન આપવાની શક્તિ છે. બીજામાં એ નથી.

દિવાળીનો તહેવાર એ મોતનો ઉત્સવ છે; મોતની વધામણી છે; મોત ઉપરની શ્રદ્ધા છે. નિરાશામાંથી ઉત્પન્ન થતી આશાનું સ્વાગત છે.

રુદ્ર તે જ શિવ : મોતનું બીજું રૂપ તે જીવન.

યમ પોતાની બહેનને ત્યાં જાય : મોત નિત્યનૂતનતાના ઘરમાં ઉત્સવ કરે એ કોને ન ગમે?

મોત અગ્નિ નથી, પણ તેજસ્વી રત્નમણિ છે.

ઑક્ટોબર, ૧૯૨૫

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

૨૬–૪

નાના ભાઈ વગર દિવાળી

દિવાળીને દિવસે ઘરનાં બધાં કુટુંબીઓ ભેગાં થાય છે.

દૂર દેશ ગયેલાં પણ બની શકે તો દિવાળીને ટાણે પાછાં ઘેર આવવાને આતુર હોય છે. દિવાળી એટલે મિષ્ટાન્નનો દિવસ. તે દિવસે બધાં ઇષ્ટજન ભેગાં થયાં ન હોય તો મિષ્ટાન્ન મિષ્ટ કેમ લાગે ? ભાઈ રિસાઈ ગયો હોય તો તે દિવસે તેને મનાવીને ઘેર પાછો આણીએ છીએ. આપણે ભાઈને માઠું લગાડ્યું હોય તો માફી માગીને તેને પ્રેમની દોરીથી બાંધીને ખેંચી લાવીએ છીએ. દિવાળીને દિવસે એક પણ ભાઈ દૂર ન રહે એ આપણી મોટામાં મોટી ઇચ્છા હોય છે.

આપણે એક ભાઈને — અને તે પણ સૌથી નાના ભાઈને કચારનો દૂર રાખ્યો છે, જાણીજોઈને દૂર રાખ્યો છે, તેનો તિરસ્કાર કરીને તેને દૂર રાખ્યો છે. છતાં તે રિસાયો નથી. બિચારો કંઈક નિરાશ થયો છે, કંઈક આશાભીની નજરે ઘર તરફ જુએ છે. હજી તે પોતાનો ભાગ માગતો

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

નથી, હક કરતો નથી. તમે રાખો તે સ્થિતિમાં રહેવાને તૈયાર છે; માત્ર તેને ઘરની અંદર સ્થાન જોઈએ છે. ભાઈ કરીને આપણે તેને બોલાવીએ એનો જ તે ભૂખ્યો છે. એના વગર આપણી દિવાળી કેમ ઊજવાય ? એના વગર મિષ્ટાન્નમાં રસ કયાંથી આવે ? દિવાળીને દિવસે આપણે અન્નકૂટ ભલે કરીએ, પણ ઈશ્વર તેના ઊંચા શિખર તરફ જોતો નથી, પણ નાના ભાઈની પ્રેમભૂખી આંખમાંથી આપણા તરફ જુએ છે. નાના ભાઈને જ્યાં સુધી આપણે 'ભાઈ' કહીને પ્રેમથી અંદર ન બોલાવીએ ત્યાં સુધી ઈશ્વરને ત્વમેવ માતા ચ પિતા ત્વમેવ કહેવાનો આપણને અધિકાર નથી.

ઑક્ટોબર, ૧૯૨૫

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

૨૭

પ્રેમવીર બ્રહ્મચારી

[ડિસેમ્બર ૨૫]

પ્રેમમૂર્તિ ભગવદ્‌ભક્ત બ્રહ્મચારી ઈશુએ ઈશ્વરની એક અદ્‌ભુત વિભૂતિ વ્યક્ત કરી છે. બુદ્ધ ભગવાનની પેઠે ઈશુનું જીવન પણ કરુણગંભીર અને ઉદાત્તકોમળ છે. એક સુતારનો અભણ છોકરો પોતાના જમાનાના સાધુપુરુષો અને ધર્માચાર્યો પાસે પ્રશ્નો પૂછી પૂછી સ્વતંત્રપણે ધાર્મિકતા કેળવતો ગયો અને કેવળ શ્રદ્ધા અને ઈશ્વરકૃપાથી ઈશ્વર-પરાયણ ભક્ત બન્યો. ઈશ્વર સર્વશક્તિમાન છે એમ તો બધા જ કહેતા હતા પણ ઈશ્વર ક્ષમાવાન છે એટલું જ નહિ પણ સર્વસહ છે એ ઓળખનાર સત્‌પુરુષોમાં પણ ઈશુનું સ્થાન અનેરું છે. બ્રહ્મચર્યનું માહાત્મ્ય ઓળખીને એ રસાયણને સિદ્ધ કરનાર તપસ્વીઓ ઘણા થયા છે. પણ બ્રહ્મચર્ય જેમને સહજ સિદ્ધ હતું એવા સત્‌પુરુષોમાં પણ ઈશુ વિશેષ ભાવે તરી આવે છે, કેમ કે એને એ ઈશ્વરી પ્રસાદનો

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

અહંકાર ન હતો. એ કહેતો કે બ્રહ્મચર્ય તો ઈશ્વરે જેને આપ્યું હોય તેને જ સહજ સિદ્ધ છે. બીજા લોકોએ તો લોઢાના ચણા જ ચાવવા રહ્યા. કોઈ બ્રહ્મચારીએ સ્ત્રીજાતિના ઉદ્ધાર માટે પોતાનું હૃદય નિચોવ્યું હોય તો તે ઈશુનું જ હૃદય હતું. આટલી ઉત્તમતા એમનો જમાનો જીરવી ન શકયો એટલે જે ગુનાસર સૉક્રેટિસને દેહાંતદંડ મળ્યો તે જ ગુનાસર પ્રભુ-પુત્ર ઈશુને ક્રૂસ ઉપર ચડવું પડયું. અનેક અવતારી પુરુષોએ પોતપોતાના શિષ્યોને અને ભક્તોને ભક્તિધર્મની દીક્ષા આપી છે. ઈશુએ પોતાના શ્રાવકોને અને અનુયાયીઓને આપેલા ઉપદેશમાંથી જે બેચાર સંઘરાયેલા છે તેની અસર સેંકડો વર્ષ થયાં કરોડો લોકો ઉપર થઈ છે. એવા કારુણ્યવીરને નામે એક નોખો ધર્મ સ્થપાય એ એક રીતે દુર્દૈવ જ કહેવાય. એના અનુયાયીઓએ નોખો ધર્મ સ્થાપી ખ્રિસ્તના ઉપદેશની વ્યાપકતા મર્યાદિત કરી છે એમ લાગ્યા વગર રહેતું નથી. એ ગમે તે હો. બધા જ ધર્મના લોકોએ આજના કહેવાતા ખ્રિસ્તીઓ તરફ ન જોતાં ખ્રિસ્તના જીવન, ઉપદેશ અને બલિદાન તરફ જોવું જોઈએ. અને એ ઉપદેશ પ્રમાણે ચાલનાર સંતોના જીવન તરફ જોવું જોઈએ.

એ જ દૃષ્ટિ બીજા ધર્મો વિષે પણ રાખવી ઘટે છે.

તા. ૯-૬-'૩૮

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

૨૮

મહોરમ

શિયા ને સુન્ની વચ્ચે કયો મતભેદ છે, ઇસ્લામી ધર્મપુરુષોમાં હસન અને હુસેનનું કયું સ્થાન છે, તે બાબતમાં હિંદુઓ ભલે ઉદાસીન હોય, પણ એશિયાના પશ્ચિમ પ્રદેશોમાં, અરબસ્તાનની પુણ્ય ભૂમિમાં ધર્મને અર્થે કેવો અપૂર્વ આપભોગ આપવામાં આવ્યો અને પેગમ્બરનાં આજ્ઞા અને ઉપદેશને વફાદાર રહેવા ધર્મનિષ્ઠ મુસલમાનોએ શું શું જતું કર્યું, કેટલું સહન કર્યું અને આખી લડતમાં કેટલી બહાદુરીથી ક્ષાત્રધર્મના એકેએક અંગનું પાલન કર્યું એ બધું આપણે માટે મહત્ત્વનું છે. મહોરમનો તહેવાર એ ઇસ્લામી ભાઈઓ માટે એક શ્રાદ્ધનો દિવસ છે. અને ઇસ્લામના ભારેમાં ભારે શહીદોનું સ્મરણ કરાવવાની શક્તિ આ તહેવારોમાં છે. આપણા ઇસ્લામી ભાઈઓ મહોરમમાં એક જૂના કિસ્સામાંથી ધર્મનિષ્ઠા કેળવે છે, અને એટલે દરજ્જે ભારતવર્ષની ધર્મનિષ્ઠામાં વધારો કરે છે. હિંદુસ્તાન ધર્મભૂમિ છે. એની અંદર દરેક કોમ જેટલે દરજ્જે ધર્મનિષ્ઠા કેળવે તેટલે દરજ્જે આ ધર્મભૂમિની શક્તિ વધવાની.

તા. ૩–૯–'૨૨

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

૨૯

સંપનો તહેવાર

[બકરી ઈદ]

ઈશ્વરભક્તિ અને કૌટુંબિક મોહ એ બે વચ્ચે પરાપૂર્વથી યુદ્ધ ચાલતું આવ્યું છે. દરેક ધર્મમાં ધર્મપાલનને અર્થે કૌટુંબિક મોહનો નાશ કરનાર ભક્તોના અનેક દાખલાઓ છે.

એકાદશીવ્રતની એક કથા છે કે રાજા રુક્માંગદે પોતાની માનીતી રાણીને એક વરદાન આપ્યું હતું. રાજા પરમ વૈષ્ણવ હતો અને એકાદશીનું વ્રત કરતો. રાણીએ રાજા પાસે વરદાન માગ્યું, કાં તો વ્રત તોડી ભોજન કરો, કાં તો તમારા માનીતા પુત્રનો વધ કરો. વ્રત તોડવું રાજાને માટે અશક્ય હતું. પિતૃભક્ત પુત્રે રાજાને આગ્રહ કર્યો કે વચન પાળવા માટે મારો વધ કરો એ જ ઠીક; હું મરવા તૈયાર છું. રાજા શસ્ત્ર ઉગામે છે, પણ ભક્તવત્સલ ભગવાન વિષ્ણુ ઉપરથી જ તેનો હાથ ઝાલી લે છે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

સગાળશા શેઠે પણ અતિથિ ધર્મના પાલનને અર્થે કલૈયા પુત્રને કુરબાન કર્યો હતો. સ્ત્રીપુત્રને વેચી નાખનાર હરિશ્ચંદ્ર અને સીતાનો ત્યાગ કરનાર રામચંદ્ર એ જ કોટિના માણસ થઈ ગયા. માલિકના પુત્રનું રક્ષણ કરવા ખાતર પોતાના દીકરાનું બલિદાન આપનાર પન્ના પણ એ જ ભક્તકોટિની હતી.

એવા જ એક ભક્તરાજના સ્મારક તરીકે મુસલમાન લોકોમાં બક્ર-ઈદનો તહેવાર પ્રચલિત થયો છે. તે તહેવાર મહમ્મદ પયગમ્બરે શરૂ કર્યો નથી. તે પયગમ્બર પહેલાના ધર્મમાંથી લીધેલો હોઈ બહુ પ્રાચીન છે.

ઈશ્વરનિષ્ઠ ઇબ્રાહીમને બે પુત્ર હતા. તેમાંના નાનાનું નામ ઇસ્માઇલ. પિતાનું ઇસ્માઇલ પ્રત્યેનું વિશેષ વહાલ દેખી સેતાને ઈશ્વરને કહ્યું, 'જોઈ તારા ભક્તની ભક્તિ! તું જાણે કે એ તારો ભક્ત છે, પણ તે તો પુત્રભક્ત છે. જો, તે પુત્ર પાછળ કેવો ગાંડો છે!' સ્વપ્નામાં આવી ઈશ્વરે ઇબ્રાહીમને કુરબાની કરવા કહ્યું. કુરબાનીનો કાયદો છે કે જે વસ્તુ આપણને અત્યંત પ્રિય હોય, જેને આપણે કીમતી ગણતા હોઈએ તેને કુરબાન કરવી. ઇબ્રાહીમે બીજે દિવસે ગાય કે બકરાની કુરબાની કરી. પણ રાત્રે પાછું તે જ સ્વપ્નું આવ્યું કે કુરબાની કર. તેણે વધારે બલિદાન આપ્યું, છતાં એનું એ જ સ્વપ્નું! તેણે નમ્ર થઈ ઈશ્વરની પ્રાર્થના કરી અને પૂછયું, 'ઓ માલિક, તું કોની કુરબાની માગે છે?' ઈશ્વરે કહ્યું, 'તારા વહાલા પુત્રની.'

ભક્તશ્રેષ્ઠ ઇબ્રાહીમના હૃદયને આઘાત સરખો પહોંચ્યો નહિ. એણે ઈશ્વરને સર્વસ્વ અર્પણ કર્યું હતું. બીજે દિવસે

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

દીકરાને લઈને ભક્તરાજ કુરબાનીની જગાએ જવા નીકળ્યા. સેતાને માને અને દીકરાને ઉશ્કેરવાનો પ્રયત્ન કર્યો, પણ આ પ્રેમળ કુટુંબમાં ઈશ્વરભક્તિ એટલી દૃઢ હતી કે ત્રણમાંથી એકે મોહવશ ન થયું. પિતાએ પુત્રની ગરદન પર છરી મૂકી, પણ ઈશ્વરે તે રોકી અને ઇસ્માઇલના બદલામાં એક પશુની જ કુરબાની કબૂલ રાખી. ઇબ્રાહીમ, ઇસ્માઇલ અને ઇસ્માઇલની માતા ત્રણેની પરીક્ષા પૂરી થઈ અને સેતાન ફજેત થયો.

એ ઇસ્માઇલના વંશમાં જ ઇસ્લામી ધર્મના નબી મહમ્મદ પયગમ્બરનો જન્મ થયો.

એવા એ અદ્‌ભુત પ્રસંગના સ્મરણમાં ઇસ્લામી ભાઈઓ બક-ઈદને દિવસે કુરબાની કરે છે. કૌટુંબિક મોહ તજી શુદ્ધ ઈશ્વરભક્તિ કરવી, કર્તવ્ય આગળ મોહને ફના કરવો એ જ ધાર્મિક તત્ત્વ આ તહેવારમાં રહેલું છે. તે તત્ત્વ જેટલું ઇસ્લામને પ્રિય છે તેટલું જ બીજા ધર્મોને પણ પ્રિય છે. સ્વાર્થ, મોહ, લોભ એ બધાનો નાશ કરવા ખાતર પોતાની અને પોતાની પ્રિય વસ્તુની કુરબાની કરવી એ જ સાચી ધાર્મિકતા છે. એ જ મહાન યજ્ઞ છે. એના સ્મારકચિહ્ન તરીકે દરેક ધર્મમાં બલિદાનની પ્રથા પ્રાચીન કાળથી ચાલતી આવેલી છે. પણ જેમ જેમ આપણામાં જીવદયા વધતી ગઈ તેમ તેમ આપણે આ બલિદાનમાંથી એક એક બાહ્ય વસ્તુ ઓછી કરતા આવ્યા. નરમેધ છોડ્યો, અશ્વમેધ છોડ્યો, માંસનો ભોગ છોડ્યો અને આખરે પાડા કે ઘેટાને બદલે અડદના લોટનું પશુ બનાવી તેનું બલિદાન કરવા લાગ્યા. આખરે કોળું અને નાળિયેર વધેરીને જ આપણે સંતોષ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

માનવા લાગ્યા. પણ બલિદાનની કલ્પના આપણે જાગ્રત રાખી છે. જેઓ માંસાહારી છે તેઓ બલિદાનમાં પશુ અર્પણ કરે એ આશ્ચર્યકારક કે અજુગતું નથી. આપણે પશુહત્યાનું પાપ ઓળખી માંસાહાર છોડ્યો તેથી પશુનું બલિદાન પણ છોડ્યું.

હિંદુસ્તાનમાં દયાધર્મ છે. જૈનોમાં છે તેમ જ બીજા હિંદુઓમાં પણ છે; અને હિંદુઓમાં છે તેમ જ મુસલમાનોમાં પણ છે. એ દયાધર્મ ઉપર આપણે વિશ્વાસ રાખીએ તો તેની અસર સાર્વત્રિક થયા વગર ન રહે. મુસલમાન ભાઈઓ હમેશ હિંદુઓની લાગણી દૂભવવા ખાતર જ ગોવધ કરે છે એ ખ્યાલ ભૂલભરેલો છે. તે છોડી દઈએ એટલે આપણા કહ્યા વગર, કોઈ જાતની શરત કર્યા વગર અથવા કાયદાઓ પસાર કર્યા વગર મુસલમાનો યથાકાળે ગોવધ છોડી દેશે. મુસલમાન કોમમાં ખાનદાની છે. પડોશીધર્મનું પાલન કરવા ખાતર તેમણે આજ સુધીમાં અસંખ્ય વેળા પોતાનો જાન જોખમમાં નાખ્યો છે અને અનેક વેળા સર્વસ્વ જતું કરી ખુવાર થયા છે. મુસલમાન લોકો પણ આપણી પેઠે જ ખેતી ઉપર નિર્વાહ કરે છે, આપણી પેઠે તેઓ પણ ઢોર ઉપર પ્યાર કરે છે. ગોરાઓની પેઠે ગોમાંસ એ તેમણે હમેશના ખોરાકની વસ્તુ બનાવી નથી. ગોરક્ષાની બાબતમાં મુસલમાનો આપણા શત્રુ નથી, મિત્ર બની શકે છે. આપણે ઇસ્લામ ઉપર વિશ્વાસ રાખીએ તો હિંદુસ્તાનમાં જ નહિ પણ ઇસ્લામી દુનિયામાં પણ તેમની મદદથી આપણે ગોરક્ષા કરી શકીએ.

બકર-ઇદનો તહેવાર એકલા ઇબ્રાહીમ અને તેનાં સ્ત્રીપુત્રનું સ્મરણ કરવાનો જ નથી. આજ સુધી ધર્મને

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

નામે જેમણે પોતાનું સર્વસ્વ અર્પણ કર્યું છે તેવા બધા ધર્મવીરોનું આ પવિત્ર દિવસે આપણે સ્મરણ કરીએ. હિંદુઓ પણ બક્ર-ઈદને દિવસે આ ભક્તરાજનું સ્મરણ કરે તો તેમની ધાર્મિકતા વધ્યા વગર નહિ રહે અને બક્ર-ઈદનો તહેવાર હિંદુસ્તાનની રાષ્ટ્રીય એકતા વધેરવાને બદલે વધારશે. જેમ જિલ્હજની દસમી તારીખ ઇબ્રાહીમની સ્મારક છે તેમ ખિલાફત અને સ્વરાજ માટે હિંદુ અને મુસલમાન એક થયા તેનું પણ તે સ્મારક થશે. ઇબ્રાહીમ જેવા પવિત્ર પુરુષનો સ્મારક દિન હિંદુ મુસલમાન વચ્ચેના ઝઘડાથી આપણે મેલો ન કરીએ એટલી કાળજી ધાર્મિક હિંદુમુસલમાનો જરૂર લેશે એવી આપણે આશા રાખીએ એકબીજાના સાચા હૃદયની પિછાન થયા પછી ઝઘડાનું મૂળ જ રહેશે નહિ.

તા. ૬-૮-'૨૨

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

૩૦

જયંતી

ઈશ્વરની સૃષ્ટિમાં અસંખ્ય માણસો જન્મે છે. તે બધાની જયંતી આપણે નથી ઊજવતા. જેમના જીવન-રહસ્યનો આપણા હૃદયમાં પુણ્યપાવન ઉદય થયો હોય તેમની જ જયંતી આપણે ઊજવીએ છીએ. કરોડો લોકોનું જીવન તો આવેલો દિવસ જેમ તેમ કરીને પૂરો કરવામાં જ વીતે છે. માણસને હેરાન કરનાર — તેને પામર બનાવનાર જે અસંખ્ય શત્રુઓ છે તેમની સામે ઝૂઝનારાઓની સંખ્યા અત્યંત અલ્પ હોય છે. શત્રુને ગમે તેમ કરીને ટાળવો અથવા નામર્દાઈથી તેની સાથે માંડવાળ કરવી અને યુદ્ધની તકલીફમાંથી બચી જવું એ જ સામાન્ય લોકોનો જીવનક્રમ હોય છે. પણ આ રીતે શત્રુ ટળતો નથી. તે તો ફરી ફરી સામો ઊભો થાય જ છે ને દરેક વખતે માંડવાળની કિંમત વધારે ને વધારે માગતો જાય છે. એ કિંમત કેવળ પૈસાની નથી હોતી; એ કિંમત તો પ્રાણ, તેજસ્વિતા અને સ્વતંત્રતાની હોય છે. દરેક માણસમાં આ ત્રણે વસ્તુની ચાહના તો હોય જ છે; પણ શિરને સાટે તેજસ્વિતા અને સ્વતંત્રતા

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

જાળવવાનો કે મેળવવાનો પ્રાણ જેની અંદર હોય તે જ વીર પુરુષ કહેવાય — તે જ વિજયી કહેવાય. મનુષ્યજાતિના શત્રુ પર જેણે વિજય મેળવ્યો છે તેની જ આપણે જયંતી ઊજવીએ છીએ. જયંતીનો અર્થ જ એ છે.

પણ જયંતી આપણે શા માટે ઊજવીએ છીએ ?

એ જાતના લોકો જયંતીઓ ઊજવે છે. જેઓ વીર પુરુષ પાસેથી પ્રેરણા મેળવવા માગે છે તેઓ, તેમ જ વીર પુરુષ પાસેથી રક્ષણ માગે છે તેઓ. એક વર્ગ વીરોનો ઉપાસક હોય છે અને બીજો વર્ગ તેમનો આશ્રિત હોય છે. પ્રથમ વર્ગને વીરનાં વીરકર્મથી પ્રેરણા, ઉત્સાહ અને પ્રાણ મળે છે, વીરની ઉપાસના કરી તેઓ પોતે વીર બની જાય છે. બીજો વર્ગ પામર હોય છે. તે હમેશાં ભયભીત દશામાં રહે છે, ત્યાગથી ડરે છે. તે કહે છે, 'આ ભયભીત દશામાંથી જે અમને મુક્ત કરે, અમને આશ્વાસન આપે, તે જ અમારો નાથ. તેનો જ અમે જયજયકાર કરીશું, તેની પ્રસન્નતા મેળવીશું અને તેનાં વીરકર્મના આશ્રય હેઠળ સુખી રહીશું. એ જો ન જાય તો ઈશ્વર પાસે પ્રાર્થના કરીશું કે હે પ્રભો! અમને બીજો કોઈ નાથ આપ, અમને સનાથ કર.'

અનાથ લોકો જ્યારે વીરપૂજા કરે છે ત્યારે તે પૂજા પાછળ આવી જ યાચનાવૃત્તિ રહેલી હોય છે.

ખિંદડીનું બચ્ચું કહે છે, 'મારી મા આવજો અને મને ઉપાડીને સુરક્ષિત સ્થળે મૂકજો.' પક્ષીઓનાં બચ્ચાં કહે છે, 'અમારી મા અમને પોતાની પાંખો ફફડાવી બતાવે તો અમે પણ તેમ જ કરીએ.' આમ એ જાતની જયંતીઓ થાય છે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

હિંદુસ્તાનમાં જ્યાં સુધી અનાથવૃત્તિથી જયંતીઓ ચાલશે ત્યાં સુધી દેશમાં પુરુષાર્થ આવવાનો નથી. જેવી શ્રદ્ધા તેવું ફળ. 'વિશ્વંભર પ્રભુના મનમાં જ્યારે દયા સ્ફુરશે ત્યારે તે આપણને અલૌકિક પુરુષ આપશે અને આપણે તેને નિચોવીને — વટાવીને સુખી થઈશું;' આવી વૃત્તિમાં જેટલી સલામતી છે તેટલું જ અધઃપતન પણ છે. પુણ્યપુરુષોના બલિદાનથી આ લોકના વૈભવ મેળવવામાં પુણ્યક્ષય છે, પ્રાણક્ષય છે. પુણ્યપુરુષના બલિદાનથી જ્યારે આપણામાં પણ બલિદાનની વૃત્તિ જાગે ત્યારે જ આપણે તેની સાચી ઉપાસના કરી ગણાય અને ત્યારે જ આપણો સાચો ઉત્કર્ષ થાય.

આજે આપણે ઈશ્વર પાસે એવી પ્રાર્થના ન કરવી જોઈએ કે 'અમે તો પામર જ રહીશું. તમે અવતાર ધારણ કરી અમારું દુઃખ નિવારણ કરો.' આપણે પરમાત્માને કહેવું જોઈએ કે 'હે જનાર્દન! તારો અવતાર અમારાં હૃદયમાં જ થાઓ. વાંદરાઓના પણ વીર પુરુષો બનાવી મૂકનાર અવતાર અમારે જોઈએ છે; જે અમને સ્વાવલંબન શીખવે તે અવતાર અમારે જોઈએ છે; કેમ કે સ્વાવલંબનમાં અમારો કાયમનો ઉદ્ધાર છે; પરાવલંબનમાં અમારી અવનતિ છે, અમારું અપમાન છે.'

સ્વાવલંબનની વીરવૃત્તિથી મહાત્માઓની જયંતી ઊજવવામાં આપણે તેમના માહાત્મ્યના અધિકારી બનીએ છીએ. પરાવલંબી વૈશ્યવૃત્તિથી જયંતી ઊજવવામાં આપણે મહાત્માઓની દયાના પાત્ર થઈએ છીએ.

અને દયા એટલે તિરસ્કારનું સજ્જન સ્વરૂપ.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

૩૧

સ્વ. લોકમાન્ય તિલક

[ઑગસ્ટ ૧]

ઇ. સ. ૧૮૫૭ના નિષ્ફળ પ્રયત્ન પછી અંગ્રેજોની સત્તા આ દેશમાં ઠીક જામી ગઈ, કેમ કે કુસંપને લીધે દેશનું શારીરિક બળ છિન્નભિન્ન થયું હતું. શરીરબળના આ યુદ્ધમાં વ્યવસ્થા અને સંપને અભાવે દેશ હાર્યો, પણ હિંદી રાષ્ટ્ર અને હિંદી સંસ્કૃતિ અંગ્રેજોને વશ થઈ નથી અને થનાર નથી એનું હિંદી લોકોને તેમ જ અંગ્રેજ સરકારને અખંડ સ્મરણ અને ખાતરી રખાવનાર જે કેટલીક વ્યક્તિઓ આ દેશમાં પેદા થઈ તેમાંનો એક વિક્રમવીર આ લોક છોડી ગયો છે. સત્તાવનની સાલનો સ્વતંત્રતાનો મહાપ્રયત્ન થયો તે વર્ષે બાળ ગંગાધર એક વર્ષના બાળક હતા. જે કેળવણીને લીધે અંગ્રેજો જીત મેળવી શક્યા તે કેળવણી લઈને તેમની સાથે લડવાનો વિચાર રાખનાર વ્યક્તિઓમાં

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

તેઓ અગ્રેસર નીવડ્યા. જાહેર જીવનમાં એમના સાથી અને ગુરુ વિષ્ણુશાસ્ત્રી ચિપળૂણકર અંગ્રેજી સાહિત્યને 'વાઘણનું દૂધ' કહેતા. એનું પાન કરીને રાજ્યકર્તા સાથે પ્રજાહિતને માટે લડવાનો એમણે નિશ્ચય કર્યો.

પહેલેથી જ સ્વદેશસેવાનાં સ્વપ્ન ઘડનાર બાળ ગંગાધરના જીવનમાં, તે વીસ વર્ષે બી. એ. પાસ થયા પછી એલ. એલ. બી. થયા, વગેરે વિગત બહુ મહત્ત્વની નથી. સત્તાવનની સાલના અનુભવથી એટલું નક્કી થયું હતું કે પ્રજાશરીર દુર્બળ બન્યું છે. તેને સબળ કરવાનો — લોકજાગૃતિ કરવાનો એકમાત્ર ઉપાય રાષ્ટ્રીય કેળવણી છે એ નિર્ણય નાનપણમાં જ તિલકે ચિપળૂણકર, નામજોશી, આગરકર વગેરે મિત્રો સાથે કરેલો. વિષ્ણુશાસ્ત્રી સ્વાભિમાનની મૂર્તિ હતા; સ્વધર્મ, સ્વદેશ અને સ્વભાષા વિષે એમને અત્યંત આદર અને અભિમાન હતાં. તેથી જ સરકારી નોકરીનો રસ્તો છોડી લોકશિક્ષણના કાર્યમાં તેમણે પોતાનું જીવન અર્પણ કર્યું હતું. દેશમાં તેજસ્વી કેળવણીનો પ્રસાર થાય, લોકોને નિર્દોષ સાહિત્ય વાંચવા મળી જાય, દેશહિતના પ્રશ્નોની ચર્ચા થાય, એટલું જ નહિ પણ લોકોની અભિરુચિ ધર્મને હાનિકર ન થાય એ ઉદ્દેશથી 'ન્યુ ઇંગ્લિશ સ્કૂલ' નામની શાળા, 'નવીન કિતાબખાના' નામની પુસ્તકોની દુકાન, 'નિબંધમાલા' નામનું એક તેજસ્વી માસિક અને 'ચિત્રશાળા' નામનું પૌરાણિક અને હિંદુ જીવન વિષેનાં ચિત્રો છાપવા માટે એક કલાગૃહ, એટલાં વિષ્ણુશાસ્ત્રીએ સ્થાપન કર્યાં. આગરકર એટલા જ દેશાભિમાની હતા, પણ તેમનું વલણ અંગ્રેજી સાહિત્ય તરફ વધારે હોવાથી

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

સંસારસુધારા કરવાની એમની વૃત્તિ વધારે તીવ્ર હતી. આ લોકોએ લોકશિક્ષણનું કાર્ય શરૂ કર્યું. તિલક ન્યૂ ઇંગ્લિશ સ્કૂલમાં ગણિત શીખવતા. પછી આ મિત્રમંડળે એક કૉલેજ સ્થાપન કરી, જેનું નામ 'મહારાષ્ટ્ર કૉલેજ' રાખવાનો પ્રથમ વિચાર હતો, પણ પછી તેને 'ફર્ગ્યુસન કૉલેજ' નામ આપવામાં આવ્યું. સાથે સાથે તિલક એક 'લૉ ક્લાસ' પણ ચલાવતા. દેશભક્તોનું આ યુવક મંડળ બધા પ્રશ્નો ઉપર ચર્ચા કરતું. પણ રાષ્ટ્રીય શિક્ષણનું કામ હાથમાં લીધા પછી બનતા સુધી બીજી પ્રવૃત્તિમાં ન પડવું જોઈએ એ વૃત્તિ તિલકની હતી. વિદ્યાર્થીજીવનમાં એમની અધ્યયનની એકાગ્રતા અને અધ્યાપનની એમની રુચિ તથા કળા જોતાં એ વૃત્તિ સ્વાભાવિક હતી; અને એ જ કારણસર ડેક્કન સોસાયટી 'જોસ્યુઇટ' સંસ્થાની ઢબે ચલાવવી અને તેની અંદર કામ કરનાર વ્યક્તિઓએ પોતાનું સર્વસ્વ સંસ્થાને જ અર્પણ કરવું એ આદર્શને વિષે એમનો આગ્રહ રહેતો. આગરકર એ વિચાર સાથે સંમત થઈ શક્યા નહિ. મતભેદ વધ્યો અને તિલકે ફર્ગ્યુસન કૉલેજ છોડી. જન્મસિદ્ધ અધ્યાપકના જીવનમાં પરિવર્તન થયું અને પત્રકાર બનીને લોકશિક્ષણનું વ્યાપક કાર્ય હાથમાં લઈ તેઓ લોકમાન્ય થયા.

તિલકે 'કેસરી' પત્ર હાથમાં લીધું અને અંગ્રેજીમાં 'મરાઠા' પણ ચલાવવા લાગ્યા. 'કેસરી'માં મતભેદ ઉત્પન્ન થયો તેથી આગરકરે 'સુધારક' પત્ર શરૂ કર્યું. આ બે પત્રોએ સંસારસુધારા વિષે અને હિંદુ સમાજવ્યવસ્થામાં સરકારને કયાં સુધી માથું મારવા દેવું એ વિષે અનેક વર્ષો સુધી ચર્ચા કરીને

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

મહારાષ્ટ્રને સારી નરસી પણ ભારેમાં ભારે કેળવણી આપી. 'કેસરી'માં ફૂટ પડી એના પહેલાં જ આ યુવક મંડળ ઉપર ભારે આફત આવી પડી. શિવાજી મહારાજના વંશજ કોલ્હાપુરના મહારાજને ગાંડા ઠરાવીને મદ્રાસ મોકલવામાં આવ્યા ત્યારે આ દેશાભિમાની નવયુવકોનો પુણ્યપ્રકોપ ભભૂકી ઊઠ્યો. તેમણે 'કેસરી'માં એ પ્રકરણોમાં ઊંડા ઊતરીને લખાણો લખ્યાં, જેને પરિણામે 'કેસરી' ઉપર મુકદ્દમો ચાલ્યો. આ મુકદ્દમા દરમિયાન વિષ્ણુશાસ્ત્રી ૩૨ વર્ષની કાચી ઉંમરે ગુજરી ગયા, અને આગરકર તથા તિલકને ૧૦૧ દિવસની સરકારની પરોણાગત સ્વીકારવી પડી. પૂનામાં પ્રજામત કેળવીને સરકાર આગળ મૂકવાના ઇરાદાથી મહામતિ રાનડે જેવાઓએ 'સાર્વજનિક સભા' સ્થાપી હતી. સાર્વજનિક સભા એ કોંગ્રેસની જનની ગણાય છે. એની અંદર પણ સરકાર સાથે કેટલો સહકાર કરવો એ વિષે મતભેદ થયો અને તિલકના વિચારો જેમને પસંદ ન હતા તેઓએ 'ડેક્કન સભા' કાઢી. આવી રીતે પૂનામાં તીવ્ર મતભેદ થવા લાગ્યા, પણ તેને પરિણામે પૂનાના રાજકીય વાતાવરણનો પારો ચડેલો રહેવા લાગ્યો; આજ સુધી પણ રાજકીય ચર્ચામાં અને અંગ્રેજોની નીતિ વિષે જાગ્રત રહેવામાં આખા દેશમાં પૂના અગ્રેસર શહેર રહ્યું છે.

તુરંગમાંથી આવ્યા પછી તિલકે પોતાનો સઘળો જીવ 'કેસરી'માં પરોવ્યો. મરાઠી ભાષા ઘડીને એને સમૃદ્ધ બનાવવી, આધુનિક જમાનાના બધા વિચારો અને રાજકીય સિદ્ધાન્તો મરાઠી ભાષા દ્વારા જનસમુદાયને સમજાવવા, લોકલાગણીની બધી છટાઓ તેમાં વ્યક્ત કરવી અને રાષ્ટ્રીય

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

જાગૃતિનો પ્રાણ ભાષામાં ઉત્પન્ન કરવો એ ઉદ્દેશથી દર અઠવાડિયે તેમણે લખવા માંડ્યું. 'કેસરી'એ રાજકીય મહારાષ્ટ્ર ઘડ્યું છે એમ કોઈ કહે તો તે અયોગ્ય ન ગણાય. લોકમાન્યના 'કેસરી'ની ભાષા આડંબર વિનાની, સીધી પણ પ્રૌઢ રહેતી. તેનું લખાણ વિષયનો પરિપૂર્ણ કાબૂ બતાવનારું, મુદ્દાસર અને જુસ્સાદાર રહેતું. 'કેસરી' જ્યારે કોઈ પ્રતિપક્ષીની સામે અખાડામાં ઊતરે ત્યારે તેની ભાષાનો જુસ્સો સોળે કળાએ પ્રકાશતો. જુસ્સા સાથે કટુતા અથવા ઝેર નહોતાં એમ નહિ, પણ તેમાંયે ગાંભીર્ય ઘણું જળવેલું રહેતું. પ્રતિપક્ષીનો પરાજય કરવા માટે 'કેસરી' જે ઝેર વાપરે તે ઘણા લોકોની સૌમ્ય અભિરુચિને ભારે પડતું લાગે અને તિલકની ભાષામાં વિનય નથી હોતો, આદર નથી હોતો એવી ટીકા ઘણાએ કરી. તિલકનો જવાબ એક જ રહેતો : 'લડવૈયો બીજું કરી જ ન શકે. જે મારે નિવૃત્તિમાં જ સમય ગાળવો હોત તો હું બધી જાતની ઉદારતા બતાવત. પણ જેને કાર્ય કરવું છે તેણે તો પ્રસંગોપાત્ત પ્રખર થવું જ જોઈએ.' 'કેસરી'ના જેટલું વ્યવસ્થિત, પ્રતિષ્ઠિત અને લોકપ્રિય વર્તમાનપત્ર હિન્દુસ્તાનમાં બીજું ભાગ્યે જ હશે. મહારાષ્ટ્રનું જાહેર જીવન, હિંદુસ્તાનની જાગૃતિ, એશિયાની ભવિતવ્યતા, યુરોપનું રાજકારણ અને દુનિયાની પ્રગતિ વિષે 'કેસરી'માં હમેશાં વિદ્વત્તા અને માહિતીથી ભરેલા પ્રૌઢ લેખો આવતા. 'કેસરી' અત્યંત નિયમિત છાપું છે. એની બધી ગોઠવણ અને વ્યવસ્થા તિલકે જાતે કરી હતી. એમ કહેવાય છે કે દુનિયામાં જ્યાં જ્યાં મરાઠી

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ભાષા બોલાય છે અથવા વંચાય છે ત્યાં ત્યાં 'કેસરી' પહોંચે છે.

પણ 'કેસરી' એ જ તિલક મહારાજનું કાર્યક્ષેત્ર ન હતું. એક તરફ સરકાર સામે અને બીજી તરફ સંસાર-સુધારાવાળાઓ સામે એમને લડવું પડતું. તિલક ખરું જોતાં પુરાણપ્રિય ન હતા. અનેક સંસારસુધારા તેમને અગત્યના લાગતા; છતાં તેમણે ઘણા સુધારાઓનો વિરોધ કર્યો અને તેથી ગેરસમજ ઉત્પન્ન થઈ. લોકો એમને કુધારક માનવા લાગ્યા. તેમની માન્યતા એવી હતી કે સંસારસુધારા એ હમેશનું કામ છે અને તે ધીમે ધીમે થવું જોઈએ. ખાસ કરીને જ્યારે વિદેશી રાજ્ય હેઠળ પ્રજા આત્મવિશ્વાસ ખોઈ બેસે છે અને જ્યારે પરધર્મી પાદરીઓના આપણી સંસ્કૃતિ ઉપર દિનરાત પ્રહારો ચાલુ છે ત્યારે સમાજને સ્વાભિમાનશૂન્ય અને હતોત્સાહ બનાવવો એ ભૂલ છે. વળી સંસારસુધારાની પાછળ પડીશું તો શિક્ષિત અને અશિક્ષિત વચ્ચે અન્તરાય આવશે, તડ પડશે અને રાજ્યપ્રકરણમાં આપણે વધારે નિર્બળ થઈશું. માટે સમાજ ઉપર હુમલા કરીને નહિ, પણ ધીમે ધીમે સમાજને વશ કરીને થઈ શકે તેટલા સુધારા કરવા ઘટે. સરકારની શક્તિથી અંજાઈ જઈને આપણે એની આગળ નરમ બનીએ છીએ, તો પછી શ્રદ્ધા અને આદરપૂર્વક સમાજ સામે પણ આપણે કેમ નરમ ન બનીએ? આવા વિચારોને લીધે તેઓ 'કેસરી'માં બનતા સુધી સંસારસુધારાનો પ્રશ્ન છેડતા જ નહિ. એટલામાં 'સંમતિ વયનું બિલ' આવી પડ્યું. બિલનું તત્ત્વ તિલકને માન્ય ન હતું એમ નથી. છતાં તેમણે એ બિલનો સખ્ત

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

વિરોધ કર્યો. તેમનું કહેવું એ હતું કે અંગ્રેજ લોકો પારકા છે; એ જાણીજોઈને આપણી સાંસારિક બાબતોમાં વચ્ચે પડતા નથી; ભલે ઉદાસીનતાનું હોય તો પણ ધાર્મિક અને સામાજિક બાબતોમાં આપણે સ્વરાજ છે, એ શા માટે આપણે હાથે કરીને ખોવું? આપણે જો આપણે જ હાથે સરકારને આપણા ઘરની અંદર પ્રવેશ કરવા દઈશું તો આપણાં સ્વમાન અને સ્વાતંત્ર્ય ઘટશે અને આપણે વધારે દુર્બળ તેમ જ પરાધીન બનીશું. જૂના બધા રિવાજો તેઓ પાળતા ન હતા. પંક્તિભેદમાં હાલમાં લેવાતી બધી છૂટ તેઓ લેતા. તેમનું જીવન અત્યંત સાદું અને પવિત્ર હતું અને છતાં તેમાં ધાર્મિકતાનો આડંબર બિલકુલ ન હતો. સમાજનો અને ધર્મનો અધિકાર માનવા ખાતર વિલાયત જઈ આવ્યા પછી એમણે પ્રાયશ્ચિત્ત પણ લીધેલું, જોકે વિલાયતમાં એમણે ખાવાપીવામાં સંપૂર્ણ શુદ્ધિ રાખી હતી. રાજકીય ઉત્સવોમાં મુસલમાનો અને ખ્રિસ્તીઓની સાથે બેસીને એમણે ભોજન કર્યું હતું. અંત્યજોને અસ્પૃશ્ય ગણવા એવી શાસ્ત્રની આજ્ઞા કયાંયે નથી એમ એમણે જાહેર કરેલું. એમના કેટલાક દિલોજાન મિત્રો સંસારસુધારામાં આગેવાન હતા.

સને ૧૮૯૬માં મુંબઈમાં પ્લેગ ફાટી નીકળ્યો અને પૂનામાં પણ તેણે પ્રવેશ કર્યો. આ આપત્તિ અણધારી અને તદ્દન નવી હોવાથી બધા લોકો ગભરાઈ ગયા. સરકારને પણ પ્લેગ સામે શાં પગલાં લેવાં એ સૂઝયું નહિ, અને તેથી 'સેગ્રીગેશન' 'કવૉરેન્ટાઈન' વગેરે સખત ઉપાયો લેવામાં આવ્યા. વળી તેનો ઠીક અમલ કરવા માટે લાગણી

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

અને સભ્યતા વગરના ગોરા સિપાઈઓની યોજના થઈ. પ્લેગના ત્રાસ કરતાં આ સોલ્જરોની ઝડતીનો કેર લોકોને વધારે અસહ્ય થઈ પડ્યો અને સર્વત્ર હાહાકાર વર્તી ગયો. જેને જેમ ફાવ્યું તેમ સૌ નાઠું. પણ તિલકે આવે પ્રસંગે પૂના છોડ્યું નહિ. ગામમાં રહીને એક તરફથી લોકોને મદદ કરવા લાગ્યા અને બીજી તરફથી સરકારની, ઉપાય કરતાં અપાય કરનારી વિવેકશૂન્ય સખ્તાઈથી થતો પ્રજાક્ષોભ 'કેસરી' દ્વારા વ્યક્ત કરતા ગયા. તિલકે માત્ર ક્ષોભ વ્યક્ત કર્યો, પણ સરકારને લાગ્યું કે એમણે એ નિર્માણ કર્યો. લોકક્ષોભની સીમા પ્લેગ અમલદાર રેન્ડ સાહેબના ખૂનમાં થઈ. સરકારે પોતાની પ્લેગનીતિ બદલી ખરી, પણ ઉગ્ર સ્વરૂપ ધારણ કરી લોકોને દબાવવામાં મણા ન રાખી. પૂનાના સરદાર નાતુ બંધુઓને સરકારે નજરકેદ કર્યા અને 'કેસરી' ઉપર રાજદ્રોહનો મુકદ્દમો ચલાવ્યો. કેટલાક મિત્રોએ તિલકને માફી માગવાની સલાહ આપી, પણ તેમણે કહ્યું, 'સાચી દાનતથી મેં જે કર્યું છે તેને માટે માફી શાની માગું? જેમ ખલાસીનું કામ કરે તે કોઈક દિવસ સમુદ્રમાં ડૂબે પણ ખરો; એ જ રીતે દેશસેવા કરવી હોય તો જેલજાત્રાનો પ્રસંગ પણ આવે. આ તો અમારા ધંધાને લગતાં જોખમો છે. માફી માગીને હું દેશની કશી સેવા ન કરી શકું. વળી મારું સત્ત્વ જાય, પછી મારામાં શું રહ્યું?' સરકારે એમને દોઢ વર્ષની સજા કરી, એટલું જ નહિ પણ મૂળ કાયદામાં ફેરફાર કરી રાજદ્રોહવાળી કલમ વધારે સખ્ત કરી. એમ કહેવાય છે કે જેલમાં ગયા ત્યારે પહેલે દિવસે એમને એટલું સખ્ત કામ આપવામાં આવેલું કે ઘંટી

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ચલાવતાં ચલાવતાં તેઓ બેભાન થઈ ગયા. પણ શુદ્ધિમાં આવ્યા કે તરત પાછા કામે વળગ્યા. એમણે રાહત ન માગી: રાહત માગવી એ એમને નામોશીભરેલું લાગતું. એક વર્ષને અંતે તેઓ છૂટ્યા ત્યારે એમના શરીરનું વજન બહુ જ ઘટી ગયું હતું; પણ પ્રજામાં એમનું વજન એટલું જ વધી ગયું હતું. ઘેર આવતાં વાર પાછું 'કેસરી' હાથમાં લીધું અને 'पुनश्च हरिः ॐ' કરીને લખવા લાગ્યા.

તેઓ જેલમાં હતા તે દરમિયાન પાશ્ચાત્ય સંસ્કૃતપંડિત મૅક્સમુલરના હાથમાં તેમણે લખેલું 'ઓરાયન' અથવા 'મૃગશિરસ્' નામનું પુસ્તક આવ્યું. 'ઓરાયન'ની અંદર જ્યોતિષશાસ્ત્રની દૃષ્ટિથી વૈદિક કાળનિર્ણયની ચર્ચા હતી. ચોપડી જોઈને મૅક્સમુલર ચકિત થયા, મુગ્ધ થયા અને આવા અગાધ પાંડિત્યવાળા વિદ્વાન પાસે પોતે કરેલું ઋગ્વેદનું ભાષાન્તર અભિપ્રાયને માટે મોકલવાનું તેમને મન થયું. પણ ખબર પડી કે ગ્રંથકર્તા તો જેલમાં છે! એમણે પ્રથમ તો જેલમાં તિલકને પુસ્તકો મળે, વાંચવાનો સમય અને દીવાબત્તી મળે એવી ગોઠવણ સરકાર પાસે કરાવી. પછી એમની દરમિયાનગીરીને લીધે સરકારને તિલકને છ મહિના વહેલા છોડવા પડ્યા. જેલમાં વેદનું નિરીક્ષણ કરતાં એમને સૂઝી આવ્યું કે આર્યોનું મૂળ રહેઠાણ ઉત્તર ધ્રુવ તરફ હોવું જોઈએ; અને આર્ય લોકો સુમેરુની આસપાસ રહેતા હતા એવો ઉલ્લેખ વેદમાં મળી આવે છે એમ એમને લાગ્યું. જેલમાંથી છૂટ્યા પછી તાઈમહારાજ કેસ જેવો માથું ખાઈ નાંખે એવો મુકદ્દમો ચાલુ હતો; છતાં તે જ અરસામાં 'આર્કટિક હોમ ઇન ધ વેદઝ'

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

એટલે 'આર્યોનું વેદકાળમાં સુમેરુ તરફનું રહેઠાણ' એ નામનો વિદ્વત્તા અને શોધખોળથી ભરેલો ગ્રંથ તેમણે બહાર પાડ્યો. તેને લીધે તેમની કીર્તિ યુરોપના વિદ્વાનમંડળમાં ફેલાઈ. 'આર્કટિક હોમ' ગ્રંથ લખતી વેળાએ પારસી લોકોના ધર્મગ્રંથોનું એમણે અધ્યયન કર્યું. પછી ઈરાન, મેસોપોટેમિયા, ખાલ્ડિયા, સીરિયા, અસીરિયા વગેરે દેશોના પ્રાચીન ઇતિહાસ અને તેમની સંસ્કૃતિ તરફ તેમનું લક્ષ ગયું; અને વૈદિક સંસ્કૃતિ સાથે તેમનું કેટલું સામ્ય છે તે તેમણે કેટલાક વિદ્વન્માન્ય નિબંધોમાં બતાવી દીધું. કેટલાક લોકો તો એમની વિદ્વત્તા જોઈને એમને વીનવતા કે તમે રાજ્યપ્રકરણી ઝઘડાઓ છોડી દો અને વિદ્વત્તાથી દુનિયાની ભારેમાં ભારે સેવા કરી શકો છો તે કરો. તેઓ કહેતા, 'મારે એ સ્વચ્છન્દ કરવો નથી. દેશને માટે લડવું એ જ મારું કર્તવ્ય છે. વિદ્વત્તાનું કામ કરનાર પંડિતો હિંદુસ્તાનમાં અગણિત નિર્માણ થશે. આર્યબુદ્ધિ વંધ્યા થઈ નથી.' એમના એક સ્નેહીએ એમને પૂછ્યું, 'સ્વરાજ્ય થશે ત્યારે તમે કયા ખાતાના મંત્રી થશો?' એમણે કહ્યું, 'મને રાજ્યપ્રકરણનો કંટાળો છે. સ્વરાજ્ય મળ્યું એટલે હું તો મારે ગણિતનો અધ્યાપક થઈ જઈશ અને નિરાંતે વિદ્યાનંદનો લહાવો લઈશ.'

જ્યાં સુધી પોતાના દેશબંધુઓને પેટપૂરતું ખાવા નથી મળતું ત્યાં સુધી વિદ્યાનંદ જેવો સાત્ત્વિક આનંદ પણ એમને હરામ લાગતો. તેઓ હમેશાં કહેતા, 'स्वराज्याची चळवळ हा पोटापाण्याचा प्रश्न आहे.' તેથી સરકારે જ્યારે જમીન મહેસૂલના કાયદામાં ફેરફાર કર્યો અને અનાદિકાળથી

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

વંશપરંપરાગત ચાલતો આવેલો જમીનનો માલિકીહક ભૂમિનાં બાળ પાસેથી છીનવી લઈને સાત સમુદ્ર પારથી આવેલી સરકારને હિન્દુસ્તાનની ભૂમિની માલિક ઠરાવવામાં આવી અને હિન્દી ખેડૂતને માત્ર તેના ભાડૂતની સ્થિતિમાં મૂકયો ત્યારે તિલકે સરકારને મહેસૂલ નહિ આપવાની લડત ચલાવવાનો વિચાર રાખ્યો હતો; પણ તે વખતે પ્રજા એટલી ચડેલી ન હતી.

એ જ અરસામાં મુંબઈમાં અને પૂનામાં હિન્દુ મુસલમાન વચ્ચે નજીવા કારણસર ઝઘડો થયો અને ભારે મારામારી થઈ. પૂનામાં ઘણાં વર્ષથી હિન્દુઓ મહોરમમાં ભાગ લેતા હતા તે બંધ થયા. રમખાણમાં વાંક બન્નેનો હતો એ તિલકે સ્વીકાર્યું હતું, પણ વધારે વાંક મુસલમાનોનો હતો એ એમણે જાહેર કર્યું. તેથી તિલક મુસલમાન કોમની સામે છે એવો વહેમ કેટલાક મુસલમાનોના મનમાં પેસી ગયો, પણ તે ખોટો હોવાથી કાળે કરીને નીકળી ગયો. તિલક મુસલમાનની વિરુદ્ધ છે એ અમારી માન્યતા ભૂલ-ભરેલી હતી એમ ખિલાફત ડેપ્યુટેશનવાળા સૈયદ હુસેને જાહેર રીતે સ્વીકાર્યું છે, કેમ કે લખનૌની કૉંગ્રેસમાં હિન્દુ મુસલમાન વચ્ચે વિરોધ અને શંકા ન રહે એટલા માટે જે અધિકારવિભાગ કરવામાં આવ્યો તેમાં મુસલમાનો જેટલું માગતા હતા તેટલું બધુંયે આપવાની સલાહ તિલકે પોતે આગેવાનોને આપી. 'પ્રથમ દેશનો વિચાર થવો જોઈએ; હું હિન્દુ છું કે મુસલમાન એ ભેદ દેશહિતનો વિચાર કરતાં મનમાં ન આવવો જોઈએ,' એ એમનું તે વખતનું પ્રસિદ્ધ વાકય છે. પૂનામાં હિન્દુ મુસલમાન વચ્ચે જે અણબનાવ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ઉત્પન્ન થયો તે ધર્મ વિષેની સંકુચિત કલ્પનાને લીધે થયો હતો એ જોઈને તેમ જ હિન્દુઓને પણ મહોરમને બદલે ઉત્સવ કરવાનું કાંઈક સાધન મળે એ હેતુથી પણ એમણે ગણેશ ઉત્સવ શરૂ કર્યો. ગણપતિ ઉત્સવમાં સ્વયંસેવકોના અને બીજા નવયુવાનોના મેળાઓ ભજન ગાય છે; વિદ્વાન નેતાઓ ધાર્મિક સામાજિક અને કોઈકવાર રાજકીય વિષયની ચર્ચા કરે છે; અને આવી રીતે લોકોને જમાનાને અનુકૂળ કેળવણી મળે છે. જેમ ગણેશ ઉત્સવથી ધાર્મિક જાગૃતિ થઈ તેમ ગણેશ ઉત્સવ પહેલાં જ દેશાભિમાન અને સ્વાભિમાન જાગૃત કરવા માટે તિલકે જે શિવાજી ઉત્સવ શરૂ કરેલો એ શિવાજી ઉત્સવથી પણ લોકજાગૃતિ ખૂબ થઈ. આ અને ચળવળને લીધે સ્વદેશીનો પ્રચાર મહારાષ્ટ્રમાં ખૂબ થયો અને શિક્ષિત અશિક્ષિત વચ્ચેનો ભેદ ઓછો થતો ગયો. શિવાજી ઉત્સવને લીધે જ જૂનો ઇતિહાસ તપાસવાની વૃત્તિ વધી અને કેટલાક વિદ્વાનોનું 'ભારત ઇતિહાસ સંશોધક મંડળ' તૈયાર થયું.

૧૯૦૪માં યુનિવર્સિટી ઍક્ટ પસાર થયો અને સરકારે કેળવણીખાતું — ઉચ્ચ કેળવણી સુધ્ધાં — પોતાના અંકુશ તળે વધારે આણ્યું. ૧૯૦૫માં બંગભંગ થયો. બંગાળીઓએ અરજીઓ, સભાઓ વગેરે જેટલું થઈ શકે તેટલું કર્યું અને આખરે સ્વદેશી અને બહિષ્કારની મહારાષ્ટ્રી ચળવળ ઉપાડી લીધી. સ્વાભાવિક રીતે જ બંગાળી લોકોને પહેલવહેલી સહાનુભૂતિ મહારાષ્ટ્ર તરફથી મળી. સરકાર તો એમ જ માને છે કે અત્યાચારનો ઉપદેશ પણ બંગાળાને પૂના તરફથી મળ્યો છે. સ્વદેશી, બહિષ્કાર અને રાષ્ટ્રીય શિક્ષણ આ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ત્રણ ઉપાયોથી સ્વરાજ મેળવવું છે એ રાષ્ટ્રીય મૂલમંત્ર બધે ફેલાયો. તિલકે આને 'स्वराज्याची चतुःसूत्री' કહી છે.

બંગાળાના રાષ્ટ્રીય આગેવાનો સ્વરાજનો અર્થ 'પૂર્ણ સ્વાતંત્ર્ય' કરતા અને બહિષ્કારનો અર્થ પણ 'અંગ્રેજી રાજ્ય અને અંગ્રેજી રાષ્ટ્ર સાથે પરિપૂર્ણ અસહકાર' એવો કરતા. તે ઉપરથી ઘણા નરમ આગેવાનોને એમ લાગ્યું કે કૉંગ્રેસને માટે એક બંધન (creed) રાખવું જોઈએ. તિલકને લાગ્યું કે આવું બંધન એક રીતે અત્યાર સુધી સૌ સ્વેચ્છાએ માનતું આવ્યું જ છે, છતાં સોગન સાથે સહી કરીને તે સ્વીકારવામાં એક જાતની માનહાનિ છે અને દેશના બધા પક્ષોને કૉંગ્રેસમાં સ્થાન લેવા દેવામાં એ અગવડરૂપ થાય, માટે તેમણે તે પસંદ કર્યું નહિ. સુરતમાં કૉંગ્રેસમાં ભાગલા પડ્યા.

બંગભંગને લીધે સ્વાવલંબનનો માર્ગ સ્વીકારનાર પ્રજા ઉપરનો એક તરફથી કૉંગ્રેસનો અંકુશ દૂર થયો તે જ વખતે બીજી તરફ સરકારે દંડનીતિ અખત્યાર કરી. એને પરિણામે બંગાળામાં યુરોપનું આસુરી હથિયાર એટલે કે ઑમ્બ અવતીર્ણ થયું. આ પરિસ્થિતિને માટે 'દેશનું દુર્દૈવ' એ મથાળા નીચે એક અગ્રલેખમાં તિલકે સરકારની દુષ્ટ નીતિને જ જવાબદાર ગણી. મહારાષ્ટ્રમાં બંગાળા વિષે સંપૂર્ણ સહાનુભૂતિ હતી, પણ તિલકના દૂરંદેશી ધોરણને લીધે અત્યાચારની પ્રવૃત્તિ રોકાઈ હતી. એ જ અરસામાં સ્વદેશી અને બહિષ્કારની ચળવળ સાથે મદ્યપાનનિષેધની ચળવળને જોર આપીને પ્રજાનું જીવન વિશુદ્ધ કરવાનો તેમણે પ્રયત્ન કર્યો. તે પણ સરકારને ગમ્યો નહિ. દારૂનાં પીઠાં આગળ લોકોને

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ઉપદેશ કરનાર સમાજસેવકોને સરકારે દબાવી દીધા. તિલકે મદ્યપાનનિષેધની ચળવળ મુંબઈના મિલમજૂરોમાં પણ ચલાવી તેથી ઘણી જ લોકજાગૃતિ થઈ. લોકમાન્ય મિલમજૂરોને કહેતા કે 'તમે અજ્ઞાનમાં અને વ્યસનમાં શા માટે સબડો છો? તમારું જીવન સુધારો તો મુંબઈમાં તમે ત્રણ લાખ છો, મુંબઈ તમારી છે. જીવન સુધારો, સંપ કરો અને હાલની સ્થિતિ જાણી લો.' આ શુદ્ધ હિલચાલ પણ સરકારને ભારે લાગી છે. તિલકને લીધે મહારાષ્ટ્રમાં અત્યાચાર આવતો અટકયો હતો, પણ સરકારને એથી ઊલટું જ ભાસ્યું. દેશના તેમ જ સરકારના દુર્ભાગ્યે તિલકના 'દેશનું દુર્દૈવ' એ લખાણમાં સરકારને રાજદ્રોહ જડયો. 'જે દેશ ઉપર પ્રેમ કરવાનો તમે દાવો કરો છો તે દેશમાંથી તમને છ વરસ બહાર રાખવામાં જ એ દેશનું ભલું છે' એમ કહીને હાઈકોર્ટે તેમને દેશનિકાલની સજા કરી! 'વ્યક્તિઓનું અને રાષ્ટ્રનું ભાગ્ય આ ન્યાયમંદિર કરતાં વધુ ઉચ્ચ વ્યક્તિઓ અને શક્તિઓના હાથમાં રહે છે, અને જે સિદ્ધાંતને માટે હું લડું છું તેનો ઉત્કર્ષ મારા છૂટાપણાના કરતાં મારા કારાગૃહવાસથી જ કરવાની એ જગન્નિયન્તાની ઇચ્છા હશે' એમ કહીને તે મહાત્માએ થયેલી સજા સ્વીકારી અને સાથે જ લોકમાન્યની આ તપશ્ચર્યાથી સ્વરાજ્યનો મંત્ર દરેક હિંદવાસીના હૃદયમાં સ્ફુરવા લાગ્યો. છ વરસની આ તપશ્ચર્યાનું બીજું ફળ 'ગીતારહસ્ય' એ સાહિત્યરત્ન છે.

તિલકને સજા કરીને જે પરિણામ લાવવાની ઇચ્છા સરકારે રાખી હતી તેથી ઊલટું પરિણામ આવ્યું. તિલકની પ્રેરણા અને અંકુશ નષ્ટ થતાં જ મહારાષ્ટ્રના નવયુવકો

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

નિરંકુશ થયા અને જે અત્યાચાર તિલકને લીધે અટકયો હતો અને જે અત્યાચાર તિલકને સજા કરીને સરકાર અટકાવવા માગતી હતી તે જ અત્યાચાર મહારાષ્ટ્રમાં ફાટી નીકળ્યો. નાશિકમાં કાવતરું ઊભું થયું. કલેકટર જૅકસનનું ખૂન થયું અને અનર્થપરંપરાનો પ્રવાહ વહેવા લાગ્યો. લગભગ પૂરે છ વરસે ઉંમરમાં વૃદ્ધ, શરીરે ક્ષીણ, પણ ઉત્સાહમાં તરુણ એવા લોકમાન્ય કર્મયોગનો સંદેશો લઈ પાછા આવ્યા. એ સંદેશો હિંદુસ્તાનની લગભગ બધી ભાષાઓમાં ફેલાયો. કર્મયોગના આચાર્યે 'સ્વરાજ્યસંઘ'ની સ્થાપના કરી અને દેશમાં સ્વરાજ્યની હિલચાલ શરૂ થઈ. રાષ્ટ્રમદથી અંધ થયેલાં યુરોપિયન રાષ્ટ્રોમાં યુદ્ધ શરૂ થયું અને હિંદુસ્તાન અણીને પ્રસંગે વફાદાર રહેશે કે નહિ એની સામ્રાજ્યને બીક લાગી. તે વખતે બ્રિટિશ સામ્રાજ્યની સાથે રહેવામાં હિંદુસ્તાનનું હિત છે એમ જાહેર કરી તિલકે સામ્રાજ્યની ભારેમાં ભારે સેવા કરી છે. છતાં શંકાખોર સરકારને તિલકનાં ભાષણોમાં રાજદ્રોહ જ દીસી આવતો. ફરી એક વાર સરકારે તિલક ઉપર નોટિસ કાઢી, પણ આ વખતે હાઇકોર્ટને તિલકના નિર્દોષપણાની ખાતરી થઈ અને તેઓ છૂટયા.

ત્યાર પછીનો ઇતિહાસ સાવ તાજો છે. સૈન્યભરતી વિષેના એમના પ્રયત્નો, પંજાબ દિલ્હી તરફ જવાની એમને થયેલી મનાઈ, મૉન્ટેગ્યુની મુલાકાત, વિલાયત જવાની મનાઈ —પણ આખરે મળેલી પરવાનગી, વિલાયતમાં કરેલું કામ વગેરે સર્વ વસ્તુઓ હજુ ગઈ સાલના જેટલી તાજી છે. તિલકની આખી જિંદગી લડવામાં જ ગયેલી છે. એક

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પત્રકારે કહ્યું છે તે પ્રમાણે 'મૃત્યુએ જ તેમને પહેલી શાંતિ આપી.' તેમનું ખાનગી જીવન સાદું અને પવિત્ર હતું. તેમની રાજકીય પ્રવૃત્તિ જોશભરી અને લડાયક હતી. અખાડામાં ઊતરે ત્યારે કોઈ પાસેથી દયા માગે નહિ, કોઈના ઉપર દયા કરે નહિ; છતાં એમના મનમાં દ્વેષ ટકતો નહોતો. આગરકર સાથે વિરોધ કર્યો, પણ એમની અંત-કાળની સેવા કરવા પોતે હાજર હતા. ભાંડારકર ઉપર પ્રહાર પણ કરતા, પણ ભાંડારકરની કદર કરીને તેમની સાથે શિષ્યભાવ પણ રાખતા. ગોખલે જોડે એમને કોઈ દિવસ બન્યું નહિ, પણ ગોખલેએ ૧૯૦૪–૦૫માં વિલાયતમાં હિંદની જે સેવા બજાવી તેની કદર કરવા માટે પૂના શહેર તરફથી તેમને સાર્વજનિક અભિનંદન આપવામાં તિલક પોતે જ અગ્રેસર હતા. તિલકના રાજકીય મતો કેવા હતા એ તપાસવાનું આ સ્થાન નથી. તેમના મતોથી હિંદી દુનિયા પરિપૂર્ણ પરિચિત છે. કોઈ માણસ ન જાણતો હોય તો તે તિલકનો દોષ નથી. પોતાના મતનો પ્રચાર કરવાની તિલકની શક્તિ અને કળા ખરેખર અલૌકિક હતી. તેમની વિદ્વત્તાનો સાક્ષાત્કાર દુનિયાને થયો છે, પણ તેઓએ પોતાની સઘળી વિદ્વત્તા હિંદી લોકોના મોક્ષને માટે જન્મભૂમિને ચરણે અર્પણ કરી હતી. સ્વરાજ્ય એ એમના જીવનનો આધાર-સ્તંભ હતો. તેઓ બુદ્ધિમાં બ્રાહ્મણ અને વૃત્તિમાં ક્ષત્રિય હતા. તેઓ હિંદી જાગૃતિના જનક, આધુનિક મહારાષ્ટ્રના પંચપ્રાણ, રાષ્ટ્રીય પક્ષના અધ્વર્યુ, સ્વરાજ્યમંત્રના ઋષિ, નોકરશાહીના વેરી અને હિંદદેવીના અનન્ય ઉપાસક હતા. હિંદુસ્તાનવાસી આપણે એમના જીવન ઉપરથી સ્વદેશસેવાની

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

દીક્ષા લઈને સ્વરાજ્યના અધિકારી થઈશું ત્યારે જ એમના પરાક્રમી આત્માને શાંતિ મળશે અને ત્યારે જ એમનું જીવન સફળ થશે. સ્વપ્રયત્નથી માણસ જેટલું જીવનસાફલ્ય મેળવી શકે છે તેટલું તેમણે પરિપૂર્ણ મેળવેલું છે.

૮-૮-'૨૦

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

૩૨

ત્યાગી દેશબન્ધુ

[જૂન ૧૬]

'દેવોને પોતાનું અમૃત પાઈ પાઈને ક્ષીણ થયેલો કૃષ્ણપક્ષનો ચન્દ્રમા શુક્લપક્ષના ચન્દ્ર કરતાં વધારે સુન્દર દેખાય છે,' એવું કાલિદાસનું વચન છે. દેશબન્ધુ ચિત્તરંજન દાસ એ સુન્દરતાને પહોંચ્યા. વિદ્યાર્થી દશા પૂરી કરી જ્યારે તેઓ ધંધામાં પડ્યા ત્યારે તેમના પર પિતાના વખતનું ભારે કરજ હતું. અશ્રાન્ત મહેનત કરી તેમણે તે ફેડ્યું. આ કરજને લીધે તેમને ઘણું ખમવું પડ્યું હતું. જાહેર કામમાં તેઓ ભાગ લઈ શકતા ન હતા. ઋણમુક્ત થયા પછી શુક્લપક્ષના ચન્દ્રની પેઠે તેમની સમૃદ્ધિ વધી. હમેશાં દાન કરતા છતાં તેમની આવક વધતી જ ગઈ. જે દિવસે તેમણે પોતાનું આલીશાન મકાન પૂરું કર્યું હશે તે દિવસે તેમને કેટલો આનંદ થયો હશે?

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પણ દેશબન્ધુની દેશલાગણી દાનથી તૃપ્ત થાય એવી ન હતી. તેમને ત્યાગધર્મનો રંગ લાગ્યો. તેમણે પેતાની વકીલાત છોડી દીધી; પોતે ગરીબ બન્યા, અને ગરીબોની સેવા કરવાની તેમણે દીક્ષા લીધી. આજે તેમનું તે ઘર કોરટે લિલામમાં કાઢયું છે. દેશબન્ધુ કમાણીનો વિચાર રાખે તો એક ક્ષણમાં પોતાની મિલકત બચાવી શકે. પણ તેમને ત્યાગધર્મની લગની લાગી. ઘર બાંધતાં તેમણે જે આનંદ અનુભવ્યો તેથીયે વધારે આનંદ ઘર હાથમાંથી જતાં તેમને થતો હશે.

આવા પુણ્યપુરુષોના ત્યાગથી જો હિન્દ સમાજની આત્મશુદ્ધિ ન થાય તો તેને માટે કઈ આશા રાખી શકાય ? પ્રાચીન કાળથી શિબિ અને હરિશ્ચન્દ્ર જેવા ત્યાગશૂરોએ ચલાવેલી પરમ્પરા હિંદુસ્તાનમાં હજી કાયમ છે; પણ તેની સાથે સાથે જો દાન ઉપર પરિપુષ્ટ થનાર અને શુદ્ધ સ્વાર્થીને અથવા પામરને છાજે એવા મોહને માટે મલિન જીવન ગાળવાની પરમ્પરા પણ આપણે ચાલતી રાખીશું તો ઈશ્વરની દયા પણ ખૂટી જશે અને તેના મહાન કોપને આપણે જાગૃત કરીશું.

૨૫-૧-'૨૩

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

૩૩

સ્વરાજ્યમહાવ્રત

[એપ્રિલ ૬–૧૩]

વ્રત હોય કે તહેવાર હોય તેની પાછળ કોઈ ને કોઈ મહાન સામાજિક અથવા આધ્યાત્મિક તત્ત્વ રહેલું હોય છે. ચૈત્રી પડવાને દિવસે દક્ષિણ હિન્દુસ્તાનમાં ભારે ઉત્સવ મનાય છે કેમ કે તે દિવસે શ્રી રામચંદ્રે વાલિનો પરાભવ કરી દક્ષિણ હિંદુસ્તાનને સ્વતંત્રતા અને નિર્ભયતા આપી. તે જ દિવસે પ્રજ્ઞાઉદ્ધારક શાલિવાહને વિદેશી હૂણ અને શક લોકોના તાપમાંથી પ્રજાને મુક્ત કરી. અને તે કેવી રીતે? માટીનાં પૂતળાંઓમાં સંજીવની રેડી તેમને લડવૈયાઓ બનાવીને.

આજનો આપણો સ્વરાજ્ય-સપ્તાહ એવો જ એક મહાવ્રતનો દિવસ છે. સ્વરાજ્યસ્થાપના થયા બાદ તે ઉત્સવનો દિવસ થશે. તેની પાછળ અનેક તારક તત્ત્વો રહેલાં છે. આ સપ્તાહમાં માટીનાં પૂતળાં જેવી બનેલી પ્રજામાં સત્યાગ્રહ-સંજીવની રેડાઈ, જેથી પેટે ચાલતું રાષ્ટ્ર

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ઊભું થયું. આજ સપ્તાહની પ્રેરણાને બળે સૈકાંઓથી પરસ્પર લડી હાડવેર કેળવતા હિંદુમુસલમાન એક થયા અને એ જ એકતાને લીધે આટલા દિવસ અશક્ય ભાસતું સ્વરાજ્ય એકાએક પ્રકટ થયું હોય એમ દેખાવા લાગ્યું છે. નિરાશામાં જ ઊછરેલા અનેકોને તો એમ જ થઈ રહ્યું છે કે સ્વરાજ્ય આટલું વહેલું સંભવિત જ કેમ થઈ શકે? પણ સ્વરાજ્યનું આગમન એટલું બધું પ્રત્યક્ષ છે કે તે માનવાની તૈયારી હોય કે ન હોય, તે માન્યા વગર છૂટકો રહ્યો નથી.

જેઓ આટલા કાળ અશક્ય અશક્ય કહેતા હતા તેઓ આજે આ બધી શી ઇંદ્રજાળ ઊભી થઈ છે એમ કહેવા લાગ્યા છે. પણ એમાં ઇંદ્રજાળ શાની? કલાકે ચાળીસ માઈલના વેગથી ચાલતી રેલગાડીને જે પવનના દબાણથી એકદમ ઊભી કરી શકાય છે તો અસહકારથી એક ઉન્મત્ત સલ્તનતને ઠેકાણે લાવવી એમાં કઈ ઇંદ્રજાળ છે?

પોતાને પગે ચાલી આવતા આ સ્વરાજ્યને આપણે કેવી રીતે વધાવીશું? આપણું હૃદયમંદિર સ્વરાજ્ય દેવતાને વસવા જેટલું શુદ્ધ અને પવિત્ર છે કે કેમ એ આપણે તપાસવું જોઈએ, તેથી જ આ અઠવાડિયાને આપણે આત્મશુદ્ધિનો સપ્તાહ કહીએ છીએ.

આ સપ્તાહમાં આપણે સર્વ વ્યસનોનો ત્યાગ કરવાનો નિશ્ચય કરીએ. સ્વરાજ્યફાળામાં યથાશક્તિ દ્રવ્ય આપીએ છીએ. આ કંઈ દાન નથી. સ્વરાજ્યનો એક મરજિયાત કરવેરો છે. સ્વરાજ્ય એટલે જબરાઈનો અભાવ. તેથી દરેક જણ પોતાની શ્રદ્ધા પ્રમાણે વધારેમાં વધારે કરવેરો આપી દે. રામરાજ્ય બીજું કેવું હોઈ શકે? સત્તાનો ઉપયોગ કર્યા

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

વગર રાષ્ટ્રીય મહાસભા હિંદ ઉપર રાજ્ય ચલાવી રહી છે. રામરાજ્યમાં આથી વધારે શું હોય?

આજે આપણે હૃદયસ્થ પરમાત્માની પ્રાર્થના કરીએ કે હે હૃદયસ્થ દેવ! હે જનતારૂપી જનાર્દન! અમને સ્વરાજ્યના સાચા ઉપાસક બનાવ. સ્વરાજ્ય ઉપરની અમારી શ્રદ્ધા ચળે તે પહેલાં જ અમારા શરીરમાંથી અમારા પ્રાણ ચાલ્યા જાઓ! અમે આજ સુધી બહુ દુઃખ વેઠયું છે, તેથી કોઈના ઉપર દુઃખ ગુજારવાની અમને બુદ્ધિ ન થાઓ; આજ સુધી પરાધીનતામાં સડ્યા છીએ, તેથી કોઈનું સ્વાતંત્ર્ય ખૂંચવી લેવાની વૃત્તિ કે શક્તિ અમારામાં ન આવો. સામ્રાજ્યના અમર્યાદ ભદના ભોગ થઈ પડ્યા છીએ, કોઈ કાળે ઐહિક સામ્રાજ્ય સ્થાપવાની લાલસા અમારા હૃદયમાં ઉત્પન્ન ન થાઓ. સામ્રાજ્ય એક તારું જ સ્થપાઓ અને આટલી તપશ્ચર્યાથી પુનિત થયેલો આ રાષ્ટ્રીય સમાજ કોઈ કાળે કલુષિત ન થાઓ. અનંતકાળ આ સમાજ સત્ય, અહિંસા અને સંયમના ઉત્સવરૂપે દુનિયામાં શાશ્વત થાઓ!

૧૨-૪-'૨૧

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

૩૪

ગોખલેજીને શ્રદ્ધાંજલિ*

[ફેબ્રુઆરી ૧૯]

આજનો દિવસ શ્રાદ્ધનો છે. શ્રાદ્ધ એટલે શ્રદ્ધા વડે ભૂતકાળને જીવતો રાખવાનો એક અદ્‌ભુત ઉપાય. ગોખલેજી આ લોક છોડી ગયા તેને આજ સાત વર્ષ થયાં છે, છતાં હજુ આપણે તેમની પાસેથી પ્રેરણા લઈએ છીએ, સ્ફૂર્તિ લઈએ છીએ, અખંડ સેવાની દીક્ષા લઈએ છીએ અને આ રીતે તેમને આપણે આપણામાં જીવતા રાખીએ છીએ. ૧૯૧૫ ના ફેબ્રુઆરીની ૧૯ મી તારીખ સુધી તેઓ પોતાને પ્રાણે જીવતા હતા, આજે તેઓ આપણા પ્રાણે જીવી શકે છે. આપણામાં જેટલો પ્રાણ હશે તેટલા જ તેઓ જીવશે. ગોખલેજીના જીવને આપણામાં જે જીવન રેડયું તે જો

* ૧૯૨૨ ની ગોખલે જયંતી નિમિત્તે મુંબઈમાં ભગિની સમાજ આગળ અર્પેલી શ્રદ્ધાંજલિ.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

આપણામાં જીવશે તો ગોખલેજી હજીયે જીવશે. તે જીવન આપણામાં વધશે તો ગોખલેજી ચડશે. અને જ્યારે તે જીવન આપણામાંથી સમૂળું ખૂટશે ત્યારે જ ગોખલેજી ગુજરી જશે. આજે આપણે અહીંયાં ભેગાં થઈ ગોખલેજીનું શ્રાદ્ધ કરી રહ્યાં છીએ. તે દ્વારા આપણે કહીએ છીએ કે ભારતસેવક ગોખલે ઘણું જીવો.

કોઈ પણ માણસનું જીવન જુઓ, તેમાં ફેરફાર થતા જ જાય છે. જીવન એટલે જ પરિવર્તન. જીવન એટલે જ પ્રગતિ. પ્રતિવર્ષે, પ્રતિદિવસે અને પ્રતિક્ષણે માણસનો અનુભવ વધતો જાય છે, માણસની દૃષ્ટિ વિશાળ થતી જાય છે અને માણસનું જીવન વિકસતું જાય છે. વિદ્યાર્થી ગોખલે કરતાં અધ્યાપક ગોખલે આગળ વધ્યા, અર્થશાસ્ત્રી ગોખલે કરતાં નામદાર ગોખલે શ્રેષ્ઠ નિવડ્યા, નામદાર ગોખલે કરતાં રાષ્ટ્રનાયક ગોખલે શ્રેષ્ઠ થયા. આમ ગોખલેજીની શ્રેષ્ઠતા દહાડે દહાડે વધતી જ ગઈ છે. સામાન્ય લોકો માને છે કે મૃત્યુ સુધી જ માણસ વધે છે, પણ એમાં ભૂલ છે. જીવતા ગોખલેજી કરતાં રાષ્ટ્રના હૃદયમાં વસતા આજના ગોખલેજી અનેક દરજ્જે શ્રેષ્ઠ છે. જીવતા ગોખલે સૂતા હતા, કામ કરી થાકતા હતા, કંટાળતા હતા, વખતે ચિડાતા પણ હતા, પણ આજના ગોખલે — હૃદયસ્થ ગોખલે આદર્શ છે, આજની તેમની દેશસેવા અમર્યાદ અને અખંડ છે અને દહાડે દહાડે તે ચડતી જશે અને વિશુદ્ધ થતી જશે.

આ શક્તિ કોની છે? આ શક્તિ શ્રાદ્ધની છે. શ્રાદ્ધ એટલે સ્મૃતિ નથી, શ્રાદ્ધ એટલે ઇતિહાસનું અધ્યયન નથી. શ્રાદ્ધ એ અમૃતસંજીવની છે. સ્મૃતિ દુઃખરૂપ હોય છે અને

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

દુઃખની પેઠે જ તે અલ્પજીવી હોય છે. જેમ દુઃખનો અંત આવે છે તેમ સ્મૃતિ પણ ભૂંસાતી જાય છે. દુઃખ જેમ આપણને દુર્બળ કરે છે તેમ સ્મૃતિ પણ આપણને કરુણાર્દ્ર કરી નાખે છે. ઇતિહાસની પણ એ જ દશા છે. ઇતિહાસ ચાલતો નથી, વધતો નથી. ઇતિહાસની સ્થિરતા મારક હોય છે. ઇતિહાસમાં જીવન નથી હોતું. ઇતિહાસ એ પૂતળું છે, એ છબી છે. નવ વર્ષની બાળા જ્યારે પ્રસન્નતાથી હસે છે ત્યારે તેમાં કેટલું અપૂર્વ ચૈતન્ય, માધુર્ય અને પાવિત્ર્ય હોય છે! પણ એ જ હાસ્યની છબી પાડો કે મૂર્તિ બનાવો અને જુઓ. એની સ્થિરતા જ બધું મારી નાખે છે. ઇતિહાસનું પણ એમ જ છે. ઇતિહાસ સત્યનું વર્ણન સ્થિર કરવા જાય છે અને તેમાં જ તે અસત્યરૂપ બની જાય છે. ઇતિહાસ એ સત્યનું પ્રેત છે. ઇતિહાસ વ્યક્તિનું અને રાષ્ટ્રનું સ્વરૂપ સ્થિર કરી એક રીતે એને નિર્જીવ કરી નાંખે છે.

શ્રાદ્ધ એથી જુદી જ વસ્તુ છે. શ્રાદ્ધ મૃત વ્યક્તિને અમર કરે છે. રામાયણ મહાભારત ઇતિહાસ નથી પણ શ્રાદ્ધ છે. તેથી જ તે રાષ્ટ્રીય ગ્રંથો યુગે યુગે રાષ્ટ્રમાં પ્રાણ રેડતા આવ્યા છે. ઇતિહાસમાં એ શક્તિ નથી. આપણે વાર્ષિક શ્રાદ્ધ દ્વારા પૂજ્ય વ્યક્તિને દહાડે દહાડે વધારે રાષ્ટ્રીય બનાવીએ છીએ. સને ૧૮૬૬થી ૧૯૧૫ સુધી જીવતા ગોખલેજી કેવા હતા તેનો યથાર્થ ચિતાર ઇતિહાસ ભલે ચીતરી રાખે, આપણને તેની દરકાર નથી. જે ગોખલે આજે આપણા હૃદયમાં છે તેનું જ આપણે દર્શન કરીએ, તેનું જ સ્મરણ કરીએ, તેની જ પાસેથી દેશસેવાની દીક્ષા લઈએ. તે વખતના ગોખલે આપણને કહેતા હતા કે

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

વધારે પૈસા આપવા પડે તોપણ સ્વદેશી કપડાં જ વાપરો. તે જ ગોખલે આજે હૃદયમાં પ્રવેશ કરી આપણને કહે છે કે પૈસાનો વિચાર કરો જ મા, ખાદી જ વાપરો. હૃદયસ્થ ગોખલે કહે છે કે હું અર્થશાસ્ત્રનો અધ્યાપક હતો, પણ આજે તમને કહું છું કે ધર્મશાસ્ત્ર આગળ અર્થશાસ્ત્ર શૂન્ય છે. જે ધર્મશાસ્ત્રને વશ રહે છે તે જ સાચું અર્થશાસ્ત્ર. ખાદી વાપરનાર હિંદુસ્તાનનું કોઈ કાળે આર્થિક અકલ્યાણ થવાનું નથી; કેમ કે ખાદીમાં ધર્મ રહેલો છે.

સરયૂ નદીને કાંઠે રહેતા રામે શું કર્યું, તેનું જીવન કેવું હતું, તે આપણે જાણી શકતા નથી; આપણને તેની ગરજ પણ નથી. પણ વાલ્મીકિના પ્રતિભાસ્રોતમાં જન્મેલા અને આર્યાવર્તના હૃદય પર રાજ્ય કરતા રાજા રામચંદ્રને જ આપણે જાણવા માગીએ છીએ; કેમ કે ઐતિહાસિક રામ કરતાં વાલ્મીકિના રાષ્ટ્રીય રામે જ ભારતવર્ષનું વધારે કલ્યાણ કર્યું છે. વિરહી દુષ્યંત જેમ શકુંતલાની ભાવગમ્ય છબી ચીતરતો હતો અને શકુંતલાનું જેમ જેમ ધ્યાન વધે તેમ તેમ 'यद्यत्साधु न चित्रे स्यात्क्रियते तत्तदन्यथा' એમ કહી ફેરફાર કર્યે જ જતો હતો છતાં તે શકુંતલાની જ છબી રહેતી, તેમ જ આપણે રાષ્ટ્રીય પુરુષોનાં ચરિત્રમાં કરીએ છીએ — તેમની રાષ્ટ્રીય આવૃત્તિ કાઢીએ છીએ.

આમ કરવામાં જેટલો લાભ છે તેટલું જોખમ પણ છે જ. પવિત્ર પુરુષની સ્મૃતિ એ એક વારસો છે. તે આપણે વધારી શકીએ છીએ તેમ બગાડી પણ શકીએ છીએ. સોંઘા વારસા સાથે જબરદસ્ત જવાબદારી પણ આપણી

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ઉપર આવી પડે છે અને તે જવાબદારીનું ભાન જ આપણને પ્રેરક અને તારક થવું જોઈએ.

આજના શ્રાદ્ધને દિવસે ગોખલેજી વિષે મારે કંઈ કહેવું જોઈએ, પણ સાચું કહું તો મેં ઐતિહાસિક દૃષ્ટિએ અથવા અભ્યાસની દૃષ્ટિએ ગોખલેજીનું જીવન જોયું કે વાંચ્યું નથી. ગોખલેજીને મેં ઘણી વાર જોયેલા પણ નહિ. કોઈ ફિરસ્તાનું દર્શન થાય તેમ એમને હું બે ચાર વાર જ જોવા પામ્યો હતો. તે વખતની સ્મૃતિ શ્રદ્ધાની ભૂમિમાં મેં સંગ્રહી રાખી છે — ના, સંગ્રહી નથી રાખી, વાવી દીધી છે. એ બીજને વખતોવખત સિંચન મળ્યું છે અને તેથી તે બીજ અંકુરિત થઈ અનેક રીતે ફૂલ્યું છે, ફાલ્યું છે.

ગોખલેજીનું પ્રથમ દર્શન — અવ્યક્ત દર્શન — મને ફર્ગ્યુસન કૉલેજ મારફત થયું. જ્યારે હું તે કૉલેજમાં ગયો ત્યારે ગોખલેજી ત્યાં ન હતા, પણ ત્યાંનું વાતાવરણ ગોખલેમય હતું. બધે ગોખલેની છાપ દેખાતી હતી.

ફર્ગ્યુસન કૉલેજ એટલે વાદવિવાદનું કુરુક્ષેત્ર. પૂનામાં જેટલા પક્ષો છે તેટલા જ અથવા તેથીયે વધારે પક્ષો ફર્ગ્યુસન કૉલેજના વિદ્યાર્થી વસ્તીગૃહમાં જોવામાં આવે છે. જ્યારે હું પહેલવહેલો ફર્ગ્યુસન કૉલેજમાં ગયો ત્યારે મારી દશા પહેલી વાર શહેરમાં આવનાર ગામડિયા વિદ્યાર્થી જેવી હતી. છાત્રાલયમાં દરેક પક્ષના હિમાયતીઓ મારી પાસે આવે અને મને મારા મતો નક્કી કરવામાં 'મદદ' કરે. પૂનામાં કોઈ પણ માણસ પક્ષરહિત ન રહી શકે. ત્યાંનું વાતાવરણ એવા માણસને સાંખી જ ન શકે. ફર્ગ્યુસન કૉલેજના છાત્રાલયમાં મેં ગોખલેજીની નિંદા અને સ્તુતિ બંને એટલાં

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

બધાં સાંભળેલાં કે કશા નિર્ણય પર આવવું મારે માટે અશક્ય હતું. મારા મનમાં એટલું નક્કી થયું કે ગોખલેજી ગમે તેવા હો, પણ જાણવા જેવી વ્યક્તિ તો છે જ. નિંદા અને સ્તુતિએ પરસ્પર વિઘાતક કામ કર્યું તેથી હું છૂટો રહ્યો. મનમાં એટલો ભાવ રહ્યો હતો કે ગોખલેજી ભારે દેશસેવક છે છતાં તેમણે ગોરા સિપાહીઓની પેલી માફી માગી એ તો એમના પર કલંક જ છે. પુરાવો ન મળ્યો તેથી શું ? જ્યાં સુધી મનની ખાતરી છે ત્યાં સુધી આપણે માફી શા માટે માગીએ ? મારો આ અભિપ્રાય ઘણાં વર્ષ સુધી રહેલો. આજે તે નથી. જાહેર જીવનનું સ્મૃતિશાસ્ત્ર હવે હું વધારે સમજતો થયો છું.

કૉંગ્રેસ વતી વિલાયતમાં છપાતું 'ઇંડિયા' પત્ર હું કૉલેજમાં ધ્યાનપૂર્વક વાંચતો; તેથી ગોખલેજી વિલાયતમાં ભાષણો આપતા, મદ્યપાનનિષેધની યોજના ઘડતા, પોતાના દેશ માટે કૅનેડાના જેવું સેલ્ફ-ગવર્નમેન્ટ માગતા તે બધી વસ્તુઓથી હું વાકેફ રહેતો, અને તેથી ગોખલેજી વિષે મનમાં ધીમે ધીમે શ્રદ્ધા પેદા થતી ગઈ અને સાથે સાથે એક મૂર્તિ પણ પેદા થતી ગઈ. આખરે એક દિવસ ઊગ્યો અને મેં સાંભળ્યું કે આજે ગોખલેજી કૉલેજમાં આવવાના છે. કયો પ્રસંગ હતો તે તો હું ભૂલી ગયો છું. ગોખલેજીની પ્રસન્નગંભીર મૂર્તિ વ્યાસપીઠ ઉપર ઊભી થઈ. એમની ભાષામાં અથવા એમના અવાજમાં શાસ્ત્રોક્ત વક્તાનો ચમત્કાર કે ચળકાટ ન હતો, પણ તેમની ભાષામાં સંસ્કારિતા, દેશકલ્યાણ અને દેશસેવાની લાગણી ઓતપ્રોત હતાં. તેમના અવાજમાં અંતરની ઉત્કટતાનું ગુંજન હતું. ઉદાત્ત વાતાવરણમાં હમેશાં વિહરતી આ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

વિભૂતિ છે એમ સ્પષ્ટ દેખાતું હતું. અને વળી ફર્ગ્યુસન કૉલેજ તો તેમને જ હાથે ઊછરેલું ગોકુળ; એટલે તેમના ઉપદેશમાં અધિકાર અને વાત્સલ્ય સરખાં જ સમાયેલાં હતાં. તે દિવસનું વ્યાખ્યાન તો હું ભૂલી ગયો છું, પણ વ્યાખ્યાનની અસર કાયમ છે. એક જ વસ્તુ હજી સ્પષ્ટ યાદ છે. તેમણે કહેલું: 'તમે જાણો છો કે દર વર્ષે આયપત વેરો લેનાર અમલદારો તમારે બારણે આવે છે અને સરકારનો કર તમારી પાસેથી ઉઘરાવી લઈ જાય છે. આજે દેશને નામે એવો જ એક ટૅક્સગૅધરર — કર વસૂલ કરનાર હું તમારે બારણે આવી ઊભો છું. મારે સેંકડે પાંચ ટકાનો કર જોઈએ છે. પણ તે પૈસાનો નહિ, નવજવાનોના શ્રદ્ધાવાન જીવનનો. આ મહાવિદ્યાલયમાં ભણનાર જુવાન વિદ્યાર્થીઓમાંથી પાંચ ટકા વિદ્યાર્થીઓ દેશસેવાને અર્થે પોતાની જિંદગી અર્પણ કરે એમ હું ઇચ્છું છું. એમ થાય તો જ મને સમાધાન થાય.' કેટલી મહત્ત્વની માગણી, છતાં કેટલી થોડી! તે દિવસે મારા હૃદયમાં નવો પ્રકાશ પડ્યો, વિચારને એક નવી દિશા મળી અને કંઈક અંશે હું દ્વિજ બન્યો.

એ જ અરસામાં ગોખલેજી બનારસમાં મહાસભાના અધ્યક્ષ થયા. બનારસની ભોળી પ્રજાએ 'પૂનેકા રાજા' કહી તેમનું સ્વાગત કર્યું. તે વખતનું ભાષણ એટલું બધું સંપૂર્ણ હતું કે અનેક વાર મેં વાંચ્યું તોયે સંતોષ ન થયો. ત્યાર પછી બંગભંગ સામેની હિલચાલ વધી. સ્વદેશી, બહિષ્કાર, રાષ્ટ્રીય શિક્ષણ અને સ્વરાજ્યની ચતુર્વિધ હિલચાલ જોરથી જાગી ઊઠી. એની અંદર હું તણાયો. બિપિનચંદ્ર પાલ અને અરવિન્દ ઘોષે હૃદયમાં સ્થાન લીધું અને

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ગોખલેજીની છાપ ભૂંસાઈ ગઈ. હું એ પણ ભૂલી ગયો કે દેશસેવાની જ્યોત મારામાં ગોખલેજીએ જ સળગાવી હતી. ત્યાર પછી સુરતમાં જાદવાસ્થળી થઈ. તે વખતના અન્ને પક્ષના છાપાંઓ વાંચી હું નિરાશ થયો. અન્ને પક્ષનાં છાપાંમાં એટલી બધી ક્ષુદ્રતા જોવામાં આવતી કે એને દુર્ગંધની જ ઉપમા આપી શકાય. ત્યાર પછી રાજકારણ વિચિત્ર રીતે વહેવા લાગ્યું. સરકાર ગાંડી થઈ અને આપણા અન્ને પક્ષો ઈર્ષા, અસૂયા અને હિંસાથી તરબોળ થઈ ગયા. એની અસર પણ મારા ઉપર ખૂબ થઈ. રાષ્ટ્રીય પક્ષનાં તત્ત્વો મને પસંદ હતાં, અરાજક લોકોનો યુક્તિવાદ મને યથાર્થ લાગતો, છતાં નરમ પક્ષના આગેવાનો વિષે જે નિન્દાપ્રચુર બીભત્સ લેખો અને ચિત્રો આવતાં તેની તો મને સૂગ ચડતી. અસૂયાવૃત્તિ સમાજમાં એટલી બધી વધી કે ગોખલેજીને 'હિંદુ પંચ' પત્ર સામે નાલેશીની ફરિયાદ કરવી પડી. મહાન ગોખલે 'હિંદુ પંચ' જેવા ક્ષુદ્ર પત્ર સામે નાલેશીની ફરિયાદ કરી માફી મંગાવે એ તો મને બિલકુલ રુચ્યું નહિ. બ્રિટિશ સોલ્જરોની ગોખલેજીએ માફી માગી એમાં તેમની મહત્તા વધી એ આજે મને સમજાય છે. પણ 'હિંદુ પંચ' પાસે માફી મગાવવામાં ગોખલેજીએ કશું મેળવ્યું નહિ એમ હું માનું છું. પણ એમાં ગોખલેજીના કરતાં મારા જેવાનો જ વાંક વધારે જોઉં છું. ગોખલેજીની અભદ્ર નિન્દા સાંભળી અકળાઈ જતા મારા જેવા ઘણા હશે. પણ અમે મૂંગા રહ્યા. અમે જો તે વખતે જાહેરમાં એવી નિંદાનો નિષેધ કર્યો હોત તો ગોખલેજીને પોતાના સમાજ વિષે આટલું બધું નિરાશ ન થવું પડત.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

એ જ અરસામાં મુંબઈમાં પ્રભુ જ્ઞાતિની સ્ત્રીઓએ એક કળાપ્રદર્શન ગોઠવ્યું હતું અને ગોખલેને હસ્તે તે ઊઘડવાનું હતું. કળા વિષે પણ તેમણે વિચાર કરી રાખેલો. હું તેમનું તે ભાષણ સાંભળવા ગયો અને ગોખલેજીને ત્યાં મેં પહેલવહેલા મરાઠીમાં બોલતા સાંભળ્યા. તે જ વખતે મનમાં વિચાર આવ્યો કે આ રાષ્ટ્રપુરુષ લેજિસ્લેટિવ કાઉન્સિલ કરતાં સમાજમાં અને અંગ્રેજી કરતાં મરાઠીમાં કામ કરે તો એની દેશસેવા વધે અને કીર્તિ પણ વધે. પણ લેજિસ્લેટિવ કાઉન્સિલમાં સંગીન કામ કરનાર લોકો ઓછા હતા તેથી જ મને લાગ્યું કે ગોખલેજીને કાઉન્સિલમાં પોતાનો વધારે વખત આપવો પડ્યો હશે.

અંત્યજોદ્ધાર વિષેનું એમનું એક ભાષણ એ જ અરસામાં મેં મુંબઈના ટાઉન હોલમાં સાંભળેલું. ત્યાર પછી દેશમાં અરાજક વધ્યું. લોકમાન્ય માંડલેની જેલમાં 'ગીતારહસ્ય' લખતા હતા અને દેશમાં ગ્લાનિ પ્રસરેલી હતી. હું ગુજરાતમાં આવ્યો અને થોડા દિવસ સુધી અધ્યાપનમાં મશગૂલ રહ્યો. ગોખલેજી કર્યાં છે, શું કરે છે એ હું જાણતો પણ ન હતો. રામ ણ પરમહંસ, સ્વામી વિવેકાનંદ, ભગિની નિવેદિતા વગેરેના ગ્રંથોમાં જ મને વધારે રસ પડતો. ૧૯૧૧ કે–૧૨ માં ભગિની નિવેદિતા વિદેહ થયાં એ વખતે ગોખલેજીની શ્રદ્ધાંજલિ પ્રગટ થયેલી. તે નાનકડી છતાં એટલી સુંદર હતી કે મારી શ્રદ્ધા ફરી જાગૃત થઈ. ન્યાયમૂર્તિ રાનડે વિષેનાં તેમનાં ભાષણો અને લેખોનું સ્મરણ થયું અને ગોખલેજી વિષેનો આદર મારા અંતરમાં ફરી જાગ્યો. ગોખલેજીનો હું વધારે અભ્યાસ કરવા લાગ્યો. વિદ્યાર્થી અને રાજકારણ, હિંદુમુસ્લિમ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ઐક્યનો પ્રશ્ન, દુનિયાની સમસ્ત પ્રજાઓની કૉંગ્રેસ આગળનું તેમનું ભાષણ વગેરે વાંચી મારી ખાતરી થઈ કે ગોખલેજી દસ પાંચ વર્ષનો વિચાર કરનાર 'પૉલિટિશ્યન' નથી, પણ રાષ્ટ્રહિતનો દીર્ઘદૃષ્ટિથી વિચાર કરનાર એક રાષ્ટ્રોદ્ધારક છે. ખાસ કરીને હિંદુમુસલમાનની એકતા વિષે જે નીતિ એમણે સ્વીકારી હતી તે જોઈને જ તેમના ધ્યેયની અને તેમની દીર્ઘદૃષ્ટિની મને ખાતરી થઈ. હિંદુમુસલમાનનું ઐક્ય એ જ હિંદી રાજ્યપ્રકરણનો પાયો છે એ તેઓ જોઈ શક્યા હતા. એ એક જ કામ માટે પણ હિંદુસ્તાને ગોખલેજી પ્રત્યે કૃતજ્ઞ રહેવું લાજમ છે.

દેશનું રાજકારણ પાયાશુદ્ધ અને અધ્યાત્મિક કરવાનો તેમનો આગ્રહ હતો. દેશની સ્થિતિ જોતાં ગોખલેજીને એમ લાગ્યું કે જ્યાં સુધી દેશસેવાનો જ અહર્નિશ વિચાર કરનાર અને પોતાની આખી જિંદગી દેશસેવાને જ અર્પણ કરનાર લોકોનો વર્ગ દેશમાં પેદા ન થાય ત્યાં સુધી દેશનું રાજકારણ રખડવાનું જ. દુનિયાદારીમાં પણ ભળીશું અને નવરાશના વખતમાં દેશસેવા પણ કરીશું એ વૃત્તિથી દેશસેવા થઈ ન શકે, એ વસ્તુ અનુભવથી તેઓ બરાબર જોઈ શક્યા હતા. બીજી એક વસ્તુ જે હિંદી સ્વભાવમાં — હિન્દી સંસ્કૃતિમાં અનાદિકાળથી છે તે તેમણે વિશેષ આગ્રહપૂર્વક દેશસેવામાં દાખલ કરી અને દેશ આગળ વિશેષ રૂપે મૂકી દીધી. તે વસ્તુ તે ગરીબાઈનું મહત્ત્વ. દેશસેવામાં પૈસાની જરૂર છે, પૈસા વગર કરેલું કામ અટકી રહે છે, સદુપયોગ કરીએ તો અમુક દરજ્જે સંપત્તિ આશીર્વાદરૂપ થઈ શકે છે એ બધું સાચું છે. છતાં દેશસેવક

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પોતે જેટલે દરજ્જે નિર્ધન રહે તેટલે દરજ્જે તેની દેશસેવા વધારે સંગીન થવાનો સંભવ હોય છે. આ વાત ગોખલેજી પૂરતી જાણતા હતા. બાવાવેરાગી થઈ યાત્રા કરતા ફરવું એ પ્રમાણમાં સહેલું છે, પણ સમાજમાં ભળવું, સમાજને સાથે લઈ દેશોન્નતિનાં કાર્યો કરવાં, દેશની આગેવાની કરવી અને તે સાથે દારિદ્રયનું વ્રત લઈ ઓછામાં ગુજરાન ચલાવી દ્રવ્યલોભને એક કોરે મૂકી દઈ નિઃસ્પૃહતા કેળવવી એ વાત અઘરી છે. વિદ્વાન છતાં નમ્ર, ગરીબ છતાં તેજસ્વી અને તપસ્વી છતાં દયાળુ એવા લોકો જ સમાજ ઉપર અને ખાસ કરીને હિન્દી સમાજ ઉપર પ્રભુત્વ મેળવી શકે છે. ધન મેળવવાની શક્તિ હોય છતાં જે માણસ ગરીબાઈ પસંદ કરે છે, લાખો રૂપિયા હાથમાં છતાં જે માણસ પૈસાથી મળતી સગવડો ભોગવવાની લાલચમાં પડતો નથી તે જ માણસ સમાજની સાચી સેવા કરી શકે છે અને પોતે સ્વતન્ત્ર રહી શકે છે. ગરીબાઈનો આદર્શ ન હોય તો દેશસેવક જોતજોતામાં પૈસાનો સેવક, પૈસાદારનો આશ્રિત અને દેશહિતનો દ્રોહી થઈ જવાનો હમેશાં ડર રહે છે.

ગરીબાઈના આદર્શ સાથે જો અખંડ ઉદ્યોગનું વ્રત ન હોય તો ગરીબાઈ જડતાનું સ્વરૂપ પકડે. તમોગુણી ગરીબાઈ કશા કામની નથી. માણસ સમાધાન રાખી પોતાના સ્વાર્થ કે એશઆરામ માટે ભલે મહેનત ન કરે, પણ એણે મહેનત તો કરવી જ જોઈએ. સકામ હો કે નિષ્કામ પણ કર્મ તો કરવું જ જોઈએ. કર્મ ન કરીએ તો આપણને જીવવાનો હક ન રહે. મહેનત કરવાની તક ન મળવી એ ઈશ્વરનો

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ભારેમાં ભારે શાપ ગણાય. ઉદ્યોગ એ ઉદરનિર્વાહને માટે જ છે એમ નથી. ઉદ્યોગ એ જીવનનો આનંદ છે, કાયિક, વાચિક અને માનસિક શક્તિઓ ખીલવવાનું સાધન છે અને પવિત્રતાની તેમ જ મોક્ષની સાધના છે એમ હું માનું છું. નવરાશનો વખત ગાળવાનો ઉપાય અથવા નામના મેળવવાનો એક પ્રકાર છે એમ માની કોઈ પણ વ્યક્તિ કે સંસ્થા અખંડ દેશસેવા કરી જ ન શકે. દેખાવને માટે કરેલું કામ ભભકદાર ભલે હોય, પણ તે ઝાઝા વખત સુધી ટકી શકતું નથી.

દેશસેવા કરવાનો મુખ્ય ઉપાય એક જ છે કે આપણે આપણું પોતાનું જીવન નિષ્પાપ કરીએ. સમાજમાં આપણે જે દુઃખો જોઈએ છીએ તેમાંનાં અર્ધાં કરતાં વધારે તો આપણે પોતે પેદા કરેલાં હોય છે. દરેક જણ જો પોતાની જિંદગી સુધારવાનો પ્રયત્ન કરે તો સમાજસેવકોનું ઘણું કામ ઓછું થઈ જાય, અને બીજી રીતે જોતાં આપણે પોતે નિષ્પાપ ન બનીએ ત્યાં સુધી આપણને સમાજસેવાનો અધિકાર અથવા સામર્થ્ય ન જ પ્રાપ્ત થઈ શકે. એ જોઈને જ ગોખલેજીએ ભારત સેવક સમાજની યોજનામાં અને કાય પદ્ધતિમાં સાદાઈ, ગરીબાઈ, આજ્ઞાધારકપણું વગેરે વ્રતો ખાસ રાખ્યાં છે.

ગોખલેજી દક્ષિણ આફ્રિકા ગયેલા તેનો અહેવાલ તો બધા જાણે છે. તે વખતે જનરલ સ્મટ્સ અને ગોખલેજી વચ્ચે જે વાતચીત થયેલી તે વિષે જ્યારે ગેરસમજ પેદા થઈ ત્યારે વિલાયતનાં પત્રોને પણ આપણા ગોખલે જ વધારે વિશ્વાસપાત્ર આપ્ત લાગ્યા એ જોઈને મારું હૈયું અભિમાનથી ફુલાઈ ગયું

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

અને ગોખલેજીના નિર્મળ ચારિત્રની જ આ અસર છે એવી ખાતરી થઈ. દક્ષિણ આફ્રિકાનું કામ વધ્યું. મહાત્માજીએ ત્યાં જંગનો પોકાર કર્યો અને હિન્દુસ્તાનમાં દેશભક્ત ગોખલેએ આ યજ્ઞને માટે બ્રાહ્મણોચિત ભિક્ષા માગવાનું શરૂ કર્યું એ અપૂર્વ પ્રસંગ હજી સ્મૃતિમાં તાજો જ છે.

તે યજ્ઞ પૂરો થયો. ગાંધીજી હિંદુસ્તાનમાં પાછા આવ્યા અને કવીન્દ્રને મળવા શાન્તિનિકેતનમાં પધાર્યા. ગાંધીજીનું સ્વાગત ચાલતું હતું એટલામાં તાર આવ્યો કે ગોખલેજી મૃત્યુલોક છોડી ગયા. શાન્તિનિકેતનના એક આંબાના ઝાડ નીચે અમે કેટલાક જણ ગાંધીજીની આસપાસ બેઠા હતા. ગાંધીજીની આંખમાં આંસુ તો ન હતાં, પણ આંસુ કરતાં મૃદુ અને ગંભીર શ્રદ્ધાનો સાગર છલકાતો હતો. તેમણે ગોખલેના જીવનની ધાર્મિકતા અમને સમજાવી. રાજ્યપ્રકરણ માટે પણ ખાનદાની આપણાથી ન છોડાય એ ગોખલેજીનો આગ્રહ એમણે અમને સમજાવ્યો અને તે જ ક્ષણે ગોખલેજીની શ્રદ્ધાનિર્મિત મૂર્તિ મારા હૃદયમાં પ્રતિષ્ઠિત થઈ. હું ગોખલેજીનો અનુયાયી નથી, એમનો શિષ્ય નથી, પણ એમના શિષ્યનો શિષ્ય છું, ગોખલેજીનો પૂજક છું અને ગોખલેજીને સમજવાનો પ્રયત્ન કરું છું. ગોખલેજીના સાચા અનુયાયીઓની દેશસેવા, ધર્મનિષ્ઠા અને નીડરતા જોઈ ધ્યાનમાં ગોખલેજીની મૂર્તિ વધારે ને વધારે સ્પષ્ટ અને દૃઢ થતી જાય છે. તે મૂર્તિનું જ આજે હું શ્રાદ્ધ કરું છું અને તે મૂર્તિ પાસેથી આશીર્વાદ માગું છું.

ભગિની સમાજ એ એ મૂર્તિનું એક મંદિર છે એમ જાણી અહીંયાં હું શ્રદ્ધાંજલિ લઈ આવ્યો છું. ગોખલેજીની

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

દેશભક્તિ એમની દેશસેવા કરતાં મોટી હતી. પચાસ વર્ષ કરતાં પણ ઓછી જિંદગીમાં તેમની દેશભક્તિને સંપૂર્ણ અવકાશ કયાંથી મળે ? શિક્ષણ અને રાજકારણ એ બે જ દિશામાં તેમણે કંઈક દેશસેવા કરી. જે કરી તે અપૂર્વ અને ઉજ્જ્વલ કરી. પણ તેટલાથી જ તેમને સંતોષ ન હતો. તેઓ હમેશાં કહેતા કે કામના ડુંગર પડયા છે, તે ઉપાડવા હજારો દેશસેવકોની જરૂર છે. સ્ત્રીશિક્ષણના મહત્ત્વના વિભાગની ગોખલેજીની દેશભક્તિ ભગિની સમાજ મારફતે કાર્યમાં પરિણત થાય છે; માટે જ હું આ મંદિરમાં શ્રાદ્ધ કરવા આવ્યો છું. આ તક મને આપી એ આપ સહુનો પ્રસાદ ગણું છું.

૧૯–૨–'૨૨

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

૩૫

જીવન્ત ઇતિહાસ

હિંદુસ્તાનનો ઇતિહાસ હિંદુસ્તાનના લોકોએ લખેલો નથી એ વિધાનનો આપણે ગમે તેટલો વિરોધ કરીએ, તોપણ પ્રાચીન કાળનો આપણો ઇતિહાસ આપણે હાથે લખાયેલો છે એવું સિદ્ધ થતું નથી. રામાયણ મહાભારત ઇતિહાસ કહેવાય નહિ. આધુનિક દૃષ્ટિએ તો તે ઇતિહાસ નથી જ. રામાયણ મહાભારતમાં તેમ જ પુરાણોમાં ઇતિહાસ છે, પણ તે ધર્મનિશ્ચય કરવા માટે યોજેલા દૃષ્ટાંતરૂપ છે. મહાવંશ અને દીપવંશ ઇતિહાસ ગણાય. પણ તે સિલોનના છે, અને તેમાં આવેલો ઇતિહાસ જૂજ છે. કાશ્મીરની રાજતરંગિણી વિષે પણ એમ જ કહેવું પડે તેમ છે. ત્યારે આપણો ઇતિહાસ કેમ નથી? જીવનનું ગમે તે અંગ લો, તેમાં આપણા લોકોએ અસાધારણ પ્રાવીણ્ય મેળવેલું છે; છતાં આપણામાં ઇતિહાસ કેમ નથી?

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ઇતિહાસ એટલે મનુષ્યજાતિ આગળ ઊભા થયેલા સવાલોની નોંધ. આમાંથી કેટલાક સવાલોનું નિરાકરણ થયેલું હોય છે અને કેટલાક સવાલો હજી અનિર્ણીત છે. જે સવાલોનો નિશ્ચય થઈ શકયો છે તે હવે સવાલો રહ્યા નથી. તેનું નિરાકરણ થયું છે અને તે સમાજમાં—સામાજિક જીવનમાં સંસ્કાર રૂપે દાખલ થઈ ગયા છે. જેમ પચેલા અન્નનું લોહી બની જાય છે તેમ તે સવાલો રાષ્ટ્રીય માન્યતા અથવા સામાજિક સંસ્કારનું રૂપ પામ્યા છે. અન્ન પાચન થયેલું હોય તો કાલે મેં શું ખાધું એનો જેમ મનુષ્ય વિચાર કરતો નથી, તેમ જે સવાલોનો ઉકેલ આવી ગયો છે તે વિષે પણ તે ઉદાસીન રહે છે.

હવે સવાલ રહ્યો અનિર્ણીત પ્રશ્નોનો. આપણા લોકો પરમાર્થી (serious) છે. તેઓ અનિર્ણીત સવાલને કાગળ ઉપર દાખલ કરીને છોડી દેવા નથી માગતા. અનિર્ણીત સવાલોમાં મતભેદ હોય છે. જેટલા મતભેદ હોય તેટલા સંપ્રદાયો આપણે ઊભા કરીએ છીએ. વેદના ઉચ્ચારણમાં મતભેદ પડયો તો આપણે ભિન્ન ભિન્ન શાખાઓ ઊભી કરી. જ્યોતિષમાં મતભેદ પડયો ત્યાં પણ આપણે સ્માર્ત અને ભાગવત એકાદશી જુદી જુદી માની. દાર્શનિક તત્ત્વભેદ જણાયો તો આપણે દ્વૈતવાદી અને અદ્વૈતવાદી પંથો સરજ્યા. આહારભેદ થયો અથવા ધંધાનો ભેદ પડયો ત્યારે આપણે જુદી જુદી જ્ઞાતો બાંધી. સામાજિક રિવાજોમાં જ્યાં મતભેદ પડયો ત્યાં આપણે જ્ઞાતિની પેટાજ્ઞાતો ઊભી કરી. ભૂલથી માણસ રિવાજ તોડે અથવા મોટામાં મોટું પાપ કરે તેને માટે પણ તેને પ્રાયશ્ચિત્ત છે; તેટલા સારુ નવી

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ન્યાત ઊભી કરતા નથી. મહાન ઐતિહાસિક અને રાષ્ટ્રીય મહત્ત્વની ઘટનાઓનો ઇતિહાસ આપણે તહેવારો મારફત જાગ્રત રાખીએ છીએ. દરેક સામાજિક હિલચાલના ઇતિહાસને તે તે હિલચાલના કેન્દ્રને તીર્થનું રૂપ આપી આપણે જીવતો રાખેલો છે. એ રીતે ઇતિહાસ લખવા કરતાં ઇતિહાસ જીવવો અને જિવાડવો એટલે કે જીવનમાં જીવી બતાવવો એ આપણા સમાજની ખૂબી છે. ચીંથરામાંથી બનેલા કાગળ ઉપર ઇતિહાસ સંઘરવો એ સારું કે જીવનમાં જ ઇતિહાસ સંઘરવો એ સારું ? કયો વધારે સુધરેલો માર્ગ છે એ કહેવું શું મુશ્કેલ છે ? જ્યાં સુધી પરંપરા તૂટી ન હતી ત્યાં સુધી આપણો ઇતિહાસ આપણા જીવનમાં જીવતો હતો. હજી પણ લોકોના રિવાજ, લોકોની માન્યતાઓ, જ્ઞાતિબંધારણો, તહેવારો વગેરે તપાસીએ તો ઘણો ઇતિહાસ મળી શકે એમ છે. માત્ર તે ઘણે ભાગે રાજકીય નહિ હોય, રાજનૈતિક નહિ હોય, પણ સામાજિક અને રાષ્ટ્રીય હશે. ઇતિહાસસંશોધકો આ દિશામાં શું મહેનત નહિ કરે ?

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ગાંધીજીનાં પુસ્તકો

આત્મકથા ભા. ૧-૨	૧—૦—૦
ખરી કેળવણી	૦-૧૨—૦
કેળવણીનો કેયડો	૧—૦—૦
ધર્મમંથન	૦-૧૨—૦
વ્યાપક ધર્મભાવના	૦-૧૪—૦
અહિંસા	૦—૮—૦
વર્ણવ્યવસ્થા	૦—૬—૦
ગોસેવા	૦—૫—૦
અનાસક્તિયોગ	૦—૨—૦
ગીતાપદાર્થકોષ	૦—૪—૦
મંગળપ્રભાત	૦—૧—૦
આશ્રમવાસી પ્રત્યે	૦—૨—૦
દક્ષિણ આફ્રિકાના સત્યાગ્રહનો ઇતિહાસ ભા. ૧	૦-૧૨—૦
દક્ષિણ આફ્રિકાના સત્યાગ્રહનો ઇતિહાસ ભા. ૨	૧—૦—૦
યેરવડાના અનુભવ	૦-૧૨—૦
હિંદ સ્વરાજ (હસ્તાક્ષરમાં, ખાદીનું પૂઠું)	૧-૧૨—૦
(સાદું પૂઠું)	૧—૪—૦
ગાંધીજીનું નવજીવન (ચાર ભાગ)	૧૧—૦—૦
'નીતિનાશને માર્ગે'	૦—૪—૦
ત્યાગમૂર્તિ અને બીજા લેખો	
'સુધારાવધારાવાળી નવી આવૃત્તિ'	૦-૧૨—૦

નવજીવન પ્રકાશન મંદિર
અમદાવાદ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

पुस्तकालय

गुरुकुल कांगड़ी विश्वविद्यालय हरिद्वार

पुस्तक-वितरण की तिथि नीचे अंकित है। इस तिथि सहित १५ वें दिन तक यह पुस्तक पुस्तकालय में वापिस आ जानी चाहिए। अन्यथा ५ नये पैसे प्रतिदिन के हिसाब से विलम्ब दण्ड लगेगा।

10 JUN 1965
कर्ल ५६/१३४

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar